# અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ




રેવ.ડૉ.જયાનંદ આઇ. ચૌહાન
શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| | **જીવન ચરિત્રો** | |
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી.એલ.મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ.ઈ.સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઇનર્ડ | ૨૦-૦૦ |
| | **મનન** | |
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |
| | **બાળકો** | |
| ૧ | બાલબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | કલરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | કલશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | કલરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |
| | **બાઇબલ સેમીનરી** | |
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૫ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૬ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૭ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૮ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૯ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૦ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૧ | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભકતના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |

40
13BGA2

# અનેક માની
# આંસુભરી પ્રાર્થનાનાં પરિણામં



રેવ. ડો. જયાનંદ આઈ. ચૌહાન
શ્રીમતી જયવંતીબેન જે. ચૌહાન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA [illegible]03

- **પ્રકાશક :**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

- લેખકો :

**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન**

*એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.*

**શ્રીમતી જયવંતીબેન જે. ચૌહાન**

*બી.એ., બી.એડ., બી.જે. (નાગપુર)*

કનાન, મિશન રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૨.

- પહેલી આવૃત્તિ : ૧૯૯૬ પ્રત ૧૧૦૦

બીજી આવૃત્તિ : ૧૯૯૯ પ્રત ૧૦૦૦

પુનમુદ્રણ ૨૦૦૨ : પ્રત ૧૦૦૦

પુનમુદ્રણ ૨૦૦૬ : પ્રત ૧૦૦૦

- **કિંમત :** રૂા. ૩૦ - ૦૦

- ટાઈટલ પેજ ચિત્રકાર :

**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન**

- **મુદ્રક :**

**સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ**

૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,

મિરઝાપુર કોર્ટ સામે,

મિરઝાપુર, અમદાવાદ.

ફોન : ૫૫૪૪૬૬૨૯, ૫૫૧૨૭૭૦૦



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHIL
425
CHELTEN

આ પુસ્તક પ્રકાશન

માટે

શ્રીમતી દીપ્તીબહેન સુનીલભાઈ પરમાર તથા

પરિવાર તરફથી

રૂા. ૧૨,૭૯૦/- મળ્યા છે.

## કહેવાનું આટલું જ કે...

— આંસુ સહિતની પ્રાર્થના નિષ્ફળ જતી નથી.

— શક્ય ત્યાં સ્રોત-નિર્દેશ આભારસહ કર્યો છે.

— સાદી અને સરળ ભાષામાં પ્રસંગોનું બયાન કર્યું છે. પ્રાર્થના તથા આંસુ સહિત બયાન કર્યું છે.

— એટલે આ વાર્તાઓનાં વાચક જો કોઈ મા અથવા પિતા પોતાનાં સંતાન માટે આંસુસહિત સતત પ્રાર્થના કરતાં થશે, તો અમારી મહેનત, પ્રાર્થના અને આંસુ સફળ થયાં છે એમ અમે માનીશું.

— પરિણામની તો પેલે પાર ખબર પડશે.

— હવે પ્રભુ પવિત્ર આત્માને આ સંગ્રહ સોંપીએ છીએ. તેઓ તેમનું કામ કરશે જ.

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન

## બે બોલ

રેવ. ડૉ. જયાનનંદ આઈ. ચૌહાન અને શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાનનું આ પુસ્તક જેનું ચોથીવાર પુનઃમુદ્રણ થાય છે ત્યારે ત્રિએક ઈશ્વરને માન અને મહિમા આપીએ છીએ. વાચક મિત્રોને પણ ખાસ અભિનંદન આપીએ છીએ.

લેખક દંપતી વિશે મારે કશું જ લખવાનું નથી. તેમની ગુજરાતી સાહિત્ય પરત્વેની જે સેવાઓ રહી છે, જેના આપણે સહુ ભાગીદાર અને સાક્ષી બન્યા છીએ. જેઓ બંને માટે શબ્દો થોડા પડે. પરંતુ પ્રભુએ ગુજરાતની મંડળીને ઉમદા કુટુંબ આપ્યું. જેમણે સાથે રહીને સતત ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ સેવા કરી છે. જેના ઉત્કૃષ્ટ નમૂના આપણી પાસે છે.

આ પુસ્તક મંડળીમાં ક્રાંતિ લાવવા માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. એક માતા શું કરી શકે છે. જેની પ્રાર્થનાઓના પ્રત્યુત્તર - પરિણામ વિશ્વની મંડળીએ અનુભવ્યા છે. પુસ્તકનું એક વાક્ય જ ખરેખર ખૂબ ચોટદાર છે કે, "આંસુ સહિતની પ્રાર્થના નિષ્ફળ જતી નથી." મા જે સ્ત્રી છે તેની પ્રાર્થનાના આ તો નમૂના છે. પરંતુ તમારા કુટુંબમાં પણ એવી મા હશે કે જેમની પ્રાર્થના વિશે તમે ઘણું કહી શકો. મા બાળકના જીવનમાં અને કુટુંબના જીવનમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે અને ભજવી શકે છે. એવી માતાઓ મંડળીમાં અને તેમની અસર નીચે આવનાર વ્યક્તિઓના જીવનમાં પણ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે.

પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી. પ્રાર્થના વગર પરિણામ કે જેની આપણે અપેક્ષા રાખીએ છીએ તે નહિ આવી શકે. પ્રાર્થનાથી વ્યક્તિની ઈશ્વર સાથેની સંગતની વૃદ્ધિ થાય છે. પરિણામે તેની અસર ઘણા લોકો સુધી થાય છે. પ્રાર્થના એ ઈશ્વર સાથેની વાતચીત છે. જો પ્રાર્થના કરતા નથી તો ઈશ્વર સાથે વાતચીત કરતા નથી આનો અર્થ એ થાય કે ઈશ્વરને ઓળખતા નથી. અથવા એ ઈશ્વર સાથે સંબંધ રાખવા માગતા નથી.

તેથી આ પુસ્તક પ્રાર્થના અને તેનુ મહત્ત્વ સમજાવે છે. પ્રાર્થનાના કારણે જે પરિણામ આવ્યાં છે. તેની સત્ય હકીકત દરેક પ્રકરણમાં જણાવવામાં આવી છે. આ પ્રસંગે આ પુસ્તક ચોથી વાર મુદ્રણ થાય છે. ત્યારે આનંદ સાથે પ્રભુના મહિમા માટે આ પુસ્તકને ખ્રિસ્તી સમાજના હાથમાં મૂકું છું. પ્રભુ તેના વાચકોને તેનો અનંતકાળક આશીર્વાદ આપે એ જ પ્રાર્થના તથા શુભેચ્છા.

આ પુસ્તકના પ્રકાશન પેટે **શ્રીમતી દીસીબહેન સુનીલભાઈ પરમાર તરફથી રૂા. ૧૨૭૯૦/- મળેલા છે** તેમનો તથા સમગ્ર પરિવારનો આભાર માનીએ છીએ.

પ્રેમભાવથી

**રેવ.હેમંતકુમાર જે. પરમાર**

ફેબ્રુઆરી-૨૦૦૬ **સેક્રેટરી**

# અનુક્રમણિકા


| વાર્તા નં. | વાર્તા | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પણ, આંસુ ક્યાં છે | ૧ |
| ૨. | માએ પુત્ર પાસે લેવડાએલું વચન | ૨ |
| ૩. | એવો હતો માનો પ્રેમ ! | ૪ |
| ૪. | મારાં માંને કહો કે, 'મા, બિલ આવ્યો છે !' | ૬ |
| ૫. | મા તો હવે પ્રભુ પાસે જતાં રહ્યાં છે. | ૮ |
| ૬. | "ખમ્મા, બેટા વાગ્યું તો નથી ને !" | ૧૧ |
| ૭. | પ્રાર્થનામાં ધરી રખાયેલો મિશનેરી | ૧૨ |
| ૮. | માતાપિતાનો આભાર | ૧૫ |
| ૯. | તમે હાથ વહેલા કેમ મિલાવ્યા નહિ ? | ૧૮ |
| ૧૦. | આફ્રિકી અભણ મા અને એનો વિશ્વાસ | ૨૦ |
| ૧૧. | પુનિત યાદમાં સ્થાન પામેલા બાનું | ૨૨ |
| ૧૨. | માતાપિતાની અસરોનાં ફળ | ૨૪ |
| ૧૩. | મિશનરી પેટન પર પિતાની પ્રાર્થનાઓની અસરો | ૨૬ |
| ૧૪. | માતા સુસાન્ના વેસ્લી | ૨૮ |
| ૧૫. | મોશેનાં માતાપિતાનો વિશ્વાસ અને ઈશ્વરની આયોજના | ૩૦ |
| ૧૬. | ઈશ્વરને અર્પિત લોકલાડીલા ડૉકટર | ૩૬ |
| ૧૭. | ઘણા દિવસો પછી મળી આવેલું મા નું બાઈબલ | ૩૯ |
| ૧૮. | જીવન પલટી નાખનાર બનાવ | ૪૨ |
| ૧૯. | ઉદરમાંનું બાળક | ૪૫ |
| ૨૦. | બિલી ગ્રેહામનાં મા ની દોરવણી | ૫૧ |
| ૨૧. | શર્લી ડબલ્યૂ બેલેરન્ટી પોતાની દીકરી સંબંધી લખે છે | ૫૨ |
| ૨૨. | સંત ઑગસ્ટીનનું બદલાણ | ૫૬ |
| ૨૩. | મા-દીકરીનું સુખદ મિલન | ૬૦ |
| ૨૪. | માતાની પ્રાર્થના સાંભળવામાં આવી | ૬૩ |
| ૨૫. | "હું ઈસુ ખ્રિસ્તની પાસે જાઉં છું," બિલી સન્ડે | ૬૬ |
| ૨૬. | ચોક્કસ માર્ગમાં કેળવાયેલાં સંતાનો | ૬૮ |
| ૨૭. | અબ્રાહમે સાચે જ માનું વચન પાળ્યું | ૭૦ |

૨૮. નશીલા પદાર્થોમાંથી મુક્તિ ........................ ૭૨
૨૯. માના જીવનની અસરો ........................ ૭૯
૩૦. માની શૉલ ........................ ૮૧
૩૧. ધર્મપરાયણ મા ના નીતિ-નિયમો ........................ ૮૨
૩૨. કુટુંબનું વિસ્તૃતિકરણ - સંયુક્ત કુટુંબ ........................ ૮૪
૩૩. પ્રાર્થના પરાયણ પિતા ........................ ૮૬
૩૪. મા એ કરેલું ડહાપણભર્યું રોકાણ ........................ ૮૮
૩૫. માતૃત્વનો મહિમા ........................ ૯૦
૩૬. વિશ્વાસુપણાનું સામર્થ્ય ........................ ૯૨
૩૭. બાળકો માટે મા ની પ્રાર્થના ........................ ૯૪
૩૮. માતૃદિનની ઉજવણીની સ્થાપના કેવી રીતે થઈ?......... ૯૫
૩૯. મા ની દોરવણીનું પરિણામ ........................ ૯૭
૪૦. મહાન દાદાજી અને દાદીમા ........................ ૯૮
૪૧. શું તમે તમારા સંતાનનું અર્પણ ઈશ્વરને કર્યું છે? .......... ૧૦૦
૪૨. ઈશ્વરપિતાની પ્રેમભરી સંભાળ ........................ ૧૦૨
૪૩. વિશ્વાસ કેળવો, અને વ્યક્તિને ઉત્તેજન આપો............ ૧૦૫
૪૪. અમારું ઋણ ........................ ૧૦૭
૪૫. માતાપિતા પ્રાર્થના કરે છે ત્યારે ........................ ૧૧૦
૪૬. મા ની પ્રાર્થનાના પરિણામે ઈશ્વરે
પવનની દિશા બદલી ........................ ૧૧૨
૪૭. પ્રેમનું સામર્થ્ય ........................ ૧૧૪
૪૮. કોરિયન મા નું બલિદાન ........................ ૧૧૬
૪૯. મા, આ બધું તમારા લીધે છે ........................ ૧૧૯
૫૦. માતાપિતાની સાક્ષીનું સામર્થ્ય ........................ ૧૨૧
૫૧. "દીકરો એબ, તું કંઈક બનજે" ........................ ૧૨૩
૫૨. દાર્જીલિંગની દારુણ ઘટના ........................ ૧૨૫
૫૩. "ઊઠો, મારા દીકરા, સવાર થઈ" ........................ ૧૩૦
૫૪. ગીડિયન્સ ........................ ૧૩૨
૫૫. જોન માર્લોએ આપેલું વચન ........................ ૧૩૪

૫૬. પડઘમ વગાડનાર ચાર્લી .......................... ૧૪૦
૫૭. દારૂની ટેવમાંથી પ્રાર્થનાની પરાક્રમે મુક્તિ ............... ૧૪૭
૫૮. માતાની આગ્રહભરી પ્રાર્થના અને
ચેપલેઈનની કર્તવ્યનિષ્ઠા .............................. ૧૪૯
૫૯. મા તથા અન્યની પ્રાર્થનાનું દીકરી માટે પરાક્રમ .......... ૧૫૧
૬૦. પ્રાર્થનાના બળથી ખ્રિસ્તી દીકરીની પરધર્મી
ઘરમાંથી મુક્તિ ........................................ ૧૫૨
૬૧. એક મા ની પ્રાર્થનાની અને બાળક માટેના
પ્રાર્થના ગીતની તેના પેટમાંના ગર્ભસ્થ બાળક
ઉપર કેવી અજાયબ પવિત્ર અસરો પડે ................. ૧૫૪
૬૨. માતાપિતાની અને સગાંસ્નેહીઓની
પ્રાર્થનાની કુટુંબનું રચાયેલું અજાયબ
કૌટુંબિક કવાયર ....................................... ૧૫૬
૬૩. તિતસની લૂંટારાઓની ટોળકીમાંથી મુક્તિ .............. ૧૫૮

# ૧ પણ, આંસુ ક્યાં છે ?



નાનો સુરેશ માના ખોળામાં સૂતો સૂતો ધ્યાનથી વાર્તા સાંભળતો હતો. મા બિલી નામના છોકરાની વાર્તા વાંચતાં હતાં. એક દિવસ બિલી સન્ડે સ્કૂલમાંથી ઘેર આવ્યો, અને પોતાના હાથ બરાબર ઘસીઘસીને ધોઈ નાખ્યા. માએ બિલીને તેમ કરવાનું કારણ પૂછયું, ત્યારે તેણે કહ્યું કે, ''મેં અયૂબ ૧૭:૯ની કલમ મોઢે કરી છે. તેમાં લખ્યું છે કે, નેક પુરુષ પોતાના માર્ગમાં ટકી રહેશે, અને શુદ્ધ હાથવાળો અધિકાધિક બળવાન થતો જશે.'' તેથી હું હાથ ઘસીઘસીને સાફ કરવા ઇચ્છતો હતો.

એ સપ્તાહ દરમિયાન બિલી પોતાના મિત્ર સાથે ઝગડયો હતો અને આ વાકય શીખ્યા પછી તેને હાથ ચોખ્ખા હોવાની જરૂરિયાત સમજાઈ હતી. બિલીનો આ સાદો સરળ વિશ્વાસ જોઈ માનું હૃદય હચમચી ગયું. મા બિલીના ગળે હાથ વીંટાળી આંસુભરી આંખે બિલીને ચૂમ્યાં.

વાર્તા સાંભળ્યા બાદ થોડા સમય પછી સૂરેશ હાથ ધોવા લાગ્યો. તે ઘસીઘસીને હાથ ધોતો હતો. માએ તેને પૂછયું, 'દીકરા, શું કરે છે ?' ત્યારે તેણે કહ્યું, ''હું બિલીના જેવો જ છું.'' આ સાંભળી મા હસી પડયાં, અને સુરેશના હાથ લૂછી નાખ્યા. ત્યારે તે બોલ્યો, ''મા, બિલીનાં માની જેમ તમે મને ચૂંબન કરો ને.''

માએ પ્રેમ અને ગર્વથી સુરેશ દીકરાને ચૂંબન કર્યું. પણ એ નાના છોકરાના મુખ પર આશ્ચર્યનો ભાવ તરી આવ્યો. નિરાશા સાથે તે બોલ્યો : ''મા, તમે ચૂંબન તો કર્યું, પણ આંસુ કયાં છે ?''

□

## ૨ માએ પુત્ર પાસે લેવડાવેલું વચન

મેથડિસ્ટ મંડળીની સ્થાપના ઈંગ્લાંડમાં થઈ. જોન વેસ્લી અને ચાર્લ્સ વેસ્લી સ્થાપક હતા. જોન વેસ્લી અને અન્ય કેટલાક ઉપદેશકો અમેરિકામાં આવ્યા હતા. એમાં ફ્રાન્સિસ એસ્બરી પણ હતા.

બાલ્યાવસ્થાથી જ એમની માએ એમને શીખવેલું કે કોઈપણ કામ કરતાં પહેલાં પ્રાર્થના કરવી, ભલેને એ કામ નાનું હોય કે મોટું હોય. નાનપણમાં માને આપેલું વચન એસ્બરીએ જિંદગીભર પાળ્યું હતું. એનો એક જ દાખલો ટાંકું છું.

યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના દક્ષિણ વિસ્તારમાં સુવાર્તા પ્રગટ કરીને એસ્બરી પાછા ફરતા હતા. ઘોડો પણ થાકી ગયેલો. એટલે ત્યાં રાતવાસો કરવાનું નક્કી કર્યું. પણ ત્યાંની એક પણ હોટેલમાં જગા મળી નહિ. એ ૧૭૭૧ની સાલ હતી.

વાત એમ હતી કે એ રાતે એ ગામમાં એક વિશાળ વિસ્તારમાં ડાન્સિંગ (નાચગાન) પાર્ટી ચાલવાની હતી. બહારગામથી પણ બહુ લોકો આવ્યા હતા. એટલે કોઈ હોટલમાં જગા નહોતી. જો એસ્બરી આ ડાન્સિંગમાં ભાગ લે તો એમને એક હોટેલમાં જગા કરી આપવામાં આવે ! એમણે હા પાડી. અને જગા મળી.

રાતના વાળુ પછી નાચગાન શરૂ થયાં. બેન્ડવાજાં શરૂ થયાં. સંગીતના સૂરે લોકો નાચવા લાગ્યા. પુરુષ અને સ્ત્રી - એમ યુગલો બેન્ડની તરજો પ્રમાણે નાચવા લાગ્યાં.

થોડી વાર પછી એક ખૂબસુરત કન્યા એસ્બરીનો હાથ પકડી નાચના પ્રવાહમાં લાવી. આખા સમૂહે તાળીઓ પાડી, અને સામટા પોકારી ઊઠ્યા : ''થવો દો, થવા દો.''

એસ્બરીએ પોતાનો હાથ ઊંચો કરીને લોકોને શાંત રહેવા જણાવ્યું, અને કહ્યું, ''બહુ નાનપણમાં મારાં માએ મારી પાસેથી વચન લીધું હતું કે, કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરવી. આજ સુધી હું એ વચન પાળતો આવ્યો છું. અને અત્યારે પણ નાચમાં ભાગ લેતા પહેલાં હું પ્રાર્થના કરવા માગું છું.''

અને એમણે આગ્રહ ભર્યા સ્વરે ઈશ્વર આગળ પ્રાર્થના કરી કે, અહીં ડાન્સિગમાં આવેલાં બધાં ઈશ્વરને સોંપાઈ જાય. સૌનું તારણ થાય. ''અમારાં બધાંનાં ભૂંડાં આચરણો અને તમારી સામેની સ્વછંદી ચાલ માટે અમે પશ્ચાતાપ કરીએ છીએ વગેરે એમની પ્રાર્થનાના પરાક્રમે નાચગાનને બદલે પશ્ચાતાપનાં રૂદન અને ડૂસકાં સંભળાવા લાગ્યાં.

પેલી ખૂબસુરત કન્યા છટકીને નાસવા જતી હતી. પણ એસ્બરીએ એનો હાથ પ્રાર્થનામાં જોરથી પકડી રાખ્યો હતો. આખી રાત આખું ટોળું રીવાયવલ મિટિંગમાં જાગૃતિની સભામાં પલટાઈ ગયું. લોકોએ પોતાનાં જીવન પ્રભુ ઈસુને સોંપ્યાં. પેલી 'ખૂબસુરત છોકરી' પણ ખૂબ રડી. એના ગાલ પરથી આંસુઓ વહ્યે જ જતાં હતાં. એણે પણ પ્રભુ ઈસુનો સ્વીકાર હૃદયના ઊંડાણથી કર્યો.

માએ વર્ષો પહેલાં દીકરા એસ્બરી પાસેથી લીધેલા વચનનું કેવું અદ્ભુત પરિણામ !

☐

## ૩ એવો હતો માનો પ્રેમ !

બીજા વિશ્વયુદ્ધ સમયની આ વાત છે. ભારે બૉમ્બ વર્ષા થઈ હતી, અને મકાનોના ભંગાર કાટમાળ ખડકાયા હતા. એવામાં બીજા દિવસે એક જુવાન પાળક કોઈ ભોંયરાના ભંગારમાં કામ કરી રહ્યા હતા. એવામાં તેમણે અને તેમની સાથે કામ કરતા માણસે પાણી માટે રડતા બાળકનો અવાજ સાંભળ્યો. તેઓએ આમતેમ જોયું, પણ બાળકને શોધી શક્યા નહિ. આખરે બાળકનો અવાજ ધીમો પડી ગયો.

કડકડતી ઠંડીમાં કાટમાળના ઢગલામાં ચારચાર રાત-દિવસ સુધી એ બાળક ત્યાં પડી રહ્યો. પાળકે અને તેમના સાથીદારે આખરે બાળકને શોધી કાઢયો. હજી તે જીવતો હતો, અને પાણી માટે રડતો હતો. ભારે વજનદાર પથ્થર, કાતીલ ઠંડી, ખોરાક અને પાણી વિના તે કેવી રીતે જીવતો રહ્યો ! બાળક સંપૂર્ણ ભાનમાં હતો. તેના શરીર પર થયેલા જખમો નહિવત્ હતા.

વાત કહેતાં કહેતાં પાળક સાહેબની આંખોમાં ખૂબ ચમક આવી ગઈ. સાંભળનારામાંથી એક જણથી પૂછયા વિના ન રહેવાયું. આવી ભયંકર પરિસ્થિતિમાં એ બાળક કેવી રીતે જીવી જ શકે ? આવું તો બની જ શકે નહિ, પાળક સાહેબ !''

''હા, એ તો એક ચમત્કાર જ હતો. માતાના પ્રેમનો, સ્વાર્પણનો, અને બલિદાનનો ચમત્કાર !'' પાળકે જવાબ વાળતાં કહ્યું. ''ચારચાર દિવસ સુધી ખોદકામ કર્યા પછી એ બાળકને અમે શોધી કાઢયો. તેની માતાના મૃતદેહની સાથે તે પડેલો હતો. માતા પોતાના બાળકની ઉપર કમાન આકારે શરીર ગોઠવીને સૂઈ ગઈ હતી. તેથી પથ્થરના વજનથી બાળકનું રક્ષણ થયું. અને તેને જરૂરી હૂંફ પણ મળી રહેવાથી બાળક જીવતો રહ્યો. મારા જીવનમાં આવો ચમત્કાર આ પહેલાં મેં જોયો જ ન હતો. બાળકનું જીવન બચાવવા મા મૃત્યુ પામી ! હા, ખ્રિસ્તના જેવો પ્રેમ આ પહેલાં જીવનમાં મેં જોયો જ ન હતો.''

# ૪ મારાં માને કહો કે, "મા, બિલ આવ્યો છે"

પાસિફિક મહાસાગરના વાયવ્ય ખૂણા તરફ બહુ ભારે તોફાન ઊઠયું હતું. એક નાનું વહાણ સાગરનાં પ્રચંડ મોટાં મોજાંમાં ખૂબ ઊંચે ઊંચકાઈને છેક નીચે પછડાટ લેતું હતું. જાણે કે હમણાં જ એના ફૂરચેફૂરચા ઊડી જશે, અને અંદરનાં પ્રવાસીઓનો સમૂળો નાશ થશે; એકેય બચશે નહિ !

એટલે થોડાક સાહસિક જવાનો એક હોડકું લઈને બચાવ અર્થે ઉપડયા. પણ ઊંચાં મોજાં અને ધસારાબંધ નીચે ધસી આવતાં પાણીમાં નાનું હોડકું હમણાં છૂટું પડી જશે, અને ઊછળતા સાગરમાં ડૂબી જશે, - એમ જ લાગ્યા કરતું. કિનારે ઊભેલા લોકોના જીવ અધ્ધર-અધ્ધર થઈ ગયા હતા !

આખરે જેમ તેમ કરીને એ હોડકું પેલા વહાણના ભંગારમાંથી પ્રવાસીઓને બચાવીને પાછું ફર્યું. ઊભેલા લોકોએ જોર-જોરથી બૂમ પાડીને પૂછયું, ''બધાને બચાવ્યાં ?'' હોડકામાંથી જવાબ મળ્યો, ''ના, એકજણને બચાવી શકયા નથી. એ ત્યાં લાકડે લટકાયેલો જીવવા ઝઝૂમી રહ્યો છે.''

એ સાંભળીને એક અલમસ્ત યુવાન હોડકામાં કૂદી પડયો, અને પોકાર્યું, ''પેલા એક આદમીને બચાવવા મારી સાથે કોણકોણ આવવા માગે છે ?

એટલામાં ટોળામાંથી એક વૃદ્ધા જોરજોરથી કહેવા લાગી : ''બેટા જીમ, તું ના જઈશ... તું ના જઈશ. તારું જીવન જોખમમાં ના મૂક. ઘરમાં હવે તું એકલો જ બચ્યો છું. વર્ષો પહેલાં તારા બાપા દરિયામાં ડૂબી ગયા. તારો મોટો ભાઈ બિલ પણ વહાણમાં બેસીને ગયો તે ગયો ! આપણને કદિયે એના સમાચાર મળ્યા જ

નથી. અને જો તું યે જાય, તો મારું કોણ રહે ? બેટા, મોતના મુખમાં તું ન જા.''

પણ દીકરા જીમે કહ્યું, ''મારે જવું જ જોઈએ. થવાનું હોય તે થાય, પણ પેલા એકલા રહેલા આદમીને બચાવવા મારે જવું જ જોઈએ ! એ મારી ફરજ છે !''

જીમ અને તેની સાથે નાની ટોળીએ હોડકું સાગરમાં હંકારી મૂક્યું. ઘૂઘવતા સાગરના લોઢ - ઉછાળામાં જોનારાને થાય કે હોડકું ભાગી જશે, ડૂબી જશે. વૃદ્ધ માની આંખોમાં આંસુ અને હૈયામાં પ્રાર્થના હતાં.

લોકોએ જોયું કે હોડકું વહાણના ભંગારે પહોંચ્યું, અને હવે પાછું કિનારા તરફ આવી રહ્યું હતું. ઘડીમાં મોજાંની ટોચે, અને ઘડીમાં મોજાંની ખીણોમાં હોડકું આવી રહ્યું હતું. બૂમો દ્વારા પૂછી-જાણી શકાય એટલું પાસે આવતાં ટોળાએ પૂછ્યું, પેલા આદમીને સાથે લાવ્યા ? જીમે જોરથી બૂમ પાડી, ''મારાં માને કહો કે, ''મા, બિલ આવ્યો છે. એ તો બિલ હતો, એને અમે લાવ્યા છીએ !''

□

# ૫ મા તો હવે પ્રભુ પાસે જતાં રહ્યાં છે

વર્ષો પહેલાં કોઈ એક સુવાર્તિક એક પ્રાર્થના-સભાને સંબોધી રહ્યા હતા. સભા પૂરી થવા આવી, ત્યારે એક જુવાન ઊભો થઈ ગયો. હાજર રહેલાં માણસોને તે આજીજી કરતાં કહેવા લાગ્યો : ''જે માણસોએ પ્રભુ ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર ન કર્યો હોય, તેઓ હમણાં જ પ્રભુ ઈસુનો સ્વીકાર કરે.''

જુવાને પોતાની સાક્ષી આપતાં કહ્યું : ''મારાં માતાપિતા જીવતાં હતાં, ત્યારે તેઓ અન્ય કોઈ બાબતો કરતાં મારા આત્માની વધારે કાળજી રાખતાં હતાં. થોડા સમય પછી મારા બાપુજી મૃત્યુ પામ્યા. બાપુજીના મૃત્યુ પછી મારાં મા પહેલાંના કરતાં પણ મારી ખૂબ ચિંતા કર્યા કરતાં હતાં. ઘણી વાર તે પોતાના પ્રેમાળ હાથથી મને વળગી પડતાં અને હું પ્રભુ ઈસુનો સ્વીકાર કરું માટે ખૂબ કાકલૂદી કરતાં. મને તે વારંવાર કહ્યા કરતાં કે, ''બેટા, તેં ખ્રિસ્તનો સ્વીકાર નથી કર્યો તેથી મને તારા પિતા વિના ખૂબ જ એકલવાયું લાગે છે.'' હું મારાં મા પ્રત્યે ખૂબ સહાનુભૂતિ દર્શાવતો ખરો, પણ હજી મારે દુનિયા જોવી હતી, તેથી પ્રભુ ઈસુનો સ્વીકાર હું હમણાં કરવા માગતો ન હતો. અને જીવનમાં આટલો વહેલો હું ખ્રિસ્તને મારું જીવન સોંપવા ઈચ્છતો ન હતો.

''ઘણીવાર હું મધરાતે ઊંઘમાંથી જાગી ઊઠતો, ત્યારે મારાં માના ખંડમાંથી અવાજ સંભળાતો. મારાં ખ્રિસ્ત-પરાયણ મા મારે માટે ઈશ્વર આગળ રડીને પ્રાર્થના કરતાં સંભળાતાં. હું તેમનો એકનો એક લાડકવાયો પુત્ર હતો. મને હવે લાગ્યું કે, મારે મારું જીવન ઈશ્વરને સોંપવું જોઈએ, નહિ તો ઘર છોડી દેવું જોઈએ. આખરે એક દિવસે હું ઘર છોડી નાસી ગયો.''

''ઘણા દિવસો પસાર થઈ ગયા. કોઈ ઓળખીતાએ મારાં માની માંદગીના સમાચાર મને આપ્યા. મારે લીધે જ મારાં મા તીવ્ર દુઃખ અનુભવતાં હતાં તે હું જાણતો હતો. મારા રખડુ જીવનને લીધે માનું હૃદય ભંગિત થઈ ગયું હતું. ઘેર પાછો જઈ, મારાં માની માફી માગીશ એવું મેં વિચાર્યું, બીજો વિચાર એ આવ્યો કે, તેમ કરવાથી મારે મારું જીવન પ્રભુ ઈસુને સોંપવું પડશે. કારણ કે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યા વિના હું મારાં માની સાથે રહી શકીશ નહિ.''

''મારું મન વિરોધ કરવા લાગ્યું. મારા વિરોધી - બળવાખોર મને નક્કી કર્યું, 'હું પાછો નહિ જાઉં !' આ પછી મારાં માની તબિયત વધારે બગડી છે, એવા સમાચાર મને મળ્યા. મને વિચાર આવ્યો કે, કદાચ મારાં મા મૃત્યુ પામશે, તો હું ફરી કદી તેમને મળી શકીશ નહિ.''

''હું મને કદી માફ કરી શક્યો નહિ. મેં ઘરની વાટ પકડી. સાંજ પડી ગઈ હતી. મારા ગામ જવા માટે કોઈ ગાડી પણ નહતી. તેથી ઘોડાગાડી કરી હું મારા ગામ જવા નીકળ્યો. ચંદ્ર પૂર્ણપણે પ્રકાશતો હતો. હજી દોઢેક માઇલ જેટલું અંતર કાપી માના ઘેર પહોંચવાનું હતું. રસ્તે મેં અમારા ગામના કબ્રસ્તાને થઈને જવા વિચાર્યું. વાડ કૂદીને મારા બાપુજીની કબરે જવાનું મેં નક્કી કર્યું. ત્યાં કદાચ તાજી કબર હોય, તો તે મારાં મૃત માની કબર હશે એમ મેં વિચાર્યું.

''કબર નજીક જતાં મારા હૃદયના ધબકારા વધી ગયા. ચંદ્રના પ્રકાશમાં મેં એક નવી કબર જોઈ, સંત જેવાં મારાં મા મૃત્યુ પામ્યાં છે, એ મેં જાણી લીધું. મારા ભટકેલ આત્મા માટે હવે કોણ પ્રાર્થના કરશે એ પ્રશ્ન મનને ઘેરી વળ્યો. બા, બાપુજી બંને ગયાં, અને જુવાન મિત્રો, મારાં માને પાછાં બોલાવી મારા ગળે હાથ વીંટાળી

મારાં મા પ્રાર્થના કરે એવું બની શકતું હોત તો હું આખું જગત આપી દેત ! પણ હવે - માનો મધુર અવાજ બંધ થઈ ગયો છે.

"ઈશ્વરપિતા મારા પર કૃપા કરે અને મને માફ કરે માટે રડતો-રડતો હું માની કબરે ઘૂંટણે પડયો. સવાર થયું ત્યાં સુધી હું માની કબરે જ ચીટકી રહ્યો. સવાર થતાં પહેલાં પ્રભુ ઈસુને લીધે ઈશ્વરપિતાએ મારાં પાપની માફી આપી તેની ખાતરી મને થઈ. મારાં માના ઈશ્વર હવે મારા ઈશ્વર બન્યા હતા.

"પણ જુવાન મિત્રો, હું મારી જાતને કદીયે માફ કરી શકીશ નહિ. હું જ મારાં માના મૃત્યુનું કારણ બન્યો હતો. તેમની પ્રાર્થનાઓ અને કાકલૂદીઓ મેં મારા પગ નીચે કચડયાં હતાં. મેં જ તેમના હૃદયને ભાંગી નાખ્યું, અને તેમને કબરમાં ધકેલી દીધાં હતાં. જુવાન મિત્રો, તમારાં સંત માતા પ્રત્યે માયાળુપણે વર્તજો."

□

## ૬ ખમ્મા બેટા, વાગ્યું તો નથી ને !

હું નાનો હતો, અને મીડલ સ્કૂલમાં (માધ્યમિક શાળામાં) ભણવાનું માંડ શરૂ કર્યું હતું, એવામાં હર્ષનાદમાં (મેથડિસ્ટ ચર્ચ સામયિકમાં) આ વાત વાંચેલી. શ્રી ડેવિડ એમ. જાનીએ લખેલી. વાર્તા ભલે કાલ્પનિક હોય, પણ એની ભાવના સો ટકા સાચી છે.

એક યુવાન કોઈ કુલ્ટા સ્ત્રીના મોહપાશમાં ફસાયો. એ યુવાન એનું જોબન અને જર પેલી કુલ્ટા પાછળ ખરચવા લાગ્યો. એનાં ધાર્મિક મા એ નર્કમાંથી નાસી છૂટવા ઘણું સમજાવતાં. પણ ખૂબ લપટાયલો યુવાન એમાંથી છૂટી શકતો નહિ, યુવાનનાં માતાની રોજની આવી શિખામણોથી પેલી કુલ્ટા વધુને વધુ છંછેડાતી અને યુવાનને વધુ પાશમાં ખેંચતી.

એક દિવસે કુલ્ટાએ યુવાનને કહ્યું, ''તમે તો મારા પર જૂઠો પ્રેમ કરો છો. તમારો પ્રેમ સાચો જ હોય તો જાઓ, તમારી માનું કાળજું કાઢી લાવીને મને થાળીમાં આપો.'' યુવાન તો દોડયો. ઘેર જઈ પોતાનાં સગાં માને કાપીને કાળજું કાઢી લીધું. અને થાળીમાં મૂકીને કુલ્ટાને આપવા નીકળયો.

રસ્તે તેને ઠેસ વાગી. માનું કલેજું નીચે પડી ગયું. તે નમ્યો અને કાળજું જમીન પરથી લઈને થાળીમાં પાછું મૂકતો હતો, ત્યાં જ કાળજું બોલી ઊઠયું, ''ખમ્મા મારા દીકરાને ! બેટા, તને વાગ્યું તો નથી ને ?''

□

## ૭ પ્રાર્થનામાં ધરી રખાયેલા મિશનરી

આફ્રિકાના જંગલ પ્રદેશની વાત છે. પગારનો સમય નજદીક હોઈ એક અમેરિકી મિશનરી દૂર આવેલા શહેરની બેન્કમાંથી પગારની રકમ લેવા ગયા હતા. સાથી કાર્યકરોના, સુવાર્તિકોના, અને નોકરચાકરોના પગાર કરવાના હતા. ચાલતાં જવા-આવવાનું. જતાં કે આવતાં જંગલમાં રાત ગુજારવી પડે.

બેન્કમાંથી પગારની રકમ લઈને પાછા આવતાં જંગલમાં રાત રોકાવું પડયું. છોડવા ઉખાડી જમીન સાફ કરી. બગલથેલામાંથી ચોરસો કાઢી પાથર્યો. સુવાની તૈયારી કરી. સૂતાં પહેલાં દરરોજની રીત પ્રમાણે પ્રાર્થના કરવા ઘૂંટણે પડયા. તેઓ અમેરિકી ખેડૂત કુટુંબના દીકરા હતા. માતપિતા ઘણાં પ્રાર્થના-પરાયણ હતાં. સવાર-બપોરની પ્રાર્થના પોતપોતાની. પણ સૂતાં પ્રાર્થના વેદી સદા સળગતી હોય એવા કુટુંબમાંથી આવેલા મિશનેરી ચંદ્રના પ્રકાશમાં બાઇબલ વાંચી, પ્રાર્થના કરીને સૂતા. પોતાની સોંપણી પ્રભુને કરીને સૂઈ ગયા.

મિશનેરી બેન્કમાંથી રકમ લઈ પાછા ફરતા હતા, ત્યારે ચારપાંચ ગઠિયાઓએ તેમને લૂંટવાના હેતુથી પીછો પકડયો. પણ તેઓ લૂંટી શકેલા નહિ. થોડો સમય વિત્યા પછી એવું બન્યું કે પેલા ગઠિયામાંના એકે પ્રભુ ઈસુનો સાચો સ્વીકાર કર્યો. એણે એક દિવસ પેલા મિશનેરી પાસે જઈને પૂછયું કે, ''ફલાણા દિવસે તમે બેન્કમાંથી રકમ લઈ પાછા ફરેલા ત્યારે રસ્તામાં તમને લૂંટી લેવાનો નિર્ણય કર્યો હતો, અને તમારો પીછો પકડયો હતો. તમે સૂઈ જાઓ ત્યારે તમને લૂંટી લેવાના હતા. પણ તમે પ્રાર્થના કરતા હતા તે વખતે ઓગણીસ જેટલી વ્યક્તિઓ ઉઘાડી તલવાર લઈ તમારી ચોકી

કરતી હતી. એ કોણ હતા ? - અને એકાએક ત્યાં ક્યાંથી આવ્યા હતા ?''

મિશનેરીએ કહ્યું કે ''હું તો એકલો જ હતો. મારી પાસે કે આસપાસ કોઈ જ નહોતું.''

પેલા ક્રિશ્ચિયને કહ્યું : ''ના, ના, કોઈ ઓગણીસ જણા તમારી આસપાસ હતા. બહારની તરફ તેમનાં મુખ હતાં. તેઓ ગોળાકારમાં હતા. અને પ્રત્યેક પાસે ઉઘાડી તલવાર હતી.''

થોડાં વર્ષ પછી એ મિશનેરી 'ફર્લો' પર ગયા. અને એક ગુરુવારે, - જે મંડળીએ તેમના માટે નાણાં અને પ્રાર્થનાની જવાબદારી લીધી હતી - તે મંડળીમાં ગુરુવારની રાતની પ્રાર્થનાસભામાં તેઓ હાજર હતા.

એ ગુરુવારની રાતની પ્રાર્થના સભામાં મિશનેરીએ સાક્ષી આપતાં પેલા બનાવ વિષે વાત કરી. એટલે સભાના સભ્યોએ કહ્યું, ''ઊભા રહો. એ કયું વર્ષ, મહિનો અને તારીખ હતાં ?'' મિશનેરીએ ડાયરી કાઢીને વર્ષ, મહિનો અને તારીખ જણાવ્યાં. સેક્રેટરીએ પ્રાર્થનાસભાની નોંધણી કાઢી. તો એ જ વર્ષ, મહિનો અને તારીખ નીકળ્યાં. એ ગુરુવાર હતો, અને એ પ્રાર્થનાસભાનો વિષય આ મિશનેરી માટે પ્રાર્થના કરવાનો હતો. અને બધા મળીને ૧૯ જણ એ પ્રાર્થના સભામાં હાજર હતા !

તેઓને અને મિશનેરીને આશ્ચર્ય થયું કે કેવી અજાયબ રીતે પ્રભુએ તેમની પ્રાર્થનાઓ સાંભળી, અને પોતાના ૧૯ દેવદૂતોને મોકલી સેવકનું રક્ષણ કર્યું. તેઓએ ઈશ્વરનો આભાર માન્યો.

* * *

મધ્યસ્થીની પ્રાર્થનાઓનાં કેવાં કેવાં ભારે પરિણામ આવે છે તે તો આપણે ઉપર જઈશું ત્યારે જ જાણીશું. અમારી સેવાઓ માટે પણ કેટલા સેંકડો જણ પ્રાર્થના કરતા હશે ! આ ઑગસ્ટ ૨૪

(૧૯૯૯) રોજ ઈશ્વરકૃપાએ ૮૬મા વર્ષમાં મને પ્રવેશ મળશે. જ્યાને જૂન ૩૦મીએ (૧૯૯૯) ૭૭મું બેઠું. અત્યારે પણ ઈશ્વર શક્તિ આપે છે, સેવા કરાવે છે, - એ બધું કેટકેટલાંની પ્રાર્થનાઓનું પરિણામ હશે ! આભાર.

□

# ૮ માતપિતાનો આભાર

અમારાં માતુશ્રીને પ્રભુપિતાએ તા. ૧-૮-૭૬ રવિવારે ઉપર તેડાવી લીધાં. અને એકાણું વર્ષની વયે પરમ શાંતિમાં તે પોઢી ગયાં.

બાપુજી તો ૧૬ વર્ષ અગાઉ તા. ૧૬-૧૧-૫૮ રવિવારે આકાશી ઘેર પહોંચી ગયા હતા. બાપુજી ધર્મસેવક હતા; બા સુવાર્તિકા - શિક્ષિકા હતાં. બંને જણે ખૂબ નિષ્ઠાથી મન મૂકીને પ્રભુની વાડીમાં ગામેગામ સેવા કરેલી. હવે તો મહામૂલું ઈનામ આપવા દ્રાક્ષાવાડીના ધણીએ બંનેને ઉપર તેડાવી લીધાં છે બંને કેવા આનંદમાં હશે !

માતપિતાના જવાથી હૈયે ગમગીની હોય, અને આંખમાં આંસુયે ખરાં. પણ અમને સૌને એક વાતનો આનંદ છે; અમને આવાં માતપિતા મળ્યાં ! એમણે અમને પ્રભુમય-જીવનમાં ઊછેર્યાં, અને દોરી લઈ ગયાં. એમણે અમને પ્રભુ પર પ્રેમ રાખતાં શીખવ્યું.

કોઈ ઐહિક વારસો, બેન્કનું બેલેન્સ કે, મકાનોની મિરાત એમણે અમને નથી દીધાં. પણ એ બધાંથી અદકું એવું કંઈક કંઈક બધું દીધું છે, ખૂબ દીધું છે ! ખૂબ જ દીધું છે ! જગતના લોપ થતા પડછાયાને પેલે પાર અવિચળ રહે એવું બધું દીધું છે ! એનો અમને આનંદ છે.

બીજી બધી વાતો કરતાં પ્રભુના ભયમાં અને પ્રભુના પથમાં અમે રહીએ એવું જ તેઓએ સતત ઝંખેલું, એનું જ રટણ કરેલું. બાળપણથી પ્રભુની કૃપાનો અનુભવ એમની મારફતે જ અમે પામ્યાં. અને એ જારી જ રહ્યો.

બાલ્યકાળનાં કંઈ કંઈ સ્મરણો મનમાં ઊભરે છે. એક જ કહું? મારી ખૂબ કુમળી વય. પૂરું ભાનેય નહિ. ચાર-પાંચ વર્ષનો હોઈશ. વહેલી પરોઢે મા દળવા ઊઠ્યાં. હુંય પછી જાગી ગયો. ઘંટી આગળ માની પાસે બેસી ગયો. બા હસ્યાં પછી દળતાં દળતાં બાળ શમુએલની વાત કહી. ઘંટીનો ઘરરરર મદીલો ઘરઘરાટ, માની હૂંફ અને હૈયા સોંસરી ભીતરની પાટીએ કંડારાઈ જતી શમુએલની વાત ! મારી આંખ ઘેરાવા લાગી. માએ મને ઊંચકીને પથારીમાં ઢબૂરી દીધો, અને કહ્યું, ''મારા દીકરા, એવો જ થજે તું.'' બીજે દિવસે મેં આગ્રહ કર્યો, ''મા, મને દરરોજ પરોઢે ઉઠાડજો, અને એવી જ વાતો કહેજો.'' બાએ એમ જ કર્યું. એમ કેટલાયે સમય સુધી ચાલ્યું. કેટલા દિવસ ? કેટલા મહિના ? કોને ખબર ? એની તો યાદ નથી. આ તો એક જ સ્મરણ ! એવાં તો અનેક છે.

નાનોભાઈ લખે છે, ''બાળપણમાં રાત્રિને સમયે મા મને ગોદમાં સુવાડીને બાઈબલના સંતોની વાતો કહેતાં ત્યારે મારા લમણા પર આંસુઓ દડી જતાં....! પ્રભુના પ્રેમમાં દોરી લઈ જનાર આવાં માતપિતા માટે પ્રભુ પિતાનો હજારો હજાર વાર આભાર.''

બાપુજી પોતાની ખાનગી પ્રાર્થના દિવસમાં ત્રણ વખત ઘૂંટણે પડીને કરતા. પ્રાર્થના કરતા હોય ત્યારે એમનું શિર ધીમે ધીમે છેક નીચું થતું, પછી પાછું ધીરે ધીરે ઊંચું થતું. પાછું નીચું, વળી પાછું ઊંચું. હું દૂરથી મીટ માંડીને જોયા જ કરતો ! એમના હોઠ મંદ વેગથી પણ સ્પષ્ટ હાલતા હોય. પ્રભુને એ શું શું કહેતા હશે એ હું એમના હોઠો પરથી સમજવા મથતો.

એક સંધ્યા ઢળી હતી. બાપુજીએ અમ ત્રણે ભાઈઓને બોલાવ્યા પાસે બેસાડયા. બેએક હૃદયદ્રાવક વાર્તા કહી. પછી અમારી પાસેથી વચન લીધાં : ''બેટા, દારૂ કદી પીશો નહિ. બીડી, તમાકુ, છીંકણી પાન વાપરશો નહિ. પત્તાં રમશો નહિ.'' મને થાય કે આવું તો

કદી બનવાનું નથી તોય બાપુજી આમ વચન લે છે ? ત્યારે તો અમે માધ્યમિક શાળા પણ વટાવી નહોતી. પણ લાગે છે કે એમણે ઠીક જ કર્યું હતું. એની ઊંડી છાપ આજ દિન સુધી રહી છે. અને આજ સુધી મેં પાન સરખુંયે ખાધું નથી. પાન-મસાલાને તો અડક્યો નથી. અરે, એ બધું તો ઠીક પણ ચા-કોફી ૧૯૨૮માં છોડયાં તે છેક ૧૯૫૪ સુધી. મંડળી પર પાળક તરીકે આવ્યા પછી ઘેર ઘેરની મુલાકાતમાં કુટુંબોને નિરાશ ન કરવાના હેતુથી જ ચા શરૂ કરી.

અમે વિસાતવાળાં નહિ હોઈએ એનો અમને ખાસ રંજ નથી. પણ અમે પ્રભુમાં છીએ એનો અપાર આનંદ છે. આજે અમે પ્રભુનાં છીએ એનું કારણ, આ એક ઈશ્વરકૃપા, અને બીજું આ માતપિતા. એમણે અમને પ્રભુમાં દોર્યાં. અમને તો શું ? - બીજાં ઘણાંને દોર્યાં.

એ બંને જણ માટીનાં માનવી હતાં. એમનીયે ત્રુટીઓ હશે. ખામીઓ હશે; નહિ હોય એમ નહિ. પણ એમણે અમને પ્રભુમાં વાળ્યાં, પ્રભુમાં રાખ્યાં, અને મહામૂલો વારસો દીધો. એનો અમને આનંદ છે. એમનો બંનેનો આભાર.

ક્ષણભંગુર પૃથ્વીના પટમાંથી તેઓ હવે અદશ્ય થઈ ગયાં છે, અને હવે આંખ તેમને જોઈ શકતી નથી એની ગ્લાનિ હૈયે છે જ. પણ પુનરુત્થાનની મોટી પ્રભાતે, ધન્ય સ્વામી પ્રભુ ઈસુ વહાલાંને લેવા આવવાના છે અને ખ્રિસ્તમાં ઊંઘેલા બધાં ઊઠવાનાં છે, ત્યારે તેમને મળીશું, અને ભેટીશું, એનો અમને મહા દિલાસો છે. એટલે જ આનંદ છે, સાચે જ આનંદ છે.

ભાઈબહેનો અને કુટુંબીઓ વતી,

જયાનંદ આઈ. ચૌહાન

('ખ્રિસ્તીબંધુ' સપ્ટેમ્બર ૧૯૭૬ના અંકમાંથી ઊતારો)

□

# ૯ તમે હાથ વહેલા કેમ મિલાવ્યા નહિ ?

એક મા ઓરડામાં ઊભી ઊભી ઈસ્ત્રી કરતી હતી. એની ત્રણેક વર્ષની બાળકી પાસેના બીજા ઓરડામાં રમતી હતી. અર્ધો કલાક સુધી માએ ઈસ્ત્રી કર્યા કરી. એટલામાં એ ઓરડામાં માખીઓ ખૂબ આવી. એટલે માએ વિચાર્યું કે પાસેના ઓરડાનું બારણું ઉઘાડું છે કે શું ? એ જોવા ગઈ.

ખરેખર બીજા ઓરડાનું બારણું ખુલ્લું હતું, અને બાળકી એ ઓરડામાં નહોતી. બહાર જઈને માએ તપાસ કરી. એના મનમાં કે દીકરી આટલામાં જ ક્યાંક રમતી હશે. વાડામાં અને ઝાડોની આસપાસ તેમ જ વાડ પાછળ બધે તપાસ કરી, પણ દીકરીને દીઠી નહિ. મા હવે તો ગભરાઈ ગઈ કે બાળકી કયાં ગઈ ? પડોસીઓને બોલાવ્યાં. પણ એટલામાં ક્યાંયે તે નહોતી.

એણે ફોન કરીને પોતાના પતિને કામ પરથી બોલાવ્યા. તેઓએ મળીને આસપાસના ઘરોમાં ફોન કર્યાં. પણ કોઈ પત્તો મળ્યો નહિ. માઈલોના વિસ્તારમાં કશી જ ભાળ મળી નહિ. મા તો ખૂબ બેબાકળી બની ગઈ કે મારી દીકરીનું શું થયું હશે ?

બીજા દિવસને અંતે પણ શોધ ચાલુ જ હતી. હવે કોઈકે કહ્યું કે, ‘‘બાળકી એટલી નાની હતી કે એકાદ માઈલ કરતાં આઘે જઈ શકે જ નહિ. ચાલો, આપણે એકબીજાના હાથ હારબંધ મીલાવીએ, અને આ ઊંચા ઘાસમાં માઈલેક જેટલા વિસ્તારની એક એક ઈંચ જેટલી જગા તપાસીએ. અને પછી પાસેનો બીજો ભાગ લઈશું.’’

બધાએ હારબંધ એકબીજાના હાથ પકડીને તપાસ આદરી, એ પછી પાસેનો બીજો ભાગ પણ ખૂંદી કાઢયો. ત્યાં એક જગાએ નાનું વહેળિયું હતું. અને એટલામાં જ એક નાળું હતું. વહેળિયામાં

બાળકી ફસાઈ હશે, અને લપસી હશે ? એટલામાં નાળાના પથ્થર સાથે બાળકીનું માથું પછડાયું હશે. લોહીલોહાણ હાલતમાં મરેલી બાળકીનું શરીર પડયું હતું. તેઓએ બાળકીના શબને સન્માનપૂર્વક ઉપાડયું, અને મા ઊભી હતી ત્યાં જઈ તેના હાથોમાં મૂક્યું.

મા અવાક બની ગઈ. થોડીવાર સુધી તો બોલી કે રડી શકી નહિ. પછી તો ધ્રૂસકાબંધ હૈયાફાટ રડી ! અને જોરજોરથી આક્રંદ કરતાં કહેવા લાગી :

''હાય ! અમે કેમ આથી વહેલા હાથો મિલાવ્યા નહિ ! અરેરે, કેમ વહેલા હાથો મિલાવ્યા નહિ ?''

તમારાં સંતાનોના આત્મા મૃતપ્રાય બની જાય, - એમના આત્માનો નાશ થાય ત્યાર પહેલાં તમે હાથ મિલાવ્યા છે ?

□

## ૧૦ આફ્રિકી અભણ મા અને એનો વિશ્વાસ

આફ્રિકાનાં જંગલોમાં ઘણા 'કાળા' ખ્રિસ્તીઓ વસે છે. એમાંના કેટલાકે તો પ્રભુ ઈસુને પોતાનું જીવન સમર્પણ કર્યું છે, એટલું જ નહિ પણ તેઓ ભારે આસ્થાવાદી અને પ્રાર્થના પરાયણ છે.

એવી એક અણપઢ આફ્રિકી બાઈનો એકનો એક દીકરો ખૂબ બિમાર પડી ગયો. જંગલ મધ્યે એક અમેરિકી ડૉક્ટર મિશનેરીએ દવાખાનું ખોલ્યું હતું. પેલાં આફ્રિકી મા તાવથી તરફડતા પોતાના દીકરાને આ દવાખાને લઈ ગયાં. મિશનેરી ડૉક્ટરે તપાસીને કહ્યું કે, "છોકરાને ભયંકર તાવ આવ્યો છે, અને જો તાત્કાલિક તેને બરફમાં સુવાડી તાવ ઊતારવામાં ન આવે તો મગજ પર ચઢી જાય."

માએ કહ્યું, "બરફ ક્યાં મળશે ?" ડૉક્ટરે નિરાશાવાદી સૂરે કહ્યું, "આવા ગરમીના દિવસોમાં આ જંગલમાં તો બરફ મળે જ શાનો ? દૂર શહેરમાં મળે, પણ કોઈ પણ એવું શહેર આટલામાં ક્યાંયે નજદિક નથી. આપણે બરફ મેળવી શકીશું નહિ."

માએ વિચારીને કહ્યું, "આપણા તારનાર પ્રભુ ઈસુએ કહ્યું છે કે 'માગો ને તમને મળશે.' ડૉક્ટર સાહેબ, ચાલો, આપણે પ્રાર્થના કરીએ અને માગીએ કે, પ્રભુ, અમને બરફની ખૂબ જરૂર છે. માટે અમને બરફ આપો." ડૉક્ટર સાહેબ હસ્યા,ને કહ્યું, "આટલામાં બરફ મળવાની કોઈ આશા લાગતી નથી."

પણ આફ્રિકી માના દૃઢ આગ્રહથી તેઓ તેની સાથે પ્રાર્થનામાં નમ્યા. માએ આગ્રહથી આંસુ પાડીને માગ્યું, "પ્રભુબાપ, બરફ મોકલો. ખૂબ જરૂર છે, તમે તો માગવાનું કહ્યું છે. તમારા વચન પ્રમાણે માગીએ છીએ. પ્રભુ ઈસુને નામે અમે આ માગીએ છીએ, આમીન."

તેઓ પ્રાર્થના કરી રહ્યાં એવામાં ભારે આંધી ઊઠી. મોટું વાવાઝોડું થયું. કાળાં ભમ્મર વાદળાં ધસી આવ્યાં. અને મોટાં મોટાં કરાં વરસી પડયાં. જંગલની આસપાસની જમીન કરાંથી સફેદ સફેદ થઈ ગઈ.

ડૉક્ટરે અને માએ ચાદરમાં કરાં એકઠાં કર્યાં, અને ધીકતા તાવથી બેભાન અવસ્થામાં કણસતા દીકરાને એમાં સુવાડયો અને લપેટી દીધો. થોડા જ સમયમાં એનો તાવ ઊતરી ગયો. એને સારું થતાં ઈશ્વરનો અને ડૉક્ટરનો આભાર માનતાં માનતાં મા દીકરાને ઘેર લઈ ગયાં.

☐

## ૧૧ પુનિત યાદમાં સ્થાન પામેલાં બાનુ

ઘણાં વર્ષો પહેલાં લંડન શહેરનાં એક પ્રતિષ્ઠિત બાનુ મૃત્યુ પામ્યાં. લોકો તેમને અંતિમ વિદાયમાન આપી શકે માટે તેમના મૃતદેહને એક મોટા સભાખંડમાં મૂકવામાં આવ્યો. ઈંગ્લાંડનાં રાણીના પ્રતિનિધિઓ અને સરકારી કચેરીઓના અનેક અધિકારીઓએ આવીને તે મૃત બાનુને અંતિમ વિદાયમાન આપ્યું. આ પછી સામાન્ય જનતા માટે સભાખંડનાં દ્વાર ખુલ્લાં મૂકવામાં આવ્યાં.

સેંકડો માણસો આવ્યાં અને શાંત રીતે સન્માનપૂર્વક તેમને અંતિમ વિદાય આપી. એ બધાં માણસોમાં લઘરવઘર પોષાક પહેરેલી અને ફાટીતૂટી શૉલ ઓઢેલી એક સ્ત્રી ત્યાં ઊભી હતી. દેખાવ પરથી તે ખૂબ ગરીબ લાગતી હતી. મૃત બાનુની કફનપેટી પર માથું ઢાળીને તે ખૂબ રડવા લાગી. તે લાંબો સમય એવી રીતે ચીટકી રહી, તેથી તેની પાછળ આવતાં માણસોની ધીરજ ખૂટી ગઈ. એક વ્યવસ્થાપકે તે બહેનના ખભા પર હાથ મૂકીને કહ્યું : ''બહેન, જરા આગળ વધો, તમે માણસોને આગળ આવતાં અટકાવો છો.''

પાછળ ફરીને તે બહેને ગળગળા સાદે કહ્યું : ''મારે અહીં થોડું વધારે થોભવું જ છે. ચાળીસ માઈલ ચાલીને હું આ બાનુને અંતિમ વિદાય આપવા આવી છું. ઈશ્વરપિતાએ આ બહેનની મારફતે મારા પુત્રોને નર્કની શિક્ષામાંથી બચાવી લીધા છે. તેમણે મારા હકમાં જે કર્યું છે, તેને માટે ઈશ્વરપિતાનો પૂરતો આભાર હું પૂરી રીતે કદી જ માની શકીશ નહિ. મહેરબાની કરીને મને થોડો સમય અહીં

ઊભી રહેવા દો.'' આ સ્ત્રીના હ્દયનું ઊંડું દુ:ખ જોઈ લોકોને તેના પ્રત્યે સહાનુભૂતિ થઈ ! કેટલાક તો રડવા લાગ્યા.

એ મૃત બાનુ તો સાલ્વેશન આર્મીમાં સેવા આપતાં ઈશ્વરનાં મહાન સેવિકા કેથેરાઈન બૂથ હતાં. તેમનો મૃતદેહ તેમને અંતિમ વિદાયમાન આપવા માટે મૂકવામાં આવ્યો હતો, તેમના ફળવંત અને શુદ્ધ જીવનની ઘેરી અસરો લોકોનાં જીવનો પર પડી હતી. તેમની ખ્રિસ્તી સાક્ષીની યાદ ઘણાં માણસોનાં મનોમાં કાયમ માટે સ્થાન પામી છે. હા, ઈશ્વર પરાયણ વ્યક્તિના જીવનની અસરો તેના મૃત્યુ પછી પણ આશીર્વાદ લાવનાર બને છે.

જો આજનો દિવસ તમારા જીવનનો છેલ્લો દિવસ હોય, તો તમારા મૃત્યુ બાદ શું તમારું જીવન સંભારણારૂપ બની રહેશે !

□

## ૧૨ માતાપિતાની અસરોનાં ફળ

બાલ્યાવસ્થાથી જ બાળકોને પ્રભુ ઈસુ પાસે લાવવાં એ માતપિતાની બહુ જ અગત્યની ફરજ છે. શેતાન તેનો શિકાર શોધતો ફરે છે. તેથી બાળકોને જીવનની શરૂઆતથી જ પ્રાર્થના સહિત ઈશ્વરના માર્ગમાં દોરવાની અગત્ય છે. પ્રભુ ઈસુએ કહ્યું છે કે, ''માર્ગ, તથા સત્ય તથા જીવન હું છું'' યોહાન ૧૪:૬. બાળકોને પ્રભુ ઈસુના માર્ગમાં દોરીએ, તો તેમના જીવનમાંથી ઘણી મુશ્કેલીઓ અને દુઃખ નિવારી શકીશું. એટલું જ નહિ, પણ આપણે પોતે પણ ઘણા આશીર્વાદો પ્રાપ્ત કરી શકીશું. પાપી જીવનનાં મુશ્કેલીભર્યાં પરિણામોને બદલે સમસ્ત જીવન ઈશ્વરપિતાને સમર્પિત બની રહેશે.

આઈઝેક વૉટસ નવ વર્ષની ઉમરે જીવનનું બદલાણ પામ્યા હતા. તેમણે રચેલાં ભક્તિવર્ધક ગીતો દ્વારા લાખો લોકોને ઉત્તેજન મળ્યું છે. જોનાથાન એડવર્ડઝે પોતાની સ્પષ્ટ સાક્ષી અને સંદેશાઓ દ્વારા ઈંગ્લાંડને હચમચાવી દીધું અને ઈશ્વર પ્રત્યે સભાન બનાવ્યું. જોનાથાને સાત વર્ષની કુમળી વયે જ ઈશ્વરને જીવનનું અર્પણ કર્યું હતું. મેથ્યુ હેનરી અગિયાર વર્ષની ઉંમરે ઉદ્ધારના અનુભવમાં આવ્યા. વર્ષો સુધી તેમણે બાઇબલ અભ્યાસ કર્યો અને તેના ફળરૂપે પવિત્ર બાઈબલનાં સુવિખ્યાત ભાષ્યો (કોમેનટ્રીઝ) પ્રસિદ્ધ કર્યાં.

પંડિતા રમાબાઈનાં મા બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામ્યાં હતાં. પણ તેમના પિતાની ધાર્મિક દોરવણી દ્વારા જ મુક્તિ મિશનનાં સ્થાપક અને હજારો બાળકીઓને ખ્રિસ્તની પાસે લાવવામાં સાધનરૂપ બન્યાં હતાં.

આમ, હજારો સ્ત્રી-પુરુષો તેમની બાલ્યાવસ્થામાં જ વધસ્તંભની પાસે આવ્યાં, અને તેમનાં સમસ્ત જીવન પ્રભુ ઈસુને અર્પિત બન્યાં.

તમે તમારાં બાળકોને ઈશ્વરના માર્ગમાં કેળવો છો ? પ્રત્યેક બાળકના તારણ માટે તમે અંગત રીતે તેમની સાથે વાત કરી છે ? માતપિતા પ્રેમથી તેમ જ પ્રાર્થનાસહિત બાળકોને મદદરૂપ બને તે ખૂબ જ જરૂરનું છે. તેમ કરવાથી બાળકોનું સમસ્ત જીવન અદ્ભુત રીતે બચાવ પામશે.

□

# ૧૩ મિશનેરી પેટન પર પિતાની પ્રાર્થનાઓની અસરો

ક્ષમાશીલતા અને અનંતજીવન જો કે માતપિતા તરફથી બાળકોને આપમેળે જ મળતાં નથી. પણ માતપિતાનો 'ખ્રિસ્તી વિશ્વાસ' કુટુંબમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, માતપિતાની સુદઢ આત્મિક આગેવાનીની ઘેરી અસરો કુટુંબને ઈશ્વરપરાયણતામાં દોરે છે. ''હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું.'' એ વચનો કહીને યહોશુઆએ પોતાના કુટુંબ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી.

જોન પેટન અને તેમની પત્ની જેનેટને ઈશ્વરની સેવા કરતાં કરતાં પોતાનાં બાળકોને ઈશ્વરની સેવામાં દોરવાનું મહત્ત્વ સમજાયું હતું. તેઓ એક નાના અને સાદા ઘરમાં રહેતાં હતાં. પણ તેમનાં અગિયાર બાળકોનો ઉછેર બહુ સફળ અને આશીર્વાદિત રીતે કર્યો હતો. તેમનાં બાળકોમાંનો એક દીકરો જે. જી. પેટન સુવિખ્યાત મિશનેરી બન્યો હતો.

તે દીકરો નાનો હતો, ત્યારે તેણે તેના પિતાને પ્રાર્થના કરતાં સાંભળ્યા હતા. ઘણી વાર તે બારણા પાસે ઊભો રહી પિતાની પ્રાર્થના સાંભળતો. પિતાની પ્રાર્થનાનો એકેએક શબ્દ તે ધ્યાનથી સાંભળતો. પોતાના પ્રાર્થના પરાયણ પિતાનાં વખાણ કરતાં તે થાકતા નહિ.

આ મિશનેરી પુત્ર કહેતા : ''ઈશ્વરનું સાન્નિધ્ય મંદિર કે મહામંદિરમાં જ નહિ, પણ ઈશ્વરપરાયણ ગરીબ ઘરમાં પણ અનુભવી શકાય. મારા જીવનની અન્ય બાબતો હું ભૂલી જાઉં તો વાંધો નહિ, પણ મારા પ્રાર્થના પરાયણ પિતા ઈશ્વરની હજૂરમાં થોભીને પ્રાર્થના કરવામાં તલ્લીન બની ગયા હોય, તે દશ્ય હું ભૂલી શકતો નથી. મારા પિતાની એ પ્રાર્થનાઓના પડઘા મને ફરી

સાંભળવા મળે તો કેવું સારું ! મારા પિતા ઈશ્વરની સાથે દરરોજ ચાલતા, તો હું કેમ ન ચાલું ! રવિવારનો દિવસ અમારે માટે સર્વથી શ્રેષ્ઠ અને મહત્ત્વનો દિવસ બની રહેતો.''

ખ્રિસ્તી વિશ્વાસમાં જીવતાં માતપિતા બાળકોને કેવો અદ્દભુત વારસો આપી જાય છે !

□

# ૧૪ માતા સુસાન્ના વેસ્લી

સુસાન્ના વેસ્લીએ પોતાનાં ૧૯ બાળકોનો ઉછેર પ્રાર્થનાપૂર્વક કર્યો હતો. તેઓ પોતાનાં બાળકો માટે દરરોજ એક કલાક પ્રાર્થનામાં ગાળતાં હતાં. અઠવાડિયામાં એક કલાક તે પ્રત્યેક બાળકને આત્મિક માર્ગદર્શન આપતાં હતાં. પોતાના સર્વ બોજને હંમેશાં ઈશ્વરના ચરણોમાં મૂકતાં. રાતે પથારીમાં સૂતાં પહેલાં તે પોતાના પ્રત્યેક બાળકના માથા પર હાથ મૂકી પ્રાર્થના કરતાં. સવારે ઊઠીને પોતાનું દૈનિક કામકાજ કરતાં પહેલાં તે ફરી એમ જ કરતાં. માતા સુસાન્નાના ઈશ્વર પરના સુદૃઢ વિશ્વાસ દ્વારા તેમનું પ્રત્યેક બાળક ઈશ્વરનું આશીર્વાદિત સેવક બન્યું.

પોતાનાં બાળકોને ઈશ્વર પરાયણાતામાં વૃદ્ધિ પામતાં જોવાં, તે કરતાં કઈ બાબત માતપિતાને વધારે આનંદ આપનારી હોઈ શકે ? તેથી ચાલો, આપણાં બાળકોના ઉછેર માટે ખૂબ કાળજી રાખીએ. તેમનાં જીવનો વિષે સાવધ રહીને તેમને સાચા માર્ગમાં દોરીએ. તેમ કરવાથી ઈશ્વર આપણને અને આપણાં બાળકોને જરૂર આશીર્વાદ આપશે.

સુસાન્નાએ પ્રાર્થનાપૂર્વક બાળકોને ઊછેર્યાં. પરિણામે તેમના બે દીકરા ચાર્લ્સ અને જોનને ઈશ્વરે ઈંગ્લાંડ અને અમેરિકા માટે આશીર્વાદરૂપ બનાવ્યા. હવે તો વિશ્વભરમાં તેમની સેવાની અસરોનો આશીર્વાદ વ્યાપિ ગયો છે.

બાળકોના યોગ્ય સર્વાંગી ઉછેર માટે તેમણે કેટલાક નિયમો રાખ્યા હતા :

૧. બાળકોને પોતાની જ ઇચ્છા પ્રમાણે કરવાની ટેવ ન પાડો. ઈશ્વરની સહાયથી તેને યોગ્ય માર્ગદર્શન આપો.

૨. બાળક બોલતાં શીખે કે તરત તેને પ્રાર્થના કરતાં શીખવો.

૩. તેના હઠાગ્રહ અને રડીને માગે તેવી ઈચ્છા પૂર્ણ ન કરતાં તેના હકમાં જે સારું હોય તે વિનયથી માગે તો આપો.

૪. તેને જૂઠું બોલતાં અટકાવો. ગુનાની કબૂલાત કરવા ઉત્તેજન આપો; શિક્ષા ન કરો. તેનો ગુનો તમારા ધ્યાન બહાર ન રહે.

૫. સારી વર્તણૂકની પ્રશંસા કરો, અને સારો બદલો આપો.

૬. તમારા બાળકને તમે આપેલું વચન પૂર્ણ કરવા કાળજી રાખો.

□

# ૧૫ મોશેનાં માતપિતાનો વિશ્વાસ અને ઈશ્વરની આયોજના

મોશે ઇઝરાયલ પ્રજાને મિસરની ગુલામીમાંથી કાઢી લાવ્યો, એ કોઈ માત્ર આકસ્મિક બનાવ નહોતો. પણ એની પાછળ ઈશ્વરનું લાંબું આયોજન હતું. અને મોશેનાં માબાપનો અડગ વિશ્વાસ, અને એ વિશ્વાસ દ્વારા મોશેને આપેલા ચોક્કસ શિક્ષણનું પરિણામ હતું. એ મુદ્દાઓ આપણે વારાફરતી જોઈ લઈએ.

**ઈશ્વરની સનાતન આયોજના :** હજી અબ્રાહમને ત્યાં ઇશ્માએલ અને ઇસ્હાકનો જન્મ પણ નહોતો થયો તે પહેલાં ઈશ્વરે અબ્રાહમને આ પ્રમાણે કહ્યું હતું :

"તું ખચીત જાણ કે, તારો વંશ પરદેશમાં ભટકશે, ને ત્યાંના લોકોની સેવા કરશે. અને **ચારસેં વર્ષ** સેવા તેઓ કરશે તેઓનો ન્યાય પણ હું કરીશ. અને ત્યાર પછી તેઓ ઘણી સંપત્તિ લઈને નીકળશે. અને તેઓ **ચોથી પેઢીમાં** અહીં પાછા આવશે" (ઉત્પ. ૧૫ : ૧૩-૧૬).

ઈશ્વરે અગાઉથી ભવિષ્યકથન બતાવ્યું કે યહૂદી અથવા ઇઝરાયલ પ્રજા ૪૦૦ વર્ષ સુધી મિસરમાં ગુલામગીરીમાં રહેશે. તેઓ ઈ. પૂર્વે ૧૪૯૧માં મિસરમાંથી નીકળી ગયા. તે વખતે મોશે ૮૦ વર્ષનો હતો. એટલે મોશેના જન્મ વખતે (ઈ.પૂર્વ) ૧૪૧૧માં મિસરમાંથી નીકળવાને ૮૦ વર્ષ બાકી હતાં. એટલામાં જ ઈશ્વરની ઘડિયાળમાં ટકોરા પડયા કે ઇઝરાયલીઓને મિસરમાંથી છોડાવનાર વ્યક્તિનો (મોશેનો) હવે જન્મ થવો જોઈએ.

એ જ સમયે ફારૂન રાજાએ હુકમ ફરમાવ્યો : "અને ફારૂને પોતાના સર્વ લોકોને ફરમાવ્યું કે, જે (ઇઝરાયલીઓમાં) જે પ્રત્યેક છોકરો જન્મે તેને તમારે નદીમાં ફેંકી દેવો, અને પ્રત્યેક છોકરીને

તમારે જીવતી રાખવી.'' (વાંચો નિર્ગ ૧:૧૫-૨૨). શેતાને ઈશ્વરની સનાતન યોજનાને બરબાદ કરવા ફારુન પાસે આ ઠરાવ કરાવ્યો. ઈશ્વરની આયોજના પ્રમાણે ઇઝરાયલ પ્રજાને છોડાવનાર પુરુષનો (મોશેનો) નાશ થઈ જાય એવી શેતાને યુક્તિ કરી. પણ મોશેનો જન્મ થયો.

**મોશેનાં માતપિતાનો વિશ્વાસ :**

મોશેનાં માતપિતા ઈશ્વરનો ગૂઢ સંકેત જાણી ગયાં હતાં કે ઇઝરાયલ પ્રજાને છોડાવનાર આ તેમનો જન્મેલો દીકરો (મોશે) હતો. ઈશ્વરે અબ્રાહામને જણાવેલા ૪૦૦ વર્ષના ગાળા સંબંધી તેઓ જાણકાર હતાં, અને હવે માત્ર ૮૦ વર્ષ જ બાકી છે એનો પણ એમને ખ્યાલ હતો. એટલે આ તેમના જન્મેલા દીકરા (મોશે) વિષે તેઓ સભાન બન્યાં.

નિર્ગ ૨ : ૨ જણાવે છે કે :

''અને તે સ્ત્રીને (યોખેબેદને) ગર્ભ રહ્યો, ને તેને પુત્રનો પ્રસવ થયો. અને ને સુંદર બાળક છે એ જોઈને તેણે તેને ત્રણ માસ સુધી સંતાડી રાખ્યો.''

''અને તે સુંદર બાળક છે તે જોઈને...'' મૂળ ગ્રીક તેમ જ અંગ્રેજી બાઇબલોના હૉશિયામાં એનો આવો અર્થ આપવામાં આવ્યો છે : 'ઈશ્વરનો સુંદર બાળક' = 'ઈશ્વરનો પસંદ કરેલો બાળક.' વળી યહૂદીઓની સાન્હેદ્રિન ન્યાયસભા આગળ સંત સ્તેફન એ વાત કહે છે (પ્રે.કૃ.૭:૨૦) ''God's fair one'' અથવા 'ઈશ્વરે એને પસંદ કર્યો છે (જુઓ ૧ શમુ. ૧૬:૧૨).

હિબ્રૂ. ૧૧:૨૩ કહે છે : ''**વિશ્વાસથી** મોશેનાં માબાપે તેના જન્મ્યા પછી તેને ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો, કેમ કે તેમણે જોયું કે તે સુંદર બાળક છે. અને તેઓ રાજાની આજ્ઞાથી બીધાં નહિ.''

ત્રણ મહિના કરતાં ''વધારે વાર તેને સંતાડવા તે અશક્ત હોવાથી તેણે (યોખેબેદે) તેને સારુ ગોમતૃણની એક પેટી લીધી, અને તેને ચીકણી માટીથી તથા ડામરથી થેપીને છોકરાને તેમાં મૂકીને તેને નદીને કાંઠે બરુઓ મધ્યે મૂકી. અને તેનું શું થાય છે તે જોવાને તેની બહેન (મરિયમ) વેગળી ઊભી રહી'' (નિર્ગ. ૨:૨-૪).

બીજી કોઈ હિબ્રૂ બાઈ આ પ્રમાણે ન કરત. પણ યોખેબેદને વિશ્વાસ અને ખાતરી હતાં કે ઈશ્વરે આ દીકરાને પસંદ કર્યો છે, અને એની મારફતે જ ઇઝરાયલ પ્રજાને છોડાવશે.

અને જુઓ તો ખરા ! કેવું બન્યું ? એ સ્થળે મોટા મોટા મગરો ઘણા આવે છે. પણ મગર ન આવ્યો, કે મિસરી સિપાઈ ત્યાં ન આવ્યો. પણ રાજકુંવરીને એ ઓવારે નાહવાનું મન થયું ! એ ત્યાં આવી. બરુઓ મધ્યેથી ગોમતૃણની પેટી દાસી મારફતે મંગાવી. રડતા બાળકને જોઈ એને દયા આવી. અને આ સુંદર બાળકને પોતાનો કરી લીધો. કુંવરીના કહેવાથી મરિયમ પોતાની માને જ 'ધાવ' તરીકે બોલાવી લાવી. આ બધી ઈશ્વરી યોજનાઓ તો જુઓ!

વળી આ તો જુઓ ! ફારૂનની પુત્રી મોશેની માને કહે છે : ''આ બાળકને લઈ જઈને મારે માટે તેને ધવડાવ, અને હું તને તે બદલ પગાર આપીશ'' (નિર્ગ ૨:૯). પોતાના જ બાળકને ધવડાવવા ઉપરથી પગાર ! ઈશ્વરની યોજના કેવી અજાયબ ! શત્રુના મહેલમાંથી પગાર !

**માતા તેમ જ પિતાનું સાચું શિક્ષણ :**

માતા અને પિતા બહુ ધાર્મિક અને પ્રભુ પર પ્રેમ રાખનાર હતાં. મા યોખેબેદના નામનો અર્થ 'ઈશ્વરનો મહિમા', અને પિતા આમ્રામના નામનો અર્થ 'સ્તુતિમાન ઈશ્વર' બંને જણ નામ પ્રમાણે જ જીવતાં હતાં.

યોખેબેદ પોતાના બાળક મોશેને ખોળામાં રાખીને સાચા એક જ ઈશ્વર વિષે શીખવતી હશે; એના પર પ્રેમ રાખવાનું, એની પ્રાર્થના કરવાનું શીખવતી હશે. નાના મોશેને આંગળીએ વળગાડીને બહાર લઈ જતી હશે, અને દૂરથી વેઠ-મજૂરી કરતા એમની પ્રજાના લોકો બતાવતી હશે, અને નઠોર મિસરી અધિકારીઓના ક્રૂર ફટકા વિષે કહેતી હશે.

અને મા એને કહેતી હશે કે ''એ બધા તારા ભાઈઓ છે. અને આ બધા જુલમથી આ તારા ભાઈઓને છોડાવવાને આપણા ઈશ્વરે તને પસંદ કર્યો છે.''

અત્યારના જમાનામાં તો બાળક માંડ ત્રણ વર્ષનું થાય કે માબાપ તેને કે.જી.માં ધકેલી દે છે. પણ પહેલાના સમયમાં અને આજથી ૫૦-૬૦ વર્ષ ઉપર બાળક છ વર્ષનું થાય ત્યાં સુધી તે માતપિતા પાસેથી અંગત જ્ઞાન મેળવતું રહેતું. મોશે પણ ઓછામાં ઓછાં પાંચેક - કે કદાચ છએક - વર્ષનો થયો હશે ત્યાં સુધી માબાપ પાસેજ રહ્યો હશે !

એટલા સમયગાળામાં તો માબાપે સત્ય ધર્મનું કેવું ઊંડું શિક્ષણ આપ્યું હશે ! રોમન કેથલિક આગેવાને કહ્યું છે કે, ફક્ત છ વર્ષ માટે તમારું બાળક અમને આપો. પછી ભલે આખી જિંદગી તેને તમારી પાસે રાખો. પણ છ વર્ષનું શિક્ષણ એ કદી નહિ ભૂલે. મોશે પણ પાંચ-છ વર્ષ પછી જ મિસરી મહેલે રહેવા ગયો હશે. પણ પહેલાં પાંચ-છ વર્ષનું શિક્ષણ એ કદી ભૂલ્યો નહિ.

યોખેબેદે નાના દીકરાને શું શું શીખવ્યું ? શું શું કહ્યું હશે ? ''મારા દીકરા મોશે, પેલા બધા ગુલામોને તું જુએ છે ? તેઓ તારા ભાઈઓ છે. તું તેઓમાંનો એક છે; તેઓ તારા છે, તેમનાં આંસુ તું ભૂલતો નહિ. તેમના શરીર પરના ઊંડા ઊંડા સોળ તું વિસરતો નહિ. ઈશ્વરે તેમને કારમી ગુલામીમાંથી છોડાવવા તને

પસંદ કર્યો છે, મારા દીકરા, એ આપણા ઈશ્વરને અને તારા લોકોને ભૂલતો નહિ.

''થોડાક સમય પછી તું મહેલમાં રહેવા જશે. અને ત્યાં તને અનેક પ્રકારની વિદ્યા શીખવવામાં આવશે. અને વળી આપણા લોકો વિરુદ્ધ અનેક બાબતો તને કહેવામાં - શીખવવામાં આવશે. પણ જોજે બેટા, પ્રભુએ તને સોંપેલું કામ ભૂલતો નહિ, મારા લાડકવાયા. ઈશ્વર તારી સહાય કરો.'' આંસુભરી આંખે બોલાયેલા આ શબ્દોનો કાલી કાલી ભાષામાં મોશેએ જવાબ આપ્યો હશે : ''ના, મમ્મા, હું કદીયે નહિ ભૂલું. પ્રભુ કહેશે તેમ જ હું કરીશ, મા.''

પછી તો મોશે કદાચ ૩૪-૩૫ વર્ષ સુધી મિસરી મહેલમાં રહ્યો હશે, દુનિયાની બધી વિદ્યા, કળા-કૌશલ્ય અને રાજનીતિ તેને શીખવવામાં આવ્યાં હશે, ચાલીસ વર્ષનો તે થયો ત્યારે પોતાના જાત-ભાઈઓની ખબર લેવા ગયો. તેવામાં શું બન્યું ? જુઓ, નિર્ગમન ૨:૧૧-૧૫. એ વિષે સંત સ્તેફને સાન્હેદ્રીબની ન્યાય સભા આગળ આ પ્રમાણે કહ્યું :

''દેવ મારી હસ્તક તેઓનો છૂટકારો કરશે, એમ મારા ભાઈઓ સમજતા હશે, એવું તેણે ધાર્યું, પણ તેઓ સમજ્યા નહિ'' પ્રે.કૃ. ૭:૨૩-૨૯.

એ પછી મોશે લગભગ ૮૦ વર્ષનો થવા આવ્યો, ત્યારે વનના વરખડામાં પ્રભુ પરમેશ્વર અગ્નિરૂપે ઊતર્યા, અને મોશેને, પોતાના લોકોને મિસરની કાળી ગુલામીમાંથી છોડાવવા, આહ્વાન આપ્યું (નિર્ગમન ૩:૧-૧૨). મોશેએ આહ્વાન સ્વીકાર્યું. તેના વિષે હિબ્રૂઓને પત્રમાં આમ લખ્યું છે :

''વિશ્વાસથી મોશેએ મોટો થયા પછી ફારુનની દીકરીનો પુત્ર ગણાવા ના પાડી. પાપનું ક્ષણિક સુખ ભોગવવા કરતાં ઈશ્વરના

લોકની સાથે દુઃખ ભોગવવાનું તેણે વિશેષ પસંદ કર્યું. મિસરમાંના દ્રવ્ય ભંડાર કરતાં ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી એ સંપત્તિ અધિક છે, એમ તેણે માન્યું. કેમ કે જે ફળ મળવાનું હતું તે તરફ જ તેણે લક્ષ રાખ્યું. વિશ્વાસથી તેણે મિસરનો ત્યાગ કર્યો, રાજાના ક્રોધથી તે બીધો નહિ, કેમ કે જાણે તે અદશ્યને જોતો હોય એમ તે અડગ રહ્યો'' (હિબ્રૂ. ૧૧-૨૪-૨૭).

મોશેના જીવનની શરૂઆતનાં પાંચેક વર્ષનાં મા યોખેબેદના શિક્ષણ, વિશ્વાસ અને આંસુભરી પ્રાર્થનાનાં કેવાં પરિણામ !

□

## ૧૯ ઈશ્વરને અર્પિત લોકલાડીલા ડૉક્ટર

અમેરિકાનું 'યુનાઈટેડ પ્રેસ' લખે છે, 'ડૉ. હાવર્ડ એ. કેલી એમ.ડી.એલ., એલ.એલ.ડી. જોન હૉપસ્કીન મેડિકલ કોલેજને વિશ્વ વિખ્યાત બનાવનારા ચાર જણામાંના એક હતા. હાવર્ડના જન્મદિન અગાઉ થોડા જ દિવસો ઉપર તેમના પિતા મૃત્યુ પામ્યા.

તેમણે ફિલાડેલ્ફિયાની પ્રખ્યાત કેન્સીંગ્ટન હૉસ્પિટલ સ્થાપી હતી. દુનિયાભરની કેટલીયે 'ગાયનોકોલોજિકલ, અને ઑબ્સ્ટ્રેટિકલ સોસાયટીના તેઓ સભ્ય હતા.

તેમણે કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે : 'એ સાયન્ટીફિક પેન એન્ડ ધ બાઈબલ', 'ધી મોસ્ટ ઈમ્પોર્ટન્ટ થીંગ ઈન માય લાઈફ' અને 'હાઉ આઈ સ્ટડી ધ બાઈબલ.' તે ઈશ્વરને સંપૂર્ણ રીતે અર્પિત મેડિકલ સેવક હતા. તે બાઈબલને ''ઈશ્વરની પ્રેરણાથી લખાયેલો ઈશ્વરનો શબ્દ'' માનતા હતા. પ્રભુ ઈસુ પરના ઊંડા સુદઢ વિશ્વાસને લીધે તેમણે પોતાના જીવન તેમ જ લેખન દ્વારા સચોટ સાક્ષી આપી છે. તેઓ કહેતા હતા કે, ''મારી ભરજુવાનીમાં મારાં માએ સોનાનો એક દોરો મારા હૃદયની દોરીઓ સાથે એવો ગૂંથી લીધો હતો કે, મારા જીવનના સર્વ દિવસોમાં આ સોનાનો દોરો મને ઈશ્વરનાં જીવંત વચનોની યાદ અપાવતો હતો. અને એ માટે જ મારાં માએ એ આપ્યો હતો.'' મારાં માએ આપેલો સોનાનો દોરો એ તો મારા હૃદયમાં તેમણે ઠસાવેલું પવિત્ર બાઈબલ હતું. મારાં માએ આપેલો એ સોનાનો દોરો એટલે કે પવિત્ર બાઈબલ મારા જીવનના સર્વ દિવસોમાં અને સર્વ પ્રસંગોમાં મને દોરી જાય છે. તે મારી સાથે વાત કરે છે.''

ડૉ. કેલી પોતાના જીવનનો હેતુ જણાવીને કહેતા : ''મારે એવી રીતે જીવન જીવવું જોઈએ કે, જાણે હું વ્યક્તિ તરીકે ખ્રિસ્તની સાથે મરી ગયો હોઉં, ઉત્થાન પામીને સ્વર્ગમાં ચઢી ગયો હોઉં અને જનસેવા માટે ઈશ્વરના પ્રતિનિધિ તરીકે પૃથ્વી પર પાછો મોકલવામાં આવ્યો હોઉં.''

ઘણાં માણસો મુસાફરીનું બહાનું કાઢી બાઈબલ વાંચવા પ્રત્યે બેદરકાર બને છે. પણ ડૉ. કેલીની વાત જુદી જ હતી. તેઓ કહેતા : ''મુસાફરીમાં પણ બાઈબલ મારી સાથે જ હોય છે. આ તાજું જીવનજળ પીતાં પીતાં સમય ક્યાં પસાર થઈ જાય છે, તેની ખબર પણ પડતી નથી.''

દરદીની મુલાકાતે જતાં પહેલાં : ''મારી ઓફિસનું દ્વાર બંધ કરીને અને બાઈબલ ઊઘાડું રાખીને ઘૂંટણો પર મારા કુટુંબ માટે આભાર માનવા અને મારી આગળ આવેલી નવી તકોને માટે ઈશ્વરની કૃપા માગવા હું કદી ચૂકતો નથી. ડૉ. કેલીની મધ્યસ્થીની પ્રાર્થનાઓ માટે તેમનું કુટુંબ કેટલું ઋણી છે, તે તો પ્રભુનું પુનરાગમન જ પ્રગટ કરશે.''

ડૉ. કેલી માટે કોઈપણ હૉટલનો એકાંતિક ઓરડો પણ સ્વર્ગનો અનુભવ કરાવનાર બની જતો.

ડૉ. કેલીને માટે બાઈબલ એક જ્ઞાનપીઠ બની ગઈ હતી. તેઓ કહેતા કે, ઘણા ડૉક્ટરોને બાઈબલ વાચનમાં અને બાઈબલ અભ્યાસમાં તેમની ફરજો નડે છે. પણ અનેકવિધ ફરજો બજાવતાં ડૉ. કેલી કહેતા : ''ઈશ્વરનાં વચનોના દુકાળના આ દિવસોમાં પ્રત્યેક સાંજે આપણે ઈશ્વરનાં વચનો વાંચીએ, તો આપણું દષ્ટિબિંદુ વિશાળ બનશે. આપણા વિચારો ઉન્નત બનશે. ખરેખર, બાઈબલ તો સાચે જ સાંસ્કૃતિક અભ્યાસક્રમ માટેની યુનિવર્સિટી છે.''

જીવનની વિચિત્ર પળોમાં જ્યારે કંઈક રાહ જોઈ રહેવાનો સમય હોય, ત્યારે તેનો કેવો ઉપયોગ કરવો, તે ડૉક્ટર કેલી બરાબર જાણતા હતા. પોતાની જુવાનીથી જ તે સુવાર્તાઓ, ગીતશાસ્ત્ર વગેરેની નાની પુસ્તિકાઓ પોતાની સાથે રાખતા અને રાહ જોઈ રહેવાના એ સમયને તેના વાચન દ્વારા ખૂબ આશીર્વાદિત બનાવતા.

તેઓ કહેતા : ''દરરોજ ધ્યાનપૂર્વક અને પ્રાર્થના સાથે બાઈબલ વાંચવું જોઈએ. અને તેનાં પાનાં પર પડતો પ્રકાશ આપણે ઝીલવો જોઈએ, તેના પર મનન કરવું જોઈએ અને તે દ્વારા મળતું શિક્ષણ અને ઈશ્વરની ઓળખ પ્રાપ્ત કરી લેવાં જોઈએ.''

ઈશ્વરસેવક ડૉ. કેલીના જીવનમાં બાઈબલ અને પ્રાર્થનાનું સ્થાન અજોડ હતું. જીવનભર તે બાઈબલના પ્રખર અભ્યાસી રહ્યા. એટલું જ નહિ પણ તે પ્રમાણે જીવન જીવનાર બન્યા. આ બધાનું કારણ તેમનાં પ્રાર્થનાપરાયણ મા જ હતાં.

□

# ૧૭ ઘણા દિવસો પછી મળી આવેલું માનું બાઈબલ

સ્કૉટલાન્ડ દેશની આ વાત છે. જુવાન મૅક હવે કૉલેજનો અભ્યાસ શરૂ કરવાનો હતો. અભ્યાસ માટે તેને ઘર છોડીને બીજા શહેરમાં જવાનું હતું. દીકરો જવાનો હતો, તે સમયે તેનાં માએ તેને એક બાઈબલ ભેટ તરીકે આપ્યું. બાઈબલના પ્રથમ પાના પર માએ પોતાનું અને દીકરા મૅકનું નામ લખ્યું. સાથે બાઈબલની એક કલમ પણ લખી હતી.

જુવાન મૅક મેડિકલ અભ્યાસમાં લાગુ રહ્યો. તેણે તેજસ્વી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કર્યો, વર્ષો પછી તે ડૉક્ટર બન્યો. સમય વીતતાં તે સ્કોટલાન્ડના એડિનબર્ગ શહેરની સૌથી મોટી હૉસ્પિટલનો મુખ્ય પદાધિકારી બન્યો. વૈદકીય અને શસ્ત્રક્રિયામાં તે ખૂબ પ્રવીણ હોવાથી તે નામાંકિત ડૉક્ટર તરીકે ખ્યાતિ મેળવી શક્યો. પણ તે નાસ્તિક વ્યક્તિ તરીકે પણ ઓળખાતો. એડિનબર્ગ શહેરમાં વસતા નાસ્તિક માણસોના મંડળના પ્રેસિડેન્ટ તરીકે તે ચૂંટાયો. ક્રમેક્રમે તેનું જીવન ભ્રષ્ટ થતું ગયું. જાણે ભ્રષ્ટ જીવન જીવવાનો તેને પરવાનો મળી ગયો હતો !

એક દિવસે ભયંકર રીતે ઘવાયેલા એક માણસને તેની હોસ્પિટલમાં લાવવામાં આવ્યો. ડૉ. મૅકે તે માણસના છૂંદાઈ ગયેલા દયાજનક શરીર તરફ દૃષ્ટિ કરી, ત્યારે તેના મુખ પર છવાયેલી શાંતિ અને મૃત્યુને ભેટવાની તૈયારી જોઈ ડૉક્ટરને ખૂબ નવાઈ લાગી. અકસ્માતનો ભોગ થઈ પડેલા એ માણસે પોતાની સ્થિતિ વિષે ડૉક્ટરને પૂછ્યું : ''સાહેબ, મારી સાચી સ્થિતિ વિષે હું જાણવા ઈચ્છું છું. મારી સ્થિતિ કેવી છે ?'' ''ભાઈ, વધારેમાં વધારે તમે ત્રણેક કલાક જીવશો,'' ડૉક્ટરે કહ્યું.

થોડી જ ક્ષણોમાં હવે તે મૃત્યુ પામી અનંતકાળમાં જઈ પહોંચશે એ સમાચાર સાંભળી તે દર્દી જરાપણ ગભરાયો નહિ, કે તેનું મોં જરાપણ ઝાંખું પડયું નહિ.

''તમે મહેરબાની કરીને તાત્કાલિક કોઈને મારી ઘર માલિકણ બહેનને ત્યાં મોકલીને મારું પુસ્તક મંગાવી આપશો ?''

''કયું પુસ્તક ?'' ડૉક્ટર મૅકે પૂછયું.

''ફક્ત પુસ્તક વિષે કહેશો, તો તે તરત સમજી જશે.''

ડૉક્ટરે તે દર્દીની ઈચ્છા મુજબ કોઈ માણસને મોકલવાની વ્યવસ્થા કરી, અને પોતે બીજા દર્દીઓને તપાસવા આગળ વધ્યા. પણ પેલા દર્દીના ઉચ્ચારેલા શબ્દો તેમને વારંવાર યાદ આવવા લાગ્યા : ''હું તૈયાર છું. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે જવાનો છું.''

થોડા કલાકો પછી ડૉ. મૅક પેલા ગંભીર રીતે ઘવાયેલા દર્દીના ખાટલા પાસે આવ્યા. ડૉક્ટરે તેની સારવારમાં રોકાયેલી નર્સને તેના વિષે પૂછપરછ કરી, ''થોડી જ ક્ષણો પહેલાં એ દર્દી મરી ગયો,'' એમ નર્સે જણાવ્યું.

''તેને પુસ્તક સમયસર મળી ગયું હતું ?'' ડૉક્ટરે પૂછયું.

''તેના મૃત્યુ પહેલાં જ તેને પુસ્તક મળી ગયું હતું'' નર્સે કહ્યું.

ડૉક્ટરે પ્રશ્ન પૂછયો, ''એ તેની બેંકની પાસબુક હતી ને ?''

''ના, એ પુસ્તક તેના તકિયા નીચે હજી પણ છે. આપ જઈને તે જુઓ.''

ડૉક્ટર તે માણસની પથારી પાસે ઊભા રહ્યા. તેના તકિયા નીચેથી તેણે બાઈબલ કાઢયું. બાઈબલ લેતાં જ તેનું પ્રથમનું પાનું ખુલ્લું થઈ ગયું.

બાઈબલના પ્રથમ પાના પર તે ડૉક્ટરના માના હસ્તાક્ષર હતા. માએ લખેલું પોતાનું નામ, પુત્રનું નામ અને લખેલી બાઈબલની

કલમ તેણે જોયાં. વર્ષો પહેલાં તે કૉલેજમાં અભ્યાસ કરવા જતા હતા, ત્યારે માએ તેમને આપેલું એ બાઈબલ હતું. પોતે ભ્રષ્ટ જીવન જીવવા લાગ્યા, અને દારુની લતમાં ફસાયા, ત્યારે વધારે દારુ પીવા પોતાની અન્ય ચીજ વસ્તુઓ સાથે માએ આપેલું બાઈબલ પણ વેચી દીધું હતું, તે તેમને યાદ આવ્યું.

ભૂતકાળનાં સંસ્મરણો તાજાં થવાથી તે પોતાની ઑફિસ તરફ દોડયા અને ઈશ્વર તેમના પર દયા કરે માટે ઘૂંટણે પડીને આગ્રહથી પ્રાર્થના કરી.

ઈશ્વરપિતાએ તેમની પ્રાર્થના સાંભળી; તેમની અંધ બની ગયેલી આંખો ઊઘડી, અને તેમણે સ્વર્ગીય દુનિયા નિહાળી. જૂનું સર્વ જતું રહ્યું, અને પોતે ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ બની ગયા હતા, તેનું તેમને ભાન થયું.

તે પછી ડૉ. ડબલ્યુ પી. મૅકે ઈશ્વરના સેવક તરીકે અજાયબ સેવાઓ આપી.

□

## ૧૮ જીવન પલટી નાખનાર બનાવ

**જયાનંદ આઈ. ચૌહાનની સાક્ષી**

અમે ત્રણ બહેન અને ત્રણ ભાઈ. ઊનાળાની કે નાતાલની રજામાં હોસ્ટેલમાંથી રજામાં ઘેર આવ્યાં હોઈએ. રજા પૂરી થાય, અને હોસ્ટેલમાં જવાનો દિવસ આવે.

વિદાય લેતી વખતની પ્રાર્થના બા કરાવે. બાપુજી સરકટ પાળક, એટલે સુવાર્તાની ફેરી માટે કોઈ ગામડે ઊપડી ગયા હોય. એટલે એ વિદાયની પ્રાર્થના કરાવવાનું બાને શિર આવે. પ્રભુના હાથમાં અમારી સોંપણી કરે; હૉસ્ટેલના દિવસોમાં સર્વ જોખમથી, દુષ્ટાઈથી અને શેતાનના ફાંદાઓથી પ્રભુ અમને બચાવે, અને ઈશ્વરને માન-મહિમા મળે એવી રીતે તે અમને દોરે ને ચલાવે, બાની પ્રાર્થનાનાં કેટલાંય વાક્યો તો અમને મોઢે થઈ ગયાં હોય. આજેય એ વાક્યો યાદ આવે છે.

એ પ્રાર્થના વખતે અમારી આંખમાંથી આંસુ ટપકેય ખરાં. બાની આંખનુયે પણ એવું જ. હૈયામાં છુપાઈ ગયેલી એ પ્રાર્થનાની અસરો હોસ્ટેલના લાંબા છ કે ચાર મહિના સુધી ચાલતી. મા બાપાના શિક્ષણ અને પ્રાર્થનાઓનાં સ્મરણ હૉસ્ટેલ જીવનમાં ખૂબ લાભદાયી બની રહેતાં.

એવા હૉસ્ટેલના મારા શૈશવકાળના એક બનાવે મારાસમગ્ર જીવનને હચમચાવી દીધું.

એ સમયે હું નડિયાદ હૉસ્ટેલમાં હતો. એ ૧૯૨૪ની સાલ. હું ગુજરાતી ત્રીજા ધોરણમાં તાજો જ ચઢ્યો હતો. ઊનાળાની બે માસની રજામાંથી હોસ્ટેલમાં પાછા આવ્યાને બારમો દિવસ થયો

હતો. જુલાઈ ૧૨મી અને વાર શનિ. સાંજે જમીને અમે ચાર જિગરી મિત્રો (મગન સોમચંદ, સોમચંદ પેટલીકર, દાનિયેલ લ્યુથર અને હું) ફરવા નીકળ્યા. નક્કી કર્યું કે રામતલાવડીએ જઈ મિશનના કૂવાકાંઠે બેસવું. ત્યાં પાસે જ એક બાવળિયો ઘેઘુર ફાલ્યો હતો. રસ્તે જતાં મેં કહ્યું, ''હું તો પાછો હૉસ્ટેલમાં જાઉં છું. ફરવા નથી આવતો.'' મિત્રોએ પૂછયું, ''કેમ નથી આવતો ? ચાલ ને !''

મેં કહ્યું, ''સોંપેલા ઘરકામના ગણિતના દાખલા હજી મેં ગણ્યા નથી, તે જઈને ગણી કાઢું !'' મિત્રોએ સામેથી કહ્યું, ''કાલે રવિવારે નિરાંતે ગણજે ને !'' મેં જણાવ્યું, ''માબાપાએ કહ્યું છે કે રવિવારે કોઈ સંસારી કામ ન કરવું. એટલે રવિવારે તો નહિ જ. એટલે હું તો આ પાછો ચાલ્યો.'' દોસ્તો બોલ્યા, ''જયાનંદ, તારા વગર મઝા નહિ આવે. ચાલ ને !'' પણ મક્કમ નિર્ણયપૂર્વક હું પાછો વળ્યો.

ગણિતનું ઘરકામ પૂરું કરીને હું મારા રૂમની બહાર નીકળ્યો કે મેં હોસ્ટેલના મુખ્ય દરવાજે કારમું રુદન સાંભળ્યું. હું દોડયો. જોયું તો ત્રણ ઝોળીમાં ત્રણ વિદ્યાર્થીને લાવતા હતા. ઝોળીઓની નીચે લોહી ધસરાબંધ વહેતું હતું. અને નાકમાંથી લોહી અને હવાના પરપોટા નીકળતા હતા. હું આભો બની ગયો. એ મારા ત્રણ મિત્રો જ હતા; મગનલાલ, સોમચંદ, અને દાનિયેલ. બાવળિયા પાસે કૂવા પર બેઠા હશે, અને બાવળ એકાએક મૂળમાંથી ઊખડીને ત્રણે પર પડયો. ત્રણે છૂંદાઈ ગયા. કલાક - બે કલાકમાં એમના પ્રાણ નીકળી ગયા !

મને થયું કે 'હું કેમ પાછો ફર્યો ? હું કેમ બચી ગયો ? કોણે મને પાછો મોકલ્યો ? કેમ મોકલ્યો ? એ રાત્રે અમારા રૂમની પાછળ સુથારી-લુહારી-ફીટરી કારખાનામાં ત્રણ શબપેટી બની રહી હતી. ખીલીઓ - હથોડાના ઠપ, ઠપ, ઠપ અવાજ આવ્યા જ કરે ! હું

ઊંઘી શક્યો જ નહિ ! મને થયા જ કરે કે મારી પેટી અત્યારે બનતી હોત !

માણસો મોકલીને એ ત્રણેનાં માબાપ અને સગાંવહાલાંઓને બોલાવ્યાં હતાં. એ બધાં રાતના પાછલા પહોરમાં આવી પહોંચ્યાં. અને જે ભારે હૈયાફાટ રુદન થયું ! મને થાય કે મારાં માબાપ અને વહાલાંયે આવ્યાં જ હોત ને ! અને કેવું કરુણ કલ્પાંત થઈ ગયું હોત ! હું આ બધું જીરવી ન શક્યો. પથારીમાં પોક મૂકીને રડયો, ખૂબ રડયો.

મને ઈશ્વરે ક્યા હેતુથી અર્ધા રસ્તેથી પાછો આણ્યો ? ઈશ્વરે મને કેમ જીવતદાન દીધું ? એ જ રાતે મેં મારું જીવન ઈશ્વરને સોંપ્યું, 'પ્રભુ, બાકીની જિંદગી હવે તમારી સેવા માટે, તમારા મહિમા માટે તમને ધરું છું.'

ત્રણ બહેનો પછી જન્મેલા મને તો મારાં માતાપિતાએ જન્મ વખતે જ પ્રભુની સેવા માટે સોંપી દીધો હતો, પણ પેલી ૧૨-૭-૧૯૨૪ શનિવારની રાતે મેં જાતે મારી જિંદગી પ્રભુની સેવા માટે સોંપી દીધી. અને એનો આજ સુધી આનંદ છે; હા, કોઈ રંજ નથી. આનંદ, બસ, આનંદ છે. આનંદ જ છે.

* * *

માબાપે પ્રભુના ભયમાં અને પ્રેમમાં રહેવા માટે આપેલા શિક્ષણ, શિખામણ અને નમૂનાને લીધે જ કદાચ આ જીવનદાન અને સેવાયોગ ઈશ્વરે કેમ નહિ બક્ષ્યાં હોય !

□

# ૧૯ ઉદરમાંનું બાળક

માના ઉદરમાંનો ગર્ભ શરૂઆતથી જ જીવંત હોય છે. એને લાગણીઓ, ગમો-અગમો, ભય, પ્રસન્નતા, વગેરે હોય છે. એટલે માએ અને ઘરમાં કુટુંબે સંભાળીને વર્તવું-બોલવું જોઈએ.

નવી વ્યક્તિનું જીવન ગર્ભાધાનથી જ શરૂ થઈ જાય છે. જગતના મોટા ભાગના વિજ્ઞાનીઓ આ મુદ્દા પર એકમત છે. આપણે એ વિષે થોડાક અભિપ્રાયો જોઈ લઈએ.

સામાન્ય માન્યતા એવી છે કે બાળક માના ઉદરમાં ચોથા કે પાંચમા માસમાં હલનચલન શરૂ કરે ત્યારથી બાળકમાં જીવ આવ્યો ગણાય. પણ તબીબી વિજ્ઞાને લાંબા સમય પૂર્વે આ માન્યતાને નકારી કાઢી છે. **'ધી ટ્રાન્ઝેક્શન ઓફ ધી અમેરિકન મેડિકલ એસોસીએશન'**, પુસ્તક XXII (1871)માં આ પ્રમાણે લખ્યું છે : ''બાળકનું આ જાતનું હલનચલન શરૂ થાય તે અગાઉ લાંબા સમય પૂર્વે બાળકના હૃદયના ધબકારા અને જીવનનાં બીજાં ચિહ્નો બહુ સ્પષ્ટપણે જોઈ શકાયાં છે. અને સર્વમાન્ય એવી અધિકૃત વ્યક્તિના પ્રમાણભૂત નિર્ણય પ્રમાણે મા બાળકના આ હલનચલનને પારખે **તે અગાઉ લાંબા સમયથી બાળક જીવન માણતું હોય છે.** ઉદરમાંના ગર્ભમાં ગર્ભાધાનના સમયથી જ જીવ હોય છે આ સિદ્ધાંતથી ઊલટી અન્ય કોઈ પણ માન્યતા બુદ્ધિ અને શરીરવ્યાપારશાસ્ત્રની સાથે સુસંગત નથી.''

આ સિદ્ધાંતને વિજ્ઞાનનાં અગણિત સંશોધનોએ પુરવાર કર્યો છે. છેલ્લામાં છેલ્લા સુધારાવાળી પદ્ધતિઓ દ્વારા વધુ ને વધુ પ્રમાણમાં એ પુરવાર થયું છે કે **ગર્ભ શરૂઆતથી જ જીવંત હોય છે.**

ગર્ભાધાન પછી માત્ર **આઠ જ અઠવાડિયાંમાં** માના ઉદરમાં બાળકના નાના નાના હાથપગોનું હલનચલન શરૂ થઈ ગયું હોય

છે, જો કે માને તેની ખબર પડતી નથી. બાળકનાં એકેએક અંગ અને અવયવ આ સમયે હયાત હોય છે, - એટલું જ કે તેઓ અવિકસિત રૂપમાં હોય છે. એનું યકૃત (કલેજું) લોહીના કોશો ઉત્પન્ન કરતું હોય છે; એનું પેટ પાચકરસો પેદા કરતું હોય છે; અને એના મૂત્રપિંડો લોહીમાંથી 'મૂત્રામ્લ'ને (યુરિક એસિડને) બહાર કાઢતા હોય છે. આ ગર્ભને માનવ-આકાર પણ હોય છે. એના હાથોપગો તેમ જ આંખનાં પોપચાં પણ ઓળખી શકાય તેવી કક્ષામાં હોય છે.

ગર્ભાધાન પછી **છ જ અઠવાડિયાંમાં** - હજી જન્મેલી નહિ એવી આ વ્યક્તિને માત્ર 'ગર્ભ' તરીકે ઓળખવામાં આવે છે ત્યારે એના મગજના માપી શકાય તેવા તરંગોનું પ્રસરણ થતું હોય છે, અને તે સ્પર્શ તથા પીડા પ્રત્યે પ્રત્યાઘાત આપે છે.

ગર્ભાધાન પછી **ત્રણ જ અઠવાડિયે** એનું હૃદય ધબકવા માંડે છે; એનું આખું મજ્જાતંત્ર (ચેતાતંત્ર : નર્વસ સિસ્ટમ) રચાઈ ગયું હોય છે; અને એની આંખો ઓળખી શકાય તેવી બની હોય છે.

ડૉ. બનાર્ડ નેથનસન એક વખતના ગર્ભપાતનિષ્ણાત હતા, પણ પાછળથી એમણે એ કામ છોડી દીધું. એમની સીમા-ચિહ્નરૂપ ફિલ્મ **"ચૂપકીદીભરી ચીસ"** (Silent Scream)માં તેમણે બતાવ્યું છે કે ચૂસી-ખેંચીને કરેલા ગર્ભપાત સામે ઉદરમાંનો ગર્ભ કેવો ઉગ્ર પ્રત્યાઘાત આપે છે ! તેઓશ્રી લખે છે કે "વધારે સારી તકનિક અને સાધનો દ્વારા **બે અઠવાડિયાંના** ગર્ભમાં આપણે ઓળખી શકાય એવા મનુષ્યને જોઈ શકીશું. **ફક્ત ચાર દિવસના** ગર્ભમાં ખાસ પ્રકારની સૂક્ષ્મદર્શક તકનિકી દ્વારા આ નવમાનવની જાતિ પણ પારખી શકાય છે."

ગર્ભમાં જીવનની શરૂઆત ક્યારે થાય છે એ વિષે તબીબી નિષ્ણાતોનું શું કહેવું છે ? યુ.એસ. અમેરિકાની સેનેટ આગળ

એસ. ૧૫૮ તરીકે જાણીતું એવું **'માનવી જીવન સંબંધીનું બિલ'** (Human Life Bill) રજૂ થયું હતું, ત્યારે સેનેટે ૫૭ જેટલા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની આ અંગેની સાક્ષીઓ સાંભળી હતી. સેનેટના હેવાલમાં એ અંગેની આ પ્રમાણેની નોંધ છે :

''ડૉક્ટરો, જીવશાસ્ત્રીઓ, અને અન્ય વિજ્ઞાનીઓ એકમતના છે કે ગર્ભાધાન સમયે જ એક નવા માનવીનું જીવન શરૂ થાય છે. આ ગર્ભમાનવ તે જ ક્ષણે જીવંત હોય છે, અને માનવજાતનું સભ્ય બની જાય છે. આ મુદ્દા અંગે તબીબીશાસ્ત્રનાં, જીવનશાસ્ત્રનાં અને વિજ્ઞાનની બીજી શાખાઓનાં અન્ય લખાણોમાં પ્રતિકાર ન કરી શકાય એવો એકમત છે.''

ફ્રેન્ચ જનનશાસ્ત્રી ડૉ. જેરોમ લેજ્યુન (Dr. Jerome Lejeune, French geneticist), જેમણે 'ડાઉન્સ સીન્ડ્રોમ' રોગમાં દરદી બાળકનાં રંગસૂત્રોની નકશી (pattern of chromosom) કેવી હોય છે તે શોધી કાઢ્યું હતું, તેમણે અમેરિકી સેનેટને જણાવ્યું હતું કે,

''દરેક વ્યક્તિને ગર્ભાધાનથી જ સ્વચ્છ અને સ્પષ્ટ અસ્તિત્વ હોય છે.'' મેયો ક્લિનિકના વડા જનનશાસ્ત્રી ડૉ. હિમી ગોર્ડને પણ સેનેટ આગળ જણાવ્યું હતું કે, ''માનવ જીવનની શરૂઆત ગર્ભાધાનથી જ થાય છે એ એક સ્થાપિત સત્ય છે.'' હાવર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર એમ. મેથ્યુ-રોથે પણ જણાવ્યું હતું કે, ''વ્યક્તિગત માનવજીવન ગર્ભાધાનથી શરૂ થાય છે એમ કહેવું તે વિજ્ઞાનની દૃષ્ટિએ સાચું છે.''

માનો અંડકોશ પિતાના શુક્ર દ્વારા ફલિત થાય એને ગર્ભાધાન કહેવાય. એક વખત આ ગર્ભાધાન થયું એટલે નવા જીવનની શરૂઆત થઈ ચૂકી. નવી વ્યક્તિ ઉત્પન્ન કરનાર આ કોશમાં જનનશાસ્ત્રને લગતી જરૂરી સંપૂર્ણ માહિતી હોય છે. આમ, ગર્ભાધાનથી જ જીવન શરૂ થઈ ચૂક્યું હોય છે. ગર્ભાધાન પછી થોડા

કલાકોમાં જ આ એક કોશનું વિભાજન થઈને એના બે કોશ બને છે. અને પછી તો આ વિભાજન પ્રવૃત્તિ દ્વારા સતત વૃદ્ધિ થયા જ કરે છે. એ કોશોમાં જીવન છે તેથી જ આ શક્ય બને છે. ચાર અઠવાડિયામાં તો આ ગર્ભનું કદ ૧૦,૦૦૦ ગણું મોટું બની જાય છે.

ગર્ભ એ માના શરીરનો એક જીવતો ભાગ નથી. પણ એ એક આગવી જીવંત વ્યક્તિ છે. વિજ્ઞાન દ્વારા એ પુરવાર થઈ ચૂક્યું છે કે ગર્ભને પોતાની આગવી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓનું વ્યવસ્થિત તંત્ર છે, અને તે માના શરીરતંત્રથી અલગપણે સ્વાયતઃ પોતાની કામગીરી બજાવતું હોય છે. જો ગર્ભની પેશીઓ ચેપપ્રતિકારક શક્તિની બાબતમાં માની એવી શક્તિથી વિરુદ્ધ પ્રકારની હોય, તો ગર્ભ પોતે પોતાની આગવી પ્રતિકાર પદ્ધતિ ઊભી કરી લે છે, જેથી માની ઊલટા પ્રકારની ચેપપ્રતિકારક પદ્ધતિના પ્રત્યાઘાતમાંથી તે પોતાનો બચાવ કરી શકે.

વિખ્યાત શરીરવ્યાપારશાસ્ત્રી ડૉ. આલ્બર્ટ લિલે ગર્ભશાસ્ત્રના પિતા ગણાય છે. તેમનું કહેવું છે કે, ''જનનશાસ્ત્રની દૃષ્ટિએ મા અને ગર્ભ બંને ગર્ભાધાનના સમયથી જ અલગ અલગ વ્યક્તિ છે.''

'ટેસ્ટટ્યૂબ બેબી' અંગેના સેંકડો સફળ પ્રયોગોએ બહુ તાદૃશ રીતે એ સ્પષ્ટ કરી દીધું છે કે મા અને ગર્ભ એ અલગ અલગ વ્યક્તિઓ છે. અને ગર્ભ એ શરૂઆતથી જ જીવંત વ્યક્તિ છે. એટલે ચીનમાં માણસની ઉંમર ગર્ભાધાનથી ગણાય છે. આપણે ત્યાં બાળકની પાંચમી વર્ષગાંઠે તે પાંચ વર્ષનું ગણાય છે, ત્યારે ચીની ગણતરી પ્રમાણે એ છ વર્ષનું ગણાય.

(- આ ૧૯માં પ્રકરણનો અત્યાર સુધીનો ભાગ મારા પુસ્તક **'જોષ જોવાનું પાપ'**માંથી લીધો છે. (પૃષ્ઠ ૫૩-૫૭)

આપણે જોયું તેમ ગર્ભ માતાના ઉદરમાં હોય ત્યારે એ ગર્ભ જીવંત હોય છે. ગર્ભ બેભાન નથી હોતો તેમજ અભાન પણ નથી હોતો. એને લાગણી હોય છે. ઘરમાં ગુસ્સાના શબ્દો ઉચ્ચારાતા હોય, દરરોજ ઝઘડા થતા હોય, ગંદી ભાષા બોલાતી હોય, એ બધાની અસરો ગર્ભરૂપી વ્યક્તિ પર પડયા વગર રહેતી નથી. એમ જ ઘરમાં પ્રાર્થના નિત્ય થતી હોય, ગીત-ભજન ગવાતાં હોય, એકબીજાની સાથે પ્રેમાળ વાતચીત થતી હોય, એ બધાની અસરો ઉદરમાં રહેલા ગર્ભ ઉપર પડયા વગર રહેતી નથી.

માનું મન અને ચિત્ત પ્રસન્ન હોય, કે ચિંતા, ઉદ્વેગ, અને ગુસ્સાભર્યું હોય તેની સુક્ષ્મ અસરો ગર્ભ પર પડે જ છે. મા દારૂ પીતી હોય, બીડી પીતી હોય તેની શારીરિક અને માનસિક અસરો ગર્ભ પર થાય છે.

ટેલિવિઝનનાં મારફાડ, વગેરેની અસરો માની અંતર્સ્રાવી ગ્રંથીઓ દ્વારા, અને સીધા અવાજો દ્વારા ગર્ભને થાય છે જ.

એક કુટુંબની સાચી વાત છે. કાયદેસર લગ્ન વિના બે જણ ભેગા રહેતાં હતાં. ઘરમાં લડાઈ, ઝગડા અને મારામારી થતી હતી. એમને ત્યાં દીકરી જન્મી. એ બાળકી ગર્ભરૂપે હતી, ત્યારે ગર્ભમાં તે આવું જ બધું અનુભવતી હતી. એ બાર વર્ષની થઈ, ત્યારે એનાં માબાપ એવાં ઝઘડયાં કે પત્નીએ પતિને મારી નાખ્યો. બાર વર્ષની એ દીકરીનું મગજ ફટક્યું, અને એ બિલકુલ ગાંડી બની ગઈ. બીજાંઓને તે બચકાં ભરવા, મારવા અને ઘા કરવા લાગી. એને વશ કરવાનું કઠણ બની ગયું. તેને પાગલખાનામાં સખ્ત પહેરામાં રાખવામાં આવી.

એક યુવાન પત્ની હતી. એને પેટે ગર્ભ રહેલો હતો. તે પ્રભુને ચાહનાર ખ્રિસ્તી હતી. ગર્ભ રહ્યો ત્યારથી જ તેણે પોતાને માટે એક નિયમ કર્યો હતો. દરરોજ અર્ધા-પોણા કલાકની તે ફૂરસદ

કાઢતી, અને એકાંત શાંત વાતાવરણમાં બેસતી. પછી એક મધુર ભજન ધીરા અવાજે ગાતી. બહુ જ ભાવથી ગાતી. એકેય દિવસ ચૂક્યા વગર તે દરરોજ એ પ્રમાણે કરતી.

હવે તો તેને ખબર પડતી કે આ શાંત સમયમાં તે ગાતી ત્યારે તેના ઉદરમાંનું બાળક હલચલ કર્યા વગર જાણે કે શાંતિથી સાંભળતું. જન્મ પછી થોડો સમય એ નિયમ એ બહેને ચાલુ રાખ્યો.

પછી તો એ બાળક જ્યારે ખૂબ રડવા ચઢે કે તોફાન કરે ત્યારે એ મા પેલું ગીત ગાય, એટલે એ છોકરું બિલકુલ શાંત બની જાય. એ પછી તો કિશોરાવસ્થામાં પણ એ ગીતની અસરો એવી જ થતી!

મોશેની વાતમાં આપણે જોઈ ગયા કે, બાળકનાં પહેલાં છ વર્ષ અતિ અગત્યનાં હોય છે. ''એ તો બાળક છે; એ તો શું સમજે ?'' એવી ગફલતમાં ન રહેતાં. ઘર, કુટુંબ અને આસપાસ શું બની રહ્યું છે એની ઘેરી અસરો એ કુમળી વય પર પડી જાય છે.

પ્રાર્થનામય અને ધાર્મિક વાતાવરણમાં એને ઉછેરો. છોડને જેમનો વળાંક આપવો હોય તેમ આપી શકાય; ઝાડને તેમ કરાતું નથી.

પ્રાર્થના, વિશ્વાસ અને આંસુ દ્વારા ઉછેરેલા બાળક દ્વારા મા સમાજને આશીર્વાદરૂપ ભેટ ધરે છે; જ્યારે ગેરશિસ્ત અને અનીતિ દ્વારા ઉછરેલા બાળક દ્વારા મા સમાજને માથે શ્રાપ ઊતારે છે.

□

# ૨૦ બિલી ગ્રેહામનાં માની દોરવણી

પ્રભુના વિશ્વાસુ સેવક અને વિશ્વ-વિખ્યાત ઉપદેશક ડૉ. બિલી ગ્રેહામ લખે છે :

"એક સમયે હું વિકટ સંજોગોમાં થઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે મેં અનેક વખત પ્રભુની પ્રાર્થના કર્યા કરી, પણ ઈશ્વર તરફથી કોઈ જ ઉત્તર મને મળ્યો નહિ. મને તો મનમાં એમ લાગ્યા જ કરે કે ઈશ્વર મારી પાસેથી દૂર જતા રહ્યા છે, અને મારી કસોટીઓનો ભાર હું એકલો જ ઉપાડી રહ્યો છું. મારા આત્માને માટે તો આ અંધકારભરી રાત્રિ સમાન હતું."

આખરે મેં મારાં મા ઉપર આ મારા કપરા અનુભવ વિષે લખ્યું. એ મારા પત્રનો જે જવાબ તેમણે આપ્યો તે હું કદી જ વિસરી શકીશ નહિ. 'દીકરા, એવા ઘણા સમયો આવે છે કે જ્યારે તારા વિશ્વાસની કસોટી કરવા ઈશ્વર જાણે કે ખૂબ દૂર જતા રહ્યા લાગે છે. અંધકારના સમયે પણ તું તેમના પર વિશ્વાસ રાખે તેમ તે ઇચ્છે છે. તો, દીકરા, આ ધુમ્મસ જેવા લાગતા સમયે પણ તું વિશ્વાસથી ચાલ્યે રાખે એમ તેઓ ઇચ્છે છે. માટે, દીકરા, તું આગળ વધ અને તેમના લંબાવેલા હાથ તને નિત્ય દોરી લઈ જશે. તે તારાં પગલાં ગોઠવશે.'

"આંસુ સહિત મારી પથારી પાસે હું ઘૂંટણે પડયો, અને ઈશ્વરની હાજરીનો જીવંત અનુભવ મને થયો. પવિત્ર આત્મા કે કોઈ દેવદૂતની હાજરીનું ભાન આપણને થાય કે ન થાય, પણ વિશ્વાસથી ચાલવાને લીધે આપણને ખાતરી છે કે ઈશ્વર આપણને કદી મૂકી દેશે નહિ કે ત્યજી દેશે પણ નહિ."

□

## ૨૧ શર્લી ડબ્લ્યુ. બેલેરન્ટી પોતાની દીકરી સંબંધી લખે છે

હું પુસ્તક વાંચતી હતી, ત્યાં મારી દીકરીનો અવાજ સંભળાયો : ''મા, હું જાઉં છું, આવજો, ફરી મળીશું.'' મેં દીકરી લીન્ડાને કહ્યું, ''આવજે, બેટા. ઈશ્વરપિતા તારી સાથે રહો. સંભાળીને જજે.'' ગરાજમાં જઈ લીન્ડાએ તેની મોટરકાર ચાલુ કરી. તેનો અવાજ મને સંભળાયો. થોડી વાર પછી કારનું બારણું બંધ કરાયું. તે અવાજ પણ મેં સાંભળ્યો અને ઘર્ર્ર્ર્ કરતી મોટર પસાર થઈ ગઈ.

લીન્ડા કાળજીપૂર્વક મોટર હંકારે છે. તેથી મને મનમાં ઓછી બીક રહે છે. હંમેશની માફક મેં તેને માટે પ્રાર્થના કરી : ''ઈશ્વરપિતા, તમે લીન્ડાની સંભાળ રાખજો. તેને માર્ગદર્શન આપજો અને સહીસલામત રાખજો. આમીન.'' પ્રાર્થના કર્યા પછી મારા મનમાં નિરાંત થઈ, અને મેં ચોપડી વાંચવાનું પાછું ચાલું રાખ્યું.

થોડી વાર પછી મારી બહેનપણીનો ફોન આવ્યો. તેના દીકરા વિષે ફરિયાદ કરતાં તે કહેવા લાગી, ''આજે તો હું બહુ થાકી ગઈ છું. મારો દીકરો ડેવ ગઈ રાતે ઘેર બહુ જ મોડો આવ્યો. તે પાછો ઘેર આવે ત્યાં સુધી મને ઊંઘ જ આવતી નથી. ઈશ્વરનો આભાર કે, મારે એક જ દીકરાની ચિંતા કરવાની છે. તારી માફક મારે ત્રણ બાળકોની ચિંતા કરવાની હોત, તો મારું શું થાત ! તને તારા બાળકો વિષે ચિંતા થાય છે ?''

મે કહ્યું, ''જરૂર, હું તેમની કાળજી તો રાખું છું. પણ હું તો તેમને માટે હંમેશાં પ્રાર્થના કરું છું. તેથી મનમાં અદ્‌ભુત શાંતિ મળે છે.''

''એમ તો આપણે બધાં પ્રાર્થના કરીએ છીએ ને !'' તે હસીને ફોન પર બોલી, મેં તેને મારી સાદી સરળ પ્રાર્થના વિષે અને તે દ્વારા મળતી મનની શાંતિ વિષે કહ્યું.

તેણે ચિંતિત થઈને કહ્યું : ''હા, પણ દરરોજ કેવી ભયંકર વાતો સાંભળવા મળે છે ! મને ખાતરી છે કે, તે માણસો પણ પ્રાર્થના કરતા હશે !''

''હું પણ એમ માનું છું. ઘણાં માણસો પ્રાર્થના કરતાં હશે. આપણાં બાળકોના બચાવ માટે કોઈ ગેરંટી આપી શકાય નહિ. પણ પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વર પરનો વિશ્વાસ વ્યક્ત કરીએ છીએ. તેથી ઈશ્વરને વિનંતી કરવામાં મારું મન શાંતિ પામે છે. મારી ચિંતાઓ હું ઈશ્વરના હાથોમાં મૂકી દઉં છું. તેથી મારું મન અને મારું હ્રદય ચિંતામુક્ત બને છે, અને હું અન્ય બાબતો તરફ મારું મન વાળું છું.

''ગીતશાસ્ત્રનું ૧૨૧મું ગીત કેવું ઉત્તેજનદાયક છે ? હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરીશ... અને ૨૩મું ગીત તને યાદ છે ? યહોવા મારો પાળક છે...... આ બંને અધ્યાયો દ્વારા આ બધાં વર્ષોમાં મુશ્કેલીઓમાં મને ખૂબ જ મદદ મળી છે. તું પણ પછી તે વાંચી જજે. હું જે કહેવા માગું છું, તે તું સમજી શકશે. ડેવ ફરી બહાર જાય, ત્યારે ઈશ્વરને તેની સંભાળ લેવાનું કહેજે. પ્રાર્થનામાં ઈશ્વરની મદદ માગ્યા પછી તારી ચિંતાનો ભાર કેવો હળવો થઈ ગયો છે, તે વિષે તને નવાઈ લાગશે.

''હું મારું કાર્ય શરૂ કરું છું, ત્યારે મારાં બાળકો માટે હું વિચારું છું. મારાં બાળકો માટે મેં ક્યારથી આ રીતે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું, તે યાદ કરું છું. મારાં ત્રણે બાળકોમાં ઓગણીસ વર્ષની લીન્ડા સૌથી નાની છે. હવે તે પુખ્ત વયની અને જાતે નિર્ણય લઈ શકે તેવી બની છે. તે કાળજીપૂર્વક મોટરકાર હંકારે છે. પણ કાળજીપૂર્વક

મોટરકાર હંકારતા ડ્રાઈવરોને પણ અકસ્માત નડતા હોય છે ને ! એવા કેટલાયે બેદરકાર ડ્રાઈવરોની ગફલતને કારણે આવું બને છે. સમાચાર સંદેશ વ્યવહારનાં સાધનો દરરોજ આવા સમાચારો આપ્યા કરે છે. મારાં બાળકોને પણ આવી પરિસ્થિતિનો સામનો કરવો પડે એવો વિચાર મને આવ્યા કરે છે.

''ઘણો વિચાર કરતાં મને આશ્ચર્ય થાય છે કે, પંદર કરતાં વધારે વર્ષોથી હું આ રીતે મારાં બાળકો માટે પ્રાર્થના કરું છું. અમારું સૌથી મોટું બાળક એવું સમજદાર થયું કે, અમારા સૂચન કરતાં પોતાની પરિસ્થિતિ પ્રમાણે તે નિર્ણય લે તે વધારે સારું છે, એમ મને લાગ્યું. માતપિતા તરીકે અમારાં બાળકોનો ઉછેર અમે એકલા હાથે કરવા અસમર્થ છીએ, તેથી હું હંમેશાં પ્રાર્થના કરું છું. ઈશ્વરપિતાનું ડહાપણ અને સમજ બાળકોના ઉછેર માટે અમારે માટે ખૂબ જરૂરનું છે.

''અમારાં બાળકોનો ઉછેર કરતાં કરતાં અન્ય કુટુંબોની માફક સારા-માઠા પ્રસંગો આવ્યા ખરા, પણ ઈશ્વરપિતાએ આ બધાં વર્ષોમાં અમને ખૂબ સહાય કરી છે. જો કે, રસ્તો સરળ ન હતો, છતાં વિશ્વાસ દ્વારા માર્ગમાંની મુશ્કેલીઓ દૂર થઈ રહી હતી.

''હવે તો અમારાં બાળકો પુખ્ત વયનાં બન્યાં છે. તેમને મળેલી સ્વતંત્રતા તેઓ આનંદથી માણે છે, અને મુશ્કેલીમાંથી તેઓ પોતાનો માર્ગ કાઢે છે. ખૂબ જ ઉત્સાહથી અને જુવાનીના થનગનાટથી તેઓ પોતાના કાર્યક્ષેત્રમાં યશસ્વી સફળતા પ્રાપ્ત કરી શકશે જ અને અમને ખાતરી છે કે, તેઓનું ભાવિ લગ્નજીવન પણ આશીર્વાદિત બનશે. તેમ છતાં હું હજી પણ મારાં બાળકો માટે પ્રાર્થના કરું છું. કારણ, હું જાણું છું કે, કોઈ પણ વ્યક્તિ એકલે હાથે સફળતા મેળવી શકતી નથી.

''પ્રત્યેક માણસને અન્ય માણસો તરફથી ઉત્તેજન અને પ્રશંસાની અગત્ય છે એ ખરું, પણ તેના કરતાં પણ આપણને કાંઈક વિશેષ જરૂર છે. એટલા માટે જ મારાં બાળકોની સંભાળ, દોરવણી, અને સહીસલામતી માટે હું પ્રાર્થના કરું છું - અને જીવીશ ત્યાં સુધી હું પ્રાર્થના કર્યા કરીશ.''

(આભારસહ : ધી લૂથરન ડાયજેસ્ટ સમર ૧૯૮૭)

□

# ૨૨ સંત ઓગસ્ટીનનું બદલાણ

સંત ઓગસ્ટીન સમસ્ત ખ્રિસ્તી મંડળીના એક વિશ્વ વિખ્યાત આગેવાન થઈ ગયા. આફ્રિકાના ન્યુમિડિયાનાના ટાગાસ્ટે નામના એક નાના ગામમાં તેમનો જન્મ થયો હતો. ઈ.સ. ૩૫૪ના નવેમ્બરની ૧૩મીએ તેઓ જન્મેલા. તેમનાં મા મોનિકા ઈશ્વરને અર્પિત મહિલા હતાં. મોનિકા તેમના પતિ અને પુત્રની આધ્યાત્મિક ઉન્નતિ માટે આગ્રહથી પ્રાર્થના કરતાં રહેતાં હતાં. તેમનો દીકરો ઓગસ્ટીન ઈશ્વરમય જીવન જીવે એવું તે બહુ ઈચ્છતાં હતાં. પણ ઓગસ્ટીન બહુ ભ્રષ્ટ જીવન ગાળતા હતા. ઓગસ્ટીનના પિતા મૂર્તિપૂજક હતા. તેઓ એવું ઈચ્છતા કે, તેમનો પુત્ર ખૂબ વિદ્યાભ્યાસ કરે, અને કાયદાશાસ્ત્રી બને.

ઓગસ્ટીન સત્તર વર્ષના થયા, ત્યારે તેમના જીવનમાં ભારે નૈતિક કટોકટી આવી. એક યુવતી સાથે તેમણે અનૈતિક સંબંધ બાંધ્યો, અને એક પુત્રના પિતા થયા.

મોનિકાએ તેમના પતિના અને પુત્રના જીવન પરિવર્તન માટે આંસુસહિત અને ખૂબ જ આગ્રહથી પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. તેમના પતિ પેટ્રિશિયસે તેમના જીવનના છેલ્લા દિવસોમાં ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો. મોનિકાને તેથી ખૂબ આનંદ થયો. તેમનો પુત્ર પાપનો કેદી બન્યો હતો, તેથી માતા મોનિકા રડીરડીને પ્રભુની પ્રાર્થના કરતાં હતાં. પોતાના હૃદયની આ વાત તેમણે મિલાનના બિશપ એમ્બ્રોઝને કરી. બિશપે તેમને ધીરજથી પ્રાર્થનામાં લાગુ રહેવાની સલાહ આપી, અને કહ્યું કે, ''આંસુઓ સહિતની પ્રાર્થના કદી નિરર્થક થાય જ નહિ.''



ઈ.સ. ૩૮૬ની સાલની વસંત ઋતુનો એ સમય હતો. ઓગસ્ટીન તે સમયે આશરે બત્રીસ વર્ષના હતા. મિલાન શહેરની પાસેના એક સ્થળમાં તે રહેતા હતા. એક સાંજે તે તેમના બગીચામાં લટાર મારતા હતા. આ સમયે તેમના હ્દયમાં તેમના ભ્રષ્ટ જીવન માટે ઊંડું દુઃખ હતું. તેમની જુવાનીનાં પાપો તેમના હ્દયને કોરી ખાતાં હતાં. તેમના મનનો ભાર ખૂબ વધી ગયો. અંજીરીના એક ઝાડ નીચે તે આડા પડયા, અને ખૂબ જ રડવા લાગ્યા. એવામાં પાડોશના મકાનમાંથી એક રહસ્યમય અવાજ તેમને સંભળાયો. ''હાથમાં લે, અને વાંચ, હાથમાં લે, અને વાંચ.'' આ શબ્દો તેમણે વારંવાર સાંભળ્યા.

આ બાબતને ઈશ્વરી સંકેત માની લઈ, તેમણે બાઇબલ ઉઘાડયું. એ રોમનોને સંત પાઉલે લખેલા પત્રનો ૧૩મો અધ્યાય હતો. તેમણે

વાંચવાનું શરૂ કર્યું : ''દિવસે જેમ ઘટે તેમ આપણે શોભતી રીતે વર્તીએ; મોજશોખમાં તથા નશામાં નહિ, વિષયભોગમાં તથા લંપટપણામાં નહિ, ઝગડામાં તથા અદેખાઈમાં નહિ; પણ તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લો, અને દેહને માટે, એટલે તેની દુષ્ટ વાસનાઓને અર્થે ચિંતન ન કરો.''

આટલું વાંચ્યા પછી તેમણે પોતાના જીવનના નવા રાહ વિષે નક્કી કર્યું. ઊંડા પશ્ચાત્તાપને લીધે તેમનું હૃદય ધોવાઈને શુધ્ધ બન્યું હતું. તેમના મનનું સમાધાન થયું હતું. શંકાઓ દૂર થઈ ગઈ હતી. હૃદય પ્રકાશિત બન્યું હતું. તેમણે સંપૂર્ણ હૃદયથી પોતાના જીવનની સોંપણી પ્રભુ ઈસુને કરી. ઓગસ્ટીનના જીવનની ઉજ્જવલ કારકિર્દીની અહીંથી શરૂઆત થઈ.

માતા મોનિકાની સતત આંસુસહિતની પ્રાર્થનાઓને લીધે ઓગસ્ટીનના જીવનનું બદલાણ થયું. બિશપ એમ્બ્રોઝનું કથન સાચું પડયું. મોનિકાના જીવનનું ધ્યેય સિદ્ધ થવાથી તેમનો હર્ષ માતો ન હતો. ઓગસ્ટીનના જીવન પરિવર્તન બાદ એક સાધુ પુરુષ તરીકે ઓગસ્ટીનની ખ્યાતિ દૂર દૂર ફેલાવા લાગી. જ્ઞાની તરીકે તેમજ સાધુ તરીકે તેમની નામના એટલી ફેલાઈ કે, મંડળીમાં સક્રિય સેવા આપવા તેમને ખૂબ આમંત્રણો મળવા લાગ્યાં.

ઓગસ્ટીને શરૂઆતની ધર્મ સેવાઓ મિલાન અને કાર્થેજમાં આપી. તેમણે રોમમાં પણ સેવા આપી હતી. તેઓ ખ્રિસ્તી મંડળીના એક મહાન ઈશ્વરવેત્તા અને આગેવાન હતા. તેમનું 'કન્ફેશન્સ' નામનું અતિ પ્રખ્યાત પુસ્તક તેમની આત્મકથારૂપ અને પાપકબૂલાત છે. ઈશ્વરના ત્રૈકપણાના અતિ ગૂઢ વિષય પર તેમણે પંદર મોટા દળદાર ગ્રંથો લખ્યા છે. એવાં બીજાં અનેક પુસ્તકો તેમણે લખ્યાં છે.

તેઓ ૩૪ વર્ષો સુધી એક નિષ્ઠાવાન આગેવાન બની રહ્યા. ઈ.સ. ૪૩૦ના ઓગસ્ટની ૨૮મી તારીખે તેમનું મૃત્યુ થયું. ''આંસુઓ સહિતની પ્રાર્થનાઓ કદી નિરર્થક થતી નથી.''

તમે તમારાં સંતાનો માટે આંસુઓ સહિત પ્રાર્થના કરો છો ?

□

# ૨૩ મા-દીકરીનું સુખદ મિલન

પશ્ચિમના દેશની વાત છે. બનેલી બીના છે. એક પ્રાર્થના પરાયણ વિધવા માની એકની એક યુવાન દીકરી સોબતને લીધે કુછંદે ચઢી ગઈ. મા એને ઘણું સમજાવે. પણ ''શેઠની શિખામણ ઝાંપા સુધી.'' ફરી પાછું એનું એ. આખરે એ છોકરી ઘેરથી ભાગી ગઈ. કોઈ મોટા શહેરની 'ગલીએ ગલીઓ'માં રંગરેલિયામાં રહેવા લાગી. નિર્બંધ જીવન વધુ રંગ-રાગ અને તાલ-તમાસામાં ભ્રષ્ટ થતું ચાલ્યું.

આ બાજુ મા ઘેર આંસુ પાડી પાડીને પ્રાર્થના કરતાં. એકની એક દીકરીનો પત્તો-સરનામું મેળવવા પણ અથાગ પ્રયત્નો કર્યા. પણ કંઈ ભાળ મળે જ નહિ. શું કરવું ? ઘણો સમય વીતી ગયો.

આખરે માએ પોતાના છાપેલા મોટા ફોટાવાળાં પોસ્ટરો છપાવ્યાં. અને મોટાં-નાનાં શહેરનાં જાહેર સ્થળોમાં એ પોસ્ટરો ચોડાવ્યાં. પોસ્ટરો પર પોતાનો ફોટો આપ્યો હતો, અને લખ્યું હતુંઃ

> વહાલી દીકરી, હું તારી મા તને ખૂબ ઝંખું છું.
> હું કદાચ હવે થોડા દિવસની મહેમાન છું.
> મારા મૃત્યુ પહેલાં હું તને જોવા તડપી રહી છું.
> દરરોજ આંસુ સાથે તારે માટે પ્રાર્થના કરું છું.
>
> બેટા, ઘેર પાછી વળ.
> પ્રભુ ઈસુને તારું જીવન સોંપ.
> મારી એકની એક, મારી લાડકી દીકરી,
> ઘરનું દ્વાર તારે માટે ખુલ્લું જ છે,
> તારી ઝંખતી માની આટલી ઝંખના પૂરી કર.
> દીકરી, પાછી આવ.



એક દિવસ પોતે રહેતી હતી તે શહેરના જાહેર સ્થળે આ છોકરી આવી. પોસ્ટર જોયું. માનો ફોટો ઓળખી લીધો. કાકલૂદી અને દર્દભરી ભાષામાં લખાયેલી માની વિનંતી વાંચી. તેનું હૈયું હાથમાં ન રહ્યું. ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. તરત જ વિમાન પકડીને ઘેર ગઈ.

રાતે ઘેર પહોંચી. ઘરનું દ્વાર ખુલ્લું જ હતું. મા અંદર પ્રાર્થનામાં ઘૂંટણિયે પડયાં હતાં. આંસુ વહી રહ્યાં હતાં. તે એકદમ માને બાઝી પડી.

□

## ૨૪ માતાની પ્રાર્થના સાંભળવામાં આવી

ઘણા જુવાન છોકરાઓ પ્રાર્થનાપરાયણ માતાઓને લીધે મહાન માણસો બન્યા છે. હડસન ટેલર પણ ચિનનો મહાન મિશનરી બન્યો, તેનું કારણ તેનાં પ્રાર્થનાપરાયણ મા હતાં.

હડસન ટેલરનાં મા આગ્રહથી ઈશ્વરને પ્રાર્થના કરતાં હતાં કે, તેમનો દીકરો ખ્રિસ્તને સોંપાય અને સુવાર્તાનો સેવક બને. પણ પંદર વર્ષની વયે હડસન એક નોકરી કરવા ગયો. ત્યાં તે કુટેવોમાં ફસાયો, અને તેણે પ્રાર્થના કરવાનું પણ પડતું મૂક્યું. વળી, ખ્રિસ્તી માણસો પ્રત્યે ધૃણા દર્શાવતાં તે ભારે ટીકાખોર બની ગયો.

તેની આવી વર્તણૂકથી તેની મા અને બહેન એમેલ્યા ખૂબ દુઃખી થતાં. બહેન એમેલ્યા તેના કરતાં બે વર્ષ નાની હતી. તે પ્રભુ પર પ્રેમ રાખનારી યુવતી હતી. તેના ભાઈના જીવનનું પરિવર્તન થાય, માટે તેણે પણ આગ્રહથી પ્રાર્થના કરવાનું નક્કી કર્યું.

એક દિવસે હડસનનાં મા ૭૦-૮૦ માઇલ દૂર રહેતાં તેમનાં સંબંધીના ઘેર મળવા ગયાં. એક બપોરની વેળાએ તેમનો દીકરો હડસન તેમને ખૂબ જ યાદ આવ્યો. દીકરો હડસન ઈશ્વરથી દૂર જતો રહ્યો હતો, તે વાતનું તેમને ખૂબ દુઃખ હતું. તેમણે ખાસ કંઈ કામ કરવાનું નહોતું એટલે પોતાના રૂમમાં જઈ બારણું બંધ કર્યું, અને હૃદય રેડીને દીકરાના બદલાણ માટે આગ્રહથી પ્રાર્થના કરી. રજાનો દિવસ હોવાથી હડસન તે સમયે ક્યાં હશે, કે શું કરતો હશે, તેની તેમને ખબર ન હતી.

બરાબર તે જ સમયે હડસન ઘેર એકલો જ હોવાથી સમય પસાર કરવા પિતાની લાયબ્રેરીમાં ગયો. એક નાની ટ્રાક્ટ તેના હાથમાં આવી. **'સંપૂર્ણ થયું'** એવું એનું મથાળું હતું. પોતે સન્ડે

સ્કૂલમાં શીખ્યો હતો તેવી એ એક વાર્તા હશે એમ ધારી તે વાંચવા લાગ્યો. એમાંના બોધભાગને પડતો મૂક્યો. પણ પછી તો તેને એટલો બધો રસ પડયો કે, તેણે બોધભાગ સુદ્ધાં, આખીયે ટ્રાક્ટ વાંચી નાખી !

બરાબર આ જ સમયે ૭૦-૮૦ માઈલ દૂર તેનાં મા તેના બદલાણ માટે આગ્રહથી પ્રાર્થના કરતાં હતાં, પણ હડસનને તેની ખબર ન હતી. તેનાં માએ કલાકો સુધી પ્રાર્થનામાં હૃદય રેડયું. તેમની પ્રાર્થના ઈશ્વરે સાંભળી છે, તેવું હૃદયમાં ઊંડું ભાન થતાં ખૂબ આનંદ સાથે તે ગીત ગાવા લાગ્યાં. હડસન ટેલરના હકમાં તેમણે કરેલી પ્રાર્થનાનો ઈશ્વરે પ્રત્યુત્તર આપ્યો હતો. કારણ, પેલી નાની ટ્રાક્ટ વાંચીને હડસને પોતાનું હૃદય ઈશ્વરને સોંપ્યું. હૃદયથી તેણે પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકાર્યા. આનંદથી તેનું હૃદય છલકાઈ ઊઠયું, અને તે ગીત ગાવા લાગ્યો.

બે અઠવાડિયાં પછી મિસિસ ટેલર પોતાના ઘેર પાછાં ફર્યાં. દીકરાને માટે કરેલી તેમની પ્રાર્થના સાંભળવામાં આવી હતી, તે જોવા તે ખૂબ અધીરાં બન્યાં હતાં. અને હડસન પણ માને પોતાની વાત જણાવવા તેટલો જ અધીરો હતો. મા ઘેર પાછાં ફરે ત્યારે તે પોતે જ પોતાની વાત માને જણાવવા ખૂબ આતુર હતો, તેથી તેણે એમેલ્યાને પોતાની વાત જણાવેલી, છતાં માને તે નહિ કહે એવું વચન તેની પાસે લીધું હતું.

ઘરે આવતાં દીકરો જ માને પ્રથમ મળ્યો. હડસન માને કંઈ પણ કહે તે પહેલાં માએ જ દીકરાને વળગી પડતાં વહાલથી ચૂંબન કરતાં કહ્યું : ''મારા વહાલા દીકરા, તું મને જે કહેવા માગે છે, તે હું જાણું છું. મને તેથી ખૂબ આનંદ થાય છે.''

હડસન આ સાંભળીને નિરાશ થઈ ગયો. તેને લાગ્યું કે, ''એમેલ્યાએ વચન ભંગ કરીને માને કહી દીધું કે શું ? તેણે મને તેમ કરવાની ના કહી હતી.''

માએ વાત સમજાવતાં જણાવ્યું કે, એમેલ્યાએ કે અન્ય કોઈ વ્યક્તિએ તેમને આ વાત વિષે કહ્યું ન હતું. પણ બે અઠવાડિયાં પહેલાં એક બપોરે તે હડસન માટે પ્રાર્થના કરતાં હતાં, ત્યારે ઈશ્વરે તેમને તે વાત જણાવી હતી.

બરાબર તે જ દિવસથી હડસન સુવાર્તાનો સંદેશીઓ બનવાની તૈયારી કરવા લાગ્યો.

□

# ૨૫ "હું ઈસુ ખ્રિસ્તની પાસે જાઉં છું" (બિલી સન્ડે)

એ એક રવિવારની સાંજ હતી. બેઝબૉલના કેટલાક ખેલાડીઓ નશો કરીને શિકાગો શહેરની એક દુકાન આગળ ગપ્પાં મારતા બેઠા હતા.

એવામાં કેટલાક ધાર્મિક માણસો એક જૂનું સુવાર્તિક ભજન ગાતા ગાતા ત્યાંથી નીકળ્યા. એ ભજનના સૂર સાંભળી રમતવીરોમાંના એકને તેનાં ધાર્મિક માતાનું સ્મરણ થઈ આવ્યું. તેનાં માના મુખે સહુ પ્રથમ એ ગીત તેણે સાંભળ્યું હતું. ''અમારા ઘરની કેબિનમાં મારાં મા એ જ ગીત વારંવાર મને ગાઈ સંભળાવતાં હતાં અને મારે માટે પ્રાર્થના કરતાં હતાં.'' માનું સ્મરણ થતાં તેની આંખોમાં આંસુ ઊભરાયાં.

એ જ ક્ષણે શિકાગો નેશનલ લિગની બેઝબોલ ટીમના ખેલાડી બિલી સન્ડેએ પ્રભુ ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કર્યો. જીવનની એ મહાન ઘટના વિષે બિલી સન્ડેએ પોતે જ આ પ્રમાણે કહ્યું છે :

''હું એ દિવસે જુવાનોની સાથે બહાર ગયો હતો. અમારામાંના ઘણા છોકરાઓ બદકૃત્યોને લીધે જાણીતા બન્યા હતા. અમે બધા મદ્યપાન કરીને દુકાનની બહાર પથ્થર પર આળસુ જેવા બેસી રહ્યા હતા. તે સમયે સામેની શેરીમાં કેટલાક માણસો ધાર્મિક ગીતો ગાતા સંભળાયા.''

''ગીતોનો અવાજ સંભળાતો હતો ત્યારે ઈશ્વરે મારી સ્મૃતિ ઢંઢોળી, મારાં માની યાદ તાજી કરાવી, મારાં પ્રેમાળ મા મને પ્રભુ ઈસુ પર પ્રેમ કરવાનું અને બાઇબલ વાંચવાનું કહ્યા કરતાં એ દિવસો મને યાદ આવ્યા.''

''હું તો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. મને રડતો જોઈને ગાયકોમાંના એક ભાઈ મારી પાસે આવીને કહેવા લાગ્યા : 'તું મારી સાથે સેવાકાર્યમાં જોડાશે ?' ''

''તે ભાઈના મૃદુ અવાજે મને જીતી લીધો. હું ઊભો થઈ ગયો. હવે બસ થયું, મિત્રો, હું ઈસુ ખ્રિસ્તની પાસે જાઉં છું.'' કહીને મેં મિત્રોને મારો નિર્ણય જણાવી દીધો.

''મારા કેટલાક મિત્રો મારી મશ્કરી કરવા લાગ્યા. કેટલાક તો કશું જ બોલ્યા નહિ. મિત્રોની ટોળકી તરફ પૂંઠ ફેરવી હું તે ધાર્મિક કાર્યકર સાથે જોડાઈ ગયો. પૂરા પશ્ચાત્તાપ સાથે મેં મારા તારનારને હંમેશ માટે મારું અર્પણ કરી દીધું.''

''બીજે દિવસે હંમેશ મુજબ હું રમતની પ્રેક્ટિસ માટે ગયો પણ હું તો રૂપાંતર પામેલો તદ્દન નવો જ બની ગયો હતો. હું ધારતો હતો કે, મારી ટીમના રમતવીરો મારી મજાક કરશે, પણ હું જરાયે ડરતો ન હતો.''

''પણ અજાયબ જેવું બન્યું. મારા જીવનની એ ખૂબ જ રોમાંચક પળો હતી. મારા બધા શ્રેષ્ઠ ખેલાડી મિત્રો માઈક, કેલી, એન્સન, કલાર્કસન, ફિલટ અને અન્ય સહુ એક પછી એક આનંદથી આવ્યા અને ઉષ્માભર્યા હસ્તધૂનથી મને ખૂબ ઉત્તેજન આપ્યું. તે પછી એક પણ મિત્રે મને કદી નાહિંમત કર્યો નથી.''

''આ રીતે જ હું ઈસુ ખ્રિસ્ત પાસે આવ્યો.''

જે મારી પાસે આવે છે, તેને હું કાઢી નહિ જ મૂકીશ.

યોહાન ૬:૩૭

□

## ૨૬ ચોક્કસ માર્ગમાં કેળવાયેલાં સંતાનો

*"બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ, એટલે તે વૃદ્ધ થશે ત્યારે તેમાંથી તે ખસશે નહિ."*

**નીતિવચન ૨૨ : ૬**

અમેરિકાના કેન્સાસ શહેરમાં બનેલી આ વાત છે. એક કડિયો એક મકાનના રસ્તા પર પીગાળેલો તાજો સિમેન્ટ રેડી રહ્યો હતો. રેડાયેલા સિમેન્ટને એકસરખો કરવાનું કામ તે કરતો હતો. એક જુવાન માતા તેનું આ કાર્ય રસપૂર્વક નિહાળી રહી હતી. પાસે જ તેનો નાનો દીકરો રમતો હતો.

માએ તે કડિયાને એક અનોખી વિનંતી કરી. રેડાયેલા તાજા સિમેન્ટ પર તેના દીકરાને ઊભો રાખી શકે કે કેમ, તે વિષે તેણે પૂછયું કડિયાએ હકારાત્મક જવાબ આપ્યો. તેથી માએ દીકરાને ઊભો રાખ્યો. મકાનની પાસે જ આવેલા પ્રભુમંદિર તરફ તેનાં પગલાં જાય તે રીતે દીકરાને ઊભો રાખ્યો. ભવિષ્ય માટે કાયમી નિશાની રહે અને તે બાળકના જીવનમાં અસરકારક બની રહે એવું તે માતા ઇચ્છતી હતી.

પોતાના બાળક માટેની ઊંડી કાળજી પ્રત્યેક ખ્રિસ્તી માતપિતાના મનમાં હોવી જોઈએ. બાળકોના આત્મિક જીવનની કાળજી રાખવા માતપિતાએ જાગ્રત રહેવું પડે. બાળકો નાનાં હોય ત્યારથી જ તેમના હૃદયમાં પ્રભુમંદિર પ્રત્યે આસ્થા અને આદરભાવ કેળવવાં જરૂરી છે. જીવનની શરૂઆતનાં વર્ષોથી જ બાળકોની આત્મિક કેળવણી શરૂ કરવી જોઈએ.

બાળકો સમજણાં થાય કે તરત પ્રભુ ઈસુનો સ્વીકાર કરવા તરફ તેમને દોરવાની કાળજી રાખવી ઘટે. એ આપણી ખાસ જવાબદારી

પણ છે. આ પ્રમાણે કરવાથી આપણે તેમના હૃદયમાં પ્રભુમંદિર પ્રત્યે અને બાઈબલનાં વચનો પ્રત્યે પ્રેમ કેળવી શકીશું. આપણા શિક્ષણ અને આદર્શ નમૂના દ્વારા તેમ જ આપણી આગ્રહી પ્રાર્થનાઓ દ્વારા આપણાં બાળકોનાં પગલાં સાચી દિશામાં મૂકવા આપણે કટિબદ્ધ થઈએ. **(Our Daily Bread)**

□

# ૨૭ અબ્રાહમે સાચે જ માનું વચન પાળ્યું

અબ્રાહમ લિંકનની આ વાત છે. એક દિવસ તે કેન્ટકી રાજ્યના લશ્કરી ઓફિસર સાથે બગીમાં મુસાફરી કરી રહ્યા હતા. ઘણા કિલોમીટરની મુસાફરી કર્યા પછી એ ઓફિસરે વ્હિસ્કીની બાટલી કાઢીને પૂછ્યું, ''મિ. લિંકન, મારી સાથે મદ્યપાન કરશો ?''

''ના સાહેબ, મહેરબાની. હું કદી વ્હિસ્કી લેતો નથી.'' તે પછી ઘણો લાંબો માર્ગ તેમણે આનંદથી કાપ્યો. ફરી ઓફિસરે ખિસ્સામાંથી સીગારેટો કાઢીને કહ્યું : ''મિ. લિંકન, તમે મારી સાથે મદ્યપાન નહિ કરો, તો પછી સીગારેટ તો લેશો ને ? આ તો કેન્ટકીની સારામાં સારી સીગારેટો છે.''

લિંકને કહ્યું : ''ઓફિસર સાહેબ, આપ સજ્જન છો, અને આપની સાથે મુસાફરી કરવામાં મને આનંદ આવે છે. કદાચ હું સીગારેટ લઉં, પણ તે પહેલાં હું એક વાત કહેવા માગું છું. હું નાનો છોકરો હતો, ત્યારની આ વાત છે.



''હું નવેક વર્ષનો હતો, ત્યારે મારાં માએ મને તેમની પાસે બોલાવ્યો. તે વખતે તે ખૂબ જ માંદાં હતાં. તેમણે કહ્યું : ''ઍબી, ડૉક્ટરે મારા જીવવાની આશા છોડી દીધી છે. મને સારું

નહિ થાય એવું તે કહે છે. મારા દીકરા, મારા મૃત્યુ પહેલાં હું તારી પાસે એક વચન લેવા માગું છું. દીકરા, તું જીવે ત્યાં સુધી દારૂ કે સીગારેટ કદી જ નહિ પીએ. એવું વચન મને આપ.'' મેં મારાં માને વચન આપ્યું, અને ત્યારથી અત્યાર સુધી મેં માને આપેલું વચન પાળ્યું છે, હવે હું તે વચન તોડું એવી સલાહ આપ મને આપશો ?''

ઓફિસરે મિ. લિંકનના ખભા પર પ્રેમથી હાથ મૂકીને ગળગળા સાદે લાગણીથી કહ્યું : ''ના, ના, મિ. લિંકન, હું તમને કદિયે તેમ કરવાનું ન જ કહું. એ તો સર્વશ્રેષ્ઠ વચન તમે આપ્યું છે. તમે તમારાં માને આપેલા વચનની માફક મેં મારાં માને એવું વચન આપ્યું હોત, તો હું હજાર ડૉલર આપત.''

અને અબ્રાહમ લિંકને માને આપેલું વચન પાળ્યું, તેથી જીવનમાં મહત્તા મેળવવામાં તે સફળ થયા. અમેરિકાનાં બધાં માણસો આજે પણ અબ્રાહમ લિંકનની શ્રેષ્ઠતા સ્વીકારે છે. લિંકનનાં ગરીબ મા ખ્રિસ્તને સોંપાયેલાં અને પ્રાર્થનાપરાયણ હતાં.

□

# ૨૮ નશીલા પદાર્થોમાંથી મુક્તિ

*"નશાની ઝેરી અસરમાંથી મુક્ત થવા જેમને ૧૦૪ વખત નશા-સારવાર કેન્દ્રમાં દાખલ થવું પડયું. તેમને મદ્યપાન અને નશીલા પદાર્થોની ટેવમાંથી મુક્ત થવા શું કોઈ બાબત તેમને મદદરૂપ થઈ શકે ?"*

જીમ સ્કાય

"જીમ, હું માની શકતી જ નથી ! આજે તમે કેમ હયાત છો, અને હજીયે જીવી રહ્યા છો, તે હું સમજી શકતી નથી," અતિ આશ્ચર્ય પામતાં નર્સે કહ્યું.

આ નર્સે ૧૦૪ વખત જીમને મદ્ય-મુક્તિ સારવાર કેન્દ્રમાં દાખલ થયેલા જોયા હતા. કેફી નશીલા પદાર્થોના આ રીઢા રસિયાને મદ્યપાનમાંથી શી રીતે મુક્ત કરી શકાય ? એ તો અશક્ય જ લાગતું હતું. આ પહેલાં જીમને આ સારવાર કેન્દ્રમાં દાખલ કર્યા હતા, ત્યારે નર્સને લાગ્યું હતું કે, જીમ તો હવે શેરીઓમાં રખડી રખડીને મરી જશે. જીમના પોતાના જ શબ્દોમાં આ કથની સાંભળો :



"હું આ સારવાર કેન્દ્રમાં આજે ફરી આવ્યો છું, પણ - દર્દી તરીકે નહિ. હવે તો હું વ્યસનમુક્ત બની ગયો છું, અને મદ્યપાન કરનારાને વ્યસનમુક્ત થવા

માર્ગદર્શન આપી રહ્યો છું. પ્રભુ ઈસુએ મારા જીવનમાં શું કર્યું હતું, તે વાત નર્સને જણાવવા હું ખૂબ આતુર હતો. ચોવીસ વર્ષો મેં દારૂ અને નશીલા પદાર્થોનું સેવન કરવામાં પસાર કરી નાખ્યાં હતાં. અને આશરે ૩૦ વર્ષની ઉંમરે મેં પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો.'' એક અમેરિકન ઈન્ડિયન કુંવારી યુવતીનું હું ગેરકાયદેસર બાળક હતો. જન્મ સમયે જ તેણે મને તજી દીધો. તેથી વિસ્કોન્સીન રાજ્યના ચિપ્પેવા ફોલ્સના અનાથાશ્રમમાં જીવનનાં બે વર્ષો મેં પસાર કર્યાં. તે પછી એશલેન્ડમાં વસતા એક દંપતિએ મને દત્તક લીધો. મારાં આ પાલક માતપિતા સાચાં ખ્રિસ્તી હોવાથી તેઓ મારા આત્મિક જીવન માટે કાળજી રાખતાં. હું ઈશ્વરને અર્પાયેલો બાળક બનું માટે તેઓ આગ્રહથી પ્રાર્થના કરતાં. મને દમનો વ્યાધિ હોવાથી મારે ઘણી રાતોના ઉજાગરા વેઠવા પડતા. મારાં પાલક માતા મારી પાસે બેસતાં, મને પસવારતાં અને કલાકો સુધી મારા માટે પ્રાર્થના કરતાં હતાં. મારા માટે તેઓ આગ્રહથી સતત પ્રાર્થના કરતાં હતાં.

પાલક માતા-પિતા મારા પ્રત્યે ખૂબ પ્રેમ દર્શાવતાં, છતાં મારું કોઈ નથી એવું મને લાગ્યા કરતું. મારા જન્મ સમયે જ હું તરછોડાયો હોવાથી મને એવી ભીતિ રહ્યા કરતી કે મને કોઈ જ સ્વીકારશે નહિ. શાળામાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતો હતો. રમતગમતમાં ખૂબ પ્રવીણ હતો, પણ મનની હતાશાને લીધે વાતવાતમાં હું કોઈને સખત મારી બેસતો અને મુશ્કેલીમાં મૂકાઈ જતો.

પંદર વર્ષની નાની વયે દારૂનો પ્રથમ ઘૂંટડો મેં ભર્યો હતો. દારૂએ જ મારા જીવનનો દાટ વાળી નાખ્યો. દારૂની લતમાં હું વધુ ને વધુ ફસાતો જતો હતો.

સ્નાતક થયા પછી મેં લગ્ન કર્યાં. રમતગમતમાં પ્રવીણતા મેળવવાથી યુનિવર્સિટીના અભ્યાસ માટે મને સ્કૉલરશીપ મળી. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતો હતો, તે સમયે કેફી પદાર્થ લેવાનું મેં શરૂ કરેલું. પછી તો તે લતમાં ઊંડે ઊતરી પડયો. મારી કુટેવ સંતોષવા કેફી પદાર્થો વેચનારા સાથે હું સંબંધ રાખતો. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિષયો સાથે હું સ્નાતક થયો ખરો, પણ નોકરી મેળવવાનો પ્રયત્ન કરવાને બદલે હું કેફી પદાર્થો વાપરતો રહ્યો.

હવે તો હું બે સુંદર દીકરીઓનો પિતા બન્યો હતો : જ્યુડી અને સેન્દ્રા. તેમ છતાં પતિ અને પિતા તરીકે હું યોગ્ય રીતે જીવતો ન હતો. આમ કરતાં કરતાં છ વર્ષો વીતી ગયાં. એક દિવસે મારી પત્નીએ મને આખરી ચેતવણી આપતાં કહ્યું : ''જીમી, તમારે આપણા દામ્પત્યજીવન અને દારૂ વચ્ચે પસંદગી કરવાની છે.'' વ્હીસ્કીની બાટલી હાથમાં ઊઠાવી મેં ચાલતી પકડી. મારી બંને દીકરીઓ મને વળગી પડી અને ના જવા માટે કાકલૂદી કરવા લાગી. પણ હું તો ચાલી નીકળ્યો અને ૧૭ વર્ષો સુધી મેં તેમને ફરી જોયાં નહિ.

કેફી પદાર્થોની હેરાફેરીમાં મારી ધરપકડ કરવામાં આવી, અને મેં સાત વર્ષો જેલમાં વીતાવ્યાં. મનમાં ભંડારેલો ગુસ્સો અને તિરસ્કાર વારંવાર ઝગડામાં ભભૂકી ઊઠતો. હું કઠોર સ્વભાવનો માણસ હતો. મારા જીવન પ્રત્યે વિચાર આવતાં કોઈ વાર રડી જવાતું. જેલમાંથી મને મુક્તિ મળી ખરી, પણ હવે ક્યાં જવું તે વિચારી શકતો ન હતો. મારું કુટુંબ ક્યાં હતું તે વિષે હું કંઈ જાણતો ન હતો. તેમને શોધવાની પણ મને કંઈ પડી ન હતી. તેથી ફરી પાછો મારી મનગમતી કુટેવોમાં ફસાઈ ગયો.

હું રખડતો રખડતો ઈલિનોય રાજ્યના શિકાગો શહેરમાં આવી ચઢ્યો. એક રાતે શેરીમાં ફરતો ફરતો એક મોટી ઈમારત પાસેથી પસાર થતો હતો. એ મોટા મકાનનાં બારણાં ઊઘાડાં હતાં. તેમાંથી આવતું મધુર સંગીત સાંભળતાં હું અંદર જઈને બેઠો. એ સુંદર ભજનના શબ્દો હતા : "ધીમા અવાજે, કોમળ સાદે, ઈસુ બોલાવે છે." એ ગીતના શબ્દો સાંભળતાં ઊનાં ઊનાં આંસુ મારી આંખોમાંથી ટપકવા લાગ્યાં. મારું મન બેચેન બની ગયું, તેથી હું ત્યાંથી જતો રહ્યો.

ઘણાં વર્ષો પછી હું કેલિફોર્નિયાના લોસ એન્જેલસમાં આવી ચઢ્યો. ત્યાં દારૂ પીને શેરીઓમાં રખડતો અને ગુનાહિત કૃત્યો કર્યા કરતો. કાયદાનાં બંધન જાણે મને નડતાં જ નહિ. એક ઢળતી સાંજે શૅરીઓમાં થઈને પસાર થતાં એક મકાન આગળ આવી ચઢ્યો. મકાનમાંથી હાસ્યના અવાજ સંભળાતા હતા.

હું તે સાંભળવા થોભ્યો. છેલ્લે હું ક્યારે હસ્યો હતો, તે મને યાદ પણ આવતું ન હતું. હું મકાનમાં પ્રવેશ્યો. બેસવા માટે ઉષ્માભર્યું આમંત્રણ મને આપવામાં આવ્યું. સંગીત શરૂ થયું : "ધીમા અવાજે, કોમળ સાદે, ઈસુ બોલાવે છે." ફરી મારી આંખો ચૂઈ ઊઠી. મન ખૂબ જ બેચેન બની ગયું, અને હું ત્યાંથી ભાગી ગયો.

આ પછી થોડાં વર્ષો વીતી ગયાં. મીનીસોટા સેન્ટ પોલ શહેરમાં હું જઈ ચઢ્યો. મેં દારૂનો નશો કરેલો, તેથી પોલિસે મને પકડી લીધો. દારૂની લતમાંથી છોડાવવાના સારવાર કેન્દ્રમાં ૧૦૪ વખત મને લઈ જવામાં આવ્યો. દારૂના બંધનમાંથી છુટકારો મેળવવા બીજી ૧૫ વખત જુદી જુદી સારવાર મેં લીધી હતી.

ફરી પાછો દારૂ પીને શેરીઓમાં આમતેમ રખડવા લાગ્યો. સને ૧૯૮૫ના ડિસેમ્બર માસની એક રાતે હું કાગળના પૂંઠાના એક

મોટા ખોખામાં ઊંઘી ગયો હતો. મને એવું સ્વપ્ન આવ્યું કે, છ માણસો મારી શબપેટી ઊંચકીને લઈ જતા હતા. આ માણસો તદ્દન અપરિચિત હતા. હું જાગી ઊઠ્યો, ત્યારે ખરેખર હું ખૂબ બી' ગયો હતો. ધીમેધીમે હું ખોખામાંથી બહાર આવ્યો. રાતભર થયેલી બરફવર્ષાને લીધે એકઠા થયેલા બરફમાં હું સૂઈ ગયો, અને બોલ્યો : ''ઈશ્વર, જો તમે સાચે જ ખરા હો, તો મારું જીવન લઈ લો. મેં જીવન બગાડી નાખ્યું છે. મેં કરેલી ભૂલો માટે હું દુઃખી છું.''

ધીમેધીમે હું ઊઠયો અને યુનિયન ગોસ્પલ મિશનની સંસ્થામાં ગયો, ત્યાંની ધાર્મિક મીટીંગમાં ભાગ લેવાથી મને પ્યાલો ભરી ગરમ સૂપ મળશે, તે હું જાણતો હતો. હું મકાનમાં દાખલ થયો, ત્યારે પ્રભુ ઈસુએ દુનિયાનાં પાપો માટે વધસ્તંભ પર આપેલા બલિદાન સંબંધી ધર્મસેવક સંદેશો આપતા હતા. તેમણે એ પણ કહ્યું કે, ઈસુમાં આપણને માફી મળે છે. તેથી આપણાં બદકૃત્યો માટે આપણને દંડાજ્ઞા નથી.

''તમે સાદો નિર્ણય કરો, તો ઈસુ તમારું જીવન પોતાના હાથમાં લેશે.'' ધર્મસેવકે કહ્યું. ''શું અહીં કોઈ એવું છે, જે પોતાનું જીવન આજે રાતે ઈસુને સોંપવા ઇચ્છે છે ?''

સંગીતના સૂરો ધીમી હલકે વહેતા થયા : ''ધીમા અવાજે, કોમળ સાદે, ઈસુ બોલાવે છે.'' એજ ગીત ગવાયું. હું ઊભો થઈ ગયો, અને વેદી તરફ આગળ જવા લાગ્યો, થોડું ચાલ્યા પછી મેં પાછળ ફરીને જોયું, તો મારી સાથે દારૂનો નશો કરનારા ત્રણ માણસો વેદી આગળ જતા હતા. અમે ચારેયે આગળ જઈને ઈસુ ખ્રિસ્તનો અમારા પ્રભુ ને તારનાર તરીકે સ્વીકાર કર્યો. આજે અમારામાંના ત્રણ વચનમાં સ્થિર રહી પ્રભુ ઈસુની સેવા કરીએ છીએ.

મેં પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો ત્યારે દારૂ પીવાની ઈચ્છામાંથી હું મુક્ત થયો. મારા જીવનમાં પ્રથમ જ વખત ઈશ્વરનો પ્રેમ સ્વીકારવા હું શક્તિમાન બન્યો હતો. મનમાં અત્યાર સુધી ભંડારી રાખેલો ગુસ્સો જતો રહ્યો. તેમ જ મારા મનમાંથી સર્વ પ્રકારના દોષનો ડંખ જતો રહ્યો.

મારી જન્મદાતા મા અને મારા અજાણ પિતા પ્રત્યેની તિરસ્કાર અને ધિક્કારની લાગણીઓ હવે ક્ષમામાં ફેરવાઈ ગઈ. તેમનાં પાપનું ફળ હું હતો, એવી લાગણી વર્ષો સુધી મેં અનુભવ્યા કરી હતી. પ્રભુ ઈસુને મારું જીવન અર્પણ કર્યા પછી મેં મારાં માને શોધવાનો નિર્ણય કર્યો. તપાસ કરતાં જણાયું કે મારાં એ મા છ માસ અગાઉ મૃત્યુ પામ્યાં હતાં, તેમ છતાં મારાં માનું નિવાસસ્થાન મેં શોધી કાઢ્યું. સને ૧૯૮૯ના નવેમ્બર માસમાં તેમની જાતિના લોકોએ મને દત્તક લીધો.

મારા જીવનના બદલાણ પછી મારા જીવનની ઢબ બદલવા માટે એક વર્ષ સુધી હું એક મિશન સંસ્થામાં રહ્યો. તે દરમિયાન મારી શાળામાં જઈ મેં મદ્યપાન કરનારને માર્ગદર્શન આપનાર તરીકે સર્ટિફિકેટ મેળવ્યું. મિશન સંસ્થાના મારા વસવાટ દરમિયાન જુડી મેકગીહમ નામની સ્વયંસેવિકાના પરિચયમાં હું આવ્યો. અમે ૧૯૮૪માં લગ્નગ્રંથીથી જોડાયાં.

મેં અને મારી પત્નીએ સ્કાય મિનિસ્ટ્રીઝ સેવાની સ્થાપના કરી. અમે ઈન્ડિયન વસાહતોમાં સુવાર્તાપ્રચાર અને કૌટુંબિક માર્ગદર્શન તેમજ બાઈબલ અભ્યાસની સેવા આપીએ છીએ. સેન્ટ પૉલના યુનિયન ગોસ્પલ મિશનમાં ચેપલેઈન તરીકે પણ હું સેવા આપું છું.

જુડીનાં અને મારાં લગ્ન થયા પછી એક વર્ષ વીત્યા બાદ મારી દીકરીઓ સાથે મારું સમાધાન થયું. હવે તો તેઓ ગૃહિણીઓ બની છે. અને હું તેમનાં બાળકોના નાનાજી તરીકે ગૌરવ અનુભવું છું.

સત્તર વર્ષ બાદ હું મારી દીકરી જ્યુડીને મળ્યો, ત્યારે તેણે મને જણાવ્યું કે, ''મને ખાતરી હતી કે, મારા પપ્પા એક દિવસ જરૂર ઘેર પાછા આવશે.''

મારાં પાલક માની પણ મેં મુલાકાત કરી. તેમના ઘરનું બારણું ખટખટાવ્યું, ત્યારે મને જોઈને આંસુ સારતાં તે બોલ્યાં : ''મારો જીમી દીકરો પાછો આવ્યો છે ! પ્રભુએ મારી પ્રાર્થનાઓ સાંભળી છે.''

તેમની પ્રાર્થનાઓનો પ્રત્યુત્તર આજે તેમને મળ્યો હતો. તે પછી એક વર્ષ બાદ મારાં પાલક માતા મૃત્યુ પામ્યાં.

હું પ્રાર્થનામાં ખૂબ વિશ્વાસ ધરાવું છું. ઘણીવાર મને વિચાર આવે છે, ''મારા જેવા કેટલા જીમ સ્કાયને માટે કોઈની પ્રાર્થનાની જરૂર છે. અમારી સંસ્થાની પરસાળમાં ઊભો રહીને દુઃખી માણસોને જોઉં છું, ત્યારે મારી આંખો આંસુ ખાળી શકતી નથી. એ માણસોની જરૂરિયાતો વિષે હું સમજી શકું છું. પ્રભુ ઈસુમાં તેમનો જવાબ છે એ હું જાણું છું. ઈશ્વર વાસ્તવિક છે, તેનું હું જીવંત ઉદાહરણ છું. ઈશ્વરની ક્ષમા અને દયાનો હું જીવતો પુરાવો છું, અને હું ઈશ્વરની દયાનો મુગટ છું.''

('ડિસીઝન'માંથી સાભાર)

□

# ૨૯ માના જીવનની અસરો

*"કેમ કે જે નિષ્કપટ વિશ્વાસ તારામાં છે, જે પહેલાં તારી વડિયાઈ લોઈસમાં તથા તારી મા યુનીકેમાં રહેલો હતો, અને મને ભરોસો છે કે, તારામાં પણ છે, તે મને યાદ છે."* ૨ તિમોથી ૧:૫

ઈશ્વરપરાયણ માતપિતા તેમનાં કુટુંબો પર અવિસ્મરણીય અસરો મૂકી જાય છે. બાળકોના તેમનાં માતાપિતા પ્રત્યેના પ્રેમ અને માન દ્વારા તે જાણી શકાય છે.

વિલ્યમ મેકનલેએ પોતાનાં મા પ્રત્યે દર્શાવેલો પ્રેમ જુઓ તો ખરા ! વિલ્યમ મેકનલે એક વકીલ, રાજનીતિજ્ઞ પુરુષ, ઓહાયો સ્ટેટના રાજ્યપાલ અને છેલ્લે યુનાઈટેડ સ્ટેટસના પ્રમુખ હોવા છતાં દરરોજ પોતાનાં મા સાથે સંપર્ક રાખતા હતા. તેઓ તેમને મળી શકતા નહિ, ત્યારે પત્ર કે ટેલિફોન દ્વારા તેમની મુલાકાત લેતા.

સને ૧૮૯૭ના ઑક્ટોબર માસની અધવચમાં વિલ્યમ મેકનલેને માને મળવાની ઊંડી ઝંખના જાગી, ત્યારે ચૂપકીદીથી વ્હાઈટ હાઉસ છોડીને તેમણે કેન્ટન જવાની ટ્રેઈન પકડી. રવિવારે તેમનાં મા પ્રભુમંદિરે જાય, ત્યારે ચાલતાં ચાલતાં તે પણ પ્રભુમંદિરે તેમની સાથે જઈ શકે, માટે તેમણે આમ કર્યું.

થોડા સમય પછી તેમનાં મા બિમારીમાં પટકાયાં. આ દિવસોમાં અમેરિકાના આ રાષ્ટ્રપ્રમુખે એક સ્પેશ્યલ ટ્રેઈન ઉપડવા માટે તૈયાર રખાવી કે, માની ખબર કાઢવા ઝટ જઈ શકાય.

એક રાતે તો માએ દીકરાને બોલાવવા કહેણ મોકલ્યું, વળતો તાર પાઠવતાં તેમણે જણાવ્યું કે, ''માને કહો કે, હું આવી પહોંચું છું.'' સને ૧૮૯૭ના ડિસેમ્બરની બારમી તારીખે ૫૪ વર્ષીય પુત્રના હાથમાં મા મૃત્યુ પામ્યાં. માના ખ્રિસ્તી સદ્ગુણોએ અમેરિકાના આ

રાષ્ટ્રપ્રમુખ એવા પુત્રના ચારિત્ર્યનું ઘડતર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

માના મૃત્યુ પછી ચાર વર્ષ બાદ ન્યુયોર્ક રાજ્યના બફેલો શહેરમાં આ રાષ્ટ્રપ્રમુખને ગોળીથી વીંધી નાખવામાં આવ્યા. આ સમયે તેમના ખૂની પ્રત્યે તેમણે જરા પણ કડવાશ બતાવી નહિ. ખ્રિસ્તી હિંમત દાખવતાં તે બોલ્યા : ''ઈશ્વરની ઇચ્છા પૂરી થાઓ.'' મૃત્યુ પામતાં પહેલાં માએ તેમને શીખવેલું ગીત - ''મુજ દેવ, તારી પાસે.'' સાંભળવા ઇચ્છા દર્શાવી.

વાચક મિત્ર, તમને પણ આશીર્વાદિત ખ્રિસ્તી વારસો મળ્યો હશે. પણ તમે ઈશ્વરની દૂર ભટકી ગયા હો, તો તમે તમારાં પાપોની કબૂલાત કરી, ઈશ્વરની પાસે પાછા આવો તો કેવું સારું ! જીવનમાં મળેલી આ ખાસ વ્યક્તિનાં સંસ્મરણો તાજાં કરો. જીવનના સર્વ દિવસોમાં તમને ઈશ્વર વિષે શીખવનાર માનું સ્મરણ કરીને ઈશ્વરના મહિમા માટે જીવન જીવવા નવો નિર્ધાર કરો. તમારાં ઈશ્વરપરાયણ માની અસરોને કદી પૂંઠ ફેરવશો નહિ.

□

## ૩૦ માની શૉલ

એક લેખકે પર્વતીય પ્રદેશમાં આવેલી એક ખાણના માલિક એવા પોતાના ધનિક મિત્રની મુલાકાત વિષેની અજાયબ વાત લખી છે :

આ ધનિક ઉદ્યોગપતિએ મહેમાનોને પોતાનો બંગલો, અને સર્વ સંપત્તિ બતાવ્યાં. થોડી વાર પછી મિત્રોને તેણે કહ્યું : ''આવો, હું મારી સૌથી પ્રિય વસ્તુ તમને બતાવું. ''તેની મોટી તિજોરીનું બારણું ઊઘાડતાં તેના મુખ પર આનંદની આભા પસરી રહી. તેણે એક મોટી પેટી કાઢી, તેનું બારણું ઊઘાડીને તેમાંથી એક ભૂખરા રંગની જૂની શૉલ કાઢી. સંભાળપૂર્વક તેણે આ કીમતી ખજાનાની ગડીઓ ઉકેલતાં કહ્યું, ''મારાં મા પ્રાર્થનાઓ અને બાઈબલનાં જીવંત વચનો દ્વારા મને ઉત્તેજન પમાડતાં તે વાતની મીઠી યાદ આ શૉલ મને સતત આપ્યા કરતી. તેની સતત યાદ દ્વારા જ હું પ્રભુ ઈસુને મારા તારનાર તરીકે સ્વીકારી શક્યો છું. હવે તો આ શૉલ મારો સૌથી પ્રિય, મહામૂલો ખજાનો છે, તેની તરફ જોતાં જ મારી માના ખ્રિસ્તમય જીવનની સુવાસ મારા આત્માને તાજો કરે છે.

□

# ૩૧ ધર્મપરાયણ માના નીતિનિયમો

*મારા દીકરા તારા બાપની આજ્ઞા પાળ, અને તારી માની શિખામણનો ત્યાગ ન કર.* નીતિવચન ૬ : ૨૦

વર્ષોથી હું ઉપર ટાંકેલાં વચનો વિષે વિચાર કરતો આવ્યો છું. ઘણો વિચાર કર્યા પછી ''માનો નિયમ' - એ શબ્દોમાં મને જૂના કરારના નિયમોનું પ્રતિબિંબ દેખાય છે. જૂના કરારમાં આપેલા નિયમોનું પાલન કરનાર માતપિતા પોતાનાં બાળકો સમક્ષ આદર્શ નમૂનારૂપ બનતાં, એ વાત મને યાદ આવે છે.

આ વિષે વધારે વિચાર કરતાં મારાં માના ખાસ નિયમો મારા જીવનમાં મદદરૂપ થયા હતા, તે મને યાદ આવ્યા. મારાં મા અમારું ઘર ગરમ રાખવાની ખાસ કાળજી રાખતાં. શિયાળાનો ઠંડોગાર દિવસ હોય, અને અમે શાળાએથી ઘેર આવીએ ત્યારે, અને રજાના દિવસો હોય, ત્યારે ઘર ગરમ રાખવા માટે મારાં મા ખૂબ કાળજી રાખતાં. ગરમા ગરમ રસોઈની સાથે માનો ઉષ્માભર્યો પ્રેમ અમારાં હૃદયોને આનંદથી ભરી દેતો.

મારાં માનું સચોટ માર્ગદર્શન મને ખૂબ યાદ આવે છે. ''કોઈ નાની બાબતમાં હું નિરાશ થઈને મા પાસે જતો, ત્યારે તે કહેતાં, ''એવી નાની બાબત મન પર ન લે, ભૂલી જા. વર્ષો વીતતાં આવી નજીવી બાબત તને યાદ પણ આવશે નહિ.'' બાઈબલમાં વર્ણવેલાં લૂઈસ અને યુનિકેની માફક મારાં મા ઈશ્વર પર ખૂબ વિશ્વાસ રાખતાં. ઈશ્વર પરના સુદૃઢ વિશ્વાસને લીધે યુદ્ધનાં વિષમ વર્ષોમાં પણ તે જીવનના જાતજાતનાં સંઘર્ષોમાં પણ ચિંતામુક્ત જીવન જીવતાં.

હવે તો માની ચિર વિદાયને વીસ કરતાં વધુ વર્ષો પસાર થઈ ગયાં છે. છતાં, તેમના જીવનના આ નિયમો મારા જીવનમાં ખૂબ જ મદદરૂપ થયા છે. ખ્રિસ્તી માતા તરીકે પોતાનાં બાળકો માટે ખાસ નિયમો ઠરાવવા એ સારું છે. શું તમારી વિદાય પછી તમારાં બાળકો તમારા એવા કોઈ નિયમો યાદ કરશે ?

('અવર ડેઈલી બ્રેડ'માંથી સાભાર)

□

## ૩૨ કુટુંબ વિસ્તૃતિકરણ - સંયુક્ત કુટુંબ

એક વર્તમાનપત્રનાં કટાર લેખિકા તરુણ યુવક-યુવતીઓના આપઘાતના વધતા જતા બનાવોથી ખૂબ વ્યથિત થતાં હતાં. આપઘાતના બનાવના દોષ માટે તેઓ કુટુંબના વિસ્તૃતિકરણને જવાબદાર ઠેરવતાં હતાં. તેઓ કહેતાં કે, વર્તમાન સમયનાં મોટા ભાગનાં જુવાનો કુટુંબમાં સલામતી કે આત્મીયતા અનુભવતાં હોતાં નથી. પોતાના દાદાજી કે દાદીમા સાથે તેઓ નિકટતા અનુભવી શકતાં નથી. બાળકોને લાંબી લાંબી વાર્તાઓ કહેનાર કાકા કે પછી તેમને સ્વચ્છ રાખવામાં મદદરૂપ થનાર ફોઈની સાથે તેઓ આત્મીયતા માણી શકતાં નથી.

સંયુક્ત કુટુંબમાં બાળકોને થતા નુકસાન સાથે હું સંમત છું ખરી, પણ જુવાનોની આત્મહત્યાનાં કારણોનાં મૂળ ઊંડાં હોય છે. ઘણાં માતપિતા પોતાના દૈનિક જીવનમાં ઈશ્વરને તદ્દન બાજુ પર મૂકી દે છે. તેઓ આનંદપ્રમોદમાં કે સફળતા મેળવવાના વિચારોમાં એવાં ડૂબેલાં હોય છે કે, તેઓ બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતાં નથી. કેટલાંક માતાપિતા ઈશ્વરની આજ્ઞાઓ પ્રત્યે અનાજ્ઞાંકિત બને છે. વળી અરસપરસ અવિશ્વાસુપણું દાખવવાથી કુટુંબ ભંગિત બને છે, અને માતા કે પિતાની પૂરતી સંભાળ વગર બાળકો અલગ રીતે ઊછરે છે. આમ થવાથી તેમનાં કુમળાં મન જખમી બને છે. એવી પરિસ્થિતિ સમાજને સુદઢ નાગરિકો આપી શકતી નથી.

ખરેખર આપણાં બાળકોની તાતી જરૂરિયાત માત્ર કુટુંબના વિસ્તરણ પર નથી, પણ કુટુંબ દ્વારા તેઓ ઈશ્વરની ખરી ઓળખ પામે એ જરૂરનું છે. માતપિતા, દાદાદાદી, કાકા કે ફોઈ તરીકે

ફરજ બજાવતાં ખ્રિસ્તી કુટુંબીઓ તરીકે આપણાં નાનાં બાળકો પ્રત્યે આપણી ગંભીર જવાબદારી રહેલી છે. આપણે પોતે ઈશ્વરની સાથે સાથે ચાલતાં આદર્શ નમૂનો પૂરો પાડવો જોઈએ. વળી બાળકો પ્રત્યેનો આપણો પ્રેમ કૃત્યમાં પ્રદર્શિત કરાય તે પણ જરૂરનું છે. તેમના માટે આપણે સમય ફાળવવો જોઈએ. ગીતકર્તાની સાથે જોડાઈને આપણે કહીએ કે, આવો, દીકરાઓ, મારું સાંભળો, હું તમને યહોવાનું ભય રાખતાં શીખવીશ.''

□

## ૩૩ પિતાની આગ્રહભરી પ્રાર્થના

***હે યહોવા, મારી પ્રાર્થના સાંભળીને મારા કાલાવાલા પર કાન ધર; તારી સત્યતાથી અને તારા ન્યાયીપણાથી મને ઉત્તર આપ.***

**ગીતશાસ્ત્ર ૧૪૩ : ૧**

કેટલાંક વર્ષો પહેલાં અમેરિકાના સીનસીનાટી શહેરમાં એક પાળક સાહેબે રવિવારની ભક્તિસભામાં તેમના સંદેશાને અંતે આગ્રહભરી વિનંતી કરી : ''અહીં કોઈ એવું છે કે જે પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકારવા ઇચ્છે છે ? તો તમે મહેરબાની કરીને હાથ ઊંચો કરો.''

પાળક સાહેબનો પડકાર સાંભળી એક જુવાને ઊભા થઈને લાગણીભર્યા સ્વરે કહ્યું : ''સાહેબ, મહેરબાની કરીને મારે માટે પ્રાર્થના કરો. મારાં પાપનો બોજો ઊંચકવો ઘણો કઠિન છે.'' ભક્તિસભા પછી પાળક સાહેબે તે જુવાન સાથે અંગત વાતચીત કરી. તે જુવાન પ્રભુ ઈસુનો તારનાર તરીકે સ્વીકાર કરી, મનમાં અપૂર્વ શાંતિ પામ્યો.

છેલ્લાં આઠ વર્ષથી તે ઘરની બહાર રખડતો રહ્યો હતો. માતપિતાની સાથે પણ કાંઈ સંબંધ રાખ્યો ન હતો. તે વિષે તેણે પાળક સાહેબને કહ્યું. પાળક સાહેબે જલદીથી તેનાં માતપિતા પર પત્ર લખવા જણાવ્યું. તે જ દિવસે તેણે પોતાના જીવનના બદલાણ વિષે બધી વિગતો માતપિતાને લખી જણાવી, પોતાના ભૂતકાળના અનાજ્ઞાંકિતપણા માટે તેમની માફી માગી.

થોડા દિવસો પછી તેનાં મા તરફથી તેને પત્ર મળ્યો. પત્ર વાંચતાં તેની આંખમાં આંસુ ઊભરાયાં. ''મારા વહાલા દીકરા, તારો પત્ર મળ્યો. આનંદ સાથે દુઃખની લાગણી અનુભવી. તેં પ્રભુ

ઈસુને તારા તારનાર તરીકે સ્વીકાર્યા, બરાબર તે જ ઘડીએ તારા પિતાજી સ્વર્ગીય ઘરમાં સીધાવ્યા. તેઓ લાંબા સમયથી ઘણા માંદા હતા. અને તે દિવસે તો તે ખૂબ વ્યાકૂળ જણાતા હતા. પથારીમાં આમથી તેમ પાસાં ફરતાં તે જોરથી પોકારી ઊઠયા : ''ઓ મારા પ્રેમાળ ઈશ્વરપિતા, મારા લાચાર, રખડુ પુત્રને મહેરબાની કરીને બચાવી લો.'' તે પછી બેભાન અવસ્થામાં સરી પડયા, પણ તે જ વાક્ય ગણગણવાનું ચાલુ હતું. મૃત્યુએ તેમના હોઠો બંધ કરી દીધા. અને તેમની કાકલૂદી બંધ થઈ. પ્રભુ ઈસુની હજુરમાં પહોંચ્યા ત્યાં સુધી કષ્ટસહિત પ્રાર્થના કરતા રહ્યા. દીકરા, મારી ખાતરી છે કે, તારા પિતાજીની આગ્રહભરી મધ્યસ્થીની પ્રાર્થનાને કારણે તું ખરો ખ્રિસ્તી બન્યો છે.

□

## ૩૪ માએ કરેલું ડહાપણભર્યું રોકાણ

અમેરિકાના ઈન્ડિયાના રાજ્યના દક્ષિણ ભાગમાં એક ધાર્મિક પ્રાર્થનાપરાયણ મા રહેતાં હતાં. તેમના બે દીકરાઓ ઘેરથી નાસી ગયા હતા. તેઓ બંને સ્વાર્થી અને અનુપકારી હતા. ઘર તજ્યા પછી તેમની માને પત્ર સુદ્ધાં લખ્યો ન હતો. મા આ દીકરાઓ માટે રોજ રોજ આંસુઓ સાથે પ્રાર્થના કરતાં કે, ''પ્રભુ, મારા બંને દીકરાઓને તમે તમારી રીતે, તમને સોંપાયેલા બનાવો.''

વીસ-વીસ વર્ષનાં વહાણાં વાયાં, પણ તેમની કાંઈ ખબર ન આવી. છતાં મા આગ્રહથી રોજ રોજ પ્રાર્થના કર્યા કરતાં હતાં. માએ તેમના સંબંધી આશા છોડી દીધી હતી. અને માની લીધું કે, તેઓ પરદેશમાં ગયા હશે, અને કોઈ લડાઈમાં માર્યા ગયા હશે.

એક દિવસે માને કોલોરાડોના રેવ. વમ એચ.લી તરફથી એક પત્ર મળ્યો. રેવ. લી. 'પીપલ્સ મિશન'ના આદ્ય સ્થાપક હતા. પાછળથી આ સંસ્થા રેવ. લી. 'પીપલ્સ હોલીનેસ ચર્ચ' સાથે જોડાઈ ગઈ. કોલોરાડોના રેવ. લી. તરફથી બહેન પર આવેલા પત્રમાં ૫૦૦ ડૉલરની માગણી આવી હતી. કોલોરાડો સ્પ્રીંગ્સમાં ભક્તિ માટે એક હૉલ ભાડે રાખવા એ નાણાંની જરૂર હતી. એ બહેન પત્ર વાંચતાં હતાં, ત્યારે ઈશ્વરે તેમને પૂછ્યું, ''તારા હાથમાં શું છે ?'' બહેને કહ્યું, ''૫૦૦ ડૉલર, પ્રભુ.'' ઈશ્વરે કહ્યું : ''એ નાણાં બ્રધર લી પર તું મોકલે એવું હું ઈચ્છું છું.''

એ નાણાં તો બેંકમાં પડયાં હતાં, અને તે બહેનની પાસે ફક્ત એટલાં જ નાણાં હતાં. બીજા દિવસે તે બહેન નાણાં ઉપાડવા બેંકમાં ગયાં. નાણાં ઉપાડી લેવા માટે બેંકના મેનેજરે આનાકાની કરી. પણ ઈશ્વરની ઈચ્છાને માન આપવા તે બહેને નાણાં ઉપાડી લીધાં,

અને કોલોરાડો મોકલી આપ્યાં. રેવ. લીની પાસે માત્ર એટલાં જ નાણાં હતાં, અને એ નાણાં વડે તેમણે હૉલ ભાડે રાખી લીધો.

એક રાતે બે સુંદર જુવાનો એ હૉલમાં સભામાં પ્રવેશ્યા. પાળકનો હૃદયભેદક સંદેશો સાંભળી તેઓ બંનેએ વેદી આગળ જઈને આગ્રહી પ્રાર્થના સાથે પોતાનાં જીવનો ઈશ્વરને અર્પ્યાં.

બીજા દિવસે તેઓ પોતાનાં માની ખબર કાઢવા ઇન્ડિયાના ગયા. દીકરાઓને જોઈને મા આનંદથી તાળી પાડતાં બોલી ઊઠયાં : ‘‘મારા વહાલા દીકરાઓ ઘેર પાછા આવ્યા ! પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી !’’

દીકરાઓ બોલ્યા : ‘‘મા, વધારે આનંદની બાબત તો એ છે કે, અમારાં જીવનોનું બદલાણ થયું છે, અમે બંનેએ અમારાં જીવન પ્રભુ ઈસુને અર્પણ કર્યાં છે.’’ તેઓ કયાં બદલાણ પામ્યા, તે વિષે માએ પૂછતાં તેમણે કહ્યું. ‘‘કોલોરાડો સ્પ્રીંગ્સના મિશન ક્ષેત્રમાં તેઓનું બદલાણ થયું. માએ તે ધર્મસેવકનું નામ આતુરતાથી પૂછતાં કહ્યું : ‘‘એ ધર્મસેવકનું નામ શું હતું ?’’ રેવ. લીનું નામ સાંભળતાં માને મૂર્છા આવી ગઈ.

સભાન થતાં માએ કહ્યું : ‘‘બેટા, તમારાં સુસી માસી મૃત્યુ પામ્યાં તે પહેલાં મને ૫૦૦ ડૉલર આપતાં ગયેલાં. કોલોરાડો સ્પ્રિંગસના એ મિશન હૉલ મેળવવા મારી પાસે જે હતું, તે બધું મેં રેવ. લી પર મોકલી આપ્યું હતું.’’

☐

# ૩૫ માતૃત્ત્વનો મહિમા

હર્બર્ટ વેન્ડરલગ્ટ પોતાનાં વહાલાં મા માટે નીચે પ્રમાણે કહે છે : મારાં માએ ૨૮ વર્ષની ઉંમરે લગ્ન કર્યાં અને આઠ પુત્રોનાં માતા બન્યાં હતાં. અમેરિકામાં આર્થિક મંદી આવી ત્યારે અમે એક ફાર્મ હાઉસમાં રહેતાં હતાં. તે દિવસોમાં લાકડાં સળગાવીને મારાં મા રસોઈ કરતાં. અને પાણી ગરમ કરીને ન્હાવા-ધોવાના કામમાં લેતાં. ઘણી વાર તો મારાં મા ઘરનું કામ કરીને ખૂબ જ થાકી જતાં, છતાં અમારી સાથે હસીને વાતો કરતાં. અને અમારી રમતોમાં ભાગ લેતાં. અમારી કાલીઘેલી વાતો સાંભળવા તે સમય પણ આપતાં. ઘણી વાર હું તેમને પૂછતો કે, ‘‘તમારા લગ્ન જીવનનાં એ વીસ વર્ષો તમારે માટે ખૂબ જ મુશ્કેલીભર્યાં લાગ્યાં હશે નહિ મા !’’ ત્યારે મા કહેતાં કે, ‘‘ઘણી રીતે એ વર્ષો મુશ્કેલીભર્યાં હોવા છતાં, તે ખૂબ જ મહત્ત્વનાં અને આશીર્વાદયુક્ત હતાં.’’ અમને આઠે ભાઈઓને તે ઈશ્વર તરફની વિશિષ્ટ ભેટ માનતાં, અને અમારા પ્રત્યે પ્રેમ પ્રગટ કરીને તે અજાયબ સંતોષ અનુભવતાં.

સંત પાઉલે પોતાના પત્રમાં જણાવ્યા પ્રમાણેની સ્ત્રી તરીકે તો મારાં મા કદાચ આનંદભર્યો અનુભવ કરતાં હશે. અમારા પ્રત્યે માતા તરીકેની ફરજો બજાવતાં આ પાપી દુનિયામાં સ્ત્રીઓને ભોગવવી પડતી નિરાશા અને હતાશામાં તે રાહત અનુભવતાં. પોતાની જીવનશૈલીથી સ્વતંત્ર થઈ હોય તેવી સ્ત્રી કરતાં મારાં માની જીવનશૈલીમાં કેવો તફાવત હતો ? પોતાને જ જીવનના કેન્દ્રમાં રાખી જીવન જીવનાર સ્ત્રી ઈશ્વર પર કે પાડોશી પર પ્રેમ રાખી શકતી નથી.

આવું જીવન જીવે ત્યાં સુધી એવી સ્ત્રી ઈશ્વરપરાયણ માતાને થતો અનુભવ કદી મેળવી શકે નહિ. દરરોજ બાળકોના ગંદા હાથ ધોવા, અને તેમને સ્વચ્છ રાખવાં વગેરે કાર્યો તેને આનંદજનક લાગતાં નથી, પણ ઈશ્વરને અર્પિત સ્ત્રી આવી રોજીંદી ફરજો બજાવવામાં પણ ઈશ્વરે જ તેને આ અજાયબ તેડું આપ્યું છે એમ તે માને છે. આ જ માતૃત્વનો મહિમા છે.

□

## ૩૬ વિશ્વાસુપણાનું સામર્થ્ય

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. જે એચ. ક્રોવેલ નામનો જુવાન એક વહાણ પર નોકરી અર્થે જોડાયો. ઘેરથી જતાં પહેલાં તેણે દરરોજ ત્રણ વખત પ્રાર્થના કરવાનું અને બાઈબલ વાચન કરવાનું વચન પોતાનાં અર્પિત માને આપ્યું.

ક્રોવેલની સાથે બીજા અગિયાર માણસોનો કાફલો વહાણ પર કામ કરતો હતો. તેમાં ક્રોવેલ એકલો જ ખ્રિસ્તી હતો. તેને પ્રાર્થના કરતો જોઈને અને તેની ધાર્મિકતા જોઈને અન્ય સાથીદારો તેને ટોણાં મારતા અને મશ્કરી કરતા. તેઓ તેના માથા પર પાણી ભરેલી ડોલ રેડતા. પણ તેની સળગતી આત્મિક જ્યોત તેઓ હોલવી શક્યા નહિ. સમય વીતતો ગયો, તેમ તેઓ તેની વધારે સતાવણી કરવા લાગ્યા.

એક દિવસે તેઓએ તેને વહાણના થાંભલે બાંધ્યો અને ૩૯ ફટકા માર્યા. પણ તેણે તો પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. આખરે તેઓએ તેની કમરે દોરડું બાંધ્યું. અને ઊંચકીને તેને દરિયામાં ફેંકી દીધો. તેમના મનમાં એમ હતું કે, હવે તે ડૂબી જ જશે. ક્રોવેલે એ ક્રૂર સાથીદારોના વર્તન માટે ઈશ્વરપિતાની ક્ષમા યાચી.

તેણે પોતાનું શબ તેનાં મા પર મોકલવા વિનંતી કરતાં કહ્યું : ''મારાં માને કહેજો કે, હું વિશ્વાસુપણે ઈસુને માટે મૃત્યુ પામ્યો છું.''

એ ક્રૂર નાસ્તિક સાથીદારોએ તેને વહાણના તૂતક પર પાછો ખેંચી લીધો. તેઓને લાગ્યું કે, 'તેની પાસે એવું કંઈક હતું, જે તેઓની પાસે ન હતું.' એ પછી તો પવિત્ર આત્માએ તેઓમાંના

ઘણાનાં હૃદયોમાં કાર્ય કર્યું. અને કેપ્ટન સહિત ઘણા માણસો તારણ પામ્યા.

હા, ઈશ્વરને માટે અડગ રહેનાર વ્યક્તિની સાક્ષીનું સામર્થ્ય શત્રુને હચમચાવે છે. મૃત્યુ સુધી વિશ્વાસુ રહેવા વિષેનું પ્રભુ ઈસુનું વચન પાળતાં પ્રથમના વિશ્વાસુઓએ પોતાનાં જીવનો હોમી દીધાં હતાં. તેમના વિશ્વાસુપણાને લીધે અને સુવાર્તાને લીધે સમગ્ર પશ્ચિમની દુનિયા જીતાવા લાગી.

અર્પિત માએ દીકરાની પાસેથી વચન લીધું, એ માની પ્રાર્થનાઓ દીકરાને ધરી રાખનારી પ્રાર્થનાઓ બની.

□

# ૩૭ બાળકો માટે માની પ્રાર્થના

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં જોન સ્કડર નામના આશાસ્પદ જુવાન ડૉક્ટર તબીબી સેવાઓ આપતા હતા. એક દિવસે તેઓ તેમના એક દર્દીની મુલાકાતે ગયા. દર્દીના ટેબલ પર પડેલી ટ્રાક્ટ ડૉક્ટરે હાથમાં લીધી અને વાંચવા લાગ્યા. એ ટ્રાક્ટ દ્વારા મળેલો પડકાર ઝીલી લઈ ડૉક્ટર તેમનાં પત્ની સાથે ભારતમાં મિશનેરી તરીકે આવ્યા અને સેવા આપવા લાગ્યા.

ઈશ્વરે તેમના કુટુંબમાં સાત દીકરા અને બે દીકરીઓ આપ્યાં હતાં. આ નવેનવ બાળકોએ પણ મિશનરી તરીકે સેવાઓ આપી. લગભગ ૬૦૦ વર્ષો સુધી સ્કડર કુટુંબનાં વંશજોએ ભારતમાં સતત મિશનરી સેવાઓ આપી.

ડૉ. સ્કડરના મિશનરી સેવાકાર્ય વિષે કોઈએ તેમને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : ‘‘અમારાં બધાં બાળકો માટે તેમનાં માએ આગ્રહભરી પ્રાર્થનાઓ કરી છે, તે જ તેમનાં સેવાકાર્યનું રહસ્ય છે. પ્રત્યેક બાળકની વર્ષગાંઠના દિવસે મા આખો દિવસ પ્રાર્થના કરતાં. અને ઈશ્વરે તેમની પ્રાર્થનાનો પ્રત્યુતર આપ્યો છે.’’

વર્તમાન સમયમાં શું માતાપિતા પોતાનાં બાળકોની વર્ષગાંઠના દિવસને તેમના માટે પ્રાર્થનાનો ખાસ દિવસ બનાવે છે, કે પછી એ દિવસ દુન્યવી સંગત માણવામાં જ પસાર થાય છે !

□

## ૩૮ માતૃદિનની ઉજવણીની સ્થાપના કેવી રીતે થઈ ?

માતૃદિનની ઉજવણીની શરૂઆત વર્જિનિયા રાજ્યમાંથી થઈ હતી. એક નાના ગામમાં એક માતાનું જીવન ત્યાંના સમાજ માટે ખૂબ પ્રેરણાત્મક બની રહ્યું હતું. તે બહેનના મૃત્યુ સમયે ત્યાંની સન્ડે સ્કૂલના સુપ્રિન્ટેન્ડેન્ટે તે બહેનની દફનક્રિયા ખાસ સ્મરણસભા બની રહે તેવું આયોજન કર્યું.

સુપ્રિન્ટેન્ડેન્ટે ફિલાડેલ્ફિયામાં રહેતી તે બહેનની પુત્રી મિસ આન્ના જાર્વીસને તેનાં માને આદરભર્યું અંતિમ વિદાયમાન મળે તેવી સભાની વ્યવસ્થા કરવા જણાવ્યું. આન્નાએ પોતાનાં મૃત માને માટે સ્મરણસભાની વ્યવસ્થા કરી, તે સમયે તેમના મનમાં અન્ય બાળકોની માતાઓને પણ માન આપવાનો વિચાર સ્ફૂર્યો. તેમનાં માને માન આપવા તેમણે કરેલો કાર્યક્રમ અને વ્યવસ્થા પરથી અન્ય માતાઓને માન આપવા સંબંધીનો તેમનો વિચાર અન્ય વ્યક્તિઓને તેમણે જણાવ્યો. વિવિધ સન્ડે સ્કૂલો અને મંડળીઓએ તેમનો વિચાર વધાવી લીધો.

માને માન આપવા માટે ખાસ દિવસ નક્કી કરવાનો વિચાર ખૂબ પ્રચલિત રીતે આવકાર પામ્યો. તે સમયના પ્રેસિડેન્ટ વિલ્સને ૧૯૧૪માં એક ઢંઢેરો બહાર પાડયો. તેમણે મે માસનો બીજો રવિવાર માતૃદિન તરીકે ઊજવવાનું વિધિસર ઠરાવ્યું. સમગ્ર રાષ્ટ્રે આ રવિવારે માતાઓને માન આપવાનું ઠરાવ્યું.

આ ઢંઢેરો સને ૧૯૧૪ના મે માસની ૯મી તારીખે બહાર પાડવામાં આવ્યો હતો. તેમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું હતું : ‘‘હું વુડરો વિલ્સન યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના પ્રમુખ, મને આપવામાં આવેલી સત્તાની રૂએ આથી જાહેર કરું છું કે,

યુનાઈટેડ સ્ટેટ્સનો રાષ્ટ્રધ્વજ સરકારી મકાનો પર મે માસના બીજા રવિવારે ફરકાવવામાં આવે. એટલું જ નહિ પણ ઘરો પર રાષ્ટ્રધ્વજ ફરકાવવા સરકારી અમલદારોને આમંત્રણ આપવામાં આવે. અને તે દ્વારા આપણા દેશની માતાઓ પ્રત્યે પ્રેમ અને આદર દર્શાવવામાં આવે.''

આ રીતે માતૃદિનની ઉજવણીની શરૂઆત એક આદર્શ માતાના જીવનની અસરોને લીધે સને ૧૯૧૪થી કરવામાં આવી.

□

# ૩૯ માની દોરવણીનું પરિણામ

એક રાજકુમાર પોતાને ખ્રિસ્તી કહેવડાવતો હતો, પણ જીવનમાં માત્ર મોજમઝા માણતો હતો. તેનું ભ્રષ્ટ જીવન ક્યાં જઈ અટકશે તે કહેવું પણ મુશ્કેલ હતું. તેનાં મા આથી બહુ દુઃખી રહેતાં.

આખરે આ ધર્મપરાયણ માએ તેની પાસે દરરોજ બાઇબલ વાંચવા માટે વચન લેવડાવ્યું. ત્રણ અઠવાડિયાં સુધી રાજકુમારે દરરોજ બહાર બગીચામાં જઈને બાઇબલનાં વચનો વાંચવાનું અને અર્ધો કલાક તે પર મનન કરવાનું માને વચન આપ્યું. તેના જીવનની રીતરસમોથી તંગ આવી ગયેલાં તેનાં માને શાંતિ થઈ.

તેણે બાઇબલ વાંચવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તો તેના વિચારો ભટકી જતા, પણ સમય જતાં તેના વિચારોમાં પરિવર્તન આવ્યું. ધીમે ધીમે તેને તેની પાપી અવસ્થાનું ભાન થયું. તેણે પોતાનું જીવન નવેસરથી ખ્રિસ્તને સોંપ્યું, અને માને એ ખુશખબર આપી. માની ચિંતા દૂર થઈ. તેમણે પ્રભુનો આભાર માન્યો.

□

## ૪૦ મહાન દાદાજી અને દાદીમા

પ્રભુ ઈસુ પરનો સુદૃઢ વિશ્વાસ વારસાગત હોતો નથી. છતાં ધાર્મિક વૃદ્ધ દાદા-દાદીના જીવનની અસરો બાળકના તારણ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. તિમોથીના જીવનના બદલાણમાં તેનાં મા યુનિસના જીવનની અસરો ઉપરાંત તેનાં દાદીમા લૂઈસના જીવનની અસરોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેઓ બંને સુદઢ વિશ્વાસ ધરાવતી સ્ત્રીઓ હતી.

એક વૃદ્ધ બાનુ પોતાનાં બાળકોનાં મા, દાદીમા, અને વડદાદી પણ બન્યાં હતાં. તેમનાં પૌત્રો-પ્રપૌત્રો બધાં મળીને ૩૭ હતાં. પણ પ્રત્યેક બાળકને તે નામથી ઓળખતાં હતાં. કોઈએ તેમને પૂછયું કે, એ ૩૭ બાળકોને તમે કેવી રીતે નામથી ઓળખો છો ? ત્યારે પ્રત્યુત્તર વાળતાં તેમણે કહ્યું કે ''હું તે બધાંને અંગત ઓળખું છું કારણ દરરોજ રાતે, એક પણ રાત ચૂક્યા વગર, હું એ પ્રત્યેક બાળકનું નામ દઈને એમને માટે પ્રાર્થના કરું છું.'' હા, તે માત્ર દાદીમા નથી, પણ મહાન દાદીમા છે. આવાં દાદીમા હોય, તે બાળકો કેવાં ધન્યવાન અને ધનવાન છે !

સાભાર (અવર ડેઈલી બ્રેડ)

☐

## ૪૧ શું તમે તમારા સંતાનનું ઈશ્વરને અર્પણ કર્યું છે ?

ઈશ્વરપરાયણ માતાપિતાએ પોતાનાં બાળકોનું અર્પણ ઈશ્વરને કરવું જોઈએ. હાન્નાએ એમ જ કર્યું. દીકરા શમૂએલના જન્મ પહેલાં તેનું અર્પણ ઈશ્વરને કરતાં કહ્યું, ''હું તેને તેની આખી જિંદગી સુધી યહોવાને અર્પણ કરીશ.'' શમૂએલ ઈશ્વર તરફથી હાન્નાને મળેલી ખાસ ભેટ હતી. અને પોતાના પ્રેમ અને આભારરૂપે હાન્નાએ એ ભેટ ઈશ્વરને આપી. સ્કૉટલાન્ડની એક વૃદ્ધ બહેને પોતાના દીકરાનું ઈશ્વરને અર્પણ કર્યું હતું. તેમણે તેને મિશનરી સેવાની તાલિમ આપી. મિશનરી સેવામાં જ તે મરી ગયો. એક દિવસ તે બહેન મિશનરી સોસાયટીની મિટિંગમાં ગયાં. આ મિટિંગમાં ફક્ત દાન આપનાર દાતામિત્રોને પ્રવેશ આપવામાં આવતો હતો. દરવાજે ઊભેલા દરવાને તે બહેનને પૂછયું : ''શું તમે દાન આપનાર દાતામિત્ર છો ?'' તે બહેન બોલ્યાં, ''કદાચ મેં નથી આપ્યું.'' તેમને પ્રવેશ ન મળતાં તે નિરાશ થઈને પાછાં ગયાં.

દરવાનના શબ્દો પર વિચાર કરતાં તેમના મૃતપુત્રને તેમણે યાદ કર્યો, વર્ષો પહેલાં તેમનો દીકરો પશ્ચિમ આફ્રિકાના સીએરા લિયોનમાં મિશનરી તરીકે ગયો હતો. ત્યાં તે મૃત્યુ પામવાથી એ આફ્રિકા દેશમાં તેને દફનાવવામાં આવ્યો હતો. તે યાદ કરતાં બહેન પાછાં ફર્યાં, અને દરવાનને કહ્યું : ''તમે આપવા સંબંધી મને પ્રશ્ન પૂછેલો, પણ હું ભૂલી ગઈ. મારા એકનાએક દીકરાને મેં ઈશ્વરને અર્પણ કર્યો હતો, અને હવે તેની કબર આફ્રિકાના સીએરા લિયોનમાં આવેલી છે.''

બહેનના શબ્દો સાંભળીને દરવાને માથા ઉપરથી હેટ ઉતારી તેમનું સન્માન કર્યું, અને નમન કરી તેમને સભાખંડમાં સૌથી આગળની બેઠક પર બેસાડયાં.

કોલંબીઆ બાઈબલ કૉલેજના પ્રમુખ જે. રોબર્ટસન મેલ્કીને એક વાર આ પ્રમાણે કહ્યું હતું : ''ખ્રિસ્તી માતપિતા પોતાનાં બાળકોનું ઈશ્વરને અર્પણ કરે એ મોટી સેવા છે, ઘણી વાર તેઓ પોતાનાં બાળકોને દુન્યવી આર્થિક લાભ અને મહત્તાનાં જ ભાગીદાર બનાવવા ઇચ્છે છે.'' આપણાં બાળકોને ઈશ્વરને અર્પી દઈએ તેમાં જ બાળકોની સલામતી છે. ઈશ્વર તેમને દોરે છે. અને સંભાળે છે.

□

## ૪૨ ઈશ્વરપિતાની પ્રેમભરી સંભાળ

ઑસ્ટ્રેલિયામાં બનેલી આ વાત છે. ઑસ્ટ્રેલિયામાં એક માણસે એક મોટા ઘેટાંવાડાની મુલાકાત લીધી. ઘેટાંનું ઊન કાતરવાનો એ સમય હતો. એ સમયે તેના ભોમિયાએ ઘેટીના એક નાના બચ્ચાને તેના સ્થાનેથી ઊંચકી લઈ, બીજાં હજારો ઘેટાંની વચ્ચે મૂકી દીધું. ઊન કાતરનારાઓ ઊન કાતરી રહ્યા હતા. એ હજારો ઘેટાંના બા... આ... આ... અવાજે કાન બહેર મારી જતા હતા. એ સમયે પેલું નાનું ઘેટડું થોડીવાર તો ચૂપ થઈ ઊભું રહ્યું.

પછી તો એ અજાણી અપરિચિત પરિસ્થિતિને લીધે તે બૂમો પાડવા લાગ્યું. તેનો અવાજ ખૂબ ધીમો અને ભયગ્રસ્ત હતો. તેનો ભયગ્રસ્ત અવાજ સાંભળી દૂર ઊભેલી તેની માએ અવાજ કરી સામો જવાબ વાળ્યો, એ નાનું ઘેટું અવાજની દિશા તરફ તેની મા પાસે જવા લાગ્યું. તેની મા પણ તેની સામે ઝડપથી આવતી હતી. જાણે અન્ય કોઈ ઘેટાં જ ન હોય અને તેનું બચ્ચું એકલું જ હોય તેમ તે ધસી આવતી હતી. હજારો ઘેટાંના અવાજના ઘોંઘાટમાં પણ માએ પોતાના બચ્ચાનો દર્દભર્યો અવાજ સાંભળ્યો હતો.

એક ધર્મસેવકે ભજનસેવામાં આ પ્રસંગને વણી લઈ ભજનિકોને સંબોધીને કહ્યું : 'મિત્રો, તમે ઈશ્વરનું પાત્ર છો, અને ઈશ્વરની ખાસ સંભાળમાં હો છો. કોઈ પણ સમયે તમે ઈશ્વરના ધ્યાન બહાર હોતાં નથી. સમસ્ત દુનિયામાં જાણે તમે એકલા જ ઈશ્વરનું બાળક હો, એમ સ્વર્ગધામી ઈશ્વરપિતા તમને જૂએ છે. તમારા દર્દભર્યા ધીમા અવાજ તરફ ઈશ્વરપિતા પોતાનો પ્રેમાળ કાન ધરે છે. અને ઉતાવળથી તમારી મદદ કરે છે.''

એક મુંગું પ્રાણી હેટી એના બચ્ચા પ્રત્યે આટલું વહાલ બતાવે છે તો તમે તમારા સંતાન પર એવું વહાલ રાખો છો ? હા, કદાચ ખોરાક, વસ્ત્ર, કેળવણી અને એના શરીરની સંભાળ રાખતાં હશો. પણ એના આત્માની ? આખી પૃથ્વીના દ્રવ્ય કરતાં યે એનો આત્મા મહામૂલો છે, એવા એના આત્માની સંભાળ તમે રાખો છો ? એનો આત્મા ઈસુ ખ્રિસ્તને સોંપાય, અને અનંતકાળ માટે બચેલો રહે તે માટે તમે શું કરો છો !

□

## ૪૩ વિશ્વાસ કેળવો અને વ્યક્તિને ઉત્તેજન આપો

સોળ વર્ષની વયની એક યુવતીએ પોતાની માની મોટરકાર જરા બેદરકારીથી હંકારી. આમ કરવાથી મોટરકાર અથડાઈ પડી અને નુકસાન પહોંચ્યું. તેને પોતાને તો નુકસાન થયું ન હતું. ઘેર જઈને માતપિતાને આ બાબત જણાવતાં પોતાને ભારે ઠપકો સાંભળવો પડશે એવું તે ધારતી હતી.

પણ - તેના બાપુજીએ ગુસ્સો ન દર્શાવતાં તેને પોતાને કાંઈ ઈજા થઈ છે કે કેમ, તે વિષે પૂછયું. અકસ્માતના સ્થળ પર દીકરીની સાથે જઈને તેમણે ચોકસાઈથી ખાતરી કરી, ઘેર પાછાં ફરતી વખતે તેમણે પોતાની મોટરકારની ચાવી દીકરીના હાથમાં મૂકી અને પોતે ડ્રાઈવરની બાજુની બેઠક પર બેઠા. તેના બાપુજીએ તેના પ્રત્યે જરા પણ ગુસ્સો દર્શાવ્યો નહિ ! ઊલટું તેના પ્રત્યે ખૂબ જ પ્રેમની લાગણી સાથે તેનામાં વિશ્વાસ મૂક્યો.

ઘણાં વર્ષો વીત્યા પછી એક વાર તેણે કહ્યું : ''મારા બાપુજીએ દર્શાવેલા ઈશ્વરમય પ્રેમે મારું સ્વમાન સ્થાપિત કરવામાં કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો, તે હું શબ્દોમાં વર્ણવી શકતી નથી.'' બાપુજીએ દર્શાવેલા એ પ્રેમમય કૃત્ય દ્વારા ઈશ્વરનો પ્રેમ પોતે જોઈ શકી તેથી તેને આત્મિક લાભ જ થયો.

કોઈ વ્યક્તિ પોતાની નબળાઈ, બેદરકારી કે પછી પાપને લીધે આપણને નિષ્ફળ બનાવે છે, ત્યારે ક્ષમા આપવાનું કે ખ્રિસ્તમય પ્રેમ દર્શાવવાનું ખૂબ મુશ્કેલ અને કઠણ બની જાય છે. તેનામાં વિશ્વાસ મૂકવા કરતાં તેના પ્રત્યે ગુસ્સો પ્રગટ કરવાનું સરળ બને છે.

પ્રેરિતોના કૃત્યોના પંદરમા અધ્યાયમાં બાર્નાબાસ તરફથી આપણે કાંઈક શીખી શકીએ છીએ. પાઉલ અને બાર્નાબાસને તજીને માર્ક કેમ જતો રહ્યો તે આપણે જાણતાં નથી, પણ આગળ જતાં તેને સેવાની બીજી તક જોઈતી હતી, તે વિષે આપણે જાણીએ છીએ. બાર્નાબાસે તેને બીજી તક આપી હતી.

આપણાં સંતાનમાં પણ આત્મિક વિશ્વાસ તેમ જ આત્મવિશ્વાસ આપણે કેળવવો જરૂરી છે. સમાજમાં અને સર્વત્ર એવો આત્મવિશ્વાસ કેળવાયેલું આપણું સંતાન ખૂબ ઉપયોગી, ઈજ્જતદાર સદ્પુરુષ અને સન્નારી બની શકે છે.

□

## ૪૪ અમારું ઋણ

પરમ કૃપાળુ પિતાએ પોતાની પ્રેમાળ યોજના પ્રમાણે અમારાં બાને તા. ૨૩-૬-૧૯૮૦, સોમવાર રાતે ૯.૦૫ મિનિટે પોતાની પાસે તેડાવી લીધાં. અને ૭૯ વર્ષના આશીર્વાદિત આયુષ્યને અંતે તેઓ પિતાની ગોદમાં ગયાં. જાણે અહીંથી ઊઠીને ત્યાં ગયાં ! કેવી સુખદ ઘડી !

બાપુજી તો, પ્રભુની વાડીમાં પાળકક્ષેત્રે અને શિક્ષણક્ષેત્રે વર્ષોની સેવા આપીને ૬૨ વર્ષે તા. ૨૮-૩-૧૯૫૬ બુધવારે ક્યારનાયે ઘેર પહોંચી ગયા હતા. આણંદ મુકામે જ. બંનેએ ટ્રેનિંગ કોલેજનું ત્રીજું વર્ષ પસાર કર્યું હતું. બાપુજીએ તો ડીવીનીટી પણ. પવિત્ર આત્માએ લખાવેલાં ભક્ત દાવિદના અનુભવનાં અદ્ભુત વચનોને બંનેએ પોતાના જીવનનો અને કુટુંબનો મુદ્રાલેખ બનાવેલો : ''તારા માર્ગો યહોવાને સોંપ, તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે'' (ગીતશાસ્ત્ર ૩૭:૫). અને અમારાં બા-બાપુજી, સારાહ બહેને અને રેવ. પાઉલભાઈ ગુલાબભાઈ માસ્ટરે અમને પણ એ જ આત્મિક વારસો આપ્યો છે, એનો અમને આનંદ છે. અને એટલે જ આત્મિક જીવનમાં અમે સમૃદ્ધ બન્યાં છીએ.

અમ છ બહેનો અને બે ભાઈઓના શૈક્ષણિક વિકાસમાં પણ બા-બાપુજીએ ખૂબ રસ લીધો, કાળજી રાખી, સગવડ કરી આપી, અને અમારે પ્રથમ વર્ગમાં જ નંબર લાવવાનો એવો આગ્રહ પણ રાખ્યો, અને એ સફળ બન્યું. ''યહોવાનો ભય વિદ્યાનો આરંભ છે.'' એનું અમને સાચું ભાન એમણે જ કરાવ્યું. એટલે જ અમારાં ઘરોમાં પણ પ્રભુનો ભય અને પ્રેમ અગ્રસ્થાને રહ્યાં છે.

અમારાં માતપિતાએ કુટુંબમાં વ્યક્તિગત તથા કૌટુંબિક પ્રાર્થનાવેદી સળગતી રાખી, પ્રાર્થનાપરાયણ જીવન જીવવાની અમારામાં ટેવ પાડી. ઈશ્વર-આરાધના અને મંડળીની સંગત દ્વારા તેમજ સન્ડે સ્કૂલના શિક્ષણ દ્વારા આત્મિક જીવનમાં વૃદ્ધિ પમાડવા કેવો કાળજીભર્યો અમારો ઉછેર કર્યો ! એટલું જ નહિ, પણ અમારી નાની નાની શક્તિઓ દ્વારા ઈશ્વરને જ મહિમા માન પમાડવાનું અમને શીખવ્યું ! એ મહામૂલા વારસા માટે અમે બધાં ભાઈબહેનો તેમનાં કેવી ઋણી છીએ !

બા આઈ.પી. મિશનની શાળાઓમાં શિક્ષિકા અને હેડમિસ્ટ્રેસ તરીકે, સુવાર્તિકા અને પાળકપત્ની તરીકે પ્રભુની વફાદાર સેવિકા બનીને પ્રેમભરી સેવા કરતાં જ રહ્યાં. નિવૃત્ત અને અશક્ત અવસ્થામાં પણ જ્યારે જઈએ ત્યારે-ટ્રાક્ટ સોસાયટી, બાઈબલ સોસાયટી, સુવાર્તિક કાર્ય, ઇત્યાદિ માટે હરવખત નાની નાની દાનની રકમ આપતાં જ રહ્યાં હતાં.

નમ્ર અને પરમ શાંત મનવાળાં અમારાં બા પ્રભુને મળવા કેવાં તૈયાર જ હતાં ! છેલ્લા સમયોની એમની વાતો અને વચનો કેવાં હૈયાંને હરખાવી દે તેવાં નીકળતાં હતાં ! કોઈ અધૂરી આશા નહોતી, કોઈ ઝંખનાયે નહોતી, કંઈ ફરિયાદ તો હતી જ નહિ ! શાંતિથી કેવાં તૈયાર હતાં ! જાણે ઘેર આવવા પ્રભુપિતાએ કાગળ ના મોકલ્યો હોય ! એવી આછી આતુરતાયે ખરી !

અને પછી એ રાતે જાણે કે પ્રભુનો દૂત આવ્યો, અને એમને તેડી લઈ ગયો. અને બા અહીં પૃથ્વી પરથી ઊઠીને ત્યાં પ્રભુને ખોળે બેઠાં. કેવી પરમ આનંદની ઘડી !

ધોધમાર વરસાદમાં, કબર આગળ, મંડળીના ભાઈઓ સાથે મળીને અમે ગાયું, ''આનંદ મોટો આનંદ, આનંદ પુષ્કળ આનંદ !'' ત્યારે અમારાં હૃદયોમાં પરમ આનંદ જ હતો. બા-બાપુજી

પરમધામમાં પહોંચી ગયાં છે, પણ ધન્ય પુનરુત્થાનની મોટી પ્રભાત કેવી બધી આનંદ આનંદમય બનશે ! પ્રભુ ઈસુય આવ્યા હશે ! અને ત્યાં કેવા હર્ષના પોકાર પડશે ! એની રાહ જોતાં :

ભાઈબહેનો અને કુટુંબીઓ વતી, જયવંતીબહેન જે. ચૌહાન ('ખ્રિસ્તીબંધુ' ૧૯૮૦ના ઑગસ્ટ અંકમાંથી)

□

## ૪૫ માતાપિતા પ્રાર્થના કરે છે ત્યારે...

ગીતશાસ્ત્ર ૧૪૪:૧૨માં આપવામાં આવેલી પ્રાર્થના માતપિતા પોતાનાં બાળકોના હકમાં કરે તે ઇચ્છવા યોગ્ય છે. ગીતકર્તા જણાવે છે કે, : ''અમારા દીકરા પોતાની યુવાસ્થામાં વધેલા રોપા જેવા થાઓ. અમારી દીકરીઓ રાજમહેલના જેવી શણગારેલી ખૂણાની થાંભલીઓ જેવી થાઓ.''

ઈશ્વરપિતાએ નોર્લિન અને તેમના પતિના કુટુંબમાં બે દીકરાઓનું દાન આપ્યું છે. તેમના દીકરા સ્તેફન અને ડેવિડને લીધે તેઓ ઈશ્વરપિતાનો ખૂબ આભાર માને છે. બંને દીકરાઓ પ્રેરીના પ્રદેશમાં ઈશ્વરની સેવા કરે છે. ડેવિડ તો ધર્મસેવક તરીકે સેવા બજાવે છે. માતપિતા તરીકે દીકરાઓ માટે તેમની પ્રાર્થનાનો પ્રત્યુત્તર ઈશ્વરે આપ્યો છે. ''અમારા દીકરા પોતાની યુવાવસ્થામાં વધેલા રોપા જેવા થાઓ.''

ગીતકર્તાએ વાપરેલાં રૂપક રસિક છે. તે આપણને યાદ અપાવે છે કે, માતપિતા તરીકે આપણાં બાળકોના ઉછેર માટે આપણી ચોક્કસ પ્રકારની જવાબદારી છે. અને ઈશ્વરનો આશીર્વાદ બાળકોને ઈશ્વરમાં જડ ઘાલી ફળવંત થવા સામર્થ્યવાન કરે છે.

તમે પ્રાર્થના દ્વારા તમારાં બાળકોને ઈશ્વર પાસે લાવો. તેઓ બાલ્યાવસ્થાથી જ ઈશ્વરની ઓળખ પામે અને ઈશ્વરના મહિમા માટે તેમનાં જીવનો વપરાય માટે પ્રાર્થના કરો. વળી તેઓ અન્યને માટે આશીર્વાદરૂપ બને માટે પણ પ્રાર્થના કરો. ઈશ્વરની ઇચ્છા હોય, તો તેઓ પૂર્ણ સમયની સેવામાં જોડાય, એવું પણ પ્રાર્થી શકો. ઈશ્વરની ચોક્કસ ઇચ્છા શી હોઈ શકે, એનું માત્ર અનુમાન કરીને તમે બાળકો પર તમારી ઇચ્છા લાદી દેશો નહિ.

ખ્રિસ્તી કર્મચારીઓને આ બાબતમાં જોખમકારક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. પાળકો, મિશનરીઓ અને ખ્રિસ્તી કાર્યકરોનાં બાળકો માટે સામાન્ય ખ્રિસ્તી જનતા ઘણીવાર કડવા લાગે તેવા અભિપ્રાય ધરાવે છે. તેથી ઘણીવાર આગેવાનોને પોતાનાં બાળકો ઈશ્વરની સેવામાં જોડવા માટે મન પર વધારે બોજ રહે છે. પોતાની કારકિર્દીને લીધે બાળકો પૂર્ણ સમયની સેવામાં દાખલ કરવાનો બોજ તેઓ બાળકો પર મૂકે છે. ઘણીવાર બાળકો પોતાનાં માતપિતાને ખુશ કરવા પૂર્ણસમયી સેવામાં દાખલ થાય છે ખરાં, પણ તેમને તે સેવા માટે ઈશ્વર તરફથી તેડું મળેલું હોતું નથી.

''માતપિતા તરીકે અમારા દીકરાઓ પર અમે કોઈ જાતનું દબાણ કર્યું નથી. ઈશ્વરના સમયમાં દીકરાઓએ પોતે નિર્ણય લીધો છે.''

આખરે તો આ પ્રમાણે વાત બને છે. માતાપિતા તરીકે આપણે આપણાં જીવન દ્વારા, આપણાં સૂચનો દ્વારા, પડકાર દ્વારા અને હા, બાળકોની સુધારણા દ્વારા પણ આપણે ઈશ્વરને કાર્ય કરવાની તક આપવી જોઈએ. આપણે અવરોધરૂપ ન બનવું જોઈએ. આપણા સર્જનહાર ઈશ્વરને આપણા કુટુંબના ઈશ્વર બનવાની તક આપણે નહિ આપીએ ?

□

## ૪૬ માની પ્રાર્થનાના પરિણામે ઈશ્વરે પવનની દિશા બદલી

અમેરિકાના ઓહાયો સ્ટેટના મેવીલ શહેરમાં બનેલી આ વાત છે. ઘણાં વર્ષો પહેલાં એ શહેરમાં એક વિશ્વાસુ ખ્રિસ્તી બહેન રહેતાં હતાં. તેમના પતિ લાંબા સમયથી માંદગીમાં પથારીવશ રહ્યા, અને આખરે મૃત્યુ પામ્યા. આવી દુઃખદ પરિસ્થિતિને લીધે તે બહેનની આર્થિક સ્થિતિ ખૂબ નબળી થઈ ગઈ. તેમની પાસે જે કાંઈ થોડી ઘણી બચત હતી, તેમાંથી એક સ્ટોર ખરીદ્યો. પૈસાના અભાવે તેમણે પોતાના સ્ટોરનો વીમો પણ ઊતરાવ્યો ન હતો.

એક દિવસે તેમના જીવનમાં એક અજાયબ ઘટના બની. ઈશ્વર પિતાએ એક ભયાનક આગમાંથી તેમની ઘરવખરી અદ્ભુત રીતે બચાવી.

તેમના રહેઠાણથી સામેની બાજુએ એક દિવસે ભયાનક આગ લાગી. આગની જ્વાળાઓ ઊંચે ચઢતી હતી. ઘણી જોખમકારક પરિસ્થિતિ ઊભી થઈ. પાડોશીઓ તે બહેનના ઘરને બચાવવા ભીની શેતરંજીઓ તેમના ઘરના છાપરા પર મૂકવા લાગ્યા. પણ પવન એવો જોરદાર ફૂંકાતો હતો કે, તેમના પ્રયત્નો વ્યર્થ જતા હોય તેવું લાગતું.

આ સમયે તે બહેનની નાની દીકરીને પ્રાર્થના કરવાનું યાદ આવ્યું. મા પાસે તે દોડી ગઈ અને કહેવા લાગી : ''મા, મા, તમે કેમ પ્રાર્થના કરતાં નથી ?'' માને પણ પ્રાર્થના કરવાનું યાદ આવ્યું. આકાશ તરફ આંખો ઊંચી કરીને પ્રાર્થના કરતાં તેમણે કહ્યું : ''ઈશ્વરપિતા, કૃપા કરીને આગની જ્વાળાઓથી અમને બચાવો.''

ઈશ્વરપિતાએ તેમની પ્રાર્થનાનો પ્રત્યુત્તર તરત જ આપ્યો, અને પવનની દિશા બદલી નાખી. ઉત્તર-દક્ષિણ વાતો પવન હવે પૂર્વથી પશ્ચિમ તરફ ફૂંકાવા લાગ્યો.

તે બહેનની વિશ્વાસયુક્ત પ્રાર્થના વડે તેમનું ઘર અને સ્ટોર જ માત્ર નહિ, પણ તે સમગ્ર વિસ્તાર આગની જ્વાળાઓથી બચી ગયો. માની વિશ્વાસયુક્ત પ્રાર્થનાનું કેવું અદ્ભુત પરિણામ ?

□

# ૪૭ પ્રેમનું સામર્થ્ય

લી નામનો માણસ એક કુખ્યાત દારૂડિયો હતો. તેની પ્રાર્થનાપરાયણ પત્ની પ્રત્યે તે ખૂબ જ કઠોર વર્તન કરતો. તેથી તેની પત્નીનું હૃદય ભાંગી પડતું. કઠોરતા સહેતાં સહેતાં એક દિવસે તે મૃત્યુ પામી.

મૃત્યુ પામતાં પહેલાં તેણે પોતાની દીકરી જેનેટને કહ્યું : ''બેટા જેનેટ, તારા પપ્પાને મૂકીને કદી જ જતી રહીશ નહિ. તેમના પ્રત્યે માયાળુ બની ધીરજ રાખજે. કોઈક દિવસે ઈશ્વરપિતા તેમનું તારણ કરશે.''

પિતાનું કઠોર વર્તન સહન કરવાનું જેનેટને માટે ખૂબ જ મુશ્કેલ હતું. તેના પિતા અપશબ્દો બોલી તેને ખૂબ મારતા અને ઘરમાંથી કાઢી મૂકતા. ઘણીવાર વરસાદમાં તેને પલળવું પડતું. તેના પિતા ઊંઘી જાય ત્યારે ઘરમાં તે પાછી છાનીમાની પ્રવેશતી.

જેનેટ તેના પિતાનું કઠોર વર્તન શાંતિ અને ધીરજથી સહન કરી લેતી; તેથી પિતા તેના પ્રત્યે જરા નરમ થયા. એક રાતે તેના પિતા દારૂના પીઠા પાસે દારૂના ઘેનમાં પડયા હતા. જેનેટ તેમને શોધતી શોધતી પીઠા પાસે આવી. દારૂના નશામાંથી તે જાગ્યા, તો પાસે જેનેટને ઊભેલી જોતાં તે બોલી ઊઠયા : ''જેનેટ, તું મારા પ્રત્યે આવું પ્રેમાળ વર્તન કેમ બતાવે છે ?''

''કારણ, પપ્પા, હું તમારા પર ખૂબ જ પ્રેમ કરું છું,'' જેનેટે કહ્યું.

''બીજાં બધાં મારો તિરસ્કાર કરે છે, તું કેમ મને તિરસ્કારતી નથી ?'' આંસુભરી આંખે નાની જેનેટ બોલી : ''વહાલા પપ્પા,

મમ્મીએ મને તમારા પર પ્રેમ જ રાખતાં શીખવ્યું છે. દરરોજ રાતે મમ્મી જાણે સ્વપ્નમાં મને કહે છે : જેનેટ, તારા પપ્પાને મૂકીને જતી રહીશ નહિ. ઈશ્વરપિતા કોઈ દિવસે તેમને દારૂના બંધનમાંથી મુક્ત કરશે, ત્યારે તને કેટલો બધો આનંદ થશે !''

જેનેટના પ્રેમયુક્ત શબ્દો સાંભળી તેના પિતાનું હૃદય ભાંગી પડયું. દીકરીને બાથમાં લઈને તે ખૂબ રડયા. તેમના જીવનનું પરિવર્તન થયું, અને તેમણે ફરી કદી દારૂ પીધો નહિ. જેનેટ પિતા પ્રત્યે પ્રેમ જ રાખે માટે તેનાં માએ કેવો અજાયબ ભાગ ભજવ્યો હતો !

□

## ૪૮ કોરિયન માનું બલિદાન

થોડાં વર્ષો પહેલાં ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે લાંબો વખત યુદ્ધ ચાલ્યું. ઘણા જુવાનો માર્યા ગયા. દક્ષિણ કોરિયાનું એક કુટુંબ બહુ ખરાબ હાલતમાં મૂકાઈ ગયું.

જુવાન પતિ સૈનિક તરીકે યુદ્ધમાં ખપી ગયો હતો. એની યુવાન પત્નીને પહેલું બાળક જનમવાનું હતું. ઘરવખરી, ખાધાખોરાકી ખલાસ થઈ ગઈ હતી. યુદ્ધ લાંબું ચાલ્યું, તેથી પૈસોટકો પણ ખલાસ હતાં !

યુવાન વિધવાને ખૂબ ચિંતા થતી હતી કે નવા આવનાર બાળકને હું શું પહેરાવીશ-ખવડાવીશ ? એનું લાલનપાલન કેવી રીતે કરીશ ? એ વિધવા ખ્રિસ્તને અર્પિત હતી. દરરોજ સવાર-સાંજ બાઈબલ વાંચતાં એનાં ઊનાં ઊનાં આંસું બાઈબલ પર પડતાં. એ આગ્રહથી પ્રાર્થના કરતી કે, ''પ્રભુ, તમે જ આવનાર મારા બાળક માટે યોજના કરજો. હે મારા સ્વામી, તમે જ પૂરું કરજો. એ તમને સોંપાયેલું અને તમને પસંદ પડે તેવું તેને બનાવજો. મારો બોજ તમારા ઉપર મૂકું છું.''

દરરોજ એજ પ્રાર્થના ! એજ ઊંડી શ્રધ્ધા ! એને છેલ્લા દિવસો જતા હતા. એક દિવસ એને વિચાર સૂઝયો. ગામના છેવાડાના ભાગમાં એક મિશનરી બાનુ રહેતાં હતાં. વિધવાને વિચાર થયો કે, 'લાવ, હું એ મિશનરી બાનુ પાસે જાઉં, અને મારા આવનાર બાળકની સોંપણી એમને કરું. એ ભલાં બાઈ છે, અને મારા બાળકને પ્રેમથી ઉછેરશે.'

સવારમાં ઊઠીને, પ્રાર્થના બાદ તે ચાલી નીકળી - મિશનરી બાનુને ઘેર જવા. બરફીલી ઠંડી પડતી હતી. હિમ વર્ષા શરૂ થઈ

હતી. ગાત્રો ઠરી જતાં હતાં. યુદ્ધમાં ભાંગી ગયેલા પુલ સુધી તો તે આવી. એવામાં જ એને પ્રસૂતિની પિડા ઉપડી અને ત્યાં જ તેને દીકરો જન્મ્યો. આવી ઠારી નાખતી ઠંડીમાં આ નવજાત શિશુને શું પહેરાવવું-ઓઢાડવું ?

ખ્યાલ આવતાં એણે પોતે પહેરેલાં વસ્ત્રો ફાડીને એના લીરાચીરા બનાવ્યા અને પોતાના નવજાત બાળકને વીંટાળ્યા. પોતાના દેહની પરવા ન કરી. દૂર દૂર નજર કરતાં એકાદ ફાટેલો રદ્દી કોથળો પડેલો દીઠો. એ લેવા તે ગઈ.

ઈશ્વરનું કરવું તો જુઓ ! પેલાં મિશનેરી બાનુ એ જ રસ્તે થઈને પોતાની મોટર કારમાં નીકળ્યાં ! અને એ ભાગલા પુલ આગળ મોટર કાર અટકી પડી ! શું થયું તે જોવા તે નીચે ઊતર્યાં. એવામાં તેમણે તાજા જ જન્મેલા બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. મિશનેરી એ તરફ ગયાં ! તો શું જોયું ? તાજું જ જન્મેલું બાળક રડતું હતું. એની મા ત્યાં હતી જ નહિ. એટલે મિશનેરીએ બાળકને ઉપાડી લીધું. મોટરકારમાં ‘સીટ’ પર કામળામાં ઢબૂરી દીધું. બાળક શાંત પડયું.

મિશનેરીને થયું કે બાળકની જનેતા એટલામાં જ ક્યાંક હોવી જોઈએ. આસપાસ દૂર નજર કરી. તો કોથળાના ઢગલા જેવું કંઈક પડેલું હતું. જઈને જોયું તો બાળકની જન્મદાતા કોથળામાં મરેલી પડી હતી. મિશનેરી બાનુએ બાળકને લઈને પોતાને ઘરે જઈ બાળકની બધી જરૂરી વ્યવસ્થા કરી. પછી મંડળીના પાળક અને કેટલાક સભ્યોને બોલાવી મૃત માતાનો દફન વિધિ કરાવ્યો.

મિશનેરીએ છોકરાને પોતાના પુત્ર જેમ ઊછેર્યો. એને પ્રાર્થના કરતાં શીખવ્યું. એના શિક્ષણની વ્યવસ્થા કરી. દરરોજ બાઇબલ વાચન કરવાની અને પ્રાર્થના કરવાની ટેવ પાડી. આવી અસરો નીચે આ કિશોરે એ વયે જ પોતાનું જીવન પ્રભુ ઈસુને સોંપ્યું.

મિશનેરીએ એને એના જન્મની અને એની જનેતાના મૃત્યુની વાત ઘણીવાર કરી હતી. આ યુવાન છોકરો એ સાંભળવામાં તલ્લીન બની જતો. અને કોઈ કોઈ વાર તો એની આંખમાંથી આંસુ દળી પડતાં !

એક દિવસ યુવાને મિશનેરીને કહ્યું, ''મને મારાં માની કબરે લઈ જાઓ.'' મિશનેરી એને કારમાં લઈ ગયાં.

આજે પણ બરફીલી ઠંડી વરસી રહી હતી. આગલી રાતે જ ખૂબ હિમવર્ષા થઈ હતી. ઊની વસ્ત્રોમાં યુવાન સજ્જ હતો. મિશનેરી કબરથી થોડે દૂર કારમાં બેઠેલાં રહ્યાં.

યુવાન કબ્રસ્તાનમાં માતાની કબરે ગયો. કબર ઉપર તે ઢળી પડયો. પોક મૂકીને રડયો અને કબરને ચૂમતાં ચૂમતાં કહેવા લાગ્યો : ''મારાં વહાલાં મા, તમે મારે માટે પોતાનો પ્રાણ આપી દીધો !''

પછી પોતાનાં ઊની વસ્ત્રો એક પછી એક ઊતારીને કબર ઉપર ઓઢાડયાં અને બોલી ઊઠયો, ''મારાં મા, તે દિવસે તમે મારે માટે આવી કાતિલ ઠંડી વેઠી ? મને જીવાડવા તમે તમારા પ્રાણનો ભોગ ધરી દીધો ? મા, તમારું બલિદાન ક્યારેય નહિ ભૂલું.

''ઓ મારાં મા, તમારો પ્રેમ કેવો અજાયબ ! આ તમારી કબર આગળ હું શપથ લઉં છું કે તમે મને જેવો બનવા કલ્પ્યો હશે, એવો જ હું બનીશ. તમે મને જેવો જોવા ઇચ્છયો હશે, એવો જ હું થઈશ. હું સાચો ખ્રિસ્તી બનીશ. ખ્રિસ્તનો ખરો સૈનિક બનીશ. મા, તમારો અનહદ પ્રેમ મને સાચો પુત્ર બનાવશે.''

□

## ૪૯ મા, આ બધું તમારા લીધે જ છે !

એક વિધવા મા તેમના એકના એક પુત્ર સાથે રહેતી હતી. બાલ્યાવસ્થાથી જ માએ દીકરાને ઈશ્વરના પ્રેમ વિષે શિક્ષણ આપ્યું હતું. માના પ્રયત્નને લીધે દીકરાએ બાળપણથી જ પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

દીકરો ભવિષ્યમાં સારામાં સારી નોકરી મેળવી શકે તેથી માએ તેને સારામાં સારું શિક્ષણ આપવાનું નક્કી કર્યું. તેમની માલિકીની થોડી જમીન હતી, તે તે ખેડાવતી હતી. અને પોતે કપડાંની ધુલાઈનું કામ કરી કુટુંબનું ગુજરાન ચલાવતી.

હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કર્યા પછી દીકરાએ માને કામના ભારણમાંથી મુક્ત કરવા કાંઈક કામ મેળવવાનો વિચાર કર્યો. પણ માએ કૉલેજનો અભ્યાસ કરવા ખૂબ આગ્રહ રાખ્યો. તે સારી કેળવણી પામે તો જીવનમાં સારી નોકરી મેળવી શકે એજ લક્ષ્ય માએ રાખ્યું. આખરે દીકરો માની વાતમાં સંમત થયો, અને ઉચ્ચ કેળવણી મેળવવા ઘરથી દૂરના શહેરમાં રહેવા ગયો.

અભ્યાસની સાથે નવરાશના સમયમાં તે કામ કરી નાણાં કમાતો. તે બહુ સંભાળપૂર્વક અને વિચાર કરીને નાણાં ખર્ચતો. એક વખત વાતવાતમાં તેણે મિત્રોને કહ્યું હતું કે, "વધારે નાણાં ખર્ચવાનું પરીક્ષણ આવતું, ત્યારે પૈસા કમાવા માટે કપડાં ધોતી અને પરિશ્રમ ઉઠાવતી મારી માને યાદ કરતો, અને પૈસો ઊડાવતો નહિ.'' ઉનાળાની રજાઓમાં તે કામ કરીને તેના ખર્ચને પહોંચી વળતો.

કૉલેજમાં તેનો યશસ્વી અભ્યાસ પૂરો થયો અને આખરે કૉલેજનો પદવીદાન સમારંભ યોજાયો. તેની યશસ્વી કારકિર્દીને

લીધે સ્નાતકવિધિના સમારંભમાં કાર્યક્રમની જાહેરાત કરવાનું મહત્વનું અને માનભર્યું કાર્ય તેને સોંપવામાં આવ્યું. સ્નાતક વિધિમાં ભાગ લેવા માટે તેણે તેનાં માને આમંત્રણ પાઠવ્યું. આવા ભવ્ય સમારંભને યોગ્ય વસ્ત્રો પોતાની પાસે નહિ હોવાનું જણાવી માએ ભાગ લેવા ના પાડી. પણ દીકરાના આગ્રહ આગળ તેમનું કાંઈ ચાલ્યું નહિ અને મા સમારંભમાં ભાગ લેવા આવી પહોંચ્યાં. માને લેવા તે સ્ટેશને ગયો. તેમના ઉતારાની સારી વ્યવસ્થા કરી. સાંજે સમારંભમાં માને આગળની હરોળની બેઠક પર તેણે બેસાડયાં.

સમારંભમાં પ્રવચન પૂરું થયા બાદ સ્નાતકોને ડિગ્રી એનાયત કરવામાં આવી. તેના સહાધ્યાયીઓ તરફથી પુષ્પગુચ્છ વડે તેનું બહુમાન કરવામાં આવ્યું. આ વખતે તે જુવાન સભામંચ પરથી ઊતરી આવ્યો. સભાજનોની પરવા કર્યા વિના માને ભેટી પડયો. ચૂંબન સાથે તેણે માના હાથમાં પુષ્પગુચ્છ મૂકી દીધો, અને બોલ્યો, ''વહાલાં મા, આ બધું તમારે લીધે જ છે. હું તમારો ખૂબ જ ઋણી છું.'' આ હૃદયદ્રાવક દશ્ય જોઈ સભાજનોની આંખમાંથી આંસુ વહી રહ્યાં. માના પ્રેમનો જવાબ જુવાને આ રીતે આપ્યો. આગળ જતાં એ જુવાન યુનાઈટેડ સ્ટેટસનો એક મહાન માણસ બની ગયો.

□

# ૫૦ માતાપિતાની સાક્ષીનું સામર્થ્ય

ઘણાં માતાપિતા પોતે ખ્રિસ્તને અર્પિત હોવાને લીધે પોતાનાં બાળકો પર ઊંડી અસરો આપે છે, અને બાળકો આગળ ખ્રિસ્તી જીવનનો આદર્શ નમૂનો મૂકે છે. આમ છતાં, તેમનાં યુવાન સંતાનો દુન્યવી વાનાં તરફ ઢળેલાં હોય છે. ઘણી વાર તેઓ બંડખોર પણ બને છે. તેથી માતાપિતા દુઃખી થાય છે. આવાં નિરાશ માતાપિતા માટે નીચે આપવામાં આવેલી સાચી ઘટના ખૂબ ઉત્તેજનદાયક બની રહે છે. માતાપિતાની આગ્રહભરી પ્રાર્થનાઓ અને ખ્રિસ્તી સાક્ષી સાચે જ ખૂબ અસરકારક બની રહે છે.

ડૉ. આર. એ. ટોરી યુવાન હતા ત્યારે તેઓ ઈશ્વરમાં કે બાઈબલમાં વિશ્વાસ ધરાવતા ન હતા. તેમનાં પ્રાર્થનાપરાયણ મા પોતાનો દીકરો ટોરી પાપનો પસ્તાવો કરી ઈશ્વર તરફ ફરે માટે કાકલૂદીભરી પ્રાર્થનાઓ કરતાં હતાં. વળી, તેમના જીવનનું બદલાણ થાય માટે ખૂબ આંસુ પણ સારતાં હતાં.

એક દિવસે તો જુવાન ટોરી ખૂબ ગુસ્સે થઈ ગયો, અને માને કહેવા લાગ્યો : ''મા, હું આ બધી વાતોથી છેક જ કંટાળી ગયો છું. મારાં પાપ વિષે અને તમારી પ્રાર્થના વિષે મારે કાંઈ જ સાંભળવું નથી. હું ઘર છોડીને જતો રહેવાનો છું. અને તમને કોઈ તકલીફ આપવાનો નથી.''

તેમનાં મા રડતાં રડતાં અને કાકલૂદી કરતાં કરતાં છેક દરવાજા સુધી તેમની પાછળ ગયાં. દીકરાને માટે માનો પ્રેમ કેટલો છે તે બને તેટલી રીતે તેમણે દર્શાવ્યું, પણ ટોરી એકનો બે ન થયો. આખરે મા ખૂબ જ રડતાં રડતાં બોલ્યાં : ''બેટા, તું ખોટા માર્ગે જઈ રહ્યો છે. પણ તારા જીવનમાં ખૂબ અંધકારભર્યો સમય આવે,

અને બધું જ ગુમાવી દીધું હોય એવું તને લાગે, તો તારી આ માના ઈશ્વરને આગ્રહથી પ્રાર્થના કરીશ, અને તારા સંપૂર્ણ હૃદયથી તેમને શોધીશ, તો ઈશ્વર તને જરૂર મદદ કરશે.''

ટોરી ઘર છોડીને જતો રહ્યો. દિવસે દિવસે તે પાપના કાદવમાં ખૂંપતો ગયો. તેના જીવનમાં ભારે નિરાશા વ્યાપિ ગઈ. એક રાતે તે એક હોટેલમાં ઊતર્યો હતો. ઘણો પ્રયત્ન કરવા છતાં તેને કેમેય ઊંઘ આવતી ન હતી. તેથી પોતાની પાસેની બંદૂક વડે આપઘાત કરવાના વિચારથી તે પથારીમાંથી સફાળો બેઠો થઈ ગયો.

તે આપઘાત કરવાની અણી પર હતો, તેવામાં તેની માના છેલ્લા શબ્દો તેને યાદ આવ્યા. પવિત્ર આત્માની સહાય વડે તે જ ઘડીએ ઘૂંટણે પડીને તે બોલી ઊઠયો : ''ઓ મારી માના ઈશ્વર, જો તમે સાચે જ અસ્તિત્વ ધરાવતા હો, તો મારી મદદ કરો. મારા હૃદયમાં પ્રકાશ પાડો. મને પ્રકાશ આપો, તો હું તમારી પાછળ ચાલીશ.''

થોડી જ ક્ષણોમાં ટોરીના હૃદયનો અંધકાર દૂર થઈ ગયો, અને તેનું હૃદય પ્રકાશિત બની ગયું. તેની આંખો આંસુથી ઊભરાઈ અને તેણે પ્રભુ ઈસુનો અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો. તેનાં માની પ્રાર્થનાઓ સાંભળવામાં આવી હતી, તે વિષે માને કહેવા તે ઉતાવળે પોતાના ઘેર ગયો.

આગળ જતાં ડૉ. આર. એ. ટોરી એક આગળ પડતા પ્રખર સુવાર્તિક બન્યા અને તેમણે હજારો આત્માઓ ખ્રિસ્તને ખાતર જીત્યા.

□

## ૫૧ "દીકરા એબ, તું કંઈક બનજે"

અબ્રાહમ લિંકન સાતેક વર્ષના હતા, ત્યારે તેમનું કુટુંબ કેન્ટકી સ્ટેટમાંથી ઈન્ડિયાના સ્ટેટમાં રહેવા ગયું. કુટુંબ ખૂબ ગરીબ હતું. વળી, તેમનાં માની તબિયત ખૂબ જ નાજુક હતી.

દિવસો, અને અઠવાડિયાં અને મહિના પણ પસાર થવા લાગ્યા. એબનાં માની તબિયત વધારે અને વધારે લથળતી ગઈ. મૃત્યુ પાસે આવતું હતું. એક દિવસે માએ દીકરા 'એબ'ને બોલાવીને કહ્યું : ''બેટા, મારી પાસે બેસ. મારે તને કંઈક કહેવું છે.'' મુશ્કેલીઓ વેઠીને જીવન જીવતાં માને જીવનની કઠિનતાઓનો સારો એવો અનુભવ થયો હતો. તેમણે દીકરા સાથે પ્રાર્થના કરી, અને ઈશ્વરને તેનું અર્પણ કર્યું. ત્યાર પછી તે બોલ્યાં : ''દીકરા એબ, તું કંઈક બનજે, બેટા.''



થોડા દિવસો પછી અબ્રાહમ અને તેની બહેનનાં વહાલાં મા મૃત્યુ પામ્યાં. પતિએ પ્રાર્થના પરાયણ પત્ની ગુમાવી. તેઓએ તેમની દફનક્રિયા તેમના ઘર પાસેનાં વૃક્ષો નીચે કબર ખોદાવીને કરી હતી. એ હતી ૧૮૧૮ની સાલ.

અબ્રાહમ અને તેમના પિતાને આવી દફનક્રિયાથી સંતોષ ન થયો. તેથી તેમણે કેન્ટકીના પાર્સન એલ્કીન્સ નામના ભલા પાળક સાહેબને બોલાવવા વિષે વિચાર્યું. તેઓએ પાળક સાહેબને માની યોગ્ય દફનક્રિયા કરાવવા આમંત્રણ આપ્યું. અબ્રાહમે તેમને આમંત્રણ આપતાં જણાવ્યું કે, ''આપ આવીને મારાં માના મૃત્યુ અંગે દિલાસાદાયક સંદેશો આપશો ?'' પાળક સાહેબને ઘોડા પર સવારી કરીને ઘણે દૂરથી આવવાનું હતું. પણ તેમના પ્રત્યે ખૂબ માન ધરાવનાર એ બાનુને અંતિમ માન આપવા તેઓ તૈયાર થઈ ગયા.

પાળકે અબ્રાહમને એક રવિવારે આવવા વિષે લખી જણાવ્યું. અને તે પ્રસંગે પોતાનાં સર્વ પાડોશીઓને એકત્ર કરવા સૂચન કર્યું. ઠરાવેલા સમયે તેમના ઘરથી ૧૫ કિલોમીટરના વિસ્તારમાં વસતાં માણસો ત્યાં એકત્ર થયાં. આશરે ૨૦૦ જેટલાં માણસો ત્યાં હાજર હતાં.

પાળક એલ્કીન્સ કબર તરફ આગળ વધ્યા. ઊંચા અવાજે તેમણે પ્રાર્થના કરાવી અને આશ્વાસન આપતું એક ગીત ગાયું. ત્યાર પછી હૃદયસ્પર્શી સંદેશો આપ્યો. ગમગીનીભર્યા એ પ્રસંગે ત્યાં ઘણાં માણસો એકત્ર થયાં હતાં. વળી એ સવાર ખૂબ તાજગીભરી હતી. પાળકે ખૂબ જ અસરકારક સંદેશો આપ્યો. તેમ જ એ ધર્મપરાયણ સેવિકાના જીવનની સેવાઓને તેમણે બિરદાવી. ખ્રિસ્તને સોંપાયેલી એક સાચી સન્નારી તરીકે તેમના જીવનની છાપ ઉપસી આવી. એ અસરકારક સભાની અસરો અબ્રાહમે જીવનમાં ઝીલી લીધી. તેમનાં ધર્મપરાયણ મા વિષેનાં યશોગાન સાંભળીને એ બધું પોતાના જીવનમાં ઊતારવા લિંકને નક્કી કર્યું. અને પોતે અજાયબ જીવન જીવ્યા. તેમનાં અર્પિત ખ્રિસ્તી માતાના જીવનને તે કદી વીસરી ગયા નહિ. માએ અબ્રાહમને કહ્યું હતું : ''દીકરા, કંઈક બનજે.''

તેમના જીવનમાં મળેલી અપૂર્વ સિદ્ધિઓ વિષે બોલતાં લિંકને કહ્યું હતું : ''આ બધી સિદ્ધિઓ મારાં મા અને તેમના જીવનની અસરોને લીધે જ છે.'' એક ગરીબ પણ ખ્રિસ્તપરાયણ માના જીવન અને હૈયાની ઊંડી પ્રાર્થનાઓએ દુનિયાને એક મહાન, દિલદાર અને ખ્રિસ્તપ્રચૂર નેતા આપ્યો.

□

## ૫૨ દાર્જીલિંગની દારુણ દાસ્તાન

આ વિસમી સદીની શરૂઆતનાં વર્ષોની વાત છે. કલકત્તામાં અમેરિકી મેથડિસ્ટ મિશનેરી કુટુંબ રહે. બહુ ધર્મપરાયણ કુટુંબ. એમની અટક હતી 'લી'. કુટુંબ પતિ-પત્ની ખરાં પ્રભુભક્ત. અને એમનાં છ સંતાનો પણ પ્રભુ-પરાયણ. કુટુંબમાં બાઈબલ વાચન અને પ્રાર્થના દિવસમાં ત્રણ વખત સંયુક્ત રીતે થાય. અલગ અલગ તો અનેકવાર. આખું કુટુંબ અન્ય લોકો પર પ્રેમ કરનાર અને મદદરૂપ બનનારું એવું હતું.

માબાપે છયે સંતાનોને દાર્જીલિંગમાં ઘર લઈ આપેલું - તેમાં રહીને મિશનેરી બાળકોની શાળામાં અભ્યાસ કરે. દાર્જીલિંગ હિમાલયમાં આવ્યું, અને કલકત્તાથી ૨૧૦૦ કિ.મિ. (૧૫૫૩ માઈલ) દૂર. છયે બાળકો અહીં દાર્જીલિંગના ઘરમાં પણ એ જ ભક્તિભાવમાં રહે. સ્કૂલમાં પણ આ છયે ભાઈબહેનો તેમના પ્રેમાળ અને સદ્‌ગુણી સ્વભાવ માટે જાણીતાં.

એક ચોમાસાની ઢળતી બપોર પછી ધોધમાર વરસાદ દાર્જીલિંગમાં વરસતો હતો. એકાએક છેક ઉપરથી પહાડનો મોટો ભાગ તૂટી પડયો. અને તૂટેલો પહાડ નિચાણ તરફ ધસી આવતો હતો. એ જ વિસ્તારમાં આ છ 'લી' બાળકોનું ઘર આવેલું હતું. એ વિસ્તાર બહુ મોટો હતો, અને એમાં અનેક ઘર આવેલાં હતાં.

ધસી આવતાં વરસાદનાં પાણી અને ધસમસતો વિશાળ પહાડ નીચાણ તરફ ધસી આવતાં લોકો બધા જોઈ રહ્યા હતા. એ અટકાવવાનો કોઈ ઈલાજ હતો જ નહિ. લી બાળકો પણ જોઈ રહ્યાં હતાં કે થોડી જ વારમાં ધસી આવતો પહાડ અને પાણી

એમના ઘરને ભોંયભેગું કરી મૂકશે. અને બચાવનો કોઈ માર્ગ જ નહોતો.

મોટી બહેને કહ્યું, ''આવો, આપણે પ્રભુ બાપની પ્રાર્થના કરીએ. બચાવ કરવા તે શક્તિમાન છે. અને પ્રભુની ઇચ્છા એવી ન હોય, તો આવો, આપણે આપણા આત્માને પ્રભુની પ્રેમાળ ગોદમાં સોંપીએ. તે જે કરશે તે સારું જ કરશે.'' તેઓ પ્રાર્થનામાં ઘૂંટણો પર નમેલાં હતાં, તે જ સમયે પ્રચંડ પહાડે તેમના ઘરને ભોંયભેગું કરી નાખ્યું. છયે ભાઈબહેનો કાદવ અને કીચડમાં ક્યાંનાં ક્યાંય ફેંકાઈ ગયાં. શોધ્યાંયે મળે નહિ. રાત્રિનો અંધકાર સર્વત્ર ફેલાઈ ગયો હતો, વિજળી-પૂરવઠો પણ ચોમેર ખોરવાઈ ગયો હતો.

બીજા દિવસની સવાર થતાં તોફાન શાંત થઈ ગયું હતું. બચાવ કરનાર ટુકડીઓ માણસોનાં શબો શોધતી સર્વત્ર ઘૂમી રહી હતી. પાંચ લી ભાઈબહેનોનાં શબો તો મળ્યાં જ નહિ. પણ એમના ઘરથી દૂર નીચાણ તરફ કાદવ-કીચડમાં ડોકાતા હાથ દેખાયા. બચાવ ટૂકડીએ હાથ ઉપાડયા તો સૌથી નાના લી ભાઈ વિલ્બરનું બેભાન શરીર હાથમાં આવ્યું. એને મોટા હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો.

કલકત્તામાં 'લી' મિશનરી કુટુંબ પર ટેલિગ્રામ કરવામાં આવ્યો. રેવ. લી મિશનરી કામે દૂર ગયા હતા. એટલે મિસિસ લી શક્ય તેટલી ઉતાવળે ૨૧૦૦ કિલોમિટર વટાવીને દાર્જીલિંગ હૉસ્પિટલે આવી પહોંચ્યાં. વિલ્બરને કાદવમાંથી ધનૂરનાં જંતુ લાગવાથી તેને વારંવાર ધનૂરની આંચકી આવતી, અને તે કેટલીયે વાર સુધી બેભાન બની જતો. પછી પાછો સભાન બનતો, અને પાછી આંચકી અને બેભાવસ્થા ! માતા લી નાના વિલ્બરને ચૂમી ચૂમીને પુષ્કળ રડયાં.

વિલ્બર ભાનમાં આવતો ત્યારે આ હોનારતનું વર્ણન માને જણાવતો. પાછો બેભાન ! પાછો ભાનમાં, અને વાત આગળ ચલાવતો. ''મા, અમે પહાડ ધસી આવતો જોઈ રહ્યાં હતાં. અમને થતું જ કે અમારું ઘર છૂંદાઈને ચૂરો થઈ જશે. મોટી બહેને અમને પ્રાર્થનામાં નમવા સૂચવ્યું. અમે ઘૂંટણિયે પડયાં. એક બીજાના હાથ જોડીને પ્રાર્થનામાં નમ્યાં. મોટી બહેને આગ્રહથી પ્રાર્થના કરાવી.'' પછી પાછો વિલ્બરનો દેહ ખેંચાવા લાગ્યો, અને બેભાન બની ગયો.

મા આંસુ અને આગ્રહથી પ્રાર્થના સતત કરતાં હતાં કે ''પ્રભુ પિતા, આ હવે એકલા જ બચેલા વિલુ દીકરાને સાજો કરો. એને તો બચાવો જ બચાવો. એ તમારી સેવા કરશે.'' માની પ્રાર્થના ચાલુ જ હતી. મધરાત ક્યારનીયે વિતી ગઈ હતી ! અને હવે તો દોઢ-બે વાગવા આવ્યા હતા.

વળી પાછો વિલ્બર ભાનમાં આવ્યો. અને કહેવા લાગ્યો, ''મમ્મી, મોટી બહેને બહુ સરસ પ્રાર્થના કરાવી. 'પ્રભુ, અમારું રક્ષણ કરનાર તમે જ છો. તમારી ઇચ્છા હોય તો અમને બચાવજો. અને પ્રભુ, જો તમારી પ્રેમાળ ઇચ્છા અમને તમારી પાસે ઉપર બોલાવી લેવાની હોય, તો અમે અમારા આત્મા તમારા પ્રેમાળ હાથમાં સોંપીએ છીએ. અમારાં તારનાર પ્રભુ ઈસુને નામે, સાંભળો અને અંગીકાર કરો, આમીન.' અને, મમ્મી, અમે 'આમીન' બોલી રહ્યાં, એવામાં જ અમારું ઘર ધરબાઇ ગયું ! પછી શું બન્યું તેની ખબર નથી. હું જાગ્યો ત્યારે હું અહીં હોસ્પીટલમાં હતો.'' વળી પાછો તે આંચકી સહિત બે ભાન બની ગયો.

માએ તો આજીજી અને કાકલૂદીઓભરી પ્રાર્થના વારંવાર કરી કે, ''પ્રભુ, મારા લાડકા વિલુને બચાવો, સાજો કરી દો.'' પણ એની એ જ પરિસ્થિતિ રહી. એટલે એમને લાગ્યું કે પ્રભુની ઇચ્છા

નથી. મળસ્કું હવે થવા આવ્યું હતું. માએ ખાંસુ લૂંછી નાખ્યાં. માથે ઓઢી લીધું. બે હાથ જોડયા, અને પ્રાર્થનામાં પ્રભુને કહ્યું, ''પ્રભુ પિતા, તમારી ઈચ્છાને આધીન થાઉં છું. જો તમે વિલુને તમારી ગોદમાં લેવા માગતા હો, તો, પ્રભુ, હું તમને આધીન થાઉં છું. તમે જ ભેટ તરીકે વિલુ અમને આપેલો. હવે તમે બોલાવી લો છો ! તમારી ઈચ્છાને આધીન છું, આમીન !'' એજ ઘડીએ વિલ્બરનું પ્રાણ-પંખેરું ઊડી ગયું.

* * *

પ્રભુએ આમ કેમ કર્યું ? છયેછ સંતાનને એક સામટાં લઈ લીધાં ! વિલ્બરને બચાવ્યો હોત તો ? પ્રભુને તો સર્વ શક્ય છે. અને તેય આ ભલા ભક્ત કુટુંબ પર આવો ફટકો !

ખબર નહિ. મારા એક ખૂબ દુઃખભર્યા પ્રસંગે એક અંગ્રેજી પત્ર મને મળ્યો. એમાં ફક્ત એક અંગ્રેજી કાવ્ય હતું. આ પ્રમાણે.

''Then shall we know''

ત્યારે આપણે જાણીશું

''જ્યારે બધી શાળ બંધ પડશે. અને કાંઠલાનું ફેંકાવું બંધ પડશે, ત્યારે પ્રભુ આપણા જીવનનો વણાયલો તાકો ખોલશે, અને આપણને સમજાવશે કે તેમણે આપણાં જીવનમાં જે ડિઝાઈન (ભાત) પાડવાની યોજી હતી, તે માટે સોનેરી અને રૂપેરી તારોની જેટલી જરૂર હતી, તેટલી જ પેલા કાળા તારોની પણ જરૂર હતી. ત્યારે જ એ કાળા તારોની જરૂર આપણને સમજાશે. અત્યારે તો ભલે એ બધું ન સમજાય !

''જેઓ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે ઈશ્વર સઘળું મળીને હિતકારક નીપજાવે છે'' (રોમનું ૮ : ૨૮).

કાશ્મીરી સુંદર ગાલીચાની નીચે આપણે જોઈએ તો જુદાજુદા રંગના ધાગાઓની માત્ર ગાંઠો ગાંઠો જ દેખાય છે, પણ ગાલીચાની સવળી બાજુને જોઈએ તો જ રંગ-બેરંગી અને મનોહર ડિઝાઈન (ભાત) જોવા મળે છે. એમ આ પૃથ્વી પર જે માત્ર ગાંઠો ગાંઠો જ લાગે છે, અને કદરૂપું દેખાય છે, તે બધું સ્વર્ગે (ઉપલી બાજુએ) જઈશું ત્યારે ઈશ્વરે યોજેલી જીવનની મનોહરતા જોઈને આભા બની જઈશું. અને આપણા જીવનમાં આવી ભાત ઉપસાવવા માટે ઈશ્વરનો અનહદ આભાર માનીશું.

રેવ. અને મિસિસ લીનાં બધાં બાળકો દાર્જીલિંગ હોનારતમાં લઈ લેવાયાં, ત્યારે જ તેમણે નિશ્ચય કર્યો હતો કે, ''ભારતનાં બાળકો હવે આપણાં બાળકો થશે.'' એ પછી તેઓએ કલકતામાં મોટું 'લી મેમોરિયલ' (હૉસ્ટેલ) ઊભું કર્યું. અને આજદિન સુધી ભારતનાં હજારો અનાથ બાળકોએ એ 'લી મેમોરિયલ'માં રહીને કે.જી.થી માંડીને કૉલેજ સુધીનું શિક્ષણ શિક્ષણ લીધું. ભારતમાં અને ખાસ કરીને બંગાળમાં આવી 'લી' અટકધારી જુવાનો જોવા મળશે. અમેરિકામાં મારી સાથે 'લી' અટકવાળી બે બહેનો ભણતી હતી.

વયોવૃદ્ધ મિસિસ 'લી'ને ૧૯૩૬માં જબલપુરમાં જોવાની અને સાંભળવાની મને તક મળી હતી. એમનો સંદેશો હૃદય-સોંસરો ઊતરી જાય એવો અજાયબ હતો.

'લી મેમોરિયલ'ના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે મિસિસ લી એ લાંબા વર્ષો સુધી સેવા આપી હતી. એમણે રેવ. વૉલ્ટર જી. ગ્રીફીથ્સને દત્તક તરીકે લીધા હતા, અને મિસિસ લી પછી તેઓ 'લી મેમોરિયલ'ના સુપરિન્ટેન્ડેન્ટ બને એમ નક્કી કર્યું હતું. હું જબલપુરમાં લેનર્ડ થીઓ. કૉલેજમાં ભણતો હતો ત્યારે તેઓ મારા

પ્રોફેસર હતા. તેમનું કુટુંબ અને અને હું અનેકવાર ખાનગી પ્રાર્થનામાં મળતાં હતાં.

તેઓએ ૧૯૪૧ પછી 'લી મેમોરિયલ'નો ચાર્જ સંભાળી લીધો, એ પછી પણ અમારે પત્રવ્યવહાર ચાલુ હતો. જાન્યુઆરી '૪૪માં મારા દુઃખના પ્રસંગે આવેલો દિલાસાપત્ર આજે પણ મારા ટેબલમાં સંઘરી રાખેલો છે.

□

## ૫૩ "ઊઠો, મારા દીકરા, સવાર થઈ"

જ્યોર્જિયા શહેરના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવેલા એક ગોરા સદ્‌ગૃહસ્થ વિષેની આ એક સાચી હકીકત છે. આમ તો એ કબ્રસ્તાન કાળા લોકોને માટે હતું, પણ અપવાદ તરીકે એ ગોરા ગૃહસ્થને ત્યાં દફનાવવામાં આવ્યા હતા.

બાલ્યાવસ્થામાં જ તે ભાઈનાં પ્રેમાળ માતા મૃત્યુ પામ્યાં હતાં. તેમના વિધૂર પિતાએ ફરી લગ્ન કર્યાં નહિ, પણ દીકરાને ઊછેરવા કાળી પ્રજામાંની મન્ડી નામની એક બહેનને પગાર આપી રાખી. મન્ડી ઈશ્વરને અર્પિત ખ્રિસ્તી હોવાથી એ બાળકનો ઉછેર કરવાનું કાર્ય પૂરા મનથી કરવા લાગી. મા વિનાના બાળકને આવી ઊંડી લાગણીભર્યો પ્રેમ ભાગ્યે જ મળતો હોય છે. આ બહેને બાળકનો ઉછેર ખૂબ જ કાળજીથી કરવા માંડયો. આ ઉછેર વિષેની એક બાબત એ દીકરાને બરાબર યાદ રહી ગઈ હતી. દરરોજ સવારે એ દીકરાની પથારી પાસે જઈને મન્ડી ધીમે રહીને કહેતાં : "ઊઠો, મારા દીકરા ! સવાર થઈ ગઈ."

આમ ને આમ વર્ષો પસાર થઈ ગયાં. એ બહેન મન્ડીએ તો પોતે જ તે દીકરાની મા હોય તે રીતે જ તેનો ઉછેર કર્યો. એટલું જ નહિ પણ તેને ખ્રિસ્તમય જીવન જીવતો બનાવ્યો હતો. પછી તો તે દીકરો જુવાન થયો, અને ઉચ્ચ અભ્યાસ માટે કૉલેજમાં દાખલ થયો. પણ તે રજામાં ઘેર આવતો, ત્યારે એજ ધીમા સ્વરે મન્ડી દરરોજ સવારે તે દીકરાને ઊઠાડતાં, "ઊઠો, મારા દીકરા ! સવાર થઈ ગઈ."

સમય જતાં તે જુવાન સફળ રાજનીતિજ્ઞ પુરુષ બન્યો. એક દિવસે તેમને દુ:ખદ સમાચાર મળ્યા : "મન્ડી મા મૃત્યુ પામ્યાં છે.

તમે તેમની દફનક્રિયામાં આવી શકશો ?'' તે ગૃહસ્થ મન્ડી માને અંતિમ વિદાય આપવા કબ્રસ્તાને પહોંચી ગયા. મન્ડીની કબર પાસે ઊભા રહીને તેમણે પોતાના મિત્રો તરફ જોઈને કહ્યું : ''પ્રભુ ઈસુના પુનરાગમન પહેલાં મારું મૃત્યુ થાય, તો હું મન્ડીની બાજુમાં જ દટાવાનું ઇચ્છું છું જેથી, ધન્ય પુનરુત્થાનની પ્રભાતે મન્ડી મા મને કહે કે, ''ઊઠો, મારા દીકરા ! પુનરુત્થાનની પ્રભાત થઈ !''

□

## ૫૪ 'ગિડિયન્સ'

અમેરિકાના વિસ્કોન્સીન રાજ્યના જેન્સવીલ શહેરમાં જોન એચ. નિકલસન નામના સદ્‌ગૃહસ્થ રહેતા હતા. સને ૧૮૯૮ના વર્ષની પાનખર ઋતુમાં તેઓ એક રાત માટે વિસ્કોન્સીન રાજ્યના બોસ્કોબેલ શહેરની સેન્ટ્રલ હોટેલમાં રોકાયા.

હોટેલના માલિકે તેમને બે પથારીવાળા એક રૂમમાં ઉતારો આપ્યો. ત્યાં તેમને વિસ્કોન્સીન રાજ્યના બેલોઈટ શહેરના શેમ્યુલ ઈ. હીબ સાથે મુલાકાત થઈ. દિવસનાં કામ પૂરાં કરી પથારી પર રાતનો આરામ કરતાં પહેલાં મિ. જોન નિકલસને બાઈબલ વાંચ્યું અને પ્રાર્થના કરી. બાઈબલ વાચન અને પ્રાર્થના કર્યા પછી જ નિદ્રાધીન થવું એ તેમનો કાર્યક્રમ હતો. તેઓ તેર વર્ષની વયના હતા, ત્યારે તેમનાં પ્રાર્થનાપ્રેમી માતા મૃત્યુ પામ્યાં. તેમનાં મા મૃત્યુ પથારી પર હતાં, ત્યારે મરતાં માને જોને વચન આપ્યું હતું કે, તે દરરોજ રાતે બાઈબલ વાચન અને પ્રાર્થના કર્યા પછી જ નિદ્રાધીન થશે.

નિકલસનને પ્રાર્થના કરતા જોઈને તેમના સાથીદારે તેમની સાથે પ્રાર્થના કરવા ઈચ્છા દર્શાવી. તેઓ બંને ઈશ્વરને અર્પિત ખ્રિસ્તી હતા. તેઓએ રાતની પ્રાર્થના માટે ઈશ્વર સમક્ષ ઘૂંટણો ટેકવ્યા. તેમણે અનુભવોની આપ-લે કરી, અને વિચારોની આ આપ-લેનો પાછળથી કાર્યમાં અમલ પણ થયો.

સને ૧૮૯૯ના મે માસની ૩૧ તારીખે તે બંને સદ્‌ગૃહસ્થો વિસ્કોન્સીન રાજ્યના બીવર ડેમ શહેરમાં મળ્યા. ત્યાં તેમણે ધંધાદારી ખ્રિસ્તી પ્રવાસીઓની અરસપરસ ઓળખ થાય, વ્યક્તિગત સુવાર્તાપ્રચાર કરી શકાય અને ઈશ્વરના મહિમા માટે પોતાની

સેવાઓ આપી શકે, એ માટે ફરી ભેગા મળવાનું નક્કી કર્યું. આ પછી તેમણે જુલાઈ ૧, ૧૮૯૯ના રોજ વિસ્કોન્સીનના જેન્સવીલ શહેરના વાય.એમ.સી.એ.માં એક મીટીંગ બોલાવવાનું નક્કી કર્યું.

મીટીંગમાં ફક્ત ત્રણ જ માણસો હાજર થયા હતા. જોન એચ. નિકલસન, સેમ્યુઅલ ઈ. હિલ, અને વીલ જે. નાઈટસ. તેઓએ એક સમિતિની રચના કરી. સેમ્યુઅલ ઈ. હિલ પ્રમુખ, વીલ જે. નાઈટસ ઉપપ્રમુખ, અને નિકલસન સેક્રેટરી-ખજાનચી નિમાયા. સંસ્થાનું નામ નકકી કરવા તેઓ ત્રણે ઈશ્વરની દોરવણી માટે ખાસ પ્રાર્થના માટે ઘૂંટણે પડયા. મિ. નાઈટસ ઘૂંટણ પરથી ઊભા થયા અને બોલ્યા : ''આપણે હવેથી 'ગિડિયન્સ' કહેવાઈશું. બાઈબલમાંથી ન્યાયાધીશોના પુસ્તકનો છઠ્ઠો અને સાતમો અધ્યાય તેમણે વાંચ્યો અને સંસ્થાનું નામ 'ગિડિયન્સ' પાડવાનું કારણ જણાવ્યું.''

ગિડિયોન ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ કરવા તૈયાર હતો. નમ્રતા, વિશ્વાસ અને આધીનતા તેના જીવનના સદ્‌ગુણો હતા. ગિડિયન્સ એસોસીએશન પોતાના સભ્યોમાં આ સદ્‌ગુણો સ્થાપિત કરવા ઈચ્છે છે. પ્રત્યેક સભ્ય કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે, અને કોઈ પણ રીતે પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે વર્તવા તૈયાર છે.

ગિડિયન્સ એસોસીએશનની સ્થાપનામાં જોન નિકલસનનાં પ્રાર્થના પ્રેમી માતાનો કેવો મહાન હિસ્સો છે ! શું એ માતાને ખબર હશે કે, દીકરા પાસે લેવડાવેલી પ્રતિજ્ઞામાંથી આવું મહાન ફળ આવશે ?

□

# ૫૫ જોન માર્લોએ આપેલું વચન

જોન માર્લોના જીવનમાં એ દિવસ ઘણો યાદગાર બની ગયો. એને એમ જ થયા કરતું કે, એ દિવસના સંજોગો ગોઠવવામાં અચૂક ઈશ્વરનો હાથ હતો. જોન પોતે તે દિવસે એક જૂના ઈંટેરી પ્રભુ મંદિરને ગરમ રાખનારી સ્ટીમ પાઈપ (વરાળ વહી જતી પાઈપ લાઈન) સમારતો હતો અને તે જ સમયે સાંજે ગાયકગણ રવિવારની ભજનસેવા માટે ગીતોની પ્રેક્ટિસ કરતું હતું.

જોન માર્લોની ટ્રક પ્રભુમંદિર આગળ છક્ છક્ કરતી ઊભી રહી. લીલાછમ વેલાઓથી આચ્છાદિત એ જૂનું-પુરાણું પ્રભુમંદિર ખૂબ સુંદર દેખાતું હતું. સમારકામ માટે તેણે ઓજારો લીધાં, અને પ્રભુમંદિરના ભોંયરા તરફ આગળ વધ્યો. ''પ્રભુમંદિરમાં મને આવ્યાને કેટલા બધાં વર્ષો વીતી ગયાં છે ? છેલ્લે કદાચ મારાં માની દફનક્રિયા વખતે આવ્યો હતો.'' જોનના મનમાં વિચારોની પરંપરા જાગી.

સ્ટીમ પાઈપનું સમારકામ કરતાં કરતાં તે વિચારોમાં ખોવાઈ ગયો. પોતે પ્રભુમંદિરમાં છે, તેનો ખ્યાલ પણ તેને ન રહ્યો. એવામાં ગાયકગણના ગીતોના મધુર સુર તેને કાને પડયા. ધ્યાનથી તે ગીત સાંભળવા લાગ્યો. ગીતના શબ્દો ખૂબ હૃદયવેધક હતા :

''દૂર-સુદૂર ઘણા માઇલ દૂર એક એકાંતિક કબ્રસ્તાન છે; તેમાં આવેલી એક આરામ ગાહમાં, ઠંડી ઠંડી માટીમાં, મારી મા સૂતેલી છે !''

જોન માર્લો શાંત થઈ ગયો, અને ધ્યાનથી ગીત સાંભળવા લાગ્યો. ઘણા માઈલો દૂર આવેલી એક લીલીછમ ટેકરી પર સફેદ પથ્થરોથી છવાયેલી કબરોવાળું કબ્રસ્તાન તેને યાદ આવ્યું. તેમાંની

એક કબરમાં તેનાં મૃત માના અવશેષો પડયા છે. પંદરેક વર્ષો પહેલાં માની દફનક્રિયા સમયે એ ખુલ્લી કબર આગળ પાળક સાહેબે પુનરુત્થાનની આશાના શબ્દો ઉચ્ચાર્યા હતા અને પ્રભુ ઈસુના પુનરાગમન સમયે થનાર ધન્ય પુનરુત્થાન સુધી રાહ જોતાં જોનની માના મૃતદેહને કબરમાં દફનાવ્યો હતો. તે સમયે પાળક સાહેબના એ શબ્દો જોને નત મસ્તકે સાંભળ્યા હતા. તેમનાં માની માફક તે પોતે ખૂબ પ્રેમથી પ્રભુ ઈસુની સેવા કરશે એવું વચન તેણે પોતાનાં માને તો આપ્યું હતું. અને અહીં જે ઈશ્વરને તેનાં મા ચાહતાં અને તેમને પોતાનું દિલ દીધું હતું તે ઈશ્વરને પણ વચન આપ્યું.

એ વાતને તો વર્ષોનાં વહાણાં વાયાં અને જોન એ વચન તદ્દન વીસરી ગયો હતો. એવું કોઈ વચન તેણે આપેલું કે કેમ, તે પણ તેને યાદ ન હતું. પોતે મોટા શહેરમાં જઈને ધીકતી કમાણી કરવા લાગ્યો. તે પોતે માનતો કે તેની કમાણીનો એકેએક પૈસો તેની પ્રામાણિકતાને લીધે છે. એક સીધા માણસ તરીકે તેના ઓળખીતાઓમાં તેનું માનપાન સારું હતું. પણ તે સાંજે પ્રભુમંદિરમાં પોતાના વિષે તેની આંખો ઊઘડી ગઈ. ગીતનો એકેએક શબ્દ તે ખૂબ જ ધ્યાનથી સાંભળવા લાગ્યો. ગાયકગણ મધુર સ્વરે ગાતું હતું.

''માની આંખનાં ઊભરાતાં આંસુ અને દુઃખના નિશ્વાસ સંભાર, તારી માતાને પ્રેમ કરતો હો, તો સ્વર્ગમાં તેને મળ.''

ગાયકગણના ગીતના શબ્દોએ જોનની સ્મૃતિને ઢંઢોળી. પણ ગાયકગણ તે વિષે અજાણ હતું. વર્ષો પહેલાં મસ્તક નમાવીને તેણે સાંભળેલા શબ્દોની યાદ આજે તાજી થઈ હતી. પથારીમાં પડેલાં માએ પોતાના કૃશ હાથ લંબાવી ઝાંખા અજવાળામાં પથારી પાસે બેઠેલા જોનને ધીમા સ્વરે પૂછયું હતું : ''જોન, જોન, તું અહીં છે ? બેટા !''

''હા, મા. શું જોઈએ છે ?''

''દીકરા, મારું બધું જ હું તારે માટે મૂકીને જાઉં છું ખરી, પણ થોડી જ વાર પછી તું એકલો પડી જઈશ. તું મારી સાથે ખૂબ પ્રેમાળ રીતે વર્ત્યો છે, તેથી હું ખુશી છું. પણ બેટા, મારા જીવનના છેલ્લા સમયને શાંતિથી ભરી દેનાર પ્રભુ ઈસુ પર તું પ્રેમ કરે છે એવું હું જાણી શકું, તો મને વધારે સારું લાગે.''

માની પથારી પાસે તે કેવો શાંત બેસી રહ્યો હતો, તે તેને યાદ આવી ગયું. ''મા, તમે શાંત રહો, તો સારું. ડૉક્ટરે તમને બોલવા માટે મના કરી છે,'' એમ તે બોલી ઊઠયો હતો.

''ના, ના, દીકરા, હું શાંત રહી શકું જ નહિ. મારા ઉદ્ધારનારની સમક્ષ ઊભી રહું, ત્યાં સુધી હું શાંત નહિ રહું. પૃથ્વી પર મારો સમય હવે ઓછો છે. હું ખૂબ ખુશી છું. મનમાં ખૂબ શાંતિ છે. ફક્ત હું એ જ ખાતરીપૂર્વક જાણવા ઇચ્છું છું કે, કોઈક દિવસ તું મને ઉપર સ્વર્ગમાં મળીશ.''

થોડી વાર માટે એ નાના ઓરડામાં શાંતિ પથરાઈ ગઈ. માત્ર મૃત્યુ પામતાં તેનાં માનો જોરથી ચાલતો છેલ્લો શ્વાસ શાંતિનો ભંગ કરતો હતો. થોડીવાર પછી તેનાં માનો ચહેરો પ્રકાશી ઊઠયો. શાંતિભર્યા સ્મિતથી તે કહેવા લાગી : ''જોન, બેટા, જો ! જો ! તેઓ મને લેવા માટે આવે છે. મને કહે, તું મને ત્યાં ઉપર મળશે ને ! ઓહ, કેવું સુંદર દશ્ય ! જોન, મારા દીકરા, તું તે જોઈ શકે છે ?''

ડૂબતો માણસ તરણું પકડી લે, તેમ જોને તેનાં પ્રેમાળ માનો હાથ મજબૂત રીતે પકડી લીધો. માના એ પ્રેમાળ હાથે અનેકવાર તેનાં આંસું લૂછયાં હતાં, અને તેનું દુ:ખ હળવું કર્યું હતું. ધીમા સ્વરે જોન બોલ્યો : ''હા, મા. હું તમને વચન આપું છું, હું તમને ઉપર આકાશમાં મળીશ. મારે તમને મળવું જ જોઈએ ! તમારા

વિના હું રહી શકું જ નહિ.'' માનો હાથ પોતાના હાથમાં લઈને તે બેસી રહ્યો. તેનાં માનો હાથ ધીમે ધીમે ઠંડો પડતો હતો. ધીમે ધીમે રાતનો અંધકાર હઠી ગયો. તેને ખબર પડી કે, તેનાં માનો થાકેલો દેહ ઈશ્વરમાં આરામ પામ્યો છે અને થોડા સમય પછી તેની આંખો આગળથી તેમનું ખોળિયું પણ અળગું થશે.

તેના હૃદયનું દુઃખ ખૂબ જ ઊંડુ હતું, તે ખૂબ જ વ્યથિત અને વ્યગ્ર થઈ ગયો. એકલવાયાપણામાં તે માને આપેલું વચન વીસરી ગયો. સમયના વહેણ સાથે માના મૃત્યુનું દુઃખ અને એકલતા પણ વીસરાઈ ગયાં.

એ બધાં વર્ષો પછી તે પ્રભુમંદિરના ભોંયરામાં સ્ટીમ પાઈપ સમારતો હતો, ત્યારે ગાયકગણના ગાયને માની સ્મૃતિ ઢંઢોળી મૃત માની યાદ તાજી થઈ.

''માની કાકલૂદી સાંભળ, અને ઓ રખડુ દીકરા, ઘેર આવ,''
''માની પ્રેમાળ વાણી સાંભળ, હવે ભટકવું બંધ કર;''
''જાગ્રત તું બન, સ્વર્ગ તરફ તારી આંખો ઊંચી કર,''
''તારાં મા પર પ્રેમ કરતો હો, તો સ્વર્ગમાં તેમને મળ.''

ગીતના શબ્દો સાંભળી જોન માર્લોનો ગર્વ ગળી ગયો. મૃત્યુ પથારી પર પડેલાં માને આપેલા વચનનો ભંગ કરીને તેણે પાપ કર્યું હતું, તે વિષે સભાન બન્યો. એ ધૂળિયા ભોંયરામાં જ તેનાં હથિયારોની પેટી આગળ તે ઘૂંટણે પડયો. વિસરાયેલાં મા સમક્ષ તેણે પોતાનું હૃદય ઠાલવી દીધું. આસપાસ અંધારું છવાઈ ગયું હતું; પણ તેનો આત્મા પ્રકાશિત થયો હતો. તેને ભાન થયું કે, મોડું તો થયું જ છે; પણ હજી બહુ મોડું થઈ ગયું નથી. માને આપેલું વચન તેને યાદ આવ્યું. જૂની સ્ટીમ પાઈપનું સમારકામ તેણે પૂર્ણ કર્યું, ત્યારે તેનું જૂનું - પથ્થરીયું હૃદય પણ બદલાઈને નવું બની ગયું હતું.

બીજે દિવસે - રવિવારે એ જીર્ણ પ્રભુમંદિર ચિક્કાર ભરાઈ ગયું હતું. પાળક સાહેબે હૃદયવેધક સંદેશો આપ્યો હતો : ''જેમ મા પોતાના બાળકને દિલાસો આપે, તેમ હું તમને દિલાસો આપીશ.'' ગાયકગણે ગીત ગાયું :

''તારા માને ઉપર સ્વર્ગમાં મળ.''

છેલ્લા બાંકડા પર બેઠેલા એ પ્લમ્બરે પાળક સાહેબના સંદેશાનો શબ્દેશબ્દ ખૂબ જ ધ્યાનથી સાંભળ્યો હતો. કોઈએ તેની નોંધ લીધી ન હતી. પાળક સાહેબ છેલ્લું આશીર્વચન ઉચ્ચારવા ઊભા થયા. એવામાં સભામાં એકાએક સળવળાટ શરૂ થયો. નીચું માથું ઢાળીને વેદી તરફ જઈ રહેલા એ પ્લમ્બરને લોકો કુતૂહલથી જોઈ રહ્યા.

ધર્મસેવક નવાઈ પામતાં થોભી ગયા. એ માણસ આગળ જઈ સભાજનો તરફ મુખ રાખી ઊભો રહ્યો અને બોલ્યો : ''હા, હું મારા માને ઉપર સ્વર્ગમાં મળવા ઇચ્છું છું. વર્ષો પહેલાં મારાં માને આપેલા વચનનો મેં ભંગ કર્યો છે. ગઈ કાલે રાતે ભોંયરામાં સ્ટીમ પાઈપનું સમારકામ કરતાં કરતાં મેં એ વચન તાજું કર્યું છે. પ્રેમથી ઈશ્વરની સેવા કરનાર મારાં માને હું સ્વર્ગમાં જરૂર મળીશ. ઈશ્વર મને સહાય કરો.''

પ્રભુમંદિરમાં શાંતિ છવાઈ ગઈ હતી. એ માણસ આગલી હરોળમાં બાંકડા પર બેસી ગયો. બંને હાથોમાં મોં છુપાવી તે રડવા લાગ્યો.

તક ઝડપી લઈને પાળક સાહેબે ગળગળા સાદે કહ્યું : ''અહીં બીજાં પણ એવાં દીકરા-દીકરીઓ હશે, જેમણે માને આપેલું વચન તોડયું હશે. તમારાં માને આપેલું વચન તાજું કરતાં તમારાં માના ઈશ્વરની સેવા કરવા ઇચ્છતાં હો, તો વેદી આગળ આવો. ગાયકગણ ગીત ગાશે, તે દરમિયાન આગળ આવો.''

સભાજનોમાં પ્રત્યેકની આંખ ભીની થઈ ગઈ હતી. ભાગ્યે જ કોઈ એવું હશે કે જે રડયું નહિ હોય. જોન માર્લો એકલો જ નહિ, પણ ઘણાં માણસોએ આગળ આવી માને આપેલું વચન તાજું કર્યું. ગાયકગણના શબ્દો સંભળાતા હતા :

''માની પ્રાર્થનાના પ્રત્યત્તરમાં હું ત્યાં મળીશ,
એમ તેમને કહો,''
''ધન્ય તારનાર, આ સંદેશો મારાં માને પાઠવજો.''
''માને કહેજો કે, સ્વર્ગીય આનંદમાં હું તેમનો
સહભાગી થઈશ,''
''મારાં પ્રેમાળ માને કહો કે,
હું ત્યાં ઉપર તેમને મળીશ.''

□

# ૫૬ પડઘમ વગાડનાર ચાર્લી

લશ્કરમાં તબીબી સેવા આપનાર ડૉ. મેક્સ રોજવેલી લશ્કરમાં પડઘમ (ડ્રમ) વગાડનાર ચાર્લી વિષે બહુ રસપ્રદ અને રોમાંચક હકીકતો જણાવે છે :



અમેરિકામાં આંતરવિગ્રહ ચાલતો હતો ત્યારે લશ્કરી હોસ્પિટલમાં સેંકડો ઘવાયેલા સૈનિકોને દાખલ કરવામાં આવ્યા હતા. તેઓમાં એક ઘવાયેલો છોકરો પણ હતો. તેનો એક પગ અને એક હાથ અતિશય ઘવાયા હોવાથી કાપી નાખવા પડે તેમ હતું. ત્રણ માસથી જ તે નોકરીમાં જોડાયો હતો. સૈનિક તરીકે લશ્કરમાં જોડાવા માટે તેની ઉંમર ઘણી નાની હોવાથી તેણે પડઘમ (ડ્રમ) વગાડનાર તરીકે નામ નોંધાવ્યું હતું.

તેના હાથ અને પગ પર ઑપરેશન કરવાની ખૂબ જરૂર હતી. તેને ક્લોરોફોર્મ આપવા માટે સહાયક ડૉક્ટર તેની પાસે ગયા, ત્યારે તેણે માથું ફેરવી લઈ ક્લોરોફોર્મ લેવાની ના પાડી દીધી. ડૉક્ટરે તેને જણાવ્યું કે, તેણે ક્લોરોફોર્મ લેવું જ પડશે, એવો ડૉક્ટરનો હુકમ છે. ત્યારે તેણે મુખ્ય સર્જનને મળવાની ઇચ્છા જણાવી.

સર્જન ડૉક્ટર તેની પાસે ગયા અને કહ્યું : ''જુવાન, તું શા માટે ક્લોરોફોર્મ લેવાની ના પાડે છે ? લડાઈના મેદાન પર તું ખૂબ દૂર પડયો હતો, ત્યારે મને લાગ્યું કે, તને ત્યાંથી અહીં બોલાવવાનો કશો અર્થ નહિ થાય. પણ, તારી આંખ સહેજ ઊઘડી ત્યારે મને તારાં મા યાદ આવ્યાં. ઘેર તારે કોઈ મા હશે ! અને એ તારાં મા તારી કેટલી ચિંતા કરતાં હશે !'' તું લડાઈના મેદાન પર મૃત્યુ પામે એવું હું ઇચ્છતો ન હતો. તેથી તને અહીં લાવવાનો મેં હુકમ કર્યો. તારા શરીરમાંથી ઘણું લોહી વહી જવાથી તારામાં ઘણી નબળાઈ આવી ગઈ છે. ક્લોરોફોર્મ આપ્યા સિવાય ઑપરેશન કરી શકાશે નહિ.

ડૉક્ટરનો હાથ પોતાના હાથમાં લઈને તે બોલ્યો : ''ડૉક્ટર સાહેબ, હું નવ વર્ષની ઉંમરનો હતો, ત્યારે મેં પ્રભુ ઈસુને મારા તારનાર તરીકે સ્વીકાર્યા હતા. પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખવાનું હું

ત્યારથી જ શીખ્યો હતો, અને આ ઘડીએ પણ હું પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખું છું. પ્રભુ ઈસુ જ મારું સામર્થ્ય છે. તમે મારો હાથ અને પગ કાપી નાખશો, ત્યારે પ્રભુ ઈસુ મારી મદદ કરશે. ક્લોરોફોર્મનો માદક પદાર્થ હું નહિ લઉં.''

ડૉ. મેક્સે તે છોકરાને થોડી બ્રાન્ડી લેવા જણાવ્યું. ત્યારે ફરીથી તે ડૉક્ટરને કહેવા લાગ્યો : ''ડૉક્ટર સાહેબ, હું પાંચ વર્ષનો હતો, ત્યારે મારાં મા મારી પાસે ઘૂંટણે પડયાં અને કહેવા લાગ્યાં, 'બેટા ચાર્લી, હું તારા માટે આગ્રહથી પ્રાર્થના કરું છું કે, તું કદી કોઈ કેફી પીણું પીશ નહિ. તારા બાપુજી દારૂની લતને લીધે જ મૃત્યુ પામ્યા. મેં ઈશ્વરને વચન આપ્યું છે કે, તું મોટો થઈને જુવાનોને કેફી પીણા ન પીવા સંબંધી ચેતવણી આપે.' હું હવે સત્તર વર્ષનો થયો છું, પણ ચા-કૉફી સિવાય અન્ય કોઈ પીણું મેં પીધું નથી. હવે હું ઈશ્વરની હજૂરમાં જઈશ તો શું આપ મને બ્રાન્ડી પીવડાવીને અને ક્લોરોફોર્મ આપીને મોકલશો ?''

એ છોકરાનો ચહેરો ડૉક્ટર મેક્સ કદી ભૂલી શક્યા નહિ. એ સમયે તો ડૉ. મેક્સ ઈસુનો તિરસ્કાર કરતા હતા, પણ તે છોકરાના પોતાના તારનાર ઈસુ પ્રત્યેના વિશ્વાસુપણા માટે તેમને માન ઊપજ્યું. જીવનના અંત સમયે પણ તે કેવી રીતે ઈસુ પર પ્રેમ અને વિશ્વાસ રાખતો હતો, તે બાબત તેમના હૃદયને સ્પર્શી ગઈ. તેને લશ્કરના ચેપલેન સાહેબને મળવું છે કે કેમ, તે વિષે ડૉ. મેક્સે તેને પૂછયું, ત્યારે તેણે 'હા સાહેબ' કહી હકારમાં જવાબ આપ્યો.

ચેપલેન સાહેબ તેની મુલાકાતે આવ્યા, અને તેને તરત ઓળખી લીધો. તે છોકરો સૈનિકોની પ્રાર્થના સંગતમાં નિયમિત ભાગ લેતો હોવાથી ચેપલેન સાહેબ તેનાથી પરિચિત હતા. ચાર્લીનો હાથ પોતાના હાથમાં લઈ તે બોલ્યા : ''ચાર્લી, તને આવી દુઃખજનક સ્થિતિમાં જોઈને મને ઘણું દુઃખ થાય છે.''

''સાહેબ, મને સારું છે, પણ મારા તારનાર મને તેમની પાસે બોલાવી લે, તો હું સંપૂર્ણ સ્વસ્થ રીતે તેમની પાસે જવા તૈયાર છું,'' ચાર્લીએ કહ્યું.

''ચાર્લી, કદાચ તું મરી નહિ જાય, પણ જો ઈશ્વર તને બોલાવી લે, તો તારા મૃત્યુ બાદ હું તારા માટે તારા માને શું કહું ?'' ચેપલેન સાહેબ બોલ્યા.

આનંદથી ચાર્લી બોલ્યો : ''સાહેબ, મારા તકિયા નીચેથી મારું નાનું બાઈબલ કાઢો. મારાં માનું સરનામું તેમાં છે. મારાં મા પર તે બાઈબલ મોકલજો અને સાથે પત્ર લઈને જણાવજો કે, ઘર છોડયું ત્યારથી દરરોજ મેં બાઈબલ વાંચ્યું છે, અને મારાં વહાલાં માને ઈશ્વર આશીર્વાદ દે એવી પ્રાર્થના દરરોજ કરી છે. હા, લશ્કરમાં કૂચ કરતી વખતે, કે યુદ્ધના મેદાનમાં કે હોસ્પિટલમાં હોઉં તો પણ મેં દરરોજ બાઈબલ વાંચીને પ્રાર્થના કરી છે.''

આ પછી ચાર્લી ડૉક્ટર તરફ ફર્યો, અને બોલ્યો : ''ડૉક્ટર સાહેબ, હું ઑપરેશન માટે તૈયાર છું. પણ આપ મને ક્લોરોફોર્મ આપશો નહિ. ક્લોરોફોર્મ પણ ઘેન લાવનાર માદક પદાર્થ જ છે ને ! હું તે નહિ લઉં. મેં મારાં માને વચન આપ્યું છે. હું બૂમ પાડીશ નહિ. હા, હું જરા પણ અવાજ કરીશ નહિ. સીસકારો પણ ભરીશ નહિ. ડૉક્ટરે તેને વચન આપ્યું પણ ક્લોરોફોર્મ આપ્યા વિના ઑપરેશન કરવાની ડૉક્ટરની માનસિક તૈયારી નહોતી. તેથી તે થોડી વાર માટે બીજા રૂમમાં ગયા. ઉત્તેજિત કરનારું થોડું પીણું લીધું. પછી મન દૃઢ કરીને પાછા આવ્યા.''

ડૉક્ટરે ચાર્લીને કપાયેલો હાથ છૂટો કરવા એના સ્નાયુઓનું માંસ કાપવા માંડયું. પણ ચાર્લીએ ચિત્કાર સરખો પણ કર્યો નહિ. પણ કરવત વડે ડૉક્ટરે હાથ-પગનું હાડકું કાપવા માંડયું, ત્યારે તેના તકિયાનો ખૂણો મોમાં મૂકીને, દબાવીને તે બોલ્યો, ''ઓ પ્રભુ

ઈસુ, તમે મારી પાસે જ રહો.'' ચાર્લીએ શાંત રહેવા માટેનું પોતાનું વચન પાળ્યું હતું.

ડૉક્ટર તે રાતે ઊંઘી શક્યા નહિ. ચાર્લીની આસમાની આંખો તેમની નજર સમક્ષ આવ્યા કરતી હતી અને ચાર્લીના શબ્દો : ''ઓ પ્રભુ ઈસુ, તમે મારી પાસે જ રહો.'' તેમના કાનમાં સંભળાયા કરતા હતા. મધરાત પછી ડૉક્ટર હોસ્પિટલે ગયા. આમ તો ખાસ કેસમાં બોલાવવામાં આવે, તો જ જતા. પણ આજે ચાર્લીને જોવા માટે તે જાતે જ હોસ્પિટલે ગયા. ઘવાયેલા અન્ય સોળ સૈનિકો મરણ પામ્યા હતા, એમ તેમને જણાવવામાં આવ્યું. ચાર્લી સંબંધી પૂછપરછ કરતાં ''તે તો બાળકની માફક ઘસઘસાટ ઊંઘતો હતો,'' તેમ જાણવા મળ્યું.

તે પછી ડૉક્ટર મેક્સ ચાર્લીના બિછાના પાસે ગયા. ફરજ પરનાં એક નર્સ બહેને ડૉક્ટરને જણાવ્યું કે, વાય.એમ.સી.એ.ના કેટલાક સભ્યો ચેપલેન સાહેબ સાથે ચાર્લીની ખબર કાઢવા આવ્યા હતા. તેઓએ ચાર્લીની પથારી પાસે બાઈબલવાચન કર્યું અને આગ્રહભરી પ્રાર્થના કરી. ત્યાર બાદ 'ઈસુ મુજ આત્માના વ્હાલ' એ ગીત ગાયું. ચાર્લી પણ તેમની સાથે ગીત ગાવામાં જોડાયો, ઑપરેશનનું અસહ્ય દુઃખ અને શરીરમાં ભારે યાતના હોવા છતાં ચાર્લીને ગાતો સાંભળનાર સર્વ અજાયબ થઈ ગયાં.

ચાર્લીનું ઑપરેશન થયાને હવે પાંચ દિવસ થઈ ગયા હતા. તેણે ડૉક્ટર મેક્સને બોલાવ્યા અને કહ્યું, ''ડૉક્ટર સાહેબ, મારો સમય હવે પૂરો થઈ ગયો છે. બીજા દિવસની સવાર જોવા માટે હું આશા રાખતો નથી. હું ઈશ્વરનો આભાર માનું છું. કારણ, હું મૃત્યુ માટે તૈયાર છું. મારા મૃત્યુ પહેલાં હું મારા ખરા હૃદયથી આપની ભલાઈ માટે આભાર માનું છું. આપ યહૂદી છો, અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતા નથી. આપ મારા મૃત્યુ સમયે મારી પાસે ઊભા

રહેશો ? મારા તારનાર પર વિશ્વાસ રાખતાં હું મૃત્યુ પામું એ મારા જીવનની છેલ્લી ક્ષણ આપ જોઈ શકો તો કેવું સારું ?''

જે ઈસુને ધિક્કારવાનું મને શીખવવામાં આવ્યું હતું, તે ઈસુના પ્રેમમાં આનંદ કરતાં કરતાં મરી રહેલા ખ્રિસ્તી છોકરાને જોવાની મારામાં હિંમત જ ન હતી; તેથી હું જલ્દી જલ્દી એ ઓરડામાંથી નીકળી ગયો. મારા ઓરડામાં જઈ મારા હાથો મેજ પર ટેકવી મારું મોં તેમાં દબાવી રાખ્યું. એવામાં એક કર્મચારીએ આવીને મને કહ્યું : ''ડૉક્ટર સાહેબ, ચાર્લી આપને મળવા માગે છે.'' મેં કહ્યું, હું થોડી વાર પર જ તેને મળ્યો છું. હું હવે ફરી એને મળી શકીશ નહી. પણ કર્મચારીએ કહ્યું : ''ચાર્લીનું કહેવું છે કે, હું મરી જાઉં, ત્યાર પહેલાં મારે ડૉક્ટર સાહેબને મળવું જ છે.'' એટલે ડૉક્ટર ચાર્લી પાસે ગયા.

ચાર્લીએ ડૉક્ટર સાહેબને કહ્યું : ''સાહેબ, આપ યહૂદી છો, તેથી હું આપના પર ખૂબ પ્રેમ રાખું છું. દુનિયામાં મારા સર્વ-શ્રેષ્ઠ મિત્ર ઈસુ યહૂદી હતા. મારા મૃત્યુ પહેલાં હું આપને ઈસુની ઓળખ કરાવવા ઇચ્છું છું. પાંચ દિવસો પહેલાં આપે મારું ઑપરેશન કર્યું, ત્યારે મેં આપના ઉદ્ધાર માટે આગ્રહથી પ્રાર્થના કરી છે.''

આ પછી એક ખ્રિસ્તી હજામે પણ ડૉક્ટર મેક્સની સાથે પ્રભુ ઈસુ વિષે વાત કરી. દિવસો વીતતા ગયા, તેમ ડૉક્ટર મેક્સ પ્રભુ ઈસુ વિષે વધુ ને વધુ ચિંતન કરતા ગયા. એક રાતે વૉશિંગ્ટનના એક પ્રભુમંદિરની ભજનસેવામાં તેમણે ભાગ લીધો, અને તે રાતે તેમણે પ્રભુ ઈસુનો તારનાર તરીકે સ્વીકાર કર્યો. આમ, એક યહૂદી ડૉક્ટરે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો તે પેલા યુવાન ચાર્લીની ખ્રિસ્તી સાક્ષીને લીધે બન્યું અને ચાર્લીનું અર્પિત જીવન તેનાં પ્રાર્થના પરાયણ માને આભારી હતું. એક પ્રાર્થના પરાયણ માના જીવનની અસરોને લીધે કેવી આશીર્વાદિત સેવા થઈ શકી !

ડૉ. મેક્સના જીવનનું બદલાણ ઈશ્વરકૃપાએ થયું. તે પછી આશરે અઢાર માસ પછી રાતની એક પ્રાર્થના સભામાં તે હાજર

હતા. એક વૃદ્ધ બહેને લોકોને સંબોધતાં કહ્યું : ''વહાલાં મિત્રો, આજે તમારી સાથેની કદાચ આ મારી છેલ્લી મુલાકાત હોય. મારાં બન્ને ફેફસાં ખલાસ થઈ ગયાં છે. તેથી તમારી સાથે હું થોડોક જ સમય ગાળી શકીશ. થોડા સમય પછી હું મારા દીકરાને ઈસુની સાથે સ્વર્ગમાં મળીશ, એ કેવી આનંદભરી વાત છે !

''મારો દીકરો દેશને માટે લશ્કરનો જ માત્ર સૈનિક ન હતો, પણ ખ્રિસ્તને માટે પણ સૈનિક હતો. લડાઈના મોરચે તે ઘવાયો અને એક યહૂદી ડૉક્ટરના હાથની સેવા માટે તે ગયો. મારા પર એક પત્ર આવ્યો તેમાં મારા દીકરા ચાર્લીએ લખ્યું છે કે, તેના જીવનની અંતિમ પળોમાં ડૉક્ટરને બોલાવીને કહ્યું : ડૉક્ટર સાહેબ, હું મૃત્યુ પામું તે પહેલાં હું આપને જણાવવા માગું છું. પાંચ દિવસ પહેલાં આપે મારા હાથ અને પગ પર ઑપરેશન કર્યું, ત્યારે મેં આપને માટે પ્રાર્થના કરી હતી કે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપના આત્માનો ઉદ્ધાર કરે.''

એ વૃદ્ધ બાનુના શબ્દો સાંભળીને હું ઊઠીને તેમની પાસે ગયો અને કહ્યું : ''માજી, ઈશ્વરપિતા તમને આશીર્વાદ આપો. તમારા દીકરાની પ્રાર્થના ઈશ્વરે સાંભળી છે, અને જવાબ આપ્યો છે. તમારા દીકરા ચાર્લીએ જે યહૂદી ડૉક્ટર માટે પ્રાર્થના કરી તે હું જ છું. ચાર્લીના તારનાર હવે મારા પણ તારનાર છે.''

આ સાંભળીને પ્રાર્થના મીટીંગમાં ભાગ લેતાં સહુ આભારસ્તુતિ કરવા લાગ્યાં. એ પડઘમ વગાડનાર મૃત્યુ પામતા ચાર્લીને ખ્રિસ્તના એક વિરોધી પ્રત્યે પ્રભુ ઈસુનો ક્ષમાવાન પ્રેમ દર્શાવવાનું અજાયબ સામર્થ્ય મળ્યું હતું. ચાર્લી અને તેની માના પ્રભુ ઈસુ પરના પ્રેમનું કેવું અજાયબ પરિણામ !

□

## ૫૭ દારૂની ટેવમાંથી પ્રાર્થનાના પરાક્રમે મુક્તિ

હું સીરાક્યુસમાં એમ.એ. જર્નાલીઝમ પૂરું કરીને શિકાગોના એવેનસ્ટનમાં ગેરેટ બિબ્લીકલ ઇન્સ્ટીટ્યૂટમાં ગ્રીક, હિબ્રૂ તથા આર્કીઓલોજીનો અભ્યાસ કરવા ગયો. ભારતના બિશપ લાન્સ પણ મારી સાથે હતા, અમે બંને પાસે પાસેની રૂમમાં રહેતા હતા.

એક દિવસ હું એમને લઈને શિકાગોમાં પેસિફિક ગાર્ડન મિશનમાં ગયો. આ મિશન દારૂડીઆઓ મધ્યે કામ કરતું હતું. તેમને રહેવાની, જમવાની અને તેની સાથે પ્રભુનાં વચનોની સેવા પણ આપતા હતા. આ રીતે દારૂડીઆઓ મધ્યે ગજબની સેવા કરતા હતા. મેં તેમને મારી સેવાની સોંપણી કરી અને કહ્યું કે જ્યારે જ્યારે મારે રજા હશે ત્યારે હું તમારા મિશનમાં સેવા કરવા આવીશ અને મને જે કાંઈ સેવા સોંપશો તે હું કરીશ.

તે સાંજે તેઓએ મને એક દારૂડીઆ સાથે ફરવાની અને આ દારૂડીઓ પોતાની વસ્તુઓ વેચી મારી દારૂ ન પીએ તેનું ધ્યાન રાખવાની જવાબદારી સોંપી. તે રાત્રે દશ કલાક સુધી હું તેની સાથે ફર્યો.

બીજા એક શનિવારે હું પેસિફિક ગાર્ડન મિશનમાં ગયો. તે સાંજે તેમણે મને એક ટોમ નામના જુવાનની સોંપણી કરી. મારે તેની સાથે રહીને ધ્યાન રાખવાનું હતું કે તે તેની વસ્તુઓ વેચી મારીને દારૂ ન પીએ, કોઈની સાથે ઝગડા કરી ન બેસે કે બીજે જતો ન રહે.

ટોમ આમ તો સારા સ્વભાવનો અને ખાનદાન કુટુંબનો હતો પરંતુ બીજાઓની સોબતે તે દારૂ પીવાની ટેવમાં સપડાયો હતો. તે આખો દિવસ હું તેની સાથે ફર્યો અને ઢળતી સંધ્યા સમયે હું તેની

સાથે તેના ઘરે ગયો. તેના ઘરમાં તેનાં મા બહુ પ્રાર્થનાપરાયણ હતાં. ઘરડાં દાદીમાં પણ ખૂબ જ પ્રાર્થનાવાદી હતાં. તેને જેરી નામનો નાનો ભાઈ પણ હતો, તેમણે બધાંએ મારો આવકાર કર્યો અને ટોમની સંભાળ બદલ ખૂબ જ આભાર માન્યો. ટોમ દારૂની ટેવમાંથી છૂટે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે તેને માટે તેનાં દાદીમા, મા તથા નાનો ભાઈ ખૂબ જ આગ્રહથી રૂદન સાથે પ્રાર્થના કરતાં હતાં.

ટોમે મને એક રવિવારે તેના ઘરે આમંત્રણ આપ્યું. દારૂની ટેવમાંથી પ્રભુએ તેને મુક્ત કર્યો તેની આભાર સ્તુતિમાં આ જમણ રાખવામાં આવ્યું હતું. પેસિફિક મિશનના સુપ્રિન્ટેન્ડેન્ટ તેમ જ મને પણ આમંત્રણ આપેલું. તે દિવસે અમે ખૂબ જ આનંદ કર્યો. પ્રભુનો આભાર માન્યો અને સાથે સાથે જમ્યાં. દાદીમા તેમ જ ટોમની માની આંખોમાંથી હર્ષનાં આંસુ વહે જ જતાં હતાં. કારણ કે પ્રભુએ તેમની પ્રાર્થનાઓ સાંભળી અને ટોમે દારૂની લતમાંથી છૂટી પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો.

થોડા સમય પછી તેણે મને તેના ઘરે ચા-પાણી માટે આમંત્રણ આપ્યું. હું તેના ઘરે ગયો ત્યારે ત્યાં મેં પંદર સોળ જુવાનોને તેની સાથે દીઠા. ટોમની સેવાના પરિણામે આ બધા જુવાનો દારૂની બદીમાંથી મુક્ત થયા હતા. ત્યારબાદ પ્રભુ ટોમને અનેક રીતે વાપરતા હતા. હું અમેરિકાથી અમદાવાદ પાછો ફર્યો ત્યારબાદ પણ તેનો મારી સાથે પત્રવ્યવહાર ચાલુ હતો. આજસુધી અમે તેને માટે પ્રાર્થના કરીએ છીએ.

□

## ૫૮ માતાની આગ્રહભરી પ્રાર્થના અને ચેપલેઈનની કર્તવ્યનિષ્ઠા

૧૯૪૧ની સાલમાં હું નડિયાદ મેથોડિસ્ટ હોસ્પિટલનો ચેપ્લેઈન હતો. સ્ટાફની બધી વ્યક્તિઓના આત્માઓની હું ચેપ્લેઈન તરીકે બહુ જ કાળજી રાખતો હતો. અવારનવાર તેમનાં માબાપ પર પણ પત્ર લખતો હતો.

એ સમયે લિલિયન નામની એક નર્સ બહેન હતી. તેના આત્મા સંબંધી હું વારંવાર વાત કરતો હતો.તેની મા વારંવાર મને તેની દીકરી વિષે લખતી અને એ મા તેની દીકરી લિલિયન માટે આગ્રહથી પ્રાર્થના કરતી હતી કે તે પોતાનું જીવન પ્રભુ ઈસુને સોંપે.

એક દિવસ ચારેક વાગે ચાની રિસેસ પડી ત્યારે લિલિયનબહેન નર્સ તેની ઓરડીમાં ચા બનાવવા માટે ગઈ. પરંતુ એકાએક સ્ટવની ઝાળમાં તેની સાડી સળગી ઊઠી અને તે સખત રીતે બળી ગઈ. તેને દવાખાનાની સ્પેશ્યલ ઓરડીમાં રાખવામાં આવી.

મિસ ક્રેકનલ નર્સીંગ સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે હતાં, તેમની પરવાનગી લઈને હું લિલિયનબહેનને મળવા ગયો. મિસ ક્રેકનેલ મને આગ્રહથી ના પાડતાં હતાં કે તે બહુ જ સીરીયસ છે માટે ના જશો.

પરંતુ મેં જણાવ્યું કે હું તેના આત્મા માટે જવાબદાર છું માટે મારે જવું જ પડશે. અને હું બહેન નર્સ લિલિયનની રૂમમાં ગયો અને મેં કહ્યું કે મેં તમારી સાથે તમારા આત્માને પ્રભુ ઈસુ ખ્રિસ્તને સોંપવા વારંવાર વિનંતિ કરી છે. તમારાં મા પણ તમારા માટે દરરોજ આગ્રહથી પ્રાર્થના કરતાં રહે છે તો શું તમે તમારું દિલ પ્રભુ ઈસુ ખ્રિસ્તને સોંપ્યું છે. એ બહેનની બંને આખોમાંથી દડદડ

આંસુ નીકળી પડયાં. એટલે હું સમજ્યો કે હજુ તેમણે તેમનું દિલ પ્રભુ ઈસુને સોંપ્યું નથી. મેં તેમને સમજાવતાં કહ્યું કે લિલિયનબહેન તમે તો નર્સ છો અને જાણો છો કે તમો બહુ થોડા કલાકનાં મહેમાન આ પૃથ્વી પર છો. તમારામાં જીવ છે ત્યાં સુધી તમે પ્રભુને સોંપણી કરી શકો છો અને પ્રભુ તમારું સાંભળશે. મૃત્યુની નજીક છો છતાં પણ પ્રભુ તમારો નકાર નહિ કરે માટે તમો તમારાં પાપોની માફી માટે તથા તમારા આત્માનો સ્વીકાર કરવા પ્રભુને વિનંતી કરો અને પ્રભુ તમને જરૂરથી પાપની માફી બક્ષશે અને તેમની દીકરી તરીકે તમને સ્વીકારી લેશે માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તને સોંપાઓ જેથી તમારો આત્મા સદાકાળને માટે પારાદૈસમાં જાય.

અને હું જોતો હતો એવામાં જ તેમના બંને હોઠોના ખૂણા ઊંચા થયા અને તેમની આંખોમાં અનેરો ચમકાર જોઈ શક્યો એટલે હું સમજી શક્યો કે તેમણે તેમના જીવનની સોંપણી પ્રભુ ઈસુ ખ્રિસ્તને કરી દીધી છે. એમ સંતોષ માનીને હું રૂમની બહાર નીકળી ગયો જેથી મારે તેમનું મૃત્યુ જોવાનું ન થાય.

હું બહાર નીકળ્યો ને તરત જ સાંભળ્યું કે તે મરી ગયાં. પરંતુ હૃદયમાં પુષ્કળ આનંદ હતો કે લિલિયને પોતાના આત્માની સોંપણી પ્રંભુ ઈસુ ખ્રિસ્તને કરી દીધી. એમ તેનાં માની પ્રાર્થના સાંભળવામાં આવી.

□

## ૫૯ મા તથા અન્યની પ્રાર્થનાનું દીકરી માટે પરાક્રમ

સને ૧૯૬૧ની આસપાસ હું એક ચર્ચ પર પાળક તરીકે સેવા બજાવતો હતો. તે સમયે એક બહેનની દીકરીને તેનાં સાસુ અને પતિએ કાઢી મૂકેલી અને ઘણો સમય પસાર થવા છતાં તેને તેડાવતાં નહોતાં.

છોકરીની માએ મને વાત કરી. મેં તેમને જણાવ્યું કે, તમે અને કુટુંબનાં બીજાં બધાં આગ્રહથી તેના માટે પ્રાર્થના કરવાનું ચાલુ કરો, અને હું રસ્તો કાઢવા પ્રયત્ન કરીશ.

તે પછી મેં પેલા પતિ, તથા સાસુ પર પત્ર લખ્યો અને જણાવ્યું કે, હું ફલાણી તારીખે ટ્રેનમાં છોકરીને લઈને આવીશ. તમે કંસાર બનાવશો. હું પાળક જાતે લઈને આવું છું.

માની તથા બીજાં સગાંવહાલાંઓની પ્રાર્થના ચાલુ હતી. અને હું છોકરીને લઈને ઠરાવેલા દિવસે મારે પોતાને ખર્ચે છોકરીની સાસરીમાં ગયો. મારા કહ્યા પ્રમાણે તેમણે કંસાર બનાવ્યો. મેં છોકરી સોંપી ને તેમણે સ્વીકારીને આભાર માન્યો. આ પછી તેમનો સંસાર ઘણી સારી રીતે ચાલ્યો છે.

આ પ્રાર્થનાનું પરિણામ છે.

☐

## ૬૦ પ્રાર્થનાના બળથી ખ્રિસ્તી દીકરીની પરધર્મી ઘરમાંથી મુક્તિ

આ સમયે હું નડિયાદમાં કૂવાવાળા ફળિયામાં પ્રથમ ઘરમાં રહેતો હતો. ગુજરાતમાં મેથોડિસ્ટ મિશનની શાળાઓ તપાસવાનું મારું કામ હતું. આ કામમાં હું અમદાવાદની એક સ્કૂલમાં પણ જતો હતો. સ્કૂલના મકાનની પાછળ બે પઠાણ ભાઈઓ રહેતા હતા. આ બંને ઝગડે ત્યારે સામસામે ખુરશીઓ કે બીજાં સાધન જે હાથમાં આવે તે ફેંકીને લડતા હતા તેવા તેજ મીજાજી હતા. આમાંના એક પઠાણે આપણી ખ્રિસ્તી દીકરીને પત્ની તરીકે રાખી હતી. તેની મને જાણ થઈ. ત્યારથી ઘણું દુઃખ થયા કરતું હતું. છોકરીનાં માબાપ કેટલીયવાર મારે ઘરે આવીને રડતાં રડતાં વિનંતી કરતાં કે અમારી દીકરીને પઠાણના ઘરમાંથી છોડાવશો તો તમારો બહુ જ આભાર માનીશું. મેં તેમને કહ્યું કે તમે તમારી છોકરી સાચવી નથી અને પઠાણના હાથમાંથી છોડાવવી તે ઘણું કપરું અને જોખમી કામ છે. પરંતુ તમે બંને માબાપ દરરોજ આગ્રહથી દીકરી માટે પ્રાર્થના કરો તેમ જ રવિવારે ઉપવાસ સહિત પ્રાર્થના કરો તો જ હું વચ્ચે પડું. વળી મારા માટે પણ મોટું જોખમ છે તેથી મારા માટે પણ પ્રાર્થના ચાલુ રાખશો. એમના પત્રો અવારનવાર આવતા કે તમારા જણાવ્યા પ્રમાણે અમારી પ્રાર્થનાઓ સતત ચાલુ જ છે. પ્રભુ તમને આ કામમાં સફળતા બક્ષો એવી અમારી પ્રાર્થના છે. તમો દીકરીને છોડાવશો તો કદી ઉપકાર નહિ ભૂલીએ.

ત્યારબાદ એકવાર હું સ્કૂલ તપાસણી માટે અમદાવાદ ગયો ત્યારે પ્રાર્થના કરીને પેલા પઠાણના ઘરમાં ગયો, અને પઠાણને સલામ કરીને કહ્યું કે મને ઓળખો છો ? તેમણે જણાવ્યું કે હા, હું તમને ઓળખું છું તમો પાદરી સાહેબ છો અને અવારનવાર સ્કૂલ

તપાસવા આવો છો. અને સારો બોધ આપો છો એ પરથી હું તમને માનથી નિહાળું છું.

મેં પઠાણને જણાવ્યું કે હું આપની પાસે એક કામથી આવ્યો છું. તમારા ઘરમાં અમારી ખ્રિસ્તીકોમની એક છોકરી રાખી છે તેને છોડાવવા માટે આવ્યો છું ને મારી આગ્રહભરી વિનંતી છે કે તે છોકરીને મને સોંપી દો. પઠાણે મને જણાવ્યું કે પાદરી સાહેબ પઠાણ સાથે વેર બાંધવું તે ખૂબ કપરું કામ છે. મેં કહ્યું કે હું જાણું છું તેથી મારી પ્રાર્થના અને આગ્રહભરી વિનંતિ ચાલુ જ છે. તમે તે છોકરીને મારા હાથમાં સોંપી દો. હું પ્રાર્થના સહિત અહીં આવ્યો છું. પછી પઠાણ ઘરમાં જઈને રસોડામાંથી પેલી છોકરીને બહાર ખેંચી લાવ્યો અને છોકરીનો હાથ મારા હાથમાં સોંપીને કહ્યું કે, આ તમારા પાદરી સાહેબ તને લેવા માટે આવ્યા છે ને હું તેમને સોંપી દઉં છું. છોકરી મારા પગોમાં પડીને આભાર માનવા લાગી. હું છોકરીને લઈને બહાર નીકળી ગયો અને અમે બંને જણા રીક્ષામાં બેસીને છોકરીનાં માબાપને ત્યાં ગયાં અને છોકરીને તેનાં માબાપને સોંપી દીધી. પ્રભુએ માબાપની આંસુભરી પ્રાર્થનાઓ સાંભળી અને અમે બધાંએ પ્રભુનો ખૂબ આભાર માન્યો.

□

## ૬૧ એક માની પ્રાર્થનાઓ અને બાળક માટેના પ્રાર્થના ગીતની તેના પેટમાંના ગર્ભસ્થ બાળક ઉપર કેવી અજાયબ પવિત્ર અસરો પડી.

આ બહેનને બાળક ગર્ભે રહ્યું ત્યારથી પોતાના ઘરની આસપાસની ઝાડીમાં જઈને તે બેસીને પોતાના પેટમાંના બાળક માટે પ્રાર્થના કરતી હતી. તે પ્રાર્થના કરતી હતી કે તેના પેટમાંનું બાળક પ્રભુનું બાળક બને એમ પ્રાર્થના કરતી હતી. પોતાનું બાળક જાણે સાંભળતું જ હોય તેમ પેટ ઉપર હાથ ફેરવતી અને પંપાળીને તે મધુર રાગે ગીત ગાતી હતી.

વિજ્ઞાનીઓ કહે છે કે પેટમાંનું બાળક આસપાસનું વાતાવરણ પારખી શકે છે અને બધા જ અવાજો તે સાંભળે છે. બાઇબલમાં આપ્યું છે કે જેમ પ્રભુ ઈસુની મા મરિયમ એલીસાબેતને મળવા ગયાં ત્યારે એલીસાબેતના પેટમાંનું બાળક કૂદી ઊઠયું (નાચી ઊઠયું)

પછી પેલાં બહેનને બાળક જન્મ્યો. જ્યારે બાળક હઠ કરે, રડે કે તોફાન કરે ત્યારે મા પેલું જ મધુર અવાજે ગીત ગાતી હતી અને તે સાંભળીને બાળક શાંત અને પ્રેમાળ બની જતું હતું.

એ પછી પણ બાળક અન્ય બાળકો જોડે ઝગડો થયો હોય તથા શાળામાં અથડામણ થઈ હોય ત્યારે નિરાશ અને ચિંતીત ચહેરે ઘરે આવે ત્યારે મા તેના માથા પર તથા ખભા પર પ્રેમથી હાથ ફેરવીને પેલું જ ગીત મધુર અવાજે ગાતી હતી. ત્યારે બાળક શાંત અને પ્રેમાળ બની જતું હતું. તે બાળક પ્રભુનો સેવક બન્યો. તે પુષ્કળ પ્રેમાળ અને આત્મિક બની જતો. તેની સેવાઓ બહુ જ આશીર્વાદિત બની.

ભાવિ માતાઓ આ વાત મનમાં સંઘરી રાખે અને તેનું

અનુકરણ કરે તો કેવું સારું. પૃથ્વી પરના લડાઈ, ઝગડા ઓછા થઈ જાય અને કુટુંબમાં અને મંડળીમાં, સમાજમાં શાંતિ અને પ્રેમનું વાતાવરણ સ્થપાય અને પ્રભુની કૃપા પામે.

□

## ૬૨ માતાપિતાની અને સગાંસ્નેહીઓની પ્રાર્થનાથી કુટુંબનું રચાયેલું અજાયબ કૌટુંબિક ક્વાયર

હું અમેરિકામાં સીરાક્યુસ યુનિવર્સીટીમાં ભણતો હતો ત્યારે એક મારો મિત્ર લુબાસ લાઉકી હતો. તે પોતે તો પોલેન્ડનો વતની હતો પણ અમેરિકન સીટીઝીનશીપ મેળવી હતી. લુબાસ અને તેમની પત્ની મિલ્ડ્રેડ ઘણાં જ ધાર્મિક હતાં. સીસ્ટર મિલ્ડ્રેડનાં બહેન પણ બોમ્બે તરફ મીશનેરી તરીકે કામ કરતાં હતાં. કુટુંબમાં બધાં જ બહુ જ પ્રાર્થનાવાદી અને પ્રભુને સંપૂર્ણ રીતે અર્પિત હતાં.

લુબાસ અને મિલ્ડ્રેડને ત્યાં પહેલું જોડકું (ટ્વીન્સ) જન્મ્યું. જેમ્સ અને સુઝાન. બીજું પણ જોડકું જનમ્યું. એમ કુલે ચાર જોડકાં જન્મ્યાં. આ બાળકોને માટે માબાપ અને માસી અને સગાંસ્નેહી બહુ જ પ્રાર્થના કરતાં હતાં કે આ બાળકો મોટાં થઈને પ્રભુની સેવા કરે. આ તેમની પ્રાર્થનામાં હું ઘણીવાર જોડાતો હતો. અમે એમની મોટરકારમાં બહાર નીકળ્યાં હોઈએ તો રસ્તામાં ઊભી જ રાખે અમે પ્રાર્થનામાં નમીએ અને અચુક પ્રાર્થના કરતાં કે "પ્રભુ આ બાળકોને તમને અર્પિત બનાવો અને મોટાં થઈને તમારી જ સેવા કરે." આ આઠે બાળકો મ્યુઝિકના કોઈપણ એક વાજીંત્રમાં નિપૂણ હોય. આ કુટુંબમાં એક આખું ક્વાયર જ બની ગયું હતું. મી. લુબાસ પોતે ગીતો બનાવતા હતા. આ બધાં જ બાળકોએ સુવાર્તા માટે ગ્રામોફોન રેકર્ડઝ અને કેસેટો બનાવી હતી. અને આમ તો કૌટુંબિક ક્વાયર મારફતે આખા સ્ટેટમાં અને આખા દેશમાં અજાયબ જેવો પ્રભુનો મહિમા થતો રહ્યો છે. આજે આ પ્રત્યેક બાળકો જુદા જુદા દેશોમાં મીશનેરી કાર્ય કરે છે. તેઓ બધાં જ પ્રભુને અર્પિત છે. તેઓના પત્રો આવે છે ત્યારે મને અંકલ કહીને બધા આત્મિક આશીર્વાદો ઠાલવે છે. આ તો માબાપની

પ્રાર્થનાઓ અને માસીની પ્રાર્થનાઓ અને મારા જેવા મિત્ર અને ઘણા બધા મિત્રોની પ્રાર્થનાઓનું અજાયબ પરિણામ છે.

□

## ૬૩ તિતસની લૂંટારાઓની ટોળકીમાંથી મુક્તિ

ઝબદીનો દીકરો અને યાકૂબનો ભાઈ યોહાન જે પ્રભુનો ઈસુનો શિષ્ય હતો તે યરુશાલેમ છોડીને પોતાના ગામ એફેસસમાં રહેવા ગયા. તે એફેસસનો પાળક હતો, પ્રભુ ઈસુએ તેને પોતાની મા મરિયમની સોંપણી કરી હતી. તેથી માતા મરિયમને પણ સાથે એફેસસમાં લઈ ગયો. ત્યાં તે એક જુવાનને પ્રભુ ઈસુ પાસે લાવ્યો હતો તેનું નામ તિતસ હતું જે પ્રભુને અર્પિત થયેલો હતો.

થોડા વર્ષો પછી યોહાન બીજાં ગામોમાં સુવાર્તાપ્રચાર માટે જવાનો હતો ત્યારે તેણે પોતાના પાલક પુત્ર તિતસની સોંપણી અંત્યોખના બિશપને કરી અને યોહાને બિશપને કહ્યું કે આ મારા પાલક પુત્રને સાચવજો. અને પ્રભુના જ્ઞાનમાં તેમ જ સેવામાં આગળ વધારજો. હું પાછો આવું ત્યારે તમારી પાસેથી હું તિતસને માગી લઈશ. આ બાદ યોહાન સુવાર્તા પ્રચાર માટે નીકળી ગયો. પરંતુ આ બાજુ શેતાને તિતસને પોતાની તરફ આકર્ષ્યો અને તિતસ ત્યાંથી નીકળી શેતાની પરીક્ષણમાં ચોર લૂંટારાઓનો આગેવાન બન્યો.

થોડા વર્ષો બાદ જ્યારે યોહાન પાછો આવ્યો ત્યારે બિશપ પાસે જઈ તિતસની માગણી કરી પરંતુ બિશપે દુઃખ સાથે જણાવ્યું કે તે તો અહીંથી નાસી જંગલોમાં જતો રહ્યો છે અને લૂંટારાઓનો આગેવાન બન્યો છે. યોહાન તો ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડયો. ઘરે ગયા બાદ પણ તે ખૂબ જ રડયો અને તિતસ માટે આંસુ સહિત પ્રાર્થનાઓ કરી પછી જમ્યા વગર જ જંગલ તરફ ચાલી નીકળ્યો. જંગલમાં રડતાં રડતાં તે બૂમો પાડતો હતો. દીકરા તિતસ તું ક્યાં છે. હું તારા સિવાય જમતો નથી. તું પ્રભુ ઈસુની પાસે પાછો આવ.

## નવલિકા

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | ક્વો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઇશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| ૧૫ | મારુ ઋણ | ૧૨-૦૦ |

## કોમેન્ટરી

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય ધ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૮ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૯ | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૦ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૧ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૨ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૧૪ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઇસુખ્રિસ્ત | ૨૫-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઇઝરાયેલ અને બાઇબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |

# ANEK MANI ASUBHARI PRARTHNANA PARINAM

By Rev. Dr. Jayanand I. Chauhan
Smt. Jaywantiben J. Chauhan



રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક

Published and Distributed by:
GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in

પાલક પિતાનું રૂદન અને બૂમો સાંભળીને તિતસ દોડતો દોડતો પાછો આવ્યો અને યોહાનને પગે પડયો અને બોલ્યો, "બાપુજી મને ક્ષમા આપો મારી ભૂલ થઈ ગઈ છે." તેમ કહી યોહાનને કોટે વળગી ખૂબજ રડયો. તેઓ બંને ત્યાંથી ઘરે ગયા અને ખૂબ રડીને પ્રાર્થના કરી અને તિતસે ફરી પોતાની સોંપણી પ્રભુ ઈસુને કરી. યોહાનનું રૂદન અને પ્રાર્થનાઓનું આ અજાયબ પરિણામ.

□

## રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનનાં પુસ્તકો

- બોલતા આંકડા (અનુવાદ)
- ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
- બાઈબલ કોણે લખ્યું ? (ડ્રામા)
- ખ્રિસ્તી શિષ્યપણું - કઠણમાર્ગે (અનુવાદ)
- ચોથા માગીની કથા (અંગ્રજીના આધારે)
- ઈસુ જીવન દર્શન - સચિત્ર (બાળકો માટે)
- માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાકટ) બ્રેઈલમાં પણ
- ગાંધીજીને ગમતાં ગીતો
- ખોવાયેલું ઘેટું
- શબગુફાનો શહીદ (અનુવાદ) ત્રણ આવૃત્તિ
- વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ છઠ્ઠી બ્રેઈલમાં)
- અજાયબ ભવિષ્યવચનો - મુક્તિ યોજનાના સાત પર્વો (બીજી આવૃત્તિ)
- અનોખી ઈઝરાયલ પ્રજા (પાંચ આવૃત્તિ)
- બાઈબલ અભ્યાસ (બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)
  ભાગ ૧-૧૨ પહેલા અને બીજાનું પુનર્મદ્રણ
- યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? (બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઈઝરાયલ, અને બાઈબલ (બીજી આવૃત્તિ)
- ચિત્રમય, બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ ભાગ-૧ (પુનર્મુદ્રણ)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ ભાગ-૨ (પુનર્મુદ્રણ)
- આપણાં મધૂરાં ગીતોનો અધૂરા ઈતિહાસ
  (શ્રીમતી જયવંતીબહેનનાં સહયોગથી)
- બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ
- માણસનાં મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ? (પુનર્મદ્રણ)
- વિશ્વવ્યાપી જલપ્રલય (પુનર્મુદ્રણ)
- ઈસુના પગલે પગલે (પુનર્મુદ્રણ)
- તમારા સંજોગોના સંચાલક
- ખાલી કબરનો ચુકાદો
- જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ પુનર્મુદ્રણ)
- બાઈબલનો શબ્દકોષ (પુનર્મુદ્રણ)
- ઉત્પતિ અને ઉત્ક્રાંતિવાદ

# બાઇબલ ક્વીઝ



લેખક

**જશવંત જોસેફ ક્રિસ્ટી**

IIBGB2 (૫૩)




# બાઇબલ ક્વીઝ

?

: લેખક :

જશવંત જોસેફ ક્રિસ્ટી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

આવૃતિ :
પ્રથમ - ૧૯૯૭
નકલ : ૧૧૦૦

દ્વિતીય - મે, ૨૦૦૪
નકલ : ૧૦૦૦

કિંમત : ૩૦-૦૦

મુદ્રક :
સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્ય વસુંધરા કોમ્પ્લેક્ષ,
મિરઝાપુર કો[illegible]
મિરઝાપુર, અમદાવાદ.
ફોન : ૮૦૪૬૬૨૯

## શ્રી જશવંતભાઈ અને સ્વ. લિન્તાબહેન ક્રિસ્ટી



લિન્તાબહેન જશવંત ક્રિસ્ટીનો જન્મ તા.૨૬-૮-૧૯૪૨ના રોજ થયો હતો. ઘરમાં તેઓને ધાર્મિક વાતાવરણ નાનપણથી જ મળ્યું હતું. તેઓ ધાર્મિક વૃત્તિના વ્યક્તિ હતાં.

શૈક્ષણિક કાર્ય પૂર્ણ થયા બાદ તેઓએ શિક્ષકા તરીકેની જવાબદારી સ્વીકારી હતી. જ્યાં તેઓએ સારી સાક્ષી પૂરી હતી. પ્રભુએ તેમના દામ્પત્યજીવનને પણ આશીર્વાદિત કર્યું હતું. તેઓએ પોતાની મંડળીમાં પણ સેવાઓ આપી હતી. પ્રભુના તેડાવ્યાથી તેઓની જીવન દોડ ૩-૯-૨૦૦૧ના રોજ પૂરી થઈ.

પરિવાર તરફથી આ પુસ્તકના પ્રકાશન પેટે રૂા.૧૦,૦૦૦/- મળ્યા છે આભાર.

**સેક્રેટરી**
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**



# અનુક્રમણિકા

૧. પ્રસ્તાવના (આમુખ)
૨. લેખકના બે બોલ
૩. દાતાના બે બોલ
૪. સવાલ વિભાગ
૫. ખ્રિસ્તીબંધુમાં આવતી ક્વીઝ,
પુસ્તકમાં પ્રગટ થતાં
માન. બિશપ રેવ. માલવીયા સાહેબ,
ડૉ. રેવ. રાયજી રાઠોડ સાહેબ
અને બાઈબલ સોસાયટીના સેક્રેટરી
ડૉ. રેવ. નિકોલસ જી. પરમાર સાહેબનાં
પ્રોત્સાહનના બે શબ્દોની શુભેચ્છા.
૬. જવાબ વિભાગ
૭. બાઈબલ વિષે અને તેમાંની
અજાયબ બાબતો કિંગ જેમ્સ વર્ઝન
પી.ટી.એલ. કાઉન્સેલર બાઈબલમાંથી અને અન્યમાંથી
સાભાર સંકલન

## આમુખ

બાઈબલ ક્વીઝ પુસ્તકની બીજી આવૃતિ છપાઈ છે તે જાણી આનંદ થાય છે કારણ કે બાઈબલ ક્વીઝ દ્વારા બાઈબલનું સામાન્ય જ્ઞાન બાળકોને તેમ જ જુવાનોને પ્રાપ્ત થાય છે. બાઈબલ એક વિશાળ પુસ્તકાલય છે. જેને યાદ રાખવા માટે બાઈબલ ક્વીઝ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે. ઘણા લોકો બાઈબલ વાંચતા નથી. પરંતુ જ્યારે આવું કોઈ ખ્રિસ્તી સાહિત્ય તેમને હાથ લાગે ત્યારે તે દ્વારા તેમનો બાઈબલ પ્રત્યેનો ઉત્સાહ જાગૃત થાય છે અને બાઈબલ વાંચવાની પ્રેરણા તેમને પ્રાપ્ત થાય છે. મારી આશા તથા પ્રાર્થના છે કે આ બીજી આવૃતિ દ્વારા પણ બાળકોમાં અને મોટેરાઓમાં બાઈબલના જ્ઞાનની વૃદ્ધિ થશે. સર્વ બાળમિત્રોને આ પ્રસંગે સી.એન.આઈ. સાબરમતી ચર્ચ તરફથી શુભેચ્છાઓ પાઠવું છું.

**રેવ. ડેવિડ એચ. દેસાઈ**

બાઈબલ ક્વીઝની પ્રથમ આવૃત્તિ વખતે બે શબ્દ લખવાની શ્રી જશવંત ક્રિસ્ટીની ઈચ્છા સંતોષી શકાઈ ન હતી, તે આ બીજી આવૃત્તિ વખતે સંતોષીને તેમને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવું છું.

ઈસ્રાએલ પ્રજામાં પેઢી દર પેઢી પ્રભુનાં વચનોનું શિક્ષણ આપવાની જવાબદારી કુટુંબના વડીલને શિરે મૂકવામાં આવી હતી (પુનઃ ૬:૪-૯) અઠવાડિયાના સાતેય દિવસ અને દિવસના ચોવીસે કલાક તેમણે પોતાના કુટુંબના ધાર્મિક શિક્ષણની કાળજી રાખવાની હતી. પ્રભુનાં વચનોના શિક્ષણ માટે 'ઘરશાળા' કરતાં વધુ ઉત્તમ અને અસરકારક બીજી કોઈ શાળા નથી. નવા કરારના સમયમાં પણ કુટુંબના વડીલને

શિરે એ જવાબદારી મૂકવામાં આવી છે. (એફે. ૬:૪) પરંતુ મોટા ભાગના માત પિતાએ એ જવાબદારી પોતાના શિરેથી કાઢીને સન્ડે સ્કૂલ (અઠવાડિયામાં એકાદ વખત અને એક કલાક) કે વી.બી.એસ. (વર્ષમાં એકાદ વખત એક સપ્તાહ) ને સોંપી દીધી છે. પરિણામે, ઈશ્વરની મૂળભૂત વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અને મંડળીનું આત્મિક સ્તર નીચું ગયું છે.

એવા સંજોગોમાં બાઈબલ ક્વીઝની આ પુસ્તિકાનો નિયમિત અને સમજણપૂર્વકનો ઉપયોગ કુટુંબોમાં થાય તો ગમ્મત સાથે જ્ઞાન ઉપરાંત ખ્રિસ્તી શિક્ષણ અને સંગત દ્વારા કૌટુંબિક ભાવનાને વધુ મજબૂત બનાવશે. પાંચ વર્ષ પછી બીજી આવૃત્તિ છાપવાની જરૂર ઊભી થઈ છે તે બતાવે છે કે તેનો જેટલા પ્રમાણમાં પ્રચાર અને ઉપયોગ થવો જોઈએ તેટલો નથી. ગુજરાતની બધી જ મંડળીઓના બધા કુટુંબોમાં બાઈબલ ક્વીઝની પુસ્તિકા પહોંચાડવી હોય તો ૧૦૦૦૦ નકલો પણ ઓછી પડે. મારી આશા અને પ્રાર્થના છે કે શ્રી જશવંત ક્રિસ્ટીએ આ પુસ્તિકા તૈયાર કરવામાં જે ધીરજ અને શ્રમ કર્યો છે, તેને સાર્થક કરવા મંડળીના પાળક સાહેબો અને સન્ડે સ્કૂલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબો તેનો બહોળો પ્રચાર કરશે.

સન્ડેસ્કૂલમાં - યુથરીટ્રીટમાં આ પુસ્તકનો ક્વીઝ સ્પર્ધા બાઈબલના જ્ઞાનની ચકાસણી રાખી, સારું શિક્ષણ આપી શકાય. એક રવિવારે ચર્ચમાં પણ પ્રશ્નાવલી રાખી તરત જવાબ કોણ આપે છે તે જોવાય અને સારું જ્ઞાન બાળકો, જુવાનો, ઉંમરવાનોને આપી શકાય. આવું થાય તો સારું. પાળકો, યુથ લીડરો વિચારે.

શુભેચ્છા સાથે, એજ,

✝ રા. રેવ. બિશપ પોલ ચૌહાણ
સી.એન.આઈ.

## બીજી આવૃત્તિના સંદર્ભમાં લેખકના બે બોલ

દેશ પરદેશના ખ્રિસ્ત ઈસુમાં વહાલાં સ્નેહીજનો,

આપ સર્વનો બાઇબલ ક્વીઝના આ ગુજરાતી ભાષામાંના પ્રથમ પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પાડવાના સમયે પ્રભુપિતાનો અને આપ સર્વેનો મન અને હૃદયમાંના ઋણભાર સાથે આભાર માનું છું.

આપ સર્વેએ અને ખાસ કરીને પરદેશમાં વસતા ગુજરાતી ખ્રિસ્તી મિત્રોએ - અભ્યાસીઓએ મારું આ પુસ્તક સ્વીકાર્યું, અભ્યાસ કર્યો. મને ઘણાએ રૂબરૂ તેમજ પત્રો અને ફોન દ્વારા પ્રોત્સાહિત કર્યો માટે આભારી છું.

પ્રથમ પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે બીજું આખા બાઈબલને આવરી લેતું 'ક્વીઝ પુસ્તક' તૈયાર કરી રહ્યો છું.

પુસ્તક તૈયાર કરવામાં વિલંબ થયો તેનું કારણ એ કે મારી પત્નીનું તા.૩-૯-૨૦૦૧ના રોજ થયેલ અવસાન અને કૌટુંબિક એકાકીપણું. તેની માંદગીનો લાંબો સમય આવી ગયો, પણ પ્રભુએ સતત મને તેના હાથમાં ધરી રાખ્યો છે. મને અને બાળકોને બળ, શક્તિ, સામર્થ્ય પૂરાં પાડ્યાં છે. મને ત્રણ દીકરા-દીકરી જમાઈ સંભાળે છે. મારી પૌત્રી બ્લેસી પણ ચિંતા રાખે છે. આભાર.

મને પણ આવી ગયેલ માંદગી એટેકમાં પ્રભુએ કૃપા આપી ફરી નવું જીવન આપેલ છે. પ્રભુનો આભાર.

માન. રા.રેવ બિશપ પૉલ સાહેબ મારા મોસાળ (વતન)ના વતની છે હંમેશ મારા પર ભાઈ તરીકેનો પ્રેમ અને સબંધ રાખ્યો છે. તેમને અને મુ. કમળાબહેને પણ મને હંમેશા

પ્રોત્સાહન આપેલ છે. તેમનો પણ આભાર માનું છું. ટ્રાક્ટ સોસાયટીના મારા સાથી મિત્રો, કાર્યવાહક સભ્યોના સહકાર માટે આભારી છું.

માન. ડૉ. રેવ. નિકોલસ સાહેબે મને ઘણું ઘણું ઉત્તેજન આપેલ છે. વર્ષો જૂની મિત્રતા તેમણે અને પરિવારે પ્રેમ અને લાગણીથી નિભાવી છે. તે કદી જ ભૂલાય નહિ.

મારા મિત્ર અને સેક્રેટરી રેવ. હેમંતકુમાર પરમાર સાહેબની પણ નિખાલસ, સમજપૂર્વકની ચર્ચા, દોરવણી અને સૂચનો માટે આભારી છું.

આ બધામાં પાયાની ઈંટ ઈમારતના આધારસ્તંભ સમા મારા સ્નેહી મિત્ર બિશપ માન. રા. રેવ. વિનોદકુમાર માલવિયાસાહેબ હંમેશા સહાયક જ રહ્યા છે. હસીને આવકાર્યો છે. આભાર.

તેમની સાથેની અવિસ્મરણીય મુસાફરીમાં વ્યારામાં એફ.એમ.પી.બી.ની બાઈબલ સેમિનરીમાં અમે મુલાકાતે ગયા, ત્યારે ત્યાંના વિદ્યાર્થીઓને મારી ઓળખ બાઈબલના એક અભ્યાસી તરીકે આપી અને કહ્યું તેમની પાસેથી ઘણું જાણવાનું મળશે. ત્યારે હું ખરેખર લાગણીવશ બની ગયો હતો. આ શબ્દો જ્યારે એક મોટી સન્માનીય વ્યક્તિ ધર્મના ઉચ્ચસ્થાને બિરાજમાન બિશપના પદ પરથી બોલે ત્યારે એ શબ્દો હીરા-મોતી કરતા મૂલ્યવાન બની જાય છે. આ સ્થળનો એક ન ભૂલાતો બનાવ. જ્યારે એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો, જ્યારે મૂસા પ્રભુના આદેશથી પ્રભુની ઈસ્રાએલ પ્રજાને છોડાવવાના કાર્ય માટે જાય છે. ત્યારે શા માટે દૂત રસ્તામાં તેને, તેની પત્ની બાળકોને રોકે છે! મારવા માટે. લગભગ

મને જવાબ મળ્યો નથી.

મેં કહ્યું તે આખો બનાવ ધ્યાનથી વાંચજો, બીજું કે જે પ્રભુના કાર્ય માટે જાય છે ત્યારે તેને સંપૂર્ણ આજ્ઞાંકિત અને આધીન બનવું જ જોઈએ. તે તમો બધાને લાગું પડે છે. જે ફરમાન હતું સુન્નતનું તે આજ્ઞા હતી. જે ઈબ્રાહીમને ફરમાવેલી તે મૂસાએ પાળી ન હતી કેમ કે તે ઈસ્રાએલ પ્રજાથી દૂરના વતનમાં હતો બાળપણથી જ. પ્રભુ પ્રથમ આધીનતા માંગે છે. આજ્ઞાપાલન માંગે છે. આજ્ઞાપાલન પછી મૂસાનો માર્ગ ખુલ્લો થયો. અને તે તેના કાર્યમાં સંપૂર્ણ સફળ થયો. મુસીબતો વિરોધમાં પ્રભુના સહારે ટકી રહ્યો. આ જવાબથી તેઓને સંતોષ અને આનંદ થયો. પ્રભુનો આભાર.

ઘણા સન્ડે સ્કૂલના શિક્ષકો, પાળકો, મિત્રોના પત્રો, પ્રાર્થના ટેકા માટે આભાર.

રેવ. નેરીઅસ ધોળકિયા સાહેબે ખ્રિસ્તીબંધુમાં બાઈબલ ક્વીઝના પુસ્તક માટે લખેલ સુંદર શબ્દો, બિરદાવલી અને પુસ્તકની ઉપયોગિતાની સમજ આપી માટે આભારી છું.

મારી પત્ની સ્વ. લીન્તાનો આ પુસ્તક માટે ખૂબ લાગણી ભર્યો સાથ હતો. માટે તેની યાદભરી સ્મૃતિમાં આ પુસ્તકની બીજી આવૃત્તિ આપ સર્વ સમક્ષ મૂકું છું. નાની લાડલી પૌત્રી મોટી થઈ છે. તે અને તેનાં જેવાં બાળકો આ પુસ્તક દ્વારા પ્રભુને ઓળખે અને વચનો જીવનમાં ઉતારે એ જ અભિલાષા. ફિલાડેલ્ફીયાથી મારી ભાણી સ્મિતાબહેન અને જમાંઈ અને બાળકોએ જે દાનની સહાય કરી તે માટે આભારી છું. પ્રભુ સહાયકારી છે. પ્રાર્થનામાં જોડાયેલ હાથ પ્રભુએ જોઈ મુજ જેવા અબળ માટીના પાત્રને બળવાન કરેલ છે માટે આભાર.

મુખપૃષ્ઠ માટે માન. મુ.સ્વ. એમ. એમ. દાસ સાહેબનો આગ્રહ હતો કે એજ ચિત્રો દાદીમા અને નાની દીકરી બાઈબલ વાંચે છે તે જ રાખવું. ખૂબ જ પ્રેરણાદાયક છે. આજે બેક ટુ ધ બાઈબલ માટે જુવાનો બાઈબલ વાંચે, શીખે એ જરૂરી છે. મુસાફરીમાં પણ આ સાથે રાખવા જેવું પુસ્તક છે. સવાલ જવાબોમાં લગભગ આખા બાઈબલની મુખ્ય વાતો, પાત્રો અને બનાવો અને જાણવા જેવું, શીખવા જેવું બધું મળી રહે છે. પુસ્તક દરેકને પ્રભુના આશીર્વાદો લાવનાર બની રહેશે.

અંતમાં પ્રભુ પિતાનો આ બીજી આવૃત્તિ માટે તક સહાય અને દાતા પૂરા પાડવા માટે આભાર.

સાબરમતી.
તારીખ :- ૭-૭-૦૪

**પ્રભુમાં સાથી સેવક,**
**જશવંત જોસેફ ક્રિસ્ટી**

## સંકલન

| | | |
|---|---|---|
| આદમનું સર્જન | ૪૦૨૬ BCE | સમયગાળો |
| જળપ્રલયની શરૂઆત | ૨૩૭૦ BCE | ૧૬૫૬ વર્ષ પછી |
| ઈજિપ્તમાંથી ઈસ્રાએલીઓ બહાર નીકળ્યા | ૧૫૧૩ BCE | ૪૩૦ વર્ષ |
| મંદિરનું બાંધકામ શરૂ થયું | ૧૦૩૪ BCE | ૪૭૯ વર્ષ |
| બંદીવાસમાંથી પાછા ફર્યા | ૫૩૭ BCE | ૭૦ વર્ષ |
| યરૂશાલેમના કોટને ફરી બાંધવાનું અને સમારકામ કર્યું. | ૪૫૫ BCE | ૮૨ વર્ષ |
| ઈસુનું બાપ્તિસ્મા | ૨૯ CE | ૪૮૩ વર્ષ |
| આજ ૨૦૦૩ સાલ | ૨૦૦૩ CE | ૧૯૭૪ વર્ષ |
| આમ આદમની ઉત્પત્તિથી | ૨૦૦૩ CE | ૬૦૨૮ વર્ષ |

નિર્ગમનમાં મૂસા છ લાખ લોકોને મિસરમાંથી કાઢી લાવ્યો નિર્ગમન ૧૨:૩૭ મિસરમાં યાકુબ સાથે ૬૬ માણસો ગયા હતા. ઉત્પ. ૪૬:૨૭-૨૮.

આ પ્રમાણે છ લાખનો વસ્તી વધારો થયો.

| વર્ષ BCE | વધ્યા તે પાંચ વર્ષનો ગાળો |
|---|---|
| ૧૫૬૩ થી ૧૫૫૮ | ૪૭,૩૫૦ વધતા ગયાં |
| ૧૫૫૮ થી ૧૫૫૩ | ૬૨,૩૦૦ વધતા ગયાં |
| ૧૫૫૩ થી ૧૫૪૮ | ૮૧,૮૦૦ વધતા ગયાં |
| ૧૫૪૮ થી ૧૫૪૩ | ૧૦૩, ૭૫૦ વધતા ગયાં |
| ૧૫૪૩ થી ૧૫૩૮ | ૧૩૩, ૨૦૦ વધતા ગયાં |
| ૧૫૩૮ થી ૧૫૩૩ | ૧૭૨, ૨૫૦ વધતા ગયાં |
| કુલ | ૬૦૦,૬૫૦ |

(પુરુષ) વસ્તી પ્રમાણે વસ્તી વધારો ૨૦ થી ૫૦ વર્ષની ઉંમર પ્રમાણેના મિસરમાંથી નીકળ્યા તે. BCE ૧૫૧૩માં મિસરમાંથી નીકળ્યા તે.

ઈશાકનો જન્મ BCE ૧૯૧૮માં થયો. અથવા મિસરમાંથી નીકળ્યા પછી BCE ૧૯૬૭માં ૪૦ વર્ષ અરણ્યમાં ગાળ્યા, છ વર્ષ કનાન કબજે કરવામાં થયા. (પુન. ૨:૭) ગણના ૯:૧, ૧૩:૧,૨,૬, યહોશુ. ૧૪:૬, ૭:૧૦.

ઈશાકનો જન્મ BCE ૧૯૧૮માં થયો. યરીખોનું પતન BCE ૧૪૭૩માં થયું. આમ ઘણી બધી ગણતરીના આધારે આ શોધખોળ છે. ખોદકામ તારાઓનું ઊગવું વગેરે ઘણી ગણતરીઓથી આવી શોધો થાય છે. પણ એક સચોટ અનુમાન તો ખરું.

**સાભાર :**

(વોચ ટાવર બાઈબલ એન્ડ ટ્રાક્ટ સોસાયટીની ડિક્ષનરીને આધારે સંકલન કરેલ છે.) બાઈબલ અભ્યાસ એ મારો રસપ્રદ વિષય છે. પ્રભુની કૃપા માટે આભાર.



## અનુક્રમણિકા


૧. રુબેન

૨. શિમયોન

૩. લેવી

૪. યહૂદા

૫. ઝબુલોન

૬. ઈસ્સાખાર

૭. દાન

૮. ગાદ

૯. આશેર

૧૦. નાફતાલી

૧૧. યોસેફ

૧૨. બિન્યામિન

# સવાલ - વિભાગ

## રુબેન (૧)

૧. એસાવે પોતાનું જયેષ્ઠપણું શાના બદલામાં યાકોબને આપ્યું હતું?

૨. એસાવનું નામ શું કહેવાયું?

૩. કયા દીકરાએ પિતા ઈસહાકને છેતરીને આશીર્વાદ લીધો?

૪. એવું કયા પ્રબોધકે કહ્યું છે કે તમારા દીકરા-દીકરીઓ પ્રબોધ કરશે. તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે, અને જુવાનોને સંદર્શનો થશે?

૫. કયા પ્રબોધકને પ્રભુએ હજામના અસ્ત્રા જેવી તલવારથી માથાના વાળ, દાઢીના વાળ કાપીને વાળને તોળીને બે ભાગ કરવાનું કહ્યું?

૬. કયા પ્રબોધકે મનમાં પ્રાર્થના કરતી બબડતી સ્ત્રીને પીધેલી જાણી ધમકાવી હતી? તે સ્ત્રીનું નામ શું?

૭. દાવિદને તેની પડતીના સમયમાં શાપ દેનાર, અને સારા દિવસો થયા ત્યારે પગે પડનારનું નામ શું?

૮. મિસરની કઈ બે દાઈઓ દેવનું ભય રાખનારી હતી?

૯. એસેક, સિટનાહ, રહોબોથ આ શું છે?

૧૦. કોના વૃદ્ધ બાપે, કોને કહ્યું કે, મારે સારુ મને ભાવતો ખોરાક તૈયાર કરીને લાવ, કે ખાઈને હું તને આશીર્વાદ આપું?

૧૧. આશીર્વાદ લેવા પિતા ઇસહાક પાસે, કોણે કોણે મળીને ચાલાકી કરી?

૧૨. યાકોબે અને તેની મા રિબકાએ શી શી યુક્તિ કરી?

૧૩. યાકોબે તેના મોટા ભાઈ એસાવને કેટલી વાર ઠગ્યો હતો?

૧૪. યાકોબ, ક્યાં કોની પાસે નાસી ગયો?
૧૫. યાકોબે કૂવા પાસે કોને ચુંબન કર્યું, અને રડ્યો?
૧૬. ત્યાં કઈ સ્ત્રીની આંખો નબળી હતી, કઈ સ્ત્રી સુંદર હતી?
૧૭. યાકોબના પ્રથમ દીકરાનું નામ શું પાડવામાં આવ્યું?
૧૮. યાકોબની દીકરીનું નામ શું?
૧૯. યાકોબના પાંચમા દીકરાનું નામ શું?
૨૦. રાહેલના પ્રથમ દીકરાનું નામ શું?
૨૧. લાબાનની ઘરમૂર્તિઓ કોણે ચોરી લીધી?
૨૨. યગાર-સાહૂદથા, ગાલએદ અને મિસ્પેહ - આ ત્રણ શું છે?
૨૩. માહનાઈમ કોનું નામ છે?
૨૪. ૨૦૦ બકરીઓ, ૨૦ બકરા, ૨૦૦ ઘેટી, ૩૦ દૂઝણી ઊંટડીઓ બચ્ચાં સાથે, ૪૦ ગાયો, ૧૦ ગોધા, ૨૦ ગધેડીઓ, ૧૦ વછેરા - યાકોબે કોના માટે અલગ કર્યાં?
૨૫. યાકોબની જાંઘનો સાંધો કેમ મોચાઈ ગયો?
૨૬. યાકોબનું નામ 'ઈસ્રાએલ' કઈ રીતે થયું?
૨૭. યાકોબ સાથે મલ્લયુદ્ધ કરનાર કોણ હતું?
૨૮. જ્યાં મલ્લયુદ્ધ કર્યું, તે જગાનું નામ યાકોબે શું પાડ્યું?
૨૯. ઈસ્રાએલ પ્રજા કેમ જાંઘ પરના સ્નાયુનું માંસ ખાતી નથી?
૩૦. શું એસાવે યાકોબને માફી આપી, પ્રેમથી સ્વીકાર્યો હતો?
૩૧. યાકોબની દીકરી દીનાહની આબરુ કોણે લીધી?
૩૨. કોણે કહ્યું કે કસબણની સાથે વર્તે તેમ અમારી બહેન સાથે વર્તે શું?
૩૩. રાનમાં ઊના ઝરા કોને ક્યારે જડ્યાં હતાં?
૩૪. યોસેફને મારી નાંખતા તેના ભાઈઓને કોણે રોક્યા? તેનું નામ શું?

૩૫. યોસેફને તેના ભાઈઓએ ઇશ્માએલીઓને કેટલામાં વેચ્યો?
૩૬. કઈ સ્ત્રીનાં પેટમાં જોડ હતી અને જન્મતાં દાઈએ બાળકના હાથે લાલ સૂતર બાંધ્યું?
૩૭. યોસેફને ઇશ્માએલીઓએ લઈ જઈ ક્યાં વેચ્યો?
૩૮. યોસેફ દેખાવે કેવો હતો?
૩૯. યોસેફને તેના શેઠે કેમ કેદખાનામાં નાખ્યો?
૪૦. યોસેફ પર કેદખાનામાં કોણે દયા કરી, દરોગાની કૃપા પમાડી?
૪૧. કોણ કહે છે કે, હિબ્રૂઓના દેશમાંથી હું ચોરાઈ ગયેલ છું અને તુરંગમાં નંખાવા લાયક મેં કંઈ કર્યું નથી.
૪૨. યોસેફ સાથે તુરંગમાં બીજાં કોણ કોણ હતા?
૪૩. પાત્રવાહકે ફારૂનને યોસેફ સંબંધી શું શું કહ્યું?
૪૪. ફારુને યોસેફનું નામ શું પાડ્યું?
૪૫. સ્વપ્નનો અર્થ કહ્યો તેથી ફારુને શું શું માન, પદ યોસેફને આપ્યાં?
૪૬. યોસેફને કોની સાથે પરણાવ્યો?
૪૭. યોસેફને કેટલા પુત્રો થયા? તેમનાં નામ શું?
૪૮. જૂના કરારમાં બોધકનાં ઊંચા આસન (પુલ્પિટ) વિષે ક્યાં મળે છે?
૪૯. આકાશના દેવના નિયમનો શાસ્ત્રી કોણ હતો?
૫૦. યરુશાલેમનું નામ શું હતું?
૫૧. ગબથા અને ગુલગુથા શું છે? તે કઈ બાબત સાથે સંકળાયેલ છે?
૫૨. અન્નાસ અને કાયાફાસ તે શું છે? તે કોણ હતા?
૫૩. યોહાને ત્રીજો પત્ર કોને લખ્યો છે?

૫૪. પાઉલે કયા કરિંથીઓને પહેલું બાપ્તિસ્મા આપેલું?

૫૫. બિનયહૂદી પહેલો ખ્રિસ્તી કોણ?

૫૬. કર્નેલ્યસ કોણ હતો?

૫૭. ઈસુએ તેના કયા મિત્રને મૂએલામાંથી સજીવન કર્યો?

૫૮. યહૂદાના પત્રનો લેખક કોણ?

૫૯. પ્રેરિતોનાં કૃત્યોનો લેખક કોણ?

૬૦. પોતાની મિલકત વેચીને, પ્રભુ અને પ્રેરિતોને છેતરનાર પતિ-પત્ની કોણ હતાં?

૬૧. નવા કરારમાં આપઘાત કરનાર કોણ હતો?

૬૨. ઈસુનું બાપ્તિસ્મા કઈ નદીમાં થયું? કોણે કર્યું?

૬૩. ઈસુનું પરીક્ષણ ક્યાં થયું હતું?

૬૪. ઈસુના જન્મ અગાઉ તેનું નામ પાડવા માટે કોને કોને કહેવામાં આવેલ હતું?

૬૫. ઈસુના જન્મ સમયે મરિયમ સાથે બીજી કઈ સ્ત્રીને દૂતે તેના દીકરાના જન્મ થવા વિષે તેના પતિને કહેલું?

૬૬. ઝખાર્યા કોણ હતો? દૂતે દર્શન દીધું ત્યારે તે શું કરતો હતો?

૬૭. ઝખાર્યા અને એલિસાબેતના થનાર દીકરાનું નામ શું પાડવાનું દૂતે કહ્યું?

૬૮. દૂતે ઈસુના જન્મની ખબર કોને કરી?

૬૯. ઈસુના જન્મ સમયે આકાશમાં શું દેખાયું હતું? તે જોઈને કોણ શોધ કરવા નીકળ્યા હતા?

૭૦. ઈસુનું ભજન કરી માગીઓએ શું કર્યું?

૭૧. ઈસુને સૌ પ્રથમ ભેટ-નજરાણું આપનાર કોણ હતું?

૭૨. ઈસુનું બાપ્તિસ્મા કયા પ્રદેશમાં થયું હતું?

૭૩. પાઉલનું વહાણ ક્યાં તૂટી ગયું હતું?
૭૪. લુસ્ત્રામાં પાઉલને લોકો શું નામે ઓળખતા હતા?
૭૫. કયું જોડું પાઉલ સાથે સફરમાં હતું, જે પાઉલને તંબુ બનાવવાના કામમાં મદદગાર બન્યું?
૭૬. કયો મહાન રાજા પોતાને બાળક ગણાવે છે?
૭૭. જેને આપણે પાસપોર્ટ (કે વિઝા) કહીએ તેમ એક રાજ્યમાંથી બીજા રાજ્યોમાં થઈને જવાનો પરવાનો કોણે કોને આપ્યો?
૭૮. ઈસુને કઈ ટેકરી પર વધસ્તંભે જડ્યા હતા?
૭૯. લોહીનું ખેતર એ નામ કેમ પડ્યું?
૮૦. આકાશના રાજ્યની ચાવી કોને મળી?
૮૧. કોને દૂતની મારફતે કહેવામાં આવ્યું કે તારી પ્રાર્થના અને દાન યાદગીરીને સારુ પહોંચ્યાં છે?
૮૨. દરેક જાતના પશુ-પંખીથી ભરેલ ચાદર દર્શનમાં, આકાશમાંથી ઊતરતી કોણે જોઈ?
૮૩. કયો રાજા તલવાર પર પડીને મૃત્યુ પામ્યો?
૮૪. શાઉલ પછી કોણ રાજા થયો?
૮૫. કયો રાજા ગુપ્તવેશે (વેશ બદલીને) લડવા ગયો હતો?
૮૬. હાગ્ગાય પ્રબોધક પછી કોણે પ્રબોધ કર્યો?
૮૭. મીખાહને કોના વિષે સંદર્શનમાં યહોવાનું વચન મળ્યું?
૮૮. કોના અંગ પરથી મેલાં વસ્ત્રો કાઢીને, મૂલ્યવાન પોષાક પહેરાવીને માથે સુંદર પાઘડી મુકાવી? આ કોણે કર્યું? કોણે જોયું?
૮૯. હેલેમ, ટોબિયા, યદાયા તથા સફાન્યાના દીકરા હેનના સ્મારક તરીકે યહોવાના મંદિરમાં શું મૂકવામાં આવશે?

૯૦. પ્રમુખ યાજક યહોશુઆના પિતાનું નામ શું?

૯૧. યહોવાએ હઝકીએલને નવું યરુશાલેમ કઈ રીતે ઓળખાશે એમ કહ્યું?

૯૨. બાઈબલમાં કઈ વ્યક્તિએ પ્રથમ પ્રાર્થના કરી છે?

૯૩. કયા બળવાન અંધ માણસે પ્રભુને બળ, શક્તિ આપવા પ્રાર્થના કરી? શું તેની પ્રાર્થના સાંભળવામાં આવી?

૯૪. કયા રાજાએ નવા મંદિરમાં સમર્પણની લાંબી પ્રાર્થના કરી છે?

૯૫. કયા પ્રબોધકે શત્રુસૈન્યને અંધ કરવા પ્રાર્થના કરી હતી?

૯૬. યાકોબના પત્રમાં મુજબ કયા આપણા જેવા સ્વભાવના પ્રબોધકે પ્રાર્થના કરી અને તેની પ્રાર્થના મુજબ વરસાદ ન પડ્યો?

૯૭. પ્રે.કૃત્યો પ્રમાણે પ્રભુમંદિરમાં જઈ પ્રાર્થના કરવાનો સમય કયો છે?

૯૮. કયા મહાન શહીદે છેલ્લી પ્રાર્થના કરી કે, પ્રભુ ઈસુ, મારા આત્માનો સ્વીકાર કર?

૯૯. કઈ વૃદ્ધ ધાર્મિક સ્ત્રી મંદિરમાં ઉપવાસ અને પ્રાર્થનામાં રહેતી હતી?

૧૦૦. પ્રાર્થના કરતી વખતે સ્ત્રી, પુરુષે માથે શું કરવું? કોણે માથું ઢાંકવું? કોણે માથું ઉઘાડું રાખવું?

## શિમયોન (૨)

૧. શેથનો જન્મ થયો ત્યારે આદમની ઉંમર કેટલી હતી?

૨. શેથના દીકરા અનોશનો જન્મ થયો ત્યારે શેથની ઉંમર કેટલી હતી?

૩. સદોમના બચાવમાં અબ્રાહામ છેલ્લે કેટલા ન્યાયી માણસ માટે કહે છે?

૪. અબ્રાહામની સુન્નત થઈ ત્યારે તેની ઉંમર કેટલી હતી?
૫. કેટલી પથ્થર-પાટીઓ પર દસ આજ્ઞા લખાઈ હતી?
૬. આદમ કુલ કેટલાં વર્ષ જીવ્યો?
૭. નૂહના વહાણમાં નૂહ સાથે કટેલા જણ હતાં?
૮. જળપ્રલય થયો ત્યારે નૂહ કેટલા વર્ષનો હતો?
૯. નૂહના વહાણમાં ગયા પછી, કેટલા દિવસે વરસાદ શરૂ થયો?
૧૦. મોશેને પહાડ પર દેવે કેટલી આજ્ઞાઓ આપી?
૧૧. યોસેફ કેટલાં વર્ષ જીવ્યો?
૧૨. આય શહેરનો નાશ કર્યો ત્યારે ત્યાં કેટલાં જણ મૃત્યુ પામ્યાં હતાં?
૧૩. પુત્ર પ્રસવ પછી સ્ત્રી કેટલા દિવસો સુધી અશુદ્ધ ગણાય?
૧૪. પુત્ર પ્રસવ થયા પછી સ્ત્રી કેટલા દિવસો સુધી સુવાવડી ગણાય?
૧૫. પુત્રના જન્મ પછી સ્ત્રી કેટલા સમય સુધી અશુદ્ધ ગણાય?
૧૬. 'સો' એ નામ ક્યાંના રાજાનું હતું?
૧૭. યહોશુઆ મૃત્યુ પામ્યો ત્યારે કેટલા વર્ષનો હતો?
૧૮. પ્રથમ મંદિર શલોમોને બાંધ્યું. તેને બાંધતાં કેટલાં વર્ષ થયાં?
૧૯. સામસૂને કેટલાં શિયાળવાં પકડી પાક સળગાવ્યો?
૨૦. ઈસ્રાએલીઓમાં પુત્રજન્મ પછી કેટલા દિવસે તેની સુન્નત થતી?
૨૧. યાકોબના મરણ પછી તેના શરીરમાં સુગંધીઓ ભરતાં કેટલા દિવસો થયા હતા?
૨૨. યાકોબના મૃત્યુનો શોક કેટલા દિવસો સુધી મિસરીઓએ પાળ્યો?
૨૩. મોશે જન્મ્યો ત્યારે તેના મા-બાપે કેટલા દિવસો સુધી તેને સંતાડી રાખ્યો?
૨૪. લામેખ કેટલાં વર્ષો જીવ્યો?

૨૫. લાંબામાં લાંબું આયુષ્ય કોનું, કેટલાં વર્ષોનું હતું?

૨૬. યાકોબને કેટલા પુત્રો હતા?

૨૭. કાલેબને જાસૂસી કરવા મોકલ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૨૮. યાકોબ મિસરમાં ફારુન પાસે ગયો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૨૯. મિસરમાં યાકોબ સાથે કુલ કેટલાં જણાં ગયાં હતાં?

૩૦. મિસરમાં યાકોબના કેટલાં જણા હતાં? બધાં મળીને મિસરમાં કુલ કેટલાં જણ થયાં?

૩૧. મોશે મિસરમાંથી ઈસ્રાએલીઓને કાઢી લાવ્યો ત્યારે તેમની સંખ્યા કેટલી હતી?

૩૨. મોશે મૃત્યુ પામ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૩૩. મિસરમાં ફારુનને ત્યાં યોસેફ દાખલ થયો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૩૪. મોશેએ પહેલી વસતી ગણતરી કરી ત્યારે કેટલી સંખ્યા થઈ?

૩૫. મોશેએ ફરી બીજી વાર વસતી ગણતરી કરી ત્યારે કેટલી સંખ્યા થઈ?

૩૬. પહેલી વસ્તી ગણતરીમાં કેટલી ઉમરની વ્યક્તિની ગણતરી થઈ હતી?

૩૭. મોશે અને ઈસ્રાએલીઓ પાછળ રાતા સમુદ્રમાં ફારુનનું સૈન્ય કેટલા રથો સાથે પાછળ પડ્યું હતું?

૩૮. ફારુનના સૈન્યના ૬૦૦ રથોમાંથી કેટલા બચી ગયા?

૩૯. આદમથી સાતમો પુરુષ કોણ?

૪૦. એલીએ કેટલાં વર્ષ ઈસ્રાએલનો ન્યાય કર્યો?

૪૧. શમુએલને કેટલી વાર પ્રભુએ હાંક મારીને બોલાવ્યો?

૪૨. પલિસ્તીઓના દેશમાં ઈસ્રાએલના દેવનો કરારકોષ કેટલો સમય

રહ્યો?

૪૩. કરારકોશ પાછો મોકલવા સાથે શું શું દોષાર્થાર્પણ મોકલવાનું હતું?

૪૪. એલિયાએ કેટલા ચમત્કારો કર્યા? તે ક્યાં મળે છે?

૪૫. શાઉલ અને ચાકર ગધેડાની શોધમાં જાય છે ત્યારે પ્રબોધકને ભેટ ધરવા શાઉલ પાસે શું હતું?

૪૬. મિદ્યાનીઓ સામે લડવા મોશેએ કેટલાને મોકલ્યા હતા?

૪૭. રહોબઆમને કુલ કેટલાં પુત્ર-પુત્રીઓ હતાં?

૪૮. રહોબઆમને કુલ કેટલી પત્નીઓ અને ઉપ-પત્નીઓ હતી?

૪૯. હિઝકીઆ રાજા થયો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૫૦. સિકદિયા રાજા થયો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૫૧. યોશિયા રાજ કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૫૨. યોશિયાએ યરુશાલેમમાં કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૫૩. અબ્રાહામથી દાવિદ સુધી કેટલી પેઢી થાય છે?

૫૪. દાવિદથી ઈસુ ખ્રિસ્ત સુધી કેટલી પેઢી થાય છે?

૫૫. યૂનાના સમયમાં નીનવેહમાં કેટલી વસતી હતી?

૫૬. બઆલના કેટલા પ્રબોધકોને એલિયાએ મારી નાંખ્યા?

૫૭. ઝખાર્યાએ કેટલો સમય ઈસ્રાએલ પર રાજ્ય કર્યું?

૫૮. રાજા શલોમોને કેટલાં ગીતો રચ્યાં છે?

૫૯. અહાઝ્યા રાજા થયો ત્યારે તે કેટલી ઉંમરનો હતો?

૬૦. મનાશ્શેહ રાજ્ય કરવા લાગ્યો ત્યારે તે કેટલી ઉંમરનો હતો?

૬૧. યહૂદાના રાજા અહાઝયાએ કેટલો સમય રાજ્ય કર્યું?

૬૨. ઈસુ સંઘમાં યરુશાલેમથી પાછાં ફરતાં પાછળ રહી ગયા ત્યારે તેમની ઉંમર કેટલી હતી?

૬૩. બાઈબલમાં જોડકાં જન્મેલાં કેટલાં મળે છે? કોણ, કોણ?
૬૪. એલીએ ઈસ્રાએલનો કેટલાં વર્ષ ન્યાય કર્યો?
૬૫. યેહૂએ ઈસ્રાએલ પર કેટલાં વર્ષ રાજ્ય કર્યું?
૬૬. ઉઝીયા રાજા થયો ત્યારે તે કેટલાં વર્ષનો હતો?
૬૭. ઈસ્રાએલપુત્રો મિસરમાંથી નીકળ્યા પછી યહોવાનું મંદિર કેટલાં વર્ષ બાદ બાંધવાનું શરૂ થયું? કોણે શરૂ કર્યું?
૬૮. રાજા શલોમોનને મહેલ બાંધતાં કેટલાં વર્ષો લાગ્યાં?
૬૯. એલીશાએ નામાન કોઢિયાને યરદન નદીમાં કેટલી વાર સ્નાન કરવા કહ્યું?
૭૦. આહાબના કેટલા પુત્રોનાં માથાં કાપી લાવવામાં આવ્યાં? કેવી રીતે કાપી લાવ્યા?
૭૧. અહાઝયાના કેટલા ભાઈઓને યેહૂએ મારી નંખાવ્યા? કયાં?
૭૨. અઝાર્યા રાજ કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી? તે કોનો દીકરો હતો?
૭૩. કોણે ફક્ત એક જ મહિનો રાજ્ય કર્યું હતું?
૭૪. નબૂખાદરેસ્સાર કેટલા લોકોને બંદીવાન કરીને લઈ ગયો હતો?
૭૫. રહાબઆમને કુલ કેટલાં દીકરા-દીકરીઓ હતાં?
૭૬. યશાયા પ્રબોધક કેટલાં વર્ષો ઉઘાડો ફર્યો?
૭૭. યહોવાના દૂતે આશ્શૂરીઓની છાવણીમાંથી કેટલાને મારી નાંખ્યા?
૭૮. હિઝકિયા રાજાની પ્રાર્થના સાંભળી પ્રભુએ કેટલાં વર્ષો તેના આયુષ્યમાં વધારી આપ્યાં હતાં?
૭૯. ગિબયાહમાં એકઠા મળેલામાંથી ચૂંટી કાઢેલામાંનાં કેટલા ડાબોડી હતાં?

૮૦. આબ્શાલોમ માથાના વાળ દર વરસે કપાવતો તેનું વજન કેટલું થતું હતું?

૮૧. ગોલ્યાથ કેટલો ઊંચો હતો?

૮૨. ગોલ્યાથનાં બખતરનું વજન કેટલું હતું?

૮૩. ગોલ્યાથની બરછીના લોખંડના ફળાનું વજન કેટલું હતું?

૮૪. ગિદયોનને કેટલા પુત્રો હતા?

૮૫. સલોફહાદને કેટલી દીકરીઓ હતી?

૮૬. દાવિદ રાજાને કેટલા ભાઈઓ હતા?

૮૭. દાવિદે ગોલ્યાથ સામે લડવા જતાં કેટલા પથ્થરો તેની ગોફણ માટે લીધા હતા?

૮૮. બોઆઝે કેટલા માપ જવ રૂથને તેની ઓઢણીમાં નાંખી આપ્યા?

૮૯. અયૂબ તેના પરીક્ષણ પછી કેટલાં વર્ષ જીવ્યો?

૯૦. ગાથના રહાફના દીકરાને હાથે-પગે કેટલાં આંગળાં હતાં?

૯૧. હામાને મોર્દખાયને માટે કેટલા હાથ ઊંચી ફાંસી તૈયાર કરી હતી?

૯૨. રાજા શલોમોનને કેટલી પત્ની અને કેટલી ઉપ-પત્નીઓ હતી?

૯૩. રાજા શલોમોને કેટલાં નીતિવચનો આપ્યાં છે?

૯૪. રાજા શલોમોનની એક દિવસની ખોરાકી શી શી હતી?

૯૫. દાવિદ રાજાએ અરાવ્નાહ યબૂસીની ખળી બળદો સાથે વેદી બાંધવા માટે કેટલામાં ખરીદી હતી?

૯૬. યર્મિયાએ કેટલા રાજાઓના સમયમાં ભવિષ્યવાણી કરી હતી?

૯૭. બેથલેહેમના ઈબ્સાને કેટલાં દીકરા-દીકરીઓ હતાં?

૯૮. યશાયાએ કેટલા રાજાઓના સમયગાળામાં ભવિષ્યવાણી કરી હતી?

૯૯. આબ્દોને હિલ્લેલ પિરઆથોનીને કેટલા પુત્ર-પૌત્રો હતા?
૧૦૦. આબ્દોનના પુત્ર-પૌત્રો શાના પર સવારી કરીને બહાર નીકળતા હતા?

## લેવી (૩)

૧. કઈ જાતિના લોક કાને કુંડળો પહેરતા?
૨. કોણે કોને કહ્યું કે, જંગલી કાંટાથી તથા ચણી બોરડીથી હું તમારાં શરીરો ઉઝરડીશ?
૩. કોણે પોતાના દીકરાને બે સરદારોને મારી નાંખવા કહ્યું, પણ તે બીધો. આ કોણ?
૪. ગિદયોનને કેટલા દીકરા હતા?
૫. કરોડોની મા થવાનો આશીર્વાદ કોણે કોને આપ્યો?
૬. કોને માટે કહેવાયું કે તે માણસો મધ્યે રાની ગધેડા જેવો થશે?
૭. ઈસ્રાએલ લોકો મિસરમાંથી નીકળ્યા પછી કેટલી છાવણીઓ કરી? તેની નોંધ ક્યાં મળે છે?
૮. ઈસ્રાએલપુત્રો મોશે અને હારુન સાથે મિસરમાંથી નીકળ્યા ત્યારે મિસરીઓ શું કરી રહ્યા હતા?
૯. કયા રાજાનો દીકરો, દાવિદ રાજાને મળવા આવ્યો ત્યારે તેણે પગ ધોયા ન હતા, દાઢી કાતરી ન હતી, વસ્ત્રો પણ ધોયાં નહોતાં? આ દીકરાનું નામ શું? તે શરીરે કેવો હતો?
૧૦. નવા કરારમાં કયા છોકરા સંબંધી કહેવાયું છે કે તે નાનપણથી શાસ્ત્ર સારી રીતે જાણે છે?
૧૧. કઈ નાની છોકરીને ઈસુએ સજીવન કરી? તે કોની દીકરી હતી?
૧૨. મરિયમ, યોસેફ અને બાળ ઈસુ કયા દેશમાં નાસી ગયાં?
૧૩. બાઇબલનો કયો અધ્યાય પ્રેમનો અધ્યાય કહેવાય છે?

૧૪. બાઈબલનો કયો અધ્યાય વિશ્વાસનો અધ્યાય કહેવાય છે?

૧૫. નવા કરારના કયા રાજાને દૂતે માર્યો, જે કીડાથી ખવાઈને મૃત્યુ પામ્યો?

૧૬. હેર્મોન કયા બે નામે ઓળખાય છે? આ બે નામ કોણે પાડ્યાં?

૧૭. માગોર-મિસ્સાબીબ એ શું છે?

૧૮. ટાફાથ કોની દીકરી હતી?

૧૯. યદીદયા નામ કોનું છે?

૨૦. બેન-આમ્મી કોણ છે?

૨૧. બેર-લાહાય-રોઈ આ શું છે?

૨૨. હાવ્વોથ-યાઈર શું છે?

૨૩. કયા રાજાની અને તેના દીકરાઓની લાશો બેથ-શાનના કોટ પરથી ઊતારી લાવીને બાળી?

૨૪. કયો રાજા સ્વપ્ન જોઈ ગભરાઈ ગયો? તેના સ્વપ્નનો ખુલાસો કોણે કર્યો?

૨૫. એઝરાના પુસ્તકમાં કયા રાજાનો ઉલ્લેખ મળે છે?

૨૬. અમોરીઓના રાજાનું નગર કયું હતું?

૨૭. ઉઝ્ઝીયાને રાજા બનાવ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૨૮. યહૂદિયાના યોઆશનો પુત્ર કોણ? તે કેટલાં વર્ષ જીવ્યો?

૨૯. યેહૂ રાજાએ ઈસ્રાએલ પર કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૩૦. શમુએલે સૌ પ્રથમ કોનો રાજા તરીકે અભિષેક કર્યો?

૩૧. કયો ઈસ્રાએલનો રાજા વેશ બદલીને લડવા ગયો?

૩૨. કયા રાજાએ હાથીદાંતનું ઘર બાંધ્યું હતું?

૩૩. શલોમોન રાજાને મંદિર માટે કોણે એરેજવૃક્ષનાં લાકડાં કાપી આપ્યાં?

૩૪. યર્મિયાને પ્રબોધ કરવા પસંદ કર્યો ત્યારે કોણ રાજા હતો?

૩૫. હાગ્ગાય પ્રબોધકના સમયમાં કોણ રાજા હતો?

૩૬. કયા રાજાને મંદિરમાં કોઢ ફૂટી નીકળ્યો હતો?

૩૭. અહાશ્વેરોશ રાજાથી બીજા ક્રમે યહુદી રાજા માન પામ્યો હતો?

૩૮. નવા કરારમાં હેરોદ રાજાએ કેટલી ઉંમરનાં બાળકોની કતલ કરાવી?

૩૯. અમોરીઓના રાજાનું નગર કયું હતું?

૪૦. કયા રાજાએ યોહાનના ભાઈ યાકોબને મારી નાંખ્યો હતો?

૪૧. સીહોન કોણ?

૪૨. એલીશા મૃત્યુ પામ્યો ત્યારે કોણ રાજા હતો?

૪૩. સૌ પ્રથમ પૃથ્વી પર કોનું મૃત્યુ થયું હતું?

૪૪. યહૂદીઓના કેલેન્ડર પ્રમાણે પ્રથમ માસ કયો?

૪૫. યાકોબના જોડિયા અને શરીરે વાળવાળા ભાઈ એસાવથી કઈ જાતિ ઉત્પન્ન થઈ?

૪૬. પ્રભુ ઈસુના બાપ્તિસ્મા પછી પવિત્ર આત્મા કયા રૂપમાં ઊતર્યો?

૪૭. કયા પ્રબોધક પાસે તીડ અને કાતરાઓના અનર્થનું સંદર્શન આવ્યું હતું?

૪૮. કયો પ્રબોધક કહે છે કે યહોવા સિયોનમાં રહે છે?

૪૯. કિકાયોન શું છે? તેની સાથે કયો પ્રબોધક સંકળાયેલ છે?

૫૦. કોણે કોના પગે અત્તર ચોળીને પગ પોતાના વાળના ચોટલાથી લૂછ્યા?

૫૧. મારા જીવને સારુ પોતાની ગરદનો ધરી છે એવું કોના માટે કયો પ્રેરિત કહે છે?

૫૨. વિશ્વાસ, આશા, પ્રીતિ આ ત્રણમાં શ્રેષ્ઠ શું?

૫૩. કયા પ્રેરિતના મત પ્રમાણે સ્ત્રીએ મંડળીમાં બોલવું તે શરમ ભરેલું છે?

૫૪. આલેકસાંદર કંસારો કોણ હતો? તેણે શું કર્યું હતું?

૫૫. બંદીખાનામાં કોણ કોનો ધર્મપુત્ર થયો હતો?

૫૬. શલોમોન રાજાને દર વર્ષે કેટલું સોનું મળતું હતું?

૫૭. શલોમોન રાજાને માટે રથો, ઘોડા ક્યાંથી, કઈ કિંમતે ખરીદીને લાવવામાં આવતાં હતા?

૫૮. કયા રાજાએ હાથીદાંતનું સિંહાસન બનાવ્યું હતું?

૫૯. શલોમોન રાજાએ યહોવાની ના હોવા છતાં કઈ જાતિમાંથી સ્ત્રીઓ કરી?

૬૦. શું શલોમોન રાજા તેના પિતા દાવિદ રાજાની માફક જીવનના અંત સુધી યહોવાને વફાદાર રહ્યો હતો?

૬૧. યહોવાએ શલોમોનને કેટલી વાર દર્શન દીધું હતું?

૬૨. શલોમોને બનાવેલ સિંહાસન કેવું હતું?

૬૩. ધૂમકેતુની વાત બાઈબલમાં ક્યાં મળે છે?

૬૪. રાનમાં ઊના ઝરા કોને, ક્યારે જડ્યા હતા?

૬૫. 'પનીએલ' શું છે? તેની સાથે શું સંકળાયેલ છે?

૬૬. 'સુક્કોથ' શું છે? તેની સાથે શું સંકળાયેલ છે?

૬૭. જેમ પિતા પુત્રને તેડે તેમ કોણે કોને તેડી લીધાં હતાં? ક્યાં?

૬૮. આપણે જોઈએ છીએ, કે ઘણી વાર માણસને પરમેશ્વર એટલું બધું દ્રવ્ય, સંપત્તિ, તથા માન આપે છે કે તેને કશી ખોટ રહેતી નથી, તોપણ તેનો ઉપભોગ કરવાની શક્તિ પરમેશ્વર તેને આપતો નથી. આ જ્ઞાન બાઈબલમાં આપણને ક્યાં મળે છે?

૬૯. ભૂંડનું માંસ અને ઉંદર ખાનાર વિષે કયો પ્રબોધક પ્રબોધ કરે છે?

૭૦. કોણે એવો ઠરાવ કર્યો હતો કે, ઈસુ તે ખ્રિસ્ત છે, એમ જે કોઈ કબૂલ કરે તેને સભાસ્થાનમાંથી કાઢી મૂકવો?

૭૧. યોસેફના હાડકાં મિસરમાંથી લાવીને ક્યાં દાટ્યાં?

૭૨. તાબોરના એલોન વૃક્ષ આગળ આ નિશાનીઓ કોને આપવામાં આવી કે, એક જણ બકરીના ત્રણ બચ્ચાં ઊંચકીને જતો, એક જણ ત્રણ રોટલી ઊંચકીને જતો, એક જણ દ્રાક્ષારસની કૂંડી ઊંચકીને જતો - એમ ત્રણ જણાં દેવની પાસે બેથેલમાં જતાં મળશે?

૭૩. કયો પ્રબોધક કહે છે, કે તમારો માંગેલો રાજા તે તમારી દીકરીઓને પકડીને કંદોઈયણો, રસોઈયણો, ભઠિયારણો બનાવશે?

૭૪. કોણે લોકોને કહ્યું કે તમારો રાજા તમારા પુત્રોને પકડીને રથોને સારુ સવારો તરીકે રાખશે. જે પુત્રો રથોની આગળ દોડનારા થશે?

૭૫. પ્રભુનો વધસ્તંભ કોણે ઊંચક્યો? કોણે ઊંચકાવ્યો હતો?

૭૬. કોણ એમ કહે છે કે સુવાર્તા પ્રગટ કરવામાં મેં એવો નિયમ રાખ્યો છે કે, જ્યાં ખ્રિસ્તનું નામ જાણવામાં આવ્યું હોય ત્યાં બોધ કરવો નહીં? (આ આજે આપણને રોજ ઊભી થતી સંસ્થાઓને કેટલું બધું લાગુ પડે છે)

૭૭. વધસ્તંભ પરની કઈ વાણી બે સુવાર્તાઓમાં મળે છે? અને જૂના કરારમાં આજ શબ્દોમાં તે કલમ આપણને ક્યાં મળે છે?

૭૮. ક્યાં છ વાનાં યહોવા ધિક્કારે છે? અને કયાં સાત વાનાં તેને કંટાળો ઉપજાવે છે? આ શિક્ષણ ક્યાં મળે છે?

૭૯. કયા રાજાએ કયા જુવાન પ્રબોધકને સાષ્ટાંગ દંડવત પ્રણામ કયા તથા અર્પણ ચઢાવવા અને સુગંધી ધૂપ કરવા વિનંતી કરી?

૮૦. કઈ માખીઓને, કોણ સીટી વગાડીને બોલાવશે? કયા દેશમાંથી બોલાવશે?

૮૧. સંતો સ્વર્ગમાં કયું વાજિંત્ર વગાડતા હશે?

૮૨. હિબ્રૂ માણસ કોઈની આગળ સમ ખાતી વખતે પોતાનો હાથ ક્યાં મૂકતો હતો?

૮૩. પાઉલે કેટલાક શિષ્યોના માથે હાથ મૂક્યો ત્યારે શું બન્યું?

૮૪. યુતુખસ કોણ હતો? તેની સાથે કઈ વાત સંકળાયેલ છે?

૮૫. સ્કેવા કોણ હતો? તેના દીકરા શું કરતા હતા?

૮૬. કયા પ્રેરિતે યહૂદીઓને કહ્યું કે, તમારું લોહી તમારા માથે હું તો નિર્દોષ છું, તેણે એમ કહી પોતાનાં વસ્ત્રો ખંખેરી નાંખ્યા?

૮૭. કોણે ક્યાં વેદી જોઈ જેના પર લખેલું હતું : 'અજાણ્યા દેવના માનમાં!?

૮૮. કયા પ્રેરિતનાં વાપરેલાં કપડાં, રુમાલ વગેરે માંદાઓ પાસે લઈ જતાં, ત્યારે તેઓ અડકતાં અને સાજાં થતાં, ભૂતો નીકળી જતાં?

૮૯. કયો અધિકારી પાઉલ પાસેથી પૈસા મળવાની આશા રાખતો હતો?

૯૦. કયા હબસી ખોજાએ કયા પ્રબોધક પર દયા બતાવીને તેને કાદવમાં ખૂંપી ગયેલાં અને ટાંકામાંની બંદીવાન હાલતમાંથી બહાર કાઢ્યો?

૯૧. કયા યાજકના પુત્રને મંદિરના ચોકમાં પથરા મારી મારી નાખ્યો હતો, તેનું નામ શું?

૯૨. 'પેરેસ-ઉઝ્ઝા' શું છે? તેની સાથે કઈ વાત સંકળાયેલ છે?

૯૩. કોણે પોતાના ચાકરોને કહ્યું કે, આજે ઈસ્રાએલમાંથી એક સરદાર તથા મહાન પુરુષ મરણ પામ્યો છે. હું અભિષિક્ત રાજા

છું તથાપિ આજે અશક્ત છું. આ રાજા કોણ હતો? અને મરનાર મહાન પુરુષ કોણ હતો?

૯૪. કયો પર્વત, સૈન્યોના દેવ યહોવાના નામનું સ્થાનક છે?

૯૫. કયા પ્રબોધકે પોતાનો ઝભ્ભો પાણી પર મારીને પાણીના બે ભાગ કરી દીધા? તે નદી કઈ હતી?

૯૬. કોનાં ધૂપપાત્રો લઈ, ટીપીને વેદીને ઢાંકવા સારુ પતરાં બનાવવા કહેવામાં આવ્યું?

૯૭. બાર લાકડીઓમાંથી કોની લાકડીને કૂંપળો ફૂટી ફૂલ આવ્યાં અને બદામો લાગી?

૯૮. હાથના તથા પગના અંગૂઠાઓ કાપી નંખાયેલા ૭૦ રાજાઓ કોની મેજ તળેના રોટલીના ટુકડાઓ વીણી ખાતા હતા?

૯૯. અદોની બેઝેકના હાથના તથા પગના અંગૂઠાઓ કોણે કાપી નાખ્યાં?

૧૦૦. શિબ્બોલેથના બદલે 'સિબ્બોલેથ' ઉચ્ચાર કરનારનું શું થયું? તેઓની સંખ્યા કેટલી હતી?

## યહૂદા (૪)

૧. કોણે વેદી પરથી હાથ લાંબો કરીને 'એને પકડો, એને પકડો' એમ બૂમ પાડી. ત્યારે તેનો હાથ લાંબો જ રહી ગયો અને સુકાઈ ગયો?

૨. કોણે કોના માણસોને કે જે દિલાસો દેવા ગયા હતા, તેમની દાઢી મૂંડાવી નાંખી અને તેમનાં પહેરેલાં વસ્ત્રો વચમાંથી ઊભાં ફાડી નંખાવ્યા?

૩. સૌ પ્રથમ કયું વાજિંત્ર બાઇબલમાં મળે છે?

૪. રાનમાં યોહાન બાપ્તિસ્મીનો ખોરાક શો હતો?

૫. વૈરીના માથા ઉપર કેવી રીતે ધગધગતા અંગારાનો ઢગલો કરી શકાય?

૬. એલિયાને યહોવાએ કયા બે જણને રાજાઓ અને કયા બે જણને પ્રબોધક તરીકે અભિષિક્ત કરવા કહ્યું હતું?

૭. કોણ માને છે કે પુનરુત્થાન નથી, દૂત કે આત્મા પણ નથી?

૮. પ્રભુમાં તે મારું પ્રિય તથા વિશ્વાસુ બાળક છે, એમ કોણ કોના વિષે કહે છે?

૯. હું તમારી પાસે સોટી લઈને આવું કે પ્રેમથી તથા નમ્રતાથી આવું એમ કોણ કહે છે?

૧૦. કોણ પ્રભુ ઈસુને કહે છે કે અમને બાપ દેખાડ એટલે અમારે બસ છે?

૧૧. પિતાઓએ ખાટી દ્રાક્ષો ખાધી અને પુત્રોમાં દાંત ખટાઈ ગયા છે, આ કહેવત કોના માટે વપરાતી હતી?

૧૨. અહંકાર, અન્નની પુષ્કળતા અને જાહોજલાલીને લીધે તેઓનો એશઆરામ - આ દોષ કોનો હતો?

૧૩. યરુશાલેમ આવી કોણે યહોવાનું મંદિર, રાજાનો મહેલ તેમ જ યરુશાલેમનાં સર્વ મોટાં ઘરોને આગ લગાડી બાળી નાંખ્યા?

૧૪. ઈસ્રાએલની વિશ્વાસઘાતી બહેન કોણ?

૧૫. સદોમની મોટી બહેન કોણ?

૧૬. તે શહેર ત્યાં મોકલાયેલાઓને તથા પ્રબોધકોને પથ્થરે મારી નાખતું - એવું પ્રભુ ઈસુ કયા શહેર વિષે કહે છે?

૧૭. કોના હાથમાં ઓળંબો જોઈને કોણ હરખાશે?

૧૮. પ્રેરિત અને પ્રમુખ યાજક કોણ?

૧૯. માલ્ખી સેદેકના ધારા પ્રમાણે પ્રમુખ યાજક કોણ?

૨૦. ન્યાયીપણાનો ઉપદેશક કોણ?

૨૧. સંતોની પ્રાર્થનાને શાની ઉપમા આપવામાં આવી છે?

૨૨. પાળકો, દેવળમાં ભક્તિસભામાં હાથ ઊંચા કરીને આશીર્વચન ઉચ્ચારે છે તેવું બાઇબલમાં ક્યાં મળે છે?

૨૩. અવી, રેકેમ, સૂર, હૂક તથા રેબા આ શું છે?

૨૪. તિમ્નાથ-સેરાહ અને ગાઆશ શું છે? તે કોના નામ સાથે સંકળાયેલ છે?

૨૫. વીસ વર્ષ ઉપરાંત કરાર કોશ ક્યાં, કોને ત્યાં પડી રહ્યો?

૨૬. કયા રાજાના કહેવાથી કોણે એફોદ પહેરેલાં ૮૫ યાજકોને મારી નાંખ્યા?

૨૭. રામામાં પોતાના ઘરમાં કોને દાટવામાં આવ્યો?

૨૮. કઈ સ્ત્રી બુદ્ધિમાન અને સુંદર હતી, જ્યારે તેનો પતિ વ્યવહારમાં દુષ્ટ અને અસભ્ય હતો? આ પતિ-પત્નીના નામ આપો.

૨૯. કોનું માથું કોટ પરથી ફેંકીને, કોણે નગરને બચાવ્યું?

૩૦. મીખાયા પ્રબોધક કોનો દીકરો હતો? તેને કોણે ગાલ પર તમાચો માર્યો?

૩૧. સૌ પ્રથમ ઈશ્વરનો દોષ કોણે કાઢ્યો?

૩૨. કોના નામનો અર્થ 'વિસામો' થાય છે?

૩૩. લાલ સૂતર કિરમજી રંગની દોરી ક્યાં ક્યાં બાંધવામાં આવેલી?

૩૪. પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા - એમ આપણે ઉચ્ચારીએ છીએ. વળી, પ્રાર્થનામાં તથા ભક્તિસભામાં પણ તે ઉચ્ચારાય છે. તે બાઇબલમાં ક્યાં મળે છે?

૩૫. પવિત્ર, પવિત્ર, પવિત્ર - આ પ્રાર્થનામાં ઉચ્ચારીએ છીએ. તે બાઇબલમાં ક્યાં મળે છે?

૩૬. 'હાલેલૂયાહ' શબ્દ બાઇબલમાં ક્યાં મળે છે?

૩૭. બોધભાષણમાં કે દફનક્રિયા વખતે કહેવામાં-વાંચવામાં આવે છે કે પુનરુત્થાન તથા જીવન હું છું. આ કોણ બોલ્યું હતું? બાઈબલમાં તે ક્યાં મળે છે?

૩૮. પરમઊંચામાં દેવને મહિમા થાઓ-આ કોણ, ક્યારે બોલે છે?

૩૯. પવિત્ર ચુંબન : ઘણા પ્રભુમંદિરમાં સંગત સમયે એકબીજાને પવિત્ર ચુંબન કરવાનો પુરાણો રિવાજ છે. બાઈબલમાં તે ક્યાં મળે છે?

૪૦. ભજનસેવા વખતે 'તમને સર્વને શાંતિ થાઓ' એમ ઉચ્ચારવામાં આવે છે. તે બાઈબલમાં ક્યાં મળે છે?

૪૧. કયા બે જણે અગ્નિ-રથ, અગ્નિ-ઘોડા આકાશમાંથી ઊતરતા જોયા?

૪૨. શિષ્ય બન્યા પહેલાં માથ્થી શું કામ કરતો હતો?

૪૩. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પહેલાં કોણ ઉજ્જડ વેરાન પ્રદેશમાં પ્રબોધ કરતું હતું?

૪૪. ઈસુ ખ્રિસ્તની વંશાવળી કઈ કઈ સુવાર્તામાં મળે છે?

૪૫. મોશે ફારુનના દરબારમાં જાય છે, ત્યાં કયા બે જાદુગરો તેની સામા થાય છે? તેમનાં નામ શું?

૪૬. આબ્શાલોમનાં માણસોથી બચવા કોણ કૂવામાં સંતાઈ ગયાં?

૪૭. કૂવામાં સંતાવા માટે યોનાથાન અને અહીમાઆસને કોણે મદદ કરી સંતાડ્યા?

૪૮. યહોશુઆનું નામ પહેલાં શું હતું? યહોશુઆ નામ કોણે પાડ્યું?

૪૯. જે ૧૨૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો ત્યારે પણ તેની આંખોનું તેજ ઝાંખું પડ્યું નહોતું કે શરીરનાં અંગોનું કૌવત ઘટ્યું નહોતું તે કોણ હતો?

૫૦. જે યરીખો નગર બાંધે તે યહોવાની આગળ શાપિત થાય ને

જયેષ્ઠપુત્રના ભોગે તેનો પાયો નાંખે, સૌથી નાના પુત્રના જીવ સાટે દરવાજા ઊભા કરે. આ સમ કોણે ખવડાવ્યા હતા?

૫૧. યરીખો બાંધવાનાં આ સમ હોવા છતાં કોણે તે બાંધ્યું? અને શું થયું?

૫૨. એદનવાડીમાં કયાં એવાં બે ઝાડ હતાં, જે બીજી કોઈ જગ્યાએ થતાં નહોતાં?

૫૩. ખારનો થાંભલો કોણ થઈ ગયું હતું?

૫૪. કયા ન્યાયી રાજાએ સૂર્યને અજાયબ રીતે પાછળ ખસતો જોયો હતો?

૫૫. સૂર્ય કરતાં વધુ તેજસ્વી પ્રકાશનો ઝબકાર બપોરે કોના પર પડ્યો હતો? તે કોણ હતો, જે પ્રેરિત બન્યો?

૫૬. કયા ઈશ્વરભક્ત જુવાનને સિંહોના બિલમાં નાંખ્યો હતો?

૫૭. પ્રભુ ઈસુ પુનરુત્થાન પછી શિષ્યોને મળ્યા ત્યારે કયો શિષ્ય ગેરહાજર હતો?

૫૮. કયો શિષ્ય નાથાનાએલને પ્રભુ ઈસુ પાસે લાવ્યો?

૫૯. કયા પ્રેરિતે કઈ સ્ત્રીને મૃત્યુમાંથી સજીવન કરી હતી?

૬૦. કોણે સિંહને શસ્ત્ર વગર હાથથી જડબું ઝાલી ચીરી નાંખ્યો હતો?

૬૧. નવા કરારના કયા પ્રબોધકે આત્માથી પ્રેરાઈને પ્રબોધ કર્યો કે આખા જગતમાં મોટો દુકાળ પડશે?

૬૨. કયા પ્રબોધકની અવિશ્વાસુ પત્નીને લો-રુહામાહ, લો-આમ્મી નામે પુત્રીઓ અને યિઝ્રએલ નામે પુત્ર જન્મ્યાં હતાં? પત્નીનું શું નામ હતું?

૬૩. દાવિદ રાજાના સૈન્યમાં કોણ બળવાન યોદ્ધો ગોફણ ચલાવવામાં કુશળ નિશાનબાજ હતો?

૬૪. સૌપ્રથમ વાડી-બગીચો પૃથ્વી પર કોણે બનાવ્યો?

૬૫. કયો રાબ્બી (ધર્મગુરુ) પાઉલનો ગુરુ હતો?

૬૬. કયો પ્રબોધક રાણી ઈઝબેલની બીકથી ભાગી રહ્યો હતો ત્યારે તેને પ્રભુનો સાદ સંભળાયો? પ્રભુએ તેને બોલાવ્યો?

૬૭. રોતેમ વૃક્ષ તળે કોણ સૂતું હતું જેને દૂતે જગાડીને ખવડાવ્યું? કેટલી વાર ખવડાવ્યું?

૬૮. કયો રાજા દ્રાક્ષાવાડી બદલામાં કે વેચાતી લેવા ઈચ્છતો હતો, જેથી તે ત્યાં શાકભાજીની વાડી બનાવે? વાડી તેના ઘર પાસે જ હતી. આ રાજા કોણ? વાડી કોની હતી? (વાડી ન મળતાં રાજાએ રોટલી ન ખાવાની હઠ લીધી હતી?)

૬૯. ભારતમાં બકરાને, આખલાને, ઘેટાંને, પાડાને છૂટાં મૂકી દેવામાં આવે છે. 'રખડતો-છૂટો' આવું બાઈબલમાં ક્યાં મળે છે?

૭૦. કોણે દાવિદના સેવકોનાં માથાં મૂંડાવ્યાં તથા જામા ઊભા ફાડી નાંખી તેમને અપમાનિત કર્યા?

૭૧. ઓર્નાન યબૂસીની ખળી કોણે છસો શેકેલ સોનું આપીને ખરીદી?

૭૨. દાવિદ રાજાએ હાથમાં નાગી તરવાર સાથે આકાશ અને પૃથ્વીની વચમાં ઊભેલા દૂતને કઈ જગ્યાએ જોયો?

૭૩. યહોવાએ ગાદ પ્રબોધક મારફતે કોને કહ્યું કે, ત્રણમાંથી પસંદ કર કે ત્રણ વર્ષ દુકાળ પડે અથવા તારા શત્રુઓની તરવાર તારા અને તારા લોક પર પડે. ત્રણ મહિના સુધી તારા લોકને ક્ષય થાય અથવા ત્રણ દિવસ સુધી યહોવાની તલવાર એટલે મરકી દેશમાં ચાલે?

૭૪. રાજા શલોમોને યહોવા દેવને સારુ ક્યાં, કઈ જગ્યાએ મંદિર બાંધવાની તૈયારી કરી, અને તે બાંધ્યું?

૭૫. ભારતમાં મંદિર-મસ્જિદ પર જે કળશ હોય છે તેવો યહોવાના મંદિર પર ક્યાં રૂપમાં જોવા મળે છે?

૭૬. યાખીન અને બોઆઝ શાનાં નામ હતા?

૭૭. કળશ, દાડમ વગેરે પિત્તળમાંથી કેવી રીતે બનાવ્યાં હતાં?

૭૮. જુવાન, મંડળીનો ધાર્મિક આગેવાન અને પાઉલનો આત્મિક પુત્ર તે કોણ?

૭૯. એવું કોના માટે કહેવામાં આવ્યું છે કે હું મારા દૂતને તારી આગળ મોકલું છું. તે તારો માર્ગ સિદ્ધ કરશે, સ્ત્રીઓથી જે જન્મેલા છે તેમાં તેના કરતાં કોઈ મોટો થયો નથી?

૮૦. કયા એક જ પેઢીમાં આવતા, જૂના અને નવા કરારનાં, બે જણાંની બેથલેહેમ જન્મભૂમિ છે?

૮૧. મિસરમાંથી ઈસ્રાએલ પુત્રો નીકળ્યાનાં ૪૦મા વર્ષમાં તેમનો કયો નેતા હોર પર્વત પર મૃત્યુ પામ્યો?

૮૨. કયા રાજાએ યોહાન બાપ્તિસ્મીનું માથું કપાવ્યું હતું?

૮૩. પ્રભુ ઈસુનાં શિક્ષણ પ્રમાણે શરીરનો કયો ભાગ જો આપણને પાપમાં નાંખે તો તે કાઢી નાંખવો?

૮૪. મોશેના હાથ સાથે શો ચમત્કાર થયો હતો?

૮૫. જો પુરુષ સ્ત્રી સામે ખરાબ દ્રષ્ટિથી જુએ તો તેનાં હ્રદયમાં આ ભૂંડા વિચાર અંગે તે કયું પાપ કરે છે?

૮૬. પોતાનો મૃત ધારેલો દીકરો જીવતો છે તે ખબર સાંભળી કોણ સ્તબ્ધ થઈ ગયું હતું? આ પિતા-પુત્ર કોણ?

૮૭. કઈ માતાએ તેને દીકરો જન્મ્યો પછી તેને લગતી થતી વાતો પોતાના મનમાં રાખી? આ મા-દીકરો કોણ?

૮૮. કોણે મનમાં એવું ધાર્યું કે ઈશ્વર છે જ નહીં?

૮૯. કયો પ્રબોધક કહે છે કે પ્રભુએ મને ભણેલાની જીભ આપી છે?

૯૦. જેઓ કૂતરાની માફક જીભથી લખલખાવીને પાણી પીતા હતા તેમને યુદ્ધ માટે પસંદ કરનાર ઈશ્માએલી આગેવાનનું નામ શું હતું?

૯૧. કઈ જગ્યાએ ભાષાઓની ગૂંચવણ થઈ? તે પહેલાં કેટલી ભાષાઓ હતી?

૯૨. દુષ્ટતા કરનારની જીભને પાણીદાર અસ્ત્રા સાથે સરખાવનાર કવિ અને રાજાનું નામ શું હતું?

૯૩. નવા કરારમાં કોણ જીભને વહાણના સુકાન સાથે સરખાવે છે?

૯૪. નવા કરારમાં કોણ કૂતરાથી સાવધ રહેવા કહે છે?

૯૫. યરુશાલેમનો પહેલો રાજા કોણ હતો?

૯૬. કોના કહેવાથી સૂર્ય અને ચંદ્ર સ્થિર રહ્યા? ક્યાં?

૯૭. આનાથના દીકરા શામ્ગાર સાથે કઈ વાત સંકળાયેલ છે?

૯૮. એન-દોરમાં રહેતી સ્ત્રી સાથે કઈ વાત સંકળાયેલ છે?

૯૯. 'કાલે તું તથા તારા દીકરા મારી સાથે હશો' - આ કોણ, ક્યારે બોલ્યું? કોને કહ્યું?

૧૦૦. કોની સ્ત્રી વેશ બદલીને પોતાના માંદા દીકરાનું ભવિષ્ય જાણવા અંધ પ્રબોધક પાસે ગઈ? આ પ્રબોધકનું નામ શું?

## ઝબુલોન (૫)

૧. કયા રાજાને દીવાલ પર લખતી આંગળીઓ દેખાઈ હતી?

૨. દીવાલ પર લખાયેલ લેખનો અર્થ કરવા કોને બોલાવવામાં આવ્યો હતો?

૩. શું દાનિયેલે લેખનો અર્થ કરવાની બક્ષિસ લીધી હતી?

૪. દાનિયેલને કોની પૂજા કરવાની હતી? ન કરે તો શું થાય?

૫. સિંહોએ દાનિયેલને કેમ ફાડી ખાધો નહીં?

૬. કયા રાજાનો વાસ વનચર પશુઓ વચ્ચે થયો, બળદની જેમ ઘાસ ખાધું, શરીર તેનું ઝાકળથી પલળ્યું અને વાળ વધીને ગરુડનાં પીંછા જેવા થયા?

૭. યાજકોને કઈ વિધવાઓ સાથે લગ્ન કરવાની છૂટ હતી?

૮. શું જૂનાં કરારના સમયમાં લગ્ન સમયે લગ્ન-ગીતો ગવાતાં હતાં?

૯. યાકોબે એફ્રાઈમના દીકરાઓને કઈ રીતે આશીર્વાદ આપ્યો?

૧૦. યોસેફને કઈ ઉપમા આપી?

૧૧. યોસેફના ભાઈ બિન્યામીનને કઈ ઉપમા આપી?

૧૨. ભારતમાં પાપ, ગુના કબૂલ કરાવવા અંધશ્રદ્ધારૂપે ગરમ તેલમાં હાથ બોળવામાં, ડૂબાડવામાં આવે છે. તો જૂના કરારમાં સ્ત્રીના પાપને પકડવા કઈ વિધિ હતી?

૧૩. દહનાર્પણ માટે નહીં, પણ ઈસ્રાએલપુત્રોએ સાક્ષીરૂપે વેદી બાંધી હતી. તેનું નામ શું?

૧૪. હિત્તીઓ, અમોરીઓ, કનાનીઓ, પરિઝ્ઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓએ કોને કઈ રીતે છેતર્યા?

૧૫. યહોશુઆને છેતરનારને યહોશુઆએ શી શિક્ષા કરી?

૧૬. કયા રાજાએ ગરનાળું (નહેર), તળાવ બનાવી શહેરમાં પાણી પહોંચાડ્યું? આ ઈજનેરી કાર્ય કરનાર કોણ હતું?

૧૭. યશાયાએ હિઝકીયા રાજાને ગૂમડાં પર શું લગાડવા કહ્યું, જેથી તે સારો થાય?

૧૮. યહોવાના મંદિરમાં કોણે કઈ મૂર્તિઓ બેસાડી હતી?

૧૯. કયો રાજા શુકન-મુહૂર્ત જોતો અને જેણે પોતાના દીકરાને અગ્નિમાં હોમ્યો તથા મંદિરમાં વેદી બાંધી?

૨૦. યહોવાના મંદિરમાં બાંધેલી વેદીઓ, મૂર્તિઓ વડે રાજા શલોમોને પાછલા સમયમાં પ્રજાને મૂર્તિપૂજા તરફ વાળી હતી, આ બાંધકામો મંદિરમાંથી કોણે દૂર કર્યા?

૨૧. કયા પ્રાણીએ, કયા પ્રબોધક સાથે મનુષ્યની ભાષામાં વાત

કરી?

૨૨. મરીબાહ શું છે? તેનો અર્થ શો?

૨૩. હારુનનું મૃત્યુ ક્યાં થયું?

૨૪. હારુનનાં વસ્ત્રો કોણે, કોને પહેરાવ્યાં?

૨૫. આગિયો સર્પ કોણે, કેમ બનાવ્યો?

૨૬. આ આગિયા સર્પના કોણે ટુકડે-ટુકડા કરી, તોડી નાંખ્યો હતો?

૨૭. છૂંદાઈ ગયેલા બરુરૂપી લાકડીની ઉપમા કોણે કોને આપી?

૨૮. રાહાબે જાસૂસોને ક્યાં સંતાડ્યા હતા?

૨૯. યહોશુઆ સાથે કેટલાં જણનું સૈન્ય યરદન નદી પાર ઊતર્યું હતું?

૩૦. યરદન નદીનું પાણી કયા સમુદ્ર તરફ વહેતું હતું? આ યરદનના બે ભાગ કઈ રીતે થયા?

૩૧. ગોલ્યાથને દાવિદે ક્યાં મારી નાંખ્યો હતો? કઈ જગાએ?

૩૨. કઈ પુત્રવધૂ તેની સાસુને સાત દીકરા કરતાં પણ વિશેષ હતી? આ પુત્રવધૂ અને સાસુ તે કોણ?

૩૩. રૂથના પુત્રનું નામ શું પાડવામાં આવ્યું, અને તે કોનો કોનો પૂર્વજ થયો?

૩૪. યોઆહ કોણ હતો?

૩૫. યર્મિયાની દીકરીનું નામ શું? તેનો દીકરો કોણ?

૩૬. કોણે ૧૦૦ પ્રબોધકોને બચાવવા ૫૦-૫૦ની બે ટોળી બનાવી તેમને ગુફામાં સંતાડ્યા? આમ કોના દ્વારા તેમને બચાવ્યા હતા?

૩૭. કયા પર્વત પર ચઢીને, કોણે ઝાડની એક ડાળી કાપી અને ખભે મૂકી તેના સાથીઓને પણ તેમ કરવા કહ્યું?

૩૮. એલ-બરીથના ઘરનાં ભોંયરામાં પેઠેલા કેટલા માણસોને ભોંયરા આગ લગાડી, કોણે મારી નાંખ્યાં?

૩૯. કિલ્લા પરથી ઘંટીનું પડ નાંખી કોણે, કોને મારી નાંખ્યો?

૪૦. દેશનાં ઉત્તમ ફળ, થોડું ગૂગળ, થોડું મધ, થોડાં તેજાના, બોળ, પિસ્તા, બદામ - આ કોના માટે ભેટરૂપે લઈ જવા, કોણ કોને કહે છે?

૪૧. 'બેર-લાહાય-રોઈ' શું છે? નદી, ઝરો, પહાડ કે શહેર?

૪૨. 'બેર-શેબા' શું છે? તેનો અર્થ શો?

૪૩. 'યહોવા-યિરેહ' નામ કઈ જગાનું, કોણે પાડ્યું?

૪૪. 'અઝૂબાહ' કોનું નામ છે? શહેર, સ્ત્રી, નદી?

૪૫. 'યદીદા' કોનું નામ છે? નદી, શહેર, સ્ત્રી?

૪૬. 'મશુલ્લેમેથ' કોનું નામ છે? શહેર, નદી, સ્ત્રી?

૪૭. અહીનોઆમ, અબીગાઈલ, માઅખાહ, હાગ્ગીથ, અબીટાલ, એગ્લાહ - આ કોનાં નામ છે? તેઓ કોણ છે?

૪૮. 'યહોવા-શાલોમ' - આ કોનું નામ છે? કોણે પાડ્યું?

૪૯. 'પનીએલ' શું છે? આ નામ કોણે પાડ્યું?

૫૦. 'યહૂદીથ' અને 'બાસમાથ' કોણ છે?

૫૧. એસેક, સિટનાહ શું છે - પહાડ, સરદારો, કૂવા?

૫૨. નબાયોથ, કેદાર, આદબએલ, મિસામ, મિશમા, દુમાહ, માસ્સા હદાદ, યટુર, નાફીશ અને કેદઆહ - આ નામ કોનાં છે? નદી, શહેર, પહાડ કે પુરુષ?

૫૩. 'બેન-આમ્મી' શું છે? કૂવો, પહાડ?

૫૪. 'પિસ્ગાહ' કયા પર્વતનું શિખર છે?

૫૫. 'કિર્યાથ-આર્બા' કોનું વતન હતું? તેનું બીજું નામ શું હતું?

૫૬. 'મોહનાઈમ' કોનું નામ, કોણે પાડ્યું?

૫૭. 'માગોર-મિસ્સાબીબ' કોનું નામ, કોણે પાડ્યું? તેનો અર્થ શો?

૫૮. 'દિયોસ્કુરી' શું છે? તે શાની નિશાની છે?

૫૯. અગ્રીપા, બરનિકા શું છે? પહાડ, શિખર, રાજા, રાણી?

૬૦. પ્રૈતોર્યુમ કોનું નામ છે? ત્યાં શું થયું હતું?

૬૧. 'ઓહલાહ' અને 'ઓહલીબાહ' કયાં બે શહેરોનાં નામ છે?

૬૨. 'એવીલ-મેરોદામ' શું છે? - કૂવો, પહાડ, રાજા, શહેર?

૬૩. લોઈસ અને યુનિકા કોણ?

૬૪. યુવદિયા, સુન્તુખે શું છે? શહેર, સ્ત્રીઓ, નદીઓ?

૬૫. બાઈબલમાં કયું પુસ્તક અને કયો માણસ એવો મળે છે કે જે યરુશાલેમનો કોટ અને મંદિર સમારવા દઢતાથી ઈચ્છતો હોય અને પોતે ખંતથી જાતે કામ કરતો? તેના નામના આ પુસ્તકમાં આ કામનું વર્ણન છે.

૬૬. નવા કરારમાં ઈતિહાસનું પુસ્તક કયું?

૬૭. નવા કરારમાં ભવિષ્યવાણીનું પુસ્તક કયું?

૬૮. કોઈ કદી જ ન બોલ્યું હોય તેવો અદ્‌ભુત ઉપદેશ બાઈબલમાં ક્યાં મળે છે?

૬૯. પ્રભુના કયા મહાન સેવકના પિતાએ પોતાની ફોઈ સાથે લગ્ન કર્યું હતું?

૭૦. માસ્સાહ તથા મરીબાહ શું છે? કઈ બાબત તેની સાથે સંકળાયેલ છે?

૭૧. કયાં બે પુસ્તકોમાં યરુશાલેમને ફરી બાંધવાની વાત આવે છે?

૭૨. હોશીયાના પ્રથમ પુત્રનું નામ શું?

૭૩. કોને પથ્થરે માર્યા પછી તે મરી ગયો છે તેમ જાણી તેને શહેર બહાર ઘસડી લઈ જઈને નાંખી દીધો? શું તે મરી ગયો હતો ખરો?

૭૪. બર્યેશુ કોણ હતો?

૭૫. અલિમાસ કોણ હતો?

૭૬. સિમોન કોણ હતો?

૭૭. 'અરે સર્વ કપટ તથા સર્વ કાવતરાંથી ભરપૂર, શેતાનના દીકરા અને સર્વ ન્યાયીપણાના શત્રુ, શું પ્રભુના પાધરા માર્ગને વાંકા કરવાનું તું મૂકી દઈશ નહિ? હવે, જો પ્રભુનો હાથ તારી વિરુદ્ધ છે, કેટલીક મુદત સુધી તું આંધળો રહેશે, અને તને સૂરજનાં દર્શન થશે નહિ. ત્યારે એકાએક ધૂમર તથા અંધકાર તેના પર આવી પડ્યાં, અને હાથ પકડીને પોતાને દોરે એવાની તેણે શોધ કરવા માંડી' - આ કોની વાત છે?

૭૮. 'હાવ્વોથ-યાઈર' કોનું નામ છે? કોણે પાડ્યું?

૭૯. યરદનની પાર પૂર્વમાં કેટલાં આશ્રયનગર મોશેએ બનાવ્યાં હતાં?

૮૦. આય શહેર પર યહોશુઆએ ક્યાં સુધી ભાલો તાકી રાખ્યો હતો?

૮૧. નૂહનું વહાણ જ્યાં થંભી ગયેલું તે પહાડનું નામ શું?

૮૨. યોહાને પ્રકટીકરણ કોને માટે લખ્યું?

૮૩. પ્રેરિતોનાં કૃત્યોનું પુસ્તક કોને સંબોધીને લખવામાં આવ્યું છે?

૮૪. દાનિયેલને સિંહોના બિલમાં કેમ નાંખવામાં આવ્યો હતો?

૮૫. ઈસુ ખ્રિસ્તનું મિત્ર-કુટુંબ કોણ?

૮૬. કયા રાજાને બંદીખાનામાંથી કાઢી, માયાળુપણે વાત કરી બીજા રાજાઓ કરતાં તેની બેઠક ઊંચી રાખી, કેદખાનાનાં વસ્ત્રો બદલાવી બીજાં પહેરાવ્યાં, અને ખરચી પણ આપી?

૮૭. પહેલાં દુકાળ ક્યાં પડ્યો હતો, તેની માહિતી ક્યાં મળે છે? છેલ્લો દુકાળ પડ્યાની માહિતી કોણ-ક્યારે આપે છે?

૮૮. અન્ય દુકાળ - અન્નનો નહીં, પાણીનો નહીં, પણ યહોવાનું

વચન સાંભળવાનો પડશે, આ કોણ કહે છે?

૮૯. કયા શહેર વિષે કહેવામાં આવ્યું છે કે ત્યાં ભવિષ્યકથન ભાખતો ના. તે તો રાજાનું પવિત્રસ્થાન છે, રાજમંદિર છે?

૯૦. કયા રાજાની આગળ બે જણે પોતાની પત્નીને બહેન ગણાવી?

૯૧. અબ્રાહામ, નૂહના કયા દીકરાનાં વંશમાં આવે છે?

૯૨. યહોવા દેવે અબ્રાહામને તેના વંશ માટે શું કહ્યું?

૯૩. અબ્રાહામને તેના વંશ માટે યહોવા દેવે ભવિષ્ય કહ્યું, ત્યારે અબ્રાહામ અને સારાને સંતાન હતા?

૯૪. અબ્રાહામનો ચાકર કોણ? ને ક્યાંનો વતની હતો?

૯૫. મંડળીમાં પ્રથમ ડીકન કોણ બન્યો?

૯૬. બાઇબલમાં પ્રથમ સ્વપ્ન કોને આવ્યું હતું?

૯૭. પોતાના જમાનામાં જે ન્યાયી અને સીધો માણસ હતો અને દેવની સાથે ચાલતો હતો તે કોણ?

૯૮. કયા દીકરાએ પોતાના બાપને આ પ્રમાણે ભેટો મોકલી? દેશની ઉત્તમ વસ્તુઓથી લાદેલાં દસ ગધેડાં, તેમ જ અનાજ, રોટલી, ખોરાકથી લાદેલી દસ ગધેડીઓ?

૯૯. કોણ કોને કહે છે કે ઈસ્રાએલ મારો પુત્ર એટલે મારો જયેષ્ઠ પુત્ર છે?

૧૦૦. દીવો હંમેશા સળગતો રાખવા માટે ઈસ્રાએલપુત્રોને શું કહેવામાં આવેલ છે? તેઓ દીવા માટે કયું તેલ વાપરતા?

## ઈસ્સાખાર (૬)

૧. કોણે માછલીના પેટમાંથી યહોવાને પ્રાર્થના કરી?

૨. યૂનાને છાંયડો આપવા કયો વેલો ઉત્પન્ન કરવામાં આવ્યો?

૩. યૂનાના પિતાનું નામ શું હતું?

૪. યૂના કયાં નાસી જવા નીકળ્યો હતો?
૫. યૂના વહાણની અંદર ક્યાં જતો રહ્યો?
૬. યૂના માછલીના પેટમાં કેટલો સમય રહ્યો?
૭. નિનવેહના રાજાએ ઉપવાસનો કેવો ઢંઢેરો પિટાવ્યો?
૮. યૂના દલીલ કરતાં પ્રાર્થનામાં યહોવાને કેવા ગણાવે છે?
૯. નિનવેહ કેટલું મોટું શહેર હતું?
૧૦. દેવે અબ્રાહામના વિશ્વાસુપણાને પારખવા તેની પરીક્ષા કઈ રીતે કરી?
૧૧. દાવિદે શાઉલનો જીવ, પ્રથમ વાર કઈ રીતે બચાવ્યો? એને શું કર્યું હતું?
૧૨. દેવે અબ્રાહામને શું વચન આપ્યું હતું?
૧૩. કરારકોશ કોણે બનાવ્યો હતો? તેનું માપ શું હતું?
૧૪. કરાર કોશ કયા લાકડામાંથી બનાવવામાં આવ્યો હતો?
૧૫. અબ્રાહામે ગેરારમાં પત્ની સારાની શી ઓળખ આપી?
૧૬. ગેરારમાં સારાને કોણે બોલાવી લીધી?
૧૭. અબીમેલેખને યહોવાએ સ્વપ્નમાં અબ્રાહામની શી ઓળખ આપી?
૧૮. શું સારા અબ્રાહામની બહેન થતી હતી? તે ખરૂં કઈ રીતે?
૧૯. અબ્રાહામનો જન્મ નૂહના કયા દીકરાના વંશમાં થયો?
૨૦. કયા બે રાજાઓએ સારાને પોતાની સ્ત્રી બનાવવા લીધી હતી? શા કારણે?
૨૧. યહોવાએ અબ્રાહામને બાપનું ઘર સગાં તથા દેશ મૂકીને જવા કહ્યું ત્યારે ત્યાં તેને કયો આશીર્વાદ મળવાનો હતો?
૨૨. અબ્રાહામ હારાનથી નીકળ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૨૩. કોણે કોને કહ્યું કે તારી અને મારી વચ્ચે મારા અને તારા ગોવાળો વચ્ચે તકરાર થવી ન જોઈએ. આપણે ભાઈઓ છીએ.

૨૪. કોણે કોને કહ્યું કે, તું ડાબે જઈશ તો હું જમણી ગમ જઈશ, તું જમણી ગમ જઈશ તો હું ડાબી ગમ જઈશ?

૨૫. લોતે કયો પ્રદેશ પસંદ કર્યો? તે પ્રદેશ કેવો હતો?

૨૬. અબ્રાહામને લોતથી જુદા પાડ્યાં પછી યહોવાએ કયો આશીર્વાદ આપ્યો?

૨૭. અબ્રાહામ ક્યાં રહ્યો? ત્યાં શું કર્યું? ત્યાં કયું શહેર હતું?

૨૮. યોએલ પ્રબોધકના પિતાનું નામ શું હતું?

૨૯. કયા પ્રબોધકે કહ્યું કે, તમારાં વસ્ત્રો નહીં, પણ તમારાં હૃદયો ફાડો. તમારા દેવ યહોવાની પાસે પાછા આવો.

૩૦. જૂના કરારમાં એવું કયું પુસ્તક છે, જેમાં ભવિષ્યકથન નથી?

૩૧. અબીમેલેખ અને નાઓમી ક્યાંથી ક્યાં રહેવા ગયાં? કેમ?

૩૨. તેમના પુત્રોનાં નામ શું હતાં?

૩૩. તે પુત્રોની પત્નીઓનાં નામ શું હતાં? તેઓ કઈ જાતિની હતી?

૩૪. નાઓમીના સગા મોઆબમાં કોણ કોણ ગુજરી ગયાં?

૩૫. નાઓમી સાથે તેની કઈ પુત્રવધૂ તેના વતનમાં આવી?

૩૬. મને મીઠી નહીં, પણ મારા એટલે કડવી કહો - એવું કોણ કહે છે?

૩૭. નાઓમી અને રૂથ વતનમાં આવ્યાં ત્યારે શાની કાપણી થતી હતી?

૩૮. કયા નજીકનાં સગાંના ખેતરમાં રૂથ સળો કરવા ગઈ?

૩૯. અહીં આવીને રોટલી ખા, તારો કોળિયો સરકામાં બોળ એવું કોણે કોને કહ્યું?

૪૦. રૂથ પોતાની સાસુ માટે તેના ખાતાં વધેલામાંનું શું ઘેર લઈ ગઈ?

૪૧. કોણે રૂથને કહ્યું કે નાહી-ધોઈ સારાં વસ્ત્રો પહેરી અત્તર ચોળીને ખળીમાં જા?

૪૨. ઈસ્રાએલમાં છુટકારો કરવાનું, વેચવા-સાટવાનું કામ કરતાં મત્તુ કરવાની (દસ્તાવેજ પર) કઈ રીત હતી?

૪૩. લેવીઓ કેટલાં વર્ષની વયે, કામમાંથી નિવૃત (રીટાયર્ડ) થતા?

૪૪. યાજકની દીકરીને ક્યારે બાળી નાંખવામાં આવતી?

૪૫. કોને યહોવાએ કહ્યું કે, તારો વંશ પરદેશમાં ભટકશે. ૪૦૦ વર્ષ સુધી તેઓને દુ:ખ દેવામાં આવશે?

૪૬. લોતને સદોમ-ગમોરાહમાંથી પકડી ગયા ત્યારે અબ્રાહામને કોણે ખબર આપી?

૪૭. અબ્રાહામ કેટલાં જણને લઈ લોતને છોડાવવા ગયો?

૪૮. અબ્રાહામ જીતીને લોતને છોડાવી લાવ્યો, ત્યારે તેને સામે મળવા કોણ આવ્યું? તે સાથે શું શું લઈને આવ્યો હતો?

૪૯. આ મલ્ખીસદેક કોણ હતો?

૫૦. અબ્રાહામે મલ્ખીસદેકને શું આપ્યું?

૫૧. ધુમાતી સગડી અને બળતી મશાલ કોણે જોઈ? તે ક્યાંથી પસાર થઈ?

૫૨. સારાયે કોને અબ્રાહામની સ્ત્રી થવા આપી?

૫૩. યહોવાએ હાગારને કયો આશીર્વાદ આપ્યો?

૫૪. હાગારનો દીકરો જે અબ્રાહામથી થયો, તે કેવો થશે તેના વિષે દૂતે શું કહ્યું?

૫૫. જ્યારે યહોવાએ અબ્રાહામ સાથે કરાર કર્યો અને તેને સુન્નત કરવા કહ્યું ત્યારે તે કેટલાં વર્ષનો હતો?

૫૬. નરબાળક કેટલી ઉંમરનું થાય ત્યારે સુન્નત કરવા કહેલું?

૫૭. અબ્રાહામ ક્યારે ઊંધો પડીને હસ્યો?

૫૮. અબ્રાહામ બીજા દીકરાનું નામ તેના જન્મ અગાઉ શું પાડવામાં આવ્યું?

૫૯. યહોવાએ કોને સંદર્શનમાં કહ્યું કે, લખ, પાટીઓ પર સ્પષ્ટ લખ કે વાંચે તે દોડે?

૬૦. પોતાનો માળો ઊંચો બાંધવાને સારુ, પોતાના કુટુંબને માટે અન્યાયથી દ્રવ્ય મેળવે છે, તેને અફસોસ - આમ કયો પ્રબોધક કહે છે?

૬૧. નાહૂમ કઈ જાતિનો હતો?

૬૨. હાલ યુદ્ધમાં વપરાતી ટેન્કો વિષે કયો પ્રબોધક કહે છે?

૬૩. ટેલિવિઝન બાબતે કયાં સંદર્ભ મળે છે?

૬૪. પ્રથમ યરુશાલેમમાં પ્રભુનું ઘર, દેવનું મંદિર કોણે બાંધ્યું?

૬૫. યરુશાલેમમાં મંદિરનો પાયો ક્યારે નંખાયો?

૬૬. મંદિરને બાંધતાં કેટલાં વર્ષો લાગ્યાં હતાં?

૬૭. પ્રથમ દુકાળ ક્યારે અને કયાં પડ્યો હતો?

૬૮. બીજો દુકાળ ક્યારે, કોના સમયમાં પડ્યો હતો?

૬૯. ફરી ત્રીજી વારનો દુકાળ કોના સમયમાં પડ્યો હતો?

૭૦. દુકાળમાં કઈ સ્ત્રીની વાત સંકળાયેલ છે?

૭૧. દુકાળ પડવાથી કોનું કુટુંબ બેથલેહેમ યહૂદિયાથી મોઆબ ગયું?

૭૨. કયા રાજાના સમયમાં લાગલગાટ ત્રણ વર્ષ દુકાળ પડ્યો હતો?

૭૩. કયા રાજાના સમયમાં, કયા પ્રબોધકના સમયમાં દુકાળ પડ્યો હતો?

૭૪. કયા પ્રબોધકના કહેવાથી વરસાદ તથા ઓસ પડ્યાં નહીં અને

નદીનાળાં સુકાઈ ગયાં?

૭૫. સમરુનમાં દુકાળ પડ્યો ત્યારે કયો રાજા ચઢી આવ્યો?

૭૬. લોત રહેતો હતો તે સદોમ-ગમારોહના લોકો કેવા હતા?

૭૭. સદોમ-ગમારોહમાંથી કોણ-કોણ બહાર નીકળ્યું?

૭૮. દૂતોએ કેવી રીતે લોતનાં કુટુંબને બહાર કાઢ્યું?

૭૯. લોત ક્યાં, કયા શહેરમાં નાસી ગયો?

૮૦. સદોમ-ગમારોહનો નાશ શાના વડે કરવામાં આવ્યો?

૮૧. શું લોતનાં ઘરનાં બધાં જ બીજાં સ્થળે પહોંચ્યા હતાં?

૮૨. લોત ને તેની પુત્રીઓથી કઈ બે લોક-જાતિ ઉત્પન્ન થઈ?

૮૩. સારાને લીધે અબીમેલેખના ઘરનાં સર્વ પર યહોવાએ શું કર્યું હતું?

૮૪. સારાને દીકરો થયો તેનું નામ શું પાડ્યું?

૮૫. હાગારને શું શું આપીને અબ્રાહામે વિદાય કરી?

૮૬. હાગાર કયા અરણ્યમાં ભટકતી ફરી?

૮૭. પાણી ખલાસ થઈ ગયું ત્યારે હાગાર રડી, ત્યારે શું થયું?

૮૮. ઈશ્માએલ મોટો થઈને અરણ્યમાં કઈ કળા શીખ્યો?

૮૯. અબ્રાહામનો કૂવો કોણે લઈ લીધો હતો?

૯૦. અબ્રાહામ અને અબીમેલેખના સેનાપતિ ફીકોલે જ્યાં કરાર કર્યો તે જગ્યાનું નામ શું પાડ્યું?

૯૧. અબ્રાહામે બેર-શેબામાં કયું વૃક્ષ રોપ્યું?

૯૨. વાત કરવા એક બાજુ દરવાજામાં લઈ જઈને કોણે કોને મારી નાંખ્યો?

૯૩. ઘઉં લેવાના બહાને ઘરમાં જઈને પલંગ પર સૂતેલા કોને, કોણે ખંજર ભોંકીને મારી નાંખ્યો?

૯૪. પલંગ પર સૂતેલો જેને મારી નાંખ્યો તે કોણ? કોનો દીકરો?
૯૫. મફીબોશેથ કેવી રીતે લંગડો થયો હતો?
૯૬. ઈશબોશેથને મારી નાંખ્યા પછી શું કર્યું? મારનારા ક્યાં ગયા?
૯૭. દાવિદે ઈશબોશેથને કેવો માણસ કહ્યો?
૯૮. ઈશબોશેથને મારનારને દાવિદે શું ઈનામ આપ્યું? તેને શું કર્યું?
૯૯. ઈશબોશેથના માથાનું શું કર્યું?
૧૦૦. દાવિદનો ત્રીજો પુત્ર કોણ? તેની માનું નામ શું?

## દાન (૭)

૧. પ્રથમ દેવે શું ઉત્પન્ન કર્યું? ત્યારે પૃથ્વી કઈ સ્થિતિમાં હતી?
૨. પૃથ્વી અને આકાશની ઉત્પત્તિ પછી ઈશ્વરે શું ઉત્પન્ન કર્યું?
૩. કયાં બે શહેરોનો દેવે ગંધક અને અગ્નિથી નાશ કર્યો?
૪. કયા રાજાને માટે તેના સાથીઓએ સીડી પર ઝટ-ઝટ કપડાં બિછાવી રણશિંગડું વગાડી તે રાજા થયાની જાહેરાત કરી?
૫. યાકોબના ચોથા પુત્રનું નામ શું?
૬. યાકોબના પ્રથમ પુત્રનું નામ શું?
૭. દેવે કોરી ભૂમિને શું નામ આપ્યું? એકઠાં થયેલાં પાણીને શું નામ આપ્યું?
૮. દેવે ચોથા દિવસે શું શું ઉત્પન્ન કર્યું?
૯. મોશેના કુટુંબમાં કોને કોઢ થયો હતો?
૧૦. મોશે પછી ઇસ્રાએલનો નેતા કોણ થયો?
૧૧. બાઈબલમાં પ્રથમ કઈ વાંઝણી સ્ત્રીનું નામ મળે છે?
૧૨. દાવિદના ત્રીજા પુત્રનું નામ શું?
૧૩. આદમને શામાંથી બનાવવામાં આવ્યો?

૧૪. આદમને જીવંત કઈ રીતે બનાવ્યો?

૧૫. એદનવાડીની નદીને કેટલાં ફાટાં થયાં? તેનાં નામ શું?

૧૬. કોણે કોને કહ્યું કે, પુસ્તક વાંચી રહે પછી, પથ્થર બાંધીને નદીમાં નાંખી દેજે? કઈ નદીમાં?

૧૭. ઈસ્રાએલ પ્રજા વિષે કઈ કહેવત છે, જે વિષે યહોવા કહે છે?

૧૮. કોને રખડેલ ઘેટો કહેલ છે, જેને સિંહે નસાડી મૂક્યો છે?

૧૯. ખેતરનાં જાનવર અને આકાશનાં પક્ષીઓ કોણે, શામાંથી ઉત્પન્ન કર્યાં?

૨૦. પશુ પક્ષીઓને નામ કોણે આપ્યાં?

૨૧. અબ્રાહામથી હાગારના પેટે થયેલ પુત્રનું નામ શું?

૨૨. ઈશ્વરભક્ત એલીશા કોની સામે ટગર-ટગર જોઈ રહ્યો, પછી રડી પડ્યો?

૨૩. સૌ પ્રથમ પોતાનું શરીર ઢાંકવા અંજીરના પાતરાનો ઉપયોગ કોણે કર્યો?

૨૪. યહોવા દેવે કોને માટે ચામડાંના વસ્ત્રો બનાવ્યાં?

૨૫. શાઉલ રાજા બધા માણસો વચ્ચે કઈ રીતે જુદો પડતો હતો?

૨૬. શાઉલના પિતાનું નામ શું? શાઉલનું શું ખોવાયું હતું?

૨૭. કોણે કહ્યું કે પ્રભુએ આપ્યું અને પ્રભુએ લઈ લીધું?

૨૮. હઝકીએલને જમણે પડખે સૂઈ રહેવાનું હતું. શા માટે?

૨૯. હવાને ફળ ખાવા કોણે લલચાવી હતી?

૩૦. કોની લાકડીને કૂંપળો ફૂટી, ફૂલ આવ્યાં અને બદામો લાગી હતી?

૩૧. કયા પ્રબોધકને અગ્નિ વંટોળિયા દ્વારાં સ્વર્ગમાં લઈ લેવાયો હતો?

૩૨. હઝકીએલને ડાબા પડખે શા માટે સૂઈ રહેવાનું હતું?

૩૩. કોણે કોની દીકરીને પાર ફેરવવામાં આવતી ખળીનાં જેવી કહી છે?

૩૪. કોને પલોટાયેલી વાછરડી કહે છે? જેને અનાજ મસળવાની પારમાં ફરવાનું ગમે છે?

૩૫. કાગડાઓએ કયા પ્રબોધકને ખવડાવ્યું?

૩૬. કયા ત્રણ જણને કોઢ ફૂટી નીકળ્યો હતો?

૩૭. મરિયમ, ગેહઝી અને ઉઝ્ઝીયા રાજામાંથી કોનો કોઢ મટી ગયો હતો?

૩૮. કોણે કોને કહ્યું કે મારા હાડકામાંનું હાડકું અને મારા માંસમાંનું માંસ છે?

૩૯. હાબેલે શાનું અર્પણ ચઢાવ્યું? તેનો ધંધો શો હતો?

૪૦. કાઈને શાનું અર્પણ ચઢાવ્યું? તેનો ધંધો શો હતો?

૪૧. કોણ ફેરવ્યા વગરની પોળી જેવો છે?

૪૨. મોશેના શબ વિષે કોણે કોની સાથે તકરાર કરી?

૪૩. મોશે કયાં મૃત્યુ પામ્યો?

૪૪. દાવિદ રાજાએ શલોમોનનો અભિષેક કરવા કોને બોલાવ્યો?

૪૫. દાવિદે શલોમોનનો અભિષેક ક્યાં, અને કેવી રીતે કરવા કહ્યું હતું?

૪૬. હાબેલ અને કાઈનના અર્પણમાંથી કોનું અર્પણ માન્ય થયું? કોનું માન્ય થયું નહિ?

૪૭. અર્પણ સાથે કોણ માન્ય થયું? કોણ અમાન્ય થયું?

૪૮. મોશેએ કયા પહાડ પર બળતું ઝાડવું જોયું હતું?

૪૯. જેમ માણસ પોતાના મિત્ર સાથે વાત કરે તેમ યહોવા કોની

સાથે મોઢામોઢ વાત કરતો હતો?

૫૦. શું હું મારા ભાઈનો રખેવાળ છું? આ કોણ કોને કહે છે?

૫૧. 'તેં આ શું કયું છે? તારા ભાઈનું રક્ત ભૂમિમાંથી મને હાંક મારે છે' : આ કોણ કોને કહે છે?

૫૨. મોશેના ભાઈનું નામ શું?

૫૩. મિસરીને મારી નાંખીને કોણ મિદ્યાન નાસી ગયું?

૫૪. પ્રથમ ખૂન કોણે, કોનું કર્યું?

૫૫. બીજું ખૂન કોણે કર્યું?

૫૬. તૂબાલ-કાઈન કોણ હતો?

૫૭. કાઈન નીકળી જઈને ક્યાં રહ્યો?

૫૮. મોશેને કયા પહાડ પર પગમાંથી ચંપલ કાઢવાનું કહેવામાં આવ્યું?

૫૯. બીજા કોને પગમાંથી પગરખાં કાઢવાનું કહેવામાં આવ્યું હતું?

૬૦. કોણે કહ્યું કે, હું અને મારાં ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું?

૬૧. કાઈનને જો કોઈ મારી નાંખે તો તેને કેટલી શિક્ષા થાય?

૬૨. આદમ અને હવાએ ફળ ખાધા પછી યહોવા દેવે તેના વિષે શું કહ્યું?

૬૩. યહોવા દેવે જીવનનું વૃક્ષ તથા ભલું-ભૂંડું જાણવાનું વૃક્ષ ક્યાં ઉગાવ્યું હતું?

૬૪. નાબોથની દ્રાક્ષાવાડી કોણે પડાવી લીધી?

૬૫. દેવે પૃથ્વીની ઉત્પત્તિનું કાર્ય કેટલાં દિવસમાં પૂરું કર્યું?

૬૬. ઉત્પત્તિનું કાર્ય પૂર્ણ કર્યા પછી દેવે કયા દિવસને આશીર્વાદ દીધો?

૬૭. પીશોન નદીમાંથી શું મળે છે?

૬૮. દાવિદે હેબ્રોનમાં કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૬૯. દાવિદે યરુશાલેમમાં કેટલા વર્ષ રાજ્ય કર્યું? દાવિદે કુલ કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૭૦. યોનાથાનના અપંગ પુત્રનું નામ શું?

૭૧. દાવિદની વૃદ્ધાવસ્થામાં કોણ રાજા બની બેઠો હતો?

૭૨. બાથ-શેબા અને નાથાન પ્રબોધક દાવિદને કોને રાજગાદી આપવા કહે છે?

૭૩. દાવિદની વૃદ્ધાવસ્થાના પ્રબોધક તરીકે કોણ હોય છે?

૭૪. આદમના કયા પુત્રના વંશમાં જન્મેલાને દેવે લઈ લીધો. જે દેવની સંઘાતે ચાલ્યો હતો? તેનું આયુષ્ય કેટલું હતું?

૭૫. કોના વિષે કહેવાયું કે તે ૩૦૦ વર્ષ દેવની સંઘાતે ચાલ્યો?

૭૬. એઝરા કોના વંશમાં થયો હતો?

૭૭. યૂનાએ ક્યાંથી વહાણ પકડ્યું હતું?

૭૮. કોના બે દીકરા એક સાથે મૃત્યુ પામ્યા હતા?

૭૯. એલી ક્યારે અને કેવી રીતે મૃત્યુ પામ્યો?

૮૦. નૂહના પિતાનું નામ શું?

૮૧. નૂહના દીકરાઓનાં નામ શું?

૮૨. યહોવાને માણસને પૃથ્વી પર ઉત્પન્ન કર્યા પછી શું થયું?

૮૩. નૂહ યહોવાની દ્રષ્ટિમાં કેવો ગણાયો?

૮૪. નૂહ કેવો હતો?

૮૫. દેવે નૂહને શું બનાવવા કહ્યું?

૮૬. દેવે નૂહને શામાંથી વહાણ બનાવવા કહ્યું?

૮૭. વહાણનું માપ (ડ્રોઈંગ) અને બનાવવાની રીત કોણે આપી?

૮૮. દેવ પૃથ્વીનો નાશ કઈ રીતે કરવાના હતા?

૮૯. કઈ નદીમાં કુહાડી તરી આવી હતી?

૯૦. મોશેની બહેન મરિયમ ક્યાં ગુજરી ગઈ?

૯૧. કયો લંગડો રાજકુંવર રાજા દાવિદ સાથે મહેલમાં રહેતો હતો?

૯૨. કોના બે દીકરા એક સાથે મૃત્યુ પામશે એમ કહેવામાં આવેલું?

૯૩. ઈસહાકના બે દીકરાઓના નામ શું?

૯૪. પહેલો કયો માણસ કે જેણે મૃત્યુ જોયું નહીં?

૯૫. નૂહ અને તેનાં કેટલાં કુટંબીઓ વહાણમાં ગયા?

૯૬. વહાણમાં બીજું શું શું લઈ જવાનું હતું?

૯૭. આખી પૃથ્વી પર બીજ રાખવા સારુ શું શું લેવાનું નૂહને દેવે કહ્યું?

૯૮. જળપ્રલય થયો ત્યારે નૂહની ઉંમર શી હતી?

૯૯. જળપ્રલય નૂહના વર્ષના કયા સમયે શરૂ થયો?

૧૦૦. કેટલો સમય વરસાદ પડ્યો?

## ગાદ (૮)

૧. યહોશુઆએ અને ઇસ્રાએલ લોકોએ કેટલા રાજાઓને હરાવ્યા હતા?

૨. હેબ્રોનમાં દાવિદે કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૩. દાવિદે કુલ કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૪. સામસૂને ગધેડાનાં જડબાથી કુલ કેટલાં જણને માર્યા?

૫. સામસૂનને પકડી લેવા, દલીલાહને પલિસ્તી આગેવાનોએ કેટલાં નાણાં આપ્યાં?

૬. સામસૂનના માથાની વાળની કેટલી લટો કાપતાં, તેનામાંથી દેવનો આત્મા જતો રહ્યો?

૭. સામસૂને કેટલાં વર્ષો સુધી ઇસ્રાએલનો ન્યાય કર્યો?
૮. સામસૂને છેલ્લાં પરાક્રમ દ્વારા કેટલાને માર્યા?
૯. યહોવાની આજ્ઞા મુજબ મોશે અને ઈસ્રાએલીઓએ મિદ્યાનીઓના કેટલા રાજાઓને માર્યા?
૧૦. ઈસુ ખ્રિસ્તથી યોહાન બાપ્તિસ્મા કરનાર કેટલો મોટો હતો?
૧૧. રિબકાને એલીઆઝરે કેટલાં ઘરેણાં આપ્યાં?
૧૨. ઇસ્રાએલીઓએ યરેખો શહેરની કેટલી વાર પ્રદક્ષિણા કરી હતી?
૧૩. મંડળીમાં પ્રથમ કેટલા ડીકનોને પસંદ કરવામાં આવ્યા હતા?
૧૪. ઈસુ ખ્રિસ્તે પાંચ હજારને શાનાથી જમાડ્યા હતા?
૧૫. ઈસુ ખ્રિસ્તે ચાર હજારને શાનાથી જમાડ્યા હતા?
૧૬. ઈસુના શિષ્યો કેટલા હતા?
૧૭. બેથેસ્દાના કુંડને કેટલી પરસાળો હતી?
૧૮. યૂનાએ કેટલા દિવસો પછી નિનવેહનો નાશ થશે એમ કહ્યું?
૧૯. ખોવાયેલી અધેલીનાં દ્રષ્ટાંતમાં, તે બાઈ પાસે કુલ કેટલી અધેલી હતી?
૨૦. ફારૂન રાજાને સ્વપ્નમાં કુલ કેટલી ગાયો અને કણસલાં દેખાયાં હતા?
૨૧. ઈસુ ખ્રિસ્તે પાંચ હજારને જમાડ્યાં પછી કેટલું વધ્યું હતું?
૨૨. ઈસુ ખ્રિસ્તે ચાર હજારને જમાડ્યાં પછી કેટલું વધ્યું હતું?
૨૩. અરણ્યમાં ઈસુએ કેટલો સમય ઉપવાસ કર્યો હતો?
૨૪. પાઉલ કેટલો સમય રોમમાં ઘર ભાડે રાખીને રહ્યો હતો?
૨૫. ઈસુના રૂપાંતર સમયે પહાડ પર તેની સાથે કેટલા શિષ્યો હતા?
૨૬. કેટલાં હિબ્રૂ બંદી જુવાનોએ રાજા તરફથી મળતો ખોરાક ખાવાની ના પાડી?

૨૭. ઈસ્રાએલ પર શલોમોન રાજાએ કેટલાં કારભારીઓ નીમ્યા હતા?

૨૮. યહોવાએ નૂહને કેટલો સમય વરસાદ પડશે તેમ કહ્યું હતું?

૨૯. યહૂદીઓ તરફથી કોને પાંચ વાર ફટકા ખાવા પડ્યા હતા? કેટલા ફટકા ખાધા?

૩૦. માથું ઢાંકીને કોણ રડતો પડતો જૈતુન પહાડ પર ચઢ્યો? તેના સાથીઓએ પણ એમ જ કર્યું. આ કોણ કોણ હતા?

૩૧. રાજા શલોમોને ઇસ્રાએલ પર કેટલાં વર્ષો રાજ્ય કર્યું?

૩૨. ઈસહાકે લગ્ન કર્યું ત્યારે તેની ઉંમર કેટલી હતી? તેની પત્નીનું નામ શું હતું?

૩૩. નૂહે કેટલા દિવસ પછી કાગડાને વહાણમાંથી બહાર મોકલ્યો?

૩૪. અરણ્યમાં ઇસ્રાએલ પ્રજા પર પ્રભુ કેટલાં વર્ષો નારાજ રહ્યા?

૩૫. પાઉલને મારી નાંખવા કેટલાં જણે કાવતરું કર્યું?

૩૬. ઈસુનું પરીક્ષણ રાનમાં શેતાને કેટલો સમય કર્યું?

૩૭. આમોસ ઇસ્રાએલનાં વંશજોને કેટલો સમય બલિદાનો તથા અર્પણો ન ચઢાવ્યા બાબત પૂછે છે?

૩૮. અબ્રાહામ સદોમમાંથી કેટલા ન્યાયી માણસ મળે તો સદોમનો નાશ ન કરવા યહોવાને વિનવે છે?

૩૯. યરુશાલેમનું કયું બાંધકામવાળું મકાન ૪૦ હાથ લાંબું હતું?

૪૦. યોઆશે કેટલી ઉંમરે રાજ કરવાનું શરૂ કર્યું? કેટલાં વર્ષ રાજ્ય કર્યું?

૪૧. કાલેબ, યહોશુઆ અને મોશે સાથે જાસૂસી કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૪૨. એસાવ યહૂદીથ અને બાસમાથને પરણ્યો ત્યારે તે કેટલી ઉંમરનો હતો?

૪૩. પહાડ પર મોશે યહોવા દેવ સાથે કેટલો સમય ખોરાક-પાણી વગર રહ્યો?

૪૪. હઝકીએલને પ્રભુએ યહૂદાના કુળના પાપ માટે કેટલા દિવસો જમણા પડખે સૂઈ રહેવા કહ્યું હતું?

૪૫. હઝકીએલને ઇસ્રાએલની દુષ્ટતા માટે કેટલા દિવસો ડાબા પડખે સૂઈ રહેવાનું કહેવામાં આવ્યું હતું?

૪૬. અબ્રાહામ કેટલાં વર્ષની ઉંમરે પિતા બન્યો?

૪૭. ઈસ્રાએલના નગરના રહેવાસીઓ ઢાલો, ઢાલડીઓ, ધનુષ્યો, બાણો, હાથ-ભાલા, બરછીઓ, કેટલાં વર્ષો સુધી બાળશે?

૪૮. કાલેબને હેબ્રોન વતન તરીકે આપ્યું ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૪૯. કઈ છોકરીએ તેને પોતાની બહેનપણીઓ સાથે શોક-વિલાપ કરી લેવા કહ્યું? કેટલો સમય? તે કોની દીકરી હતી?

૫૦. વનસ્પતિ, મોટા એરેંજવૃક્ષથી માંડી ભીંતમાં ઊગી નીકળનારા ઝુફા સુધી તથા પશુ-પક્ષીઓ, પેટે ચાલનારાં પ્રાણી અને માછલીઓએ વિષે કોણે અભ્યાસ-વિવેચન કર્યું? આવો જ્ઞાની કોણ હતો?

૫૧. બાઈબલમાં કાવ્યમય પુસ્તકો કેટલાં મળે છે?

૫૨. યાઈરસની દીકરીને ઈસુએ સજીવન કરી ત્યારે તે કેટલી ઉંમરની હતી?

૫૩. ગોલ્યાથ કેટલો સમય સવારે અને સાંજે આવી શાઉલના સૈન્ય સામે ઊભો રહીને, ઇસ્રાએલનાં સૈન્યનો તિરસ્કાર કરતો હતો?

૫૪. ઈશબોશેથ રાજ્ય કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૫૫. હઝાએલ, એલીશાને મળવા ગયો ત્યારે કેટલી ભેટ લઈને ગયો હતો?

૫૬. ઈસુએ રાનમાં કેટલો સમય ઉપવાસ કર્યો?

૫૭. યહોવાની આગળ યરેખોના મેદાનમાં કેટલાં લોક શસ્ત્ર સજીને તૈયાર થઈ નદીપાર ઊતર્યા હતા?

૫૮. દાવિદે અરામીઓનાં પાયદળ અને રથોનાં કેટલા માણસોને તેના સેનાપતિસહિત માર્યા? સેનાપતિનું નામ શું?

૫૯. ઈસ્રાએલીઓને છોડાવવા માટે સામસૂન આવ્યો તે અગાઉ તેઓએ પલિસ્તીઓના હાથ નીચે કેટલાં વર્ષ દુ:ખ ભોગવ્યું?

૬૦. ઈસુ મરણ પામી સજીવન થયા ત્યારે પછી કેટલા દિવસો તે દર્શન આપતા હતા અને દેવના રાજ્યની વાતો કરતા રહ્યા?

૬૧. સુંદર નામના દરવાજા પાસે કોણે કોને સાજો કર્યો? તેની ઉંમર કેટલી હતી? તેને શું માંદગી હતી?

૬૨. ઈસ્રાએલીઓએ રાનમાં કેટલાં વર્ષો માન્ના ખાધું?

૬૩. ઈસ્રાએલ પ્રજા મિસરમાંથી નીકળી પછી હારુન યાજક કેટલા સમય બાદ મૃત્યુ પામ્યો?

૬૪. હારુન મરણ પામ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?

૬૫. દબારોહ અને બારાકના સમયમાં કેટલા સમય શાંતિ રહી?

૬૬. નહેમ્યા અને તેના ભાઈઓએ કેટલાં વર્ષો પગાર લીધો ન હતો?

૬૭. નહેમ્યા સૂબા તરીકે આવ્યો ત્યારે તેનાં પહેલાંના સૂબાઓ કેટલું ખર્ચ લોકો પાસેથી વસૂલ કરતાં હતાં?

૬૮. એલીએ ઇસ્રાએલનો ન્યાય કેટલાં વર્ષો સુધી કર્યો?

૬૯. કનાઝના દીકરા ઓથ્નીએલના સમયમાં કેટલાં વર્ષો શાંતિ રહી?

૭૦. મોશે પહાડ પર યહોવા દેવ સાથે અન્ન-પાણી વગર રહ્યો ત્યારે તેને યહોવા દેવે શું આપ્યું?

૭૧. કનાન દેશની જાસૂસી કરવા મૂસાએ કેટલાં જણને મોકલ્યાં? તેમણે કેટલાં દિવસો સુધી જાસૂસી કરી?

૭૨. તકરાર હોય ત્યારે તેનો ન્યાય કરવામાં આવે ત્યારે તેને કેટલા ફટકાની સજા કરવાનો નિયમ હતો? કેટલા ફટકા મારતા?

૭૩. યહૂદા ઈસ્કારીઓતે, ઈસુને કેટલા રૂપિયામાં વેચ્યા હતા?

૭૪. નામાન પાસેથી ગેહઝીએ શું શું ભેટો જુઠ્ઠું બોલીને લીધી હતી?

૭૫. એફ્રાઈમના પહાડી મુલકના મીખાહે તેની માના કેટલા રૂપિયા ચોર્યા હતા?

૭૬. ગિબયાહમાં લેવીએ તેની સ્ત્રીને કાપી કેટલાં ટુકડાં કર્યાં? તે ટુકડાનું તેણે શું કર્યું?

૭૭. ઝખાર્યાને તેના બીજા સંદર્શનમાં કેટલાં શિંગ દેખાયાં હતાં?

૭૮. શમુએલને કેટલાં ભાઈ-બહેન હતાં?

૭૯. ઈસુનું નામ પાડ્યું ત્યારે તેમની ઉંમર કેટલી હતી?

૮૦. અબ્રાહામને તેનો વંશ કેટલાં વર્ષો પરદેશમાં ભટકશે, અને ત્યાંના લોકોની સેવા કરશે એ ભવિષ્યકથન કહેવામાં આવ્યું હતું?

૮૧. યાકોબે બે પત્નીઓ માટે કેટલાં વર્ષો મામાના ઘેર કામ કર્યું?

૮૨. એલીશાએ શૂનામ્મીને કેટલાં વર્ષો સુધી દુકાળ પડશે તેમ કહ્યું?

૮૩. મિસરમાંથી ઈસ્રાએલ પ્રજાને કાઢી લાવવા, મોશે મારફતે યહોવાએ કેટલાં અનર્થો કર્યા?

૮૪. યૂના કેટલો સમય માછલીના પેટમાં રહ્યો હતો?

૮૫. રાજા ઓગનો પલંગ કેવો હતો?

૮૬. યહોવાએ મોશે સાથે કેટલાં વડીલોને પર્વત પર બોલાવ્યા?

૮૭. ઈસ્રાએલપુત્રોની સંખ્યા કેટલી હતી?

૮૮. ઈસ્રાએલપુત્રોની સંખ્યા પ્રમાણે પાષાણો (રત્નો) કેટલાં? તેના નામ શું?

૮૯. ઈસ્રાએલપુત્રો એલીમ આવ્યા ત્યાં કેટલા ઝરાઓ હતા તથા કેટલી ખજૂરીઓ હતી?

૯૦. બાર શિષ્યોમાંથી કેટલાને પ્રભુએ બહાર સુવાર્તા માટે મોકલ્યા? કેવી રીતે મોકલ્યા હતા?

૯૧. યહોશુઆએ કેટલાને શિટ્ટીમમાંથી જાસૂસી કરવા મોકલ્યા?

૯૨. કેટલા આંધળા માણસો પ્રભુ પાછળ બૂમો પાડતા હતા?

૯૩. અયૂબના કેટલા મિત્રો ઉપર પ્રભુનો કોપ સળગી ઊઠ્યો હતો?

૯૪. યહોવાએ અશુદ્ધ પશુઓમાંથી કેટલાં નરનારી વહાણમાં લેવા નૂહને કહ્યું?

૯૫. સિનાઈ પર્વત પર કેટલી શિલા-પાટીઓ યહોવાએ મોશેને આપી?

૯૬. રિબકાને યહોવાને શું કહ્યું હતું? તેનાં પેટમાં શું હતું?

૯૭. યોસેફ-પુત્રોનાં કેટલાં કુળ હતાં?

૯૮. ઉડાઉ દીકરાની વાતમાં કેટલા દીકરાઓની વાત આવે છે?

૯૯. પ્રાર્થનામાં એકચિત્તના થઈ માંગવા બાબતે પ્રભુ ઈસુ શું કહે છે?

૧૦૦. ઓમ્રીએ સમરુન પર્વત કેટલામાં ખરીદ્યો? કોની પાસેથી?

## આશેર (૯)

૧. સૌ પ્રથમ પૃથ્વી પર વરસાદ ક્યારે પડ્યો?

૨. કયા સેનાપતિને કોઢ થયો હતો?

૩. કોણે આ કોઢવાળા સેનાપતિને ઈસ્રાએલના પ્રબોધક એલીશા પાસે જવાની સલાહ આપી?

૪. કઈ સ્ત્રીને રાજ્ય તરફથી તેના પોતાના જ પુત્રને ધવડાવવા, ધાવ તરીકે રાખવામાં આવી હતી? તે છોકરાનું નામ શું?

૫. સર્વ પ્રાણીઓને એકઠાં રહેવા વહાણમાં પ્રભુએ શું કર્યું હતું?

૬. જળપ્રલય વખતે પાણી કેટલી ઊંચાઈ સુધી ચઢ્યું હતું?

૭. જળપ્રલયમાં કોણ કોણ મરી ગયાં?

૮. પૃથ્વી પર કેટલાં દિવસ પાણીનું જોર ચાલ્યું?

૯. પૃથ્વી પરથી કોણ નષ્ટ થયાં?

૧૦. વહાણ ક્યાં થભ્યું?

૧૧. દરેક પહાડના શિખર ક્યારે દેખાયા?

૧૨. સૌ પ્રથમ કેટલાં દિવસ પછી, નૂહે બારી ખોલી અને કોને બહાર મોકલ્યું?

૧૩. તે પછી ફરી કોને બહાર મોકલ્યું?

૧૪. પાણી ક્યારે સુકાઈ ગયાં?

૧૫. વહાણમાંથી બહાર આવી, સૌ પ્રથમ નૂહે શું કર્યું?

૧૬. જળપ્રલય પછી યહોવાના મનમાં શું હતું?

૧૭. ભારત વિષે બાઈબલમાં કયાં, કેટલી વાર ઉલ્લેખ મળે છે?

૧૮. હારુનના કયા બે પુત્રોનો દેવના અગ્નિએ નાશ કર્યો?

૧૯. જળપ્રલય પછી, યહોવા દેવ પોતે હવે પાણીથી જગતનો નાશ નહીં કરે તે દર્શાવવા માટે તેમણે નૂહને કયું ચિહ્ન આપ્યું?

૨૦. જે ખડકમાંથી પાણી નીકળ્યું તે પાણીને શું નામ આપ્યું?

૨૧. પોતાનો જીવ બચાવવા કોણે ગાંડા હોવાનો ઢોંગ કર્યો હતો?

૨૨. મોશે દ્વારા આપેલ કરાર (આજ્ઞાઓ) ફરી ક્યારે યહોવા દેવે તાજી કરી? ક્યાં?

૨૩. કોણે મોશેના નિયમશાસ્ત્રની નકલ પથ્થર પર ઉતારી અને ઈસ્રાએલ લોક સમક્ષ તે લખી?

૨૪. યહોશુઆએ એબાલ પર્વત પર કેવી વેદી બાંધી હતી?

૨૫. ગિદઓનનું નામ બઆલની વેદી તોડી પાડ્યા પછી શું પાડવામાં આવ્યું?

૨૬. કોણે હાથીદાંતનું ઘર બાંધ્યું હતું?

૨૭. વૃદ્ધાવસ્થામાં દાવિદ રાજાની ચાકરી કઈ કુમારિકાએ કરી હતી?

૨૮. યહોવાને કયા અન્યાયને લીધે પશ્ચાતાપ થયો?

૨૯. જે દૂત લોકોનો નાશ કરતો હતો, તે ક્યાં, કોની ખળી પાસે ઊભો હતો?

૩૦. ગાદ પ્રબોધકે ક્યાં યહોવાને માટે વેદી બાંધવા દાવિદને કહ્યું?

૩૧. દાવિદે અરાવ્નાહની ખળી અને બળદો કેટલામાં ખરીદ કર્યાં?

૩૨. યહૂદીઓમાં કેટલી ઉંમરના પુત્રની સુન્નત કરાતી હતી?

૩૩. સામસૂનનો જન્મ ક્યાં થયો હતો?

૩૪. મનોઆહાની સ્ત્રીને દૂતે શું ફરમાવ્યું? તેના જન્મનાર પુત્ર માટે શું શું કરવાનું અને પાળવાનું કહ્યું?

૩૫. મનોઆહની સ્ત્રીનો પુત્ર કેવો થશે? તે શું કરશે? તેણે શું નહીં કરવાનું?

૩૬. ઈબ્સાને કેટલાં દીકરા-દીકરીઓ હતાં?

૩૭. કોને ૪૦ દીકરા અને ૩૦ દીકરાના દીકરા હતા?

૩૮. કોણ ૭૦ ગધેડીઓના વછેરા પર સવારી કરીને નીકળતાં હતાં?

૩૯. જેમ બકરીનાં બચ્ચાંને ચીરી નાંખે તેમ કોણે સિંહને ચીરી નાંખ્યો?

૪૦. જ્યાં સિંહને મારી નાંખેલો તે રસ્તેથી સામસૂન ફરી જાય છે ત્યારે સિંહની લાશમાં શું જુએ છે?

૪૧. સિંહના ખોળિયામાંથી મધ મળ્યાંથી તેણે કયું ઉખાણું બનાવ્યું?

૪૨. સામસૂને નાઝારીવ્રત કરી રીતે તોડ્યું?

૪૩. સામસૂનને ફોસલાવવા માટે સરદારોમાંના દરેક જણે દલીલાહને કેટલાં નાણાં તેને આપવા કહ્યું?

૪૪. સામસૂનને બંદીવાસમાં શું કરવું પડતું? તેને પલિસ્તીઓએ શું કર્યું હતું?

૪૫. ગધેડાના જડબાથી હજાર માણસોને મારી નાંખ્યા પછી તે જગ્યાનું નામ સામસૂને શું પાડ્યું હતું?

૪૬. સામસૂને છેલ્લે મોટું ધાબાવાળું મકાન કઈ રીતે તોડી પાડ્યું?

૪૭. કોણે કહ્યું કે હરેક ચાલનાર પ્રાણી તમારે સારુ ખોરાક તરીકે લીલા શાકભાજી માફક મેં તમને આપ્યાં છે?

૪૮. માંસ રક્ત સાથે ખાવાની કેમ ના પાડેલ છે?

૪૯. જળપ્રલય પછી કોનાં વંશથી પૃથ્વી પર વસ્તી થઈ?

૫૦. નૂહના વંશજોએ ક્યાં બુરજ બાંધ્યો? શાનાથી બાંધ્યો?

૫૧. યહોવા આ બુરજ જોવા ઊતર્યો પછી શું કર્યું?

૫૨. આ બુરજનું નામ શું પાડ્યું? એ નગરના નામનો અર્થ શું થાય?

૫૩. અબ્રાહામના પિતાનું નામ શું?

૫૪. લોતના પિતાનું નામ શું?

૫૫. આકાશ સુધી પહોંચતી સીડી કોણે જોઈ હતી?

૫૬. સીડી ઉપર કોણ ચઢતા-ઊતરતા હતા? ઉપર કોણ ઊભું હતું?

૫૭. યાકોબે સીડી જોઈ તે જગ્યાને તે શું કહે છે?

૫૮. યાકોબે તે જગ્યાનું નામ શું પાડ્યું? તે જગ્યાનું નામ શું હતું?

૫૯. યાકોબ ત્યાં માથા નીચે શું મૂકીને સૂઈ ગયો હતો? તેણે શાનું ઓશીકું કર્યું હતું?

૬૦. આ પથ્થર જેનું ઓશીકું કર્યું હતું, તેનું તેણે શું કર્યું?

૬૧. યાકોબે એ જગ્યાએ શી શી માનતા લીધી?

૬૨. સૌ પ્રથમ દશાંશ આપવાનું કોણે નક્કી કર્યું?

૬૩. સારા, અબ્રાહામની સ્ત્રી, દેખાવે કેવી હતી?

૬૪. અબ્રાહામને મિસરમાં પોતાનો જીવ બચાવવા સારાની કઈ ઓળખ આપી?

૬૫. અબ્રાહામની સ્ત્રી સારાયનું નામ સારા કોણે કર્યું?

૬૬. અબ્રાહામનું નામ શું હતું?

૬૭. ઈબ્રામનું ઈબ્રાહીમ કોણે કર્યું?

૬૮. હિઝકિયાનાં વંશમાં કયો પ્રબોધક ઊતરી આવ્યો?

૬૯. ઝરુબ્બાબેલ કોણ હતો?

૭૦. એલીશા પ્રબોધકનાં મૃત્યુ સમયે કોણ રાજા હતો?

૭૧. હું આકાશ તથા પૃથ્વીને હલાવી નાંખીશ એવું કોણે કહ્યું?

૭૨. યહોવા દેવે કોને મુદ્રારૂપ કરવાનું કહ્યું?

૭૩. યહોસાદાકના દીકરાનું નામ શું?

૭૪. યહોશુઆ પાસે કોની મારફતે પ્રભુનું વચન આવ્યું?

૭૫. પર્વત પર જઈ લાકડાં લાવી મંદિર બાંધવાનું કોણ કહે છે?

૭૬. આમોસ ભવિષ્યકથન કહેતો હતો ત્યારે કયો રાજા હતો?

૭૭. કોણે બીજા માટે ફાંસી રોપી તૈયાર કરી, પણ પોતે જ તેના પર ફાંસીએ ચઢવું પડ્યું?

૭૮. હામાને મોર્દખાય માટે બનાવેલી આ ફાંસી કેટલા હાથ ઊંચી હતી?

૭૯. યોસેફ અને તેના પિતાનું કુટુંબ કઈ જાતિનાં હતાં?

૮૦. યહોવા દેવે કોને કહ્યું કે, મિસરમાં જતાં બીશ મા, હું તારી સાથે મિસરમાં આવીશ.

૮૧. યહોવા દેવે કોને કહ્યું હતું કે, જે દેશ હું ઈસ્રાએલપુત્રોને આપીશ

તે તું આઘેથી જોશે, પણ તેમાં તું જવા પામશે નહીં?

૮૨. કોની કમાણી માનતા ઉતારવા સારુ દેવના ઘરમાં ન લાવવી?

૮૩. કઈ જાતનાં વણાટના મિશ્ર કપડાં ન પહેરવા વિષે બાઇબલ આજ્ઞા કરે છે?

૮૪. શું પુરુષે સ્ત્રીનાં, અને સ્ત્રીએ પુરુષના કપડાં પહેરવા? એ બાબતે બાઇબલની શું આજ્ઞા છે?

૮૫. એલીશાએ એલિયા પાસે શું માગ્યું?

૮૬. યોઆશની કબરમાં કોને દાટવામાં આવ્યો?

૮૭. કયા પ્રબોધકની પત્ની વેશ્યા હતી?

૮૮. ગિદિયોનને કયાં દાટવામાં આવ્યો હતો?

૮૯. સિદકિયા કોણ હતો?

૯૦. પાણી છાંટીને શુદ્ધ કરવાનું કોણ કહે છે?

૯૧. યિમ્લાનો દીકરો કોણ હતો? તેનું નામ શું હતું?

૯૨. કોણ પોતાની પત્નીને ચાંદીના ૧૫ શેકેલ અને દોઢ હોમેર જવ આપીને વેચાતી લાવ્યો?

૯૩. હઝકીએલને પ્રભુએ શું નામ આપી બોલાવ્યો?

૯૪. કયા માણસે ઈશ્વર સાથે કુસ્તી કરી હતી?

૯૫. નાહૂમે કોના વિષે પ્રબોધ કરી ભવિષ્યવાણી કરી?

૯૬. આમોસ કોણ હતો?

૯૭. ઓબાદ્યા કોના વિષે ભવિષ્યવાણી કરે છે?

૯૮. યહૂદીઓની રીત પ્રમાણે કોને યાજકપદ મળતું હતું?

૯૯. યૂનાને શું કાર્ય સોંપવામાં આવ્યું હતું?

૧૦૦. કોણ કહે છે કે હું હિબ્રૂ છું - સમુદ્ર અને કોરી ભૂમિના કર્તા સૈન્યોના દેવ યહોવાનો ભક્ત છું?

## નાફતાલી (૧૦)

૧. એલીશાએ સાત વર્ષનો દુકાળ પડશે, એમ કોને કહ્યું?

૨. સ્રાવવાળો કોઢિયો, લાકડીને ટેકે ચાલનાર, તલવારથી પડનાર, રોટલીની અછતવાળો, કદી કુટુંબમાંથી ખૂટશે નહીં, આ કોનાં કુટુંબને કોણે શાપ આપ્યો?

૩. પોતાના પિતૃઓનાં કબરસ્તાનમાં પોતાને દાટવા સારુ કોણે કોને કહ્યું?

૪. પારકો (દેવની આજ્ઞા વગરનો) અગ્નિ ચઢાવવાથી કોના બે પુત્રો માર્યા ગયા?

૫. કરારકોશ લઈ આવતા ગાડાના બળદે ઠોકર ખાધી ત્યારે કોણે હાથ લંબાવ્યો? તેને શું થયું હતું?

૬. કયા યાજકે પેટી લઈ તેમાં કાણું પાડી, દાન માટે, મંદિરમાં જવાની જમણી ગમ વેદી પાસે મૂકી?

૭. કયા રાજાએ પોતાની મા મૂર્તિપૂજક હોવાથી તેને રાજમાતાની પદવી પરથી દૂર કરી? આ રાજા કોણ? તેની માનું નામ શું?

૮. સિદકિયા રાજાનું નામ શું હતું? તેનું નામ કોણે બદલ્યું?

૯. યહોવાએ અબ્રાહામને ઈસહાકનું બલિદાન આપવા કયા દેશમાં જવાનું કહ્યું?

૧૦. શું અબ્રાહામ પોતાના એકના એક દીકરાનું બલિદાન આપવા નીકળ્યો?

૧૧. અબ્રાહામ અને ઈસહાક શું શું લઈને બલિદાન માટે નીકળ્યા હતા?

૧૨. કોણે અબ્રાહામને પૂછ્યું કે, અગ્નિ તથા લાકડાં છે, પણ દહનિયાર્પણને સારુ ઘેટો ક્યાં છે?

૧૩. અબ્રાહામે ઈસહાકને શું જવાબ આપ્યો?
૧૪. શું અબ્રાહામે ઈસહાકનું બલિદાન આપ્યું? ત્યાં શું બન્યું?
૧૫. દહનિયાર્પણને સારુ ઘેટો ક્યાંથી મળ્યો?
૧૬. ઘેટાનું બલિદાન આપ્યા પછી, અબ્રાહામે તે જગાનું નામ શું પાડ્યું?
૧૭. સારા કયાં, કેટલી ઉંમરે મૃત્યુ પામી?
૧૮. સારાને દાટવા માટે, અબ્રાહામે, કઈ ગુફા, કોની પાસેથી વેચાતી લીધી?
૧૯. અબ્રાહામે ગુફા માટે કેટલાં નાણાં આપ્યાં? સાથે બીજું શું લીધું?
૨૦. ઈસહાકને માટે કન્યા શોધવા અબ્રાહામે કોને મોકલ્યો?
૨૧. અબ્રાહામનો ચાકર શું શું લઈને ઈસહાકને માટે સ્ત્રી શોધવા નીકળ્યો?
૨૨. અબ્રાહામનો ચાકર કયા પ્રદેશમાં ઈસહાક માટે સ્ત્રી લેવા ગયો?
૨૩. અબ્રાહામનો ચાકર કન્યા જોવા કઈ જગ્યાએ થોભ્યો?
૨૪. ત્યાં થોભીને અબ્રાહામના ચાકરે સૌ પ્રથમ શું કર્યું?
૨૫. ચાકરે યહોવા દેવને શી શી વિનંતી કરી હતી?
૨૬. શું યહોવા દેવે તેની વિનંતી માન્ય કરી? કૂવા પાસે શું બન્યું?
૨૭. રિબકા કેવી સ્ત્રી હતી?
૨૮. અબ્રાહામના ચાકરે રિબકાને શું શું ભેટ ધરી?
૨૯. અબ્રાહામના ચાકરે આ કાર્ય માટે કોનો આભાર માન્યો?
૩૦. અબ્રાહામે કઈ આશાથી આ ચાકરને મોકલ્યો હતો?
૩૧. અબ્રાહામના ચાકરે રિબકાને અને તેના મા-બાપને શું શું ભેટ આપી?
૩૨. શું રિબકા આ સગાઈ સંબંધથી રાજી થઈ પતિગૃહે જવા તૈયાર

થઈ હતી?

૩૩. ઈસહાક ક્યાં સુધી ચાલતો આવી સામે મળ્યો?

૩૪. રિબકાએ જાણ્યું કે સામે આવે છે તે ઈસહાક છે, ત્યારે તેણે શું કર્યું? કેમ?

૩૫. દાવિદ રાજાની વડી દાદીમા કોણ થાય?

૩૬. જૂના કરારમાં છેલ્લે કયા પ્રબોધકનું નામ મળે છે? કયા પુસ્તકમાં?

૩૭. યહોવા ક્યારે એલિયાને મોકલવાનું કહે છે?

૩૮. નીતિવચનનો ૩૦ મો અધ્યાય કોણે લખ્યો?

૩૯. કોણે જીવ બચાવવા સારુ ખેતરમાં સંતાડી રાખેલા ઘઉં, જવ, તેલ તથા મધ કોને બતાડ્યા?

૪૦. કયા શહેર માટે કહેવાયું છે કે ત્યાંના રહેવાસીઓ અને મિશ્ર લોક પર, જ્ઞાનીઓ, શૂરવીરો, લવરી કરનાર પર, તેમજ ખજાના પર, ઘોડા, રથો, તલવારો અને જળાશયો પર સુકવણું આવે છે ત્યાં જંગલી પશુઓ, વરુઓ અને શાહમૃગો વસશે?

૪૧. સામસૂને છેલ્લે કોનું મંદિર તોડી પાડ્યું? તેમાં કેટલાં જણા માર્યા ગયા?

૪૨. યિર્મેયાને કોણે ટાંકામાં નાખ્યો હતો? જયાં તે કાદવમાં કળી ગયો હતો?

૪૩. યિર્મેયાનો જીવ લેવા પ્રથમ કોના માણસોએ યોજના કરી હતી, અને તાકી રહ્યા હતા?

૪૪. યિર્મેયાના પિતાનું નામ શું હતું?

૪૫. યિર્મેયાનો પિતા કોણ હતો?

૪૬. કોનું માથું એલોન વૃક્ષમાં ભરાઈ ગયું અને તે ફસાઈ ગયો?

૪૭. એલિયા પ્રબોધક નવા કરારમાં કોના રૂપમાં આવ્યો?

૪૮. કોની માનું નામ યદિદાહ હતું?

૪૯. યોશીયાના મરણ પછી કોણે વિલાપનું કાવ્ય રચ્યું?

૫૦. યોઆબે કયા બે સારા અને ન્યાયી માણસોને દાવિદથી છાના મારી નાંખ્યા?

૫૧. યોઆબને ક્યાં મારી નાંખવામાં આવ્યો?

૫૨. ધુમાતી સગડી અને બળતી મશાલ ક્યારે દેખાઈ હતી?

૫૩. પહેલાં શું બંધાયું? દેવનું મંદિર કે શલોમોનનો મહેલ?

૫૪. અયૂબ ક્યાંનો વતની હતો?

૫૫. અહાશ્વેરોશ રાજાથી બીજા દરજ્જાનો યહૂદી કોણ હતો?

૫૬. મોર્દખાય કેવો માણસ હતો?

૫૭. સભાશિક્ષકનું પુસ્તક કોણ લખ્યું છે?

૫૮. સૂકાં હાડકાંથી ભરપૂર ખીણ કોને કોણે દેખાડી?

૫૯. હાડકાં કેવાં હતાં? તેના વિષે શું પૂછવામાં આવ્યું?

૬૦. આ હાડકાંને શું કહેવાનું હતું?

૬૧. શું પ્રબોધ કરવાથી હાડકાં જીવતાં થયાં?

૬૨. મરેલાંને દાટનારાઓએ ઉતાવળે, લાશને કયા પ્રબોધકની કબરમાં નાંખી અને પ્રબોધકનાં હાડકાંને અડતાં, મૃત માણસ જીવતો થઈ ઊભો થયો?

૬૩. નાહૂમ કયા વંશમાંનો હતો?

૬૪. ઝરુબ્બાબેલનું પદ કયું હતું?

૬૫. જૂના કરારમાં કયા પ્રબોધકે કહ્યું કે, ન્યાયી પોતાના વિશ્વાસથી જીવશે?

૬૬. મિખાહને કોના કોના વિષે સંદર્શન થયું? વચન કોના વિશે આવ્યું હતું?

૬૭. ઓબાદ્યાહનું સંદર્શન પ્રભુ તરફથી કોને માટે હતું?

૬૮. કયા શહેર વિષે કોણ, કોને કહે છે કે ત્યાં ભવિષ્ય ભાખતો નહીં, કેમ કે એ રાજાનું પવિત્રસ્થાન છે, રાજમંદિર છે!

૬૯. કયા પ્રબોધક મારફતે પ્રભુ કહે છે કે દેશમાં દુકાળ મોકલીશ, અન્નનો દુકાળ નહીં કે પાણીનો નહીં, પણ યહોવાનું વચન સાંભળવાનો દુકાળ.

૭૦. કોના વંશજ વિષે પ્રભુ કહે છે, કે હું પૂરેપૂરો નાશ કરીશ નહીં, ને જેમ ચાળણીમાં ચળાય છે, તેમ હું તે વંશજોને સઘળી પ્રજાઓમાં ચાળીશ, તોપણ તેમાંનો નાનામાં નાનો કણ પણ જમીન પર પડશે નહીં?

૭૧. કોણે કયા રાજાનાં હાડકાંનો બાળીને ચૂનો કર્યો?

૭૨. કઈ પ્રજાએ રૂપાને માટે નેકીવાનોને વેચ્યા, ખાસડાની જોડ માટે દરિદ્રીઓને વેચ્યા?

૭૩. એફ્રાઈમનાં વંશજોને (ઈસ્રાએલ પ્રજા) પ્રભુ કઈ રીતે એકઠાં કરશે? ઝખાર્યા શું કહે છે?

૭૪. ઝખાર્યા પ્રબોધકના પિતાનું નામ શું?

૭૫. અબ્રાહામે સારા ગુજરી ગઈ પછી ફરી સ્ત્રી કરી. તેનું નામ શું?

૭૬. અબ્રાહામને કોણે ક્યાં દાટ્યો?

૭૭. કોના પેટમાં જોડકું હતું? જે બાળકોએ પેટમાં બાઝાંબાઝ કરી?

૭૮. જે જોડકું જન્મ્યું, તે બે બાળકોનાં નામ શું પાડવામાં આવ્યાં?

૭૯. યાકોબ અને એસાવ વિષે તેઓના જન્મ અગાઉ પ્રભુએ શું કહ્યું હતું?

૮૦. આ જોડિયા ભાઈ યાકોબ અને એસાવ કેવા હતા?

૮૧. બાઈબલમાં સૌ પ્રથમ કયા જોડકાંનાં જન્મનો ઉલ્લેખ મળે છે?

૮૨. પ્રથમ યરુશાલેમનું મંદિર શલોમોને શરૂ કર્યું અને બાંધીને પૂરું

કર્યું. બીજીવાર આ મંદિર કોણે શરૂ કર્યું અને કોણે બાંધ્યું?

૮૩. નીતિવચનના લેખક તરીકે કયા બે રાજાઓનાં નામ મળે છે?

૮૪. ઈસ્રાએલનાં કુળોમાં કયાં બે કુળો મિસરી સ્ત્રીના પેટે થયા?

૮૫. અયૂબના ત્રણ મિત્રોના નામ શું છે?

૮૬. બાઈબલમાં ટાલવાળા એક જ માણસનો ઉલ્લેખ કરેલો છે. તો તે કોણ?

૮૭. કયો પ્રબોધક કેશી (શરીરે વાળવાળો) હતો?

૮૮. કઈ પ્રબોધિકા બે મહાન ઈસ્ત્રાએલી આગેવાનોની બહેન હતી, કે જેને અહમને લીધે તથા બળવો કરવાના કારણે કોઢ ફૂટી નીકળ્યો હતો?

૮૯. જયારે દૂત મારફતે વૃદ્ધ સ્ત્રીએ જાણ્યું કે તેને દીકરો થશે, ત્યારે તે તેનાં તંબુમાં હસી. તે સ્ત્રી કોણ?

૯૦. કોણ ઈસ્રાએલના રાજાને એક લાખ હલવાનનું, એક લાખ ઘેટાંનું ઊન ખંડણી પેટે આપતો હતો?

૯૧. કયા પ્રબોધકને ટાલ હોવાથી, છોકરાઓએ તેની મશ્કરી કરી હતી? પ્રબોધકે તેમને શો શાપ આપ્યો?

૯૨. પ્રબોધકના પુત્રોની વિધવાઓમાંની એકે વિનંતી કરતાં કયા પ્રબોધકે તેનું દેવું ભરવા સહાય કરી હતી? કઈ રીતે?

૯૩. રાજા શલોમોને મંદિરની પ્રતિષ્ઠા કરી, ત્યારે કેટલાં ગોધા, અને કેટલાં ઘેટાંનું શાંત્યાર્પણનું બલિદાન ચઢાવ્યું હતું?

૯૪. કોણે પ્રબોધક પાસે બે ખચ્ચરના બોજ જેટલી માટી માંગી?

૯૫. કોણે કહ્યું કે, યહોવા આકાશમાં બારીઓ કરે તોપણ એક માપ મેંદો, એક શેકેલ અને બે માપ જવ એક શેકેલ વેચાય તે બની શકે શું?

૯૬. સમરુનમાં દુકાળ હતો ત્યારે એલીશા પ્રબોધકે કહ્યું હતું કે મેંદો

અને જવ કેટલા ભાવે વેચાશે? આ પર અવિશ્વાસ કરનારનું શું થયું હતું?

૯૭. અરામી સૈન્ય નાસી ગયું હતું, તંબુઓ ખાલી પડ્યા હતા. તે બાબતની ખબર સમરુનના રાજાને કોણે કરી? આ ખબર કરનાર કોણ હતો?

૯૮. શું પ્રબોધકના કહેવા પ્રમાણે એક માપ મેંદો એક શેકેલે, ને બે માપ જવ એક શેકેલે વેચાયા? શંકા કરનાર સરદારનું શું થયું?

૯૯. મરણ-પથારીએ પડેલ કયા પ્રબોધકે કયા રાજાને બાણો મારવા કહ્યું? કયાં-કયાં બાણો મારવાનાં હતાં?

૧૦૦. ઈશ્વરભક્ત એલીશા, યોઆશ પર કેમ ગુસ્સે થયો?

## યોસેફ (૧૧)

૧. અરણ્યમાં શૂરના માર્ગે યહોવાના દૂતે પાણીના ઝરા પાસે કોને જોઈ?

૨. યહોવાના દૂતે અબ્રાહામને ક્યારે બે વાર હાંક મારી? કયા પહાડ પર?

૩. ઈસ્રાએલનું સૈન્ય મિસરમાંથી નીકળ્યું ત્યારે તેની આગળ, મેઘસ્તંભમાં કોણ ચાલતું હતું?

૪. કયા પ્રાણીએ દેવના દૂતને રસ્તામાં ઊભેલો જોયો?

૫. ગધેડીએ દેવના દૂતને, ક્યાં ક્યાં જોયો? દૂતના હાથમાં શું હતું? તેને જોઈને ગધેડીએ શું કર્યું?

૬. કોણે દૂતને હાથમાં બેધારી તલવાર લઈને ઊભેલો જોયો?

૭. યહોવાનો દૂત ગિલ્ગાલથી ક્યાં આવ્યો? આવીને કોને શું શું કહ્યું? ઈસ્રાએલ પુત્રોએ શું કર્યું? તે જગાનું નામ શું પાડ્યું?

૮. કોની સ્ત્રી વાંઝણી હતી - જેનો પતિ દાનના કુટુંબનો સોરાહનો

રહેવાસી હતો? દૂતે તેને કહ્યું કે તેને પુત્ર થશે. જે ગર્ભસ્થાનમાંથી જ દેવને સારુ નાઝારી થશે?

૯. મનોઆહે આપેલા ખાદ્ય પદાર્થનું દૂતે શું કર્યું? ખાધું? દૂતે તેનું નામ શું કહ્યું?

૧૦. ધૂપવેદીની જમણી બાજુએ કોણે દૂતને ઊભેલો જોયો? દૂતે શું કહ્યું?

૧૧. ઝખાર્યા સાથે વાત કરનાર દૂતનું નામ શું? ઝખાર્યાએ દૂતની વાત પર વિશ્વાસ કર્યો, કે શંકા આણી? દૂતે પછી શું કહ્યું?

૧૨. દૂતે જન્મ લેનાર યોહાન સંબંધી શી વાત કરી, જે અદ્‌ભુત હતી?

૧૩. દૂત કયા શહેરની કુમારિકા પાસે ગયો? દૂતે તેને શું કહ્યું? દૂતનું નામ શું હતું?

૧૪. અબ્રાહામની ગોદમાં દૂતો કોને લઈ ગયા?

૧૫. બાઈબલમાં કયા પુસ્તકમાં રાજાના જ્ઞાનનો ભંડાર જોવા મળે છે?

૧૬. કોણ કોને કહે છે કે એક જુવાન અહીં છે, તેની પાસે જવની પાંચ રોટલી અને બે માછલી છે, પણ તે બધાંને કેમ પહોંચે?

૧૭. યહોવાનાં દૂતે કોને બીજીવાર આવીને અડકીને કહ્યું કે, ઊઠ ને ખા, તારે લાંબી મજલ કાપવાની છે?

૧૮. ઈસુએ ક્યાં, કઈ તરફ, કેવાં પાણીમાં જાળો નાંખવા શિષ્યોને કહ્યું?

૧૯. પ્રભુ ઈસુએ કોને લોંકડો કહ્યો?

૨૦. કયા શ્રીમંત સારા ઘરના છોકરાને ભૂંડો ચરાવવા પડ્યાં અને જે શીંગો ભૂંડો ખાતાં હતાં, તે તેને ખાવી પડી?

૨૧. કોણ તેના શિષ્યબંધુઓને કહે છે કે, આપણે પણ જઈએ અને

તેની સાથે મરી જઈએ? આ ક્યારે બને છે?

૨૨. શમુએલે મિસ્પાહ અને શેન વચ્ચે એક પથ્થર ઊભો કર્યો. તેનું નામ તેણે શું પાડ્યું? તેનો અર્થ શો?

૨૩. મિખાહના ભવિષ્યકથન પ્રમાણે ઈસ્રાએલમાં મસીહા કયા શહેરમાંથી આવનાર હતાં?

૨૪. કયા બે ભૂંડા રાજાઓ બાપ અને દીકરો હતા, જેઓને ઉઝ્ઝાની વાડીમાં (બગીચામાં) દાટવામાં આવ્યા હતા?

૨૫. યમીયાહ, કસીઆહ અને કેરેન-હાપ્પૂખ - આ ત્રણ કોની દીકરીઓ હતી? તેઓ કેવી હતી?

૨૬. કયા પર્વત પર એલિયા અને બઆલના પ્રબોધકો મળ્યા? શું એલિયાએ બઆલના પ્રબોધકોને હરાવ્યા?

૨૭. નવા કોરા લૂગડાંનું થીંગડું જૂનાં કપડાંને લગાડવાથી અને નવો દ્રાક્ષારસ જૂની મશકોમાં ભરવાથી શું થાય?

૨૮. ઘર બાંધવા બાબતે પ્રભુ આપણને શું શિક્ષણ આપે છે? કોણે રેતી પર ઘર બાંધ્યું અને કોણે ખડક પર ઘર બાંધ્યું?

૨૯. કઈ રાણી ખૂબ દૂરથી રાજા શલોમોન પાસે, તેનાં વૈભવ અને જ્ઞાન વિષે સાંભળીને જોવા-જાણવા આવી હતી?

૩૦. કોણ-કોણ શલોમોન રાજાનાં જ્ઞાન અને વૈભવ જોવા આવતાં હતાં? તેને સાંભળવા આવતાં હતાં?

૩૧. પ્રભુ ઈસુને જોવા ઝાડ પર જે માણસ ચઢી ગયો તે કોણ હતો? કેવો હતો? કયા ઝાડ પર તે ચઢી ગયો હતો?

૩૨. જાખી માટે પ્રભુ ઈસુએ શું કહ્યું? તેને કોનો દીકરો ગણાવ્યો?

૩૩. કોણ ખેતરમાં મનન કરવા જતું? ક્યારે?

૩૪. શાઉલ પર રસ્તામાં પ્રકાશ ચમક્યો, પ્રભુની વાણી થઈ, તે અંધ થયો, ત્યારે કયો શિષ્ય તેની પાસે પ્રભુના મોકલવાથી

જાય છે, જે તેને માટે પ્રાર્થના કરે છે, માથે હાથ મૂકે છે, ને શાઉલ દેખતો થાય છે?

૩૫. કયા રાજા વિષે એમ કહેલું છે કે તે મારો ઘેટાંપાળક છે. તે મારો અભિષિક્ત છે? યહોવા કયા પ્રબોધક મારફતે આ કહે છે?

૩૬. પાઉલનો મિત્ર ને સાથી જે વૈદ હતો તે કોણ?

૩૭. કયા પુસ્તકમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને ફૂલો સાથે સરખાવેલ છે? કયાં ફૂલો?

૩૮. કોને જડ બાઝશે ને ફૂલ તથા કળીઓ ખીલશે અને તેઓનાં ફળથી પૃથ્વી ભરપૂર થશે?

૩૯. આ કોને કહે છે કે, હું યહોવા, તારો દેવ, તારા જમણા હાથને પકડી રાખીને તને કહું છું કે તું બીશ મા, હું તને સહાય કરીશ?

૪૦. આ કોને કહેવામાં આવ્યું છે? તું મારો સેવક છે, મેં તને પસંદ કર્યો છે. ને તારો ત્યાગ કર્યો નથી. તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું. આમતેમ જોઈશ મા, કેમ કે હું તારો દેવ છું. મેં તને બળવાન કર્યો છે. વળી મેં તને સહાય કરી છે. વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે?

૪૧. દસ કુમારિકાઓને શાની ઉપમા આપી છે?

૪૨. કોણ બૂમ પાડે છે કે સ્વામી, સ્વામી અમારે સારુ ઉઘાડ? ત્યારે તેમને જવાબ મળે છે, હું તમને ઓળખતો નથી. આ જવાબ કોણ આપે છે?

૪૩. કોણે ઈસુને માળી ધારી લીધો હતો?

૪૪. ઈટાલિયન નામે ઓળખાતી પલટણના કયા સરદારે દૂતને તેની પાસે આવતો જોયો? ક્યારે?

૪૫. હિબ્રૂ ભાષામાં નામ દઈને કોણે કહ્યું કે, તું મને કેમ સતાવે છે? આરને લાત મારવી કઠણ છે?

૪૬. યહૂદા ઈસ્કારિયોતની જગ્યાએ અગિયાર શિષ્યો સાથે કોણ બારમા પ્રેરિત તરીકેનું સ્થાન પામ્યો?

૪૭. માછીમારોની જાળને શાની ઉપમા આપવામાં આવી છે?

૪૮. સ્ત્રીઓએ પોતાનાં બાળકને રાંધીને ખાધું, ક્યારે? કેમ?

૪૯. ગધેડીની મુંડી અને કબૂતરની અઘાર ક્યારે, કયા ભાવે વેચાઈ?

૫૦. કોણ કહે છે કે ઈંડાની સફેદીમાં કાંઈ સ્વાદ હોય?

૫૧. કયા રાજાએ ઓળિયું સેવકોની ના છતાં બાળી નાંખ્યું? પછી તેણે કોને કોને પકડી લેવાની આજ્ઞા કરી?

૫૨. કોણે પવિત્ર આત્માથી ભરપૂર થઈને આકાશ તરફ જોયું ને ત્યાં એકી નજરે જોઈ રહીને તેણે દેવનો મહિમા તથા દેવને જમણે હાથે ઈસુને ઊભેલા જોયાં?

૫૩. સ્તેફનનો ઘાત કરવાની સંમતિ કોણે આપી હતી?

૫૪. સભાશિક્ષક અને ગીતોના ગીતનો લેખક કોણ?

૫૫. પ્રભુ ઈસુએ વધસ્તંભ પરથી ક્યાં પ્રથમ વચનો ઉચ્ચાર્યાં હતાં?

૫૬. પ્રભુ ઈસુનો પ્રથમ ચમત્કાર કયો?

૫૭. પાઉલનો રોમનોને લખેલ પત્ર કોણે લખ્યો છે?

૫૮. કોના જામાને તેના ઘેરને ફરતી સોનાની ઘૂઘરીઓ હતી?

૫૯. હાંક મારે તે પહેલાં હું ઉત્તર આપીશ અને હજી તેઓ બોલતા હશે એટલામાં હું તેઓનું સાંભળીશ - આ કયો પ્રબોધક કહે છે?

૬૦. પ્રભુના લોક નદીઓમાં થઈને જશે ત્યારે શું શું થશે?

૬૧. બાઈબલમાં છેલ્લે કયાં ઝાડ વિશે લખેલું મળે છે?

૬૨. ઈસુ ખ્રિસ્તે સભાસ્થાનમાં ઊભા થઈને કયાં પુસ્તકમાંથી વાંચન કર્યું હતું?

૬૩. કયાં ફળનાં ઝાડને ઈસુએ શાપ આપ્યો અને તે સુકાઈ ગયું?

૬૪. કયા રાજાનો છોકરો તેની સંભાળ રાખનાર બાઈ તેને લઈને તેને બચાવવા દોડી ત્યારે હાથમાંથી પડી જવાથી જિંદગીભર તે લંગડો બની ગયો? તેનું નામ શું?

૬૫. રોદા કોણ હતી?

૬૬. હેરોદ રાજાને કઈ સ્ત્રી સાથે ખોટો સંબંધ હતો (વ્યભિચારનો)?

૬૭. વહાણ ભાંગી ગયું ત્યારે કેટલા માણસો પાઉલ સાથે વહાણમાં હતા? તેઓએ કેટલા સમયથી ખાધું ન હતું?

૬૮. કોણે કોને કહ્યું કે શું હું યહૂદાના કૂતરાનું માથું છું?

૬૯. પારે ફરતા બળદને મોંઢે શું ન બાંધવું?

૭૦. બળદ સાથે કયા પ્રાણીને જોડી, જોડી કરી ખેતી ન કરવી?

૭૧. રૂથના બીજાં લગ્ન કોની સાથે થયાં?

૭૨. લિબ્નાહના યર્મિયાની દીકરી કોણ? તેના દીકરીના પુત્રનું નામ શું? તે કોણ હતો?

૭૩. કોની સ્ત્રીને ઈસુ વિષે સ્વપ્ન આવેલું?

૭૪. ઈઝબેલ રાણીના મૃત્યુની ભવિષ્યવાણી કોણે કરી હતી?

૭૫. ફેલીક્સની સ્ત્રીનું નામ શું હતું?

૭૬. રાણીની પસંદગી માટેની સૌંદર્ય સ્પર્ધામાં જે સ્ત્રી પસંદ થઈ તે કઈ જાતિની હતી?

૭૭. 'હાદ સાહ' આ કોનું નામ હતું?

૭૮. યુરોપમાં કઈ સ્ત્રી પ્રથમ ખ્રિસ્તી થઈ?

૭૯. કઈ સ્ત્રીએ પોતાના દુ:ખથી પીડાતા ધાર્મિક પતિને કહ્યું કે ઈશ્વરને શાપ દે અને મરી જા?

૮૦. કોણ પોતાના પુત્રોને તેડાવીને, તેમને પવિત્ર કરતો? વળી

પરોઢિયે ઊઠીને તેમની ગણતરી કરી, દરેકને માટે, તેમનાં પાપો માટે, વળી અજાણતા હૃદયમાં દેવના કરેલાં ઈનકાર માટે દહનિયાર્પણ કરતો?

૮૧. કઈ સ્ત્રી કે જે રાણી હતી, તેણે પોતાની જાતિના લોકો માટે તેમને બચાવવા પોતે સુરક્ષિત હોવા છતાં, પોતાનો જીવ જોખમમાં મૂકીને તેની જાતિના લોકોનો બચાવ કર્યો?

૮૨. મોશેની સ્ત્રીનું નામ શું?

૮૩. કઈ સ્ત્રી જૂઠી પ્રબોધિકા હતી?

૮૪. કોણે, ક્યાં, કઈ સ્ત્રીને કહ્યું કે, તારે તો પાંચ પતિ હતા?

૮૫. સૌ પ્રથમ છેતરાઈ તે સ્ત્રી કઈ? આ સ્ત્રીને કોણે લલચાવીને છેતરી, ભૂલ કરાવી?

૮૬. કઈ વિધવા સ્ત્રી ૮૪ વર્ષની વયે પ્રબોધિકા હતી, જે મંદિરમાં રહેતી હતી? તેનું નામ શું? તે કોની દીકરી હતી?

૮૭. બાળ ઈસુને મંદિરમાં (પ્રથમવાર) લાવવામાં આવ્યા ત્યારે કઈ વૃદ્ધ સ્ત્રીએ, પ્રભુની સ્તુતિ કરી? આ સ્ત્રી લગ્ન પછી સાત વર્ષે વિધવા થઈ હતી અને પ્રાર્થના અને ઉપવાસસહિત ભક્તિ કર્યા કરતી હતી?

૮૮. ક્યાંની કઈ સ્ત્રી શોકનાં વસ્ત્રો ધારણ કરીને રાજા દાવિદ પાસે ગઈ હતી? તેને કોણે મોકલી હતી?

૮૯. કયા ભાઈએ પોતાની બહેનને પોતે માંદો હોવાનો ઢોંગ કરીને ઘેર રસોઈ બનાવવા બોલાવી તેના પર બળાત્કાર કર્યો? આ કોનાં સંતાન હતાં? તેમનાં નામ શું?

૯૦. કઈ રાણીએ તેના દુષ્ટ પતિ સાથે મળીને પ્રબોધક એલિયાને મારી નાંખવાનું કાવતરું કર્યું હતું?

૯૧. કઈ માએ પોતાના પ્રથમજનિત બાળકને દેવને અર્પણ કર્યો?

૯૨. આ કોને માટે કહેવામાં આવ્યું કે, બાળક મોટો થતો ગયો અને યહોવાની તેમ જ માણસની કૃપા તેના પર હતી?

૯૩. કઈ સ્ત્રીએ કયા પ્રબોધકને માટે તેને આરામ કરવા માટે નાની ઓરડી બનાવી, અને સજીને તૈયાર કરી હતી?

૯૪. કોણે ક્યારે બૂમ પાડી કે ઈશ્વરભક્ત આ તપેલામાં તો મોત છે? આ તપેલામાં કોણે શું રાંધ્યું હતું? ત્યાં કોણ ઈશ્વરભક્ત હતો?

૯૫. આ ઈન્દ્રવરણાંના શાકનું ઝેર એલીશાએ કઈ રીતે દૂર કર્યું?

૯૬. કોણે કોના બાંધેલા કોટ વિશે મશ્કરી કરતાં કહ્યું કે, એક શિયાળવું ચઢે તોપણ તે તૂટી પડે?

૯૭. કોને માણસો ઝાંડની જેમ ચાલતાં દેખાયાં?

૯૮. સદાચારીની જીભને ચોખ્ખી ચાંદી જેવી કહી છે. દુષ્ટનું હૃદય માલ વગરનું છે, એમ કહેલ છે. આ વાત બાઈબલમાં આપણને ક્યાં મળે છે?

૯૯. 'જુઓ, જે માણસને દેવ શિક્ષા કરે છે તેને ધન્ય છે : માટે સર્વશક્તિમાનની શિક્ષાને તું તુચ્છ ન ગણ. કેમ કે તે દુઃખી કરે છે, અને તેજ પાટો બાંધે છે; તે ઘાયલ કરે છે, અને તેનો હાથ તેને સાજું કરે છે' આ વાત બાંઇબલમાં ક્યાં મળે છે?

૧૦૦. જેને તું પસંદ કરીને પાસે લાવે છે, જે તારાં આંગણામાં વસે છે તેને ધન્ય છે' આ કોણ કહે છે?

## બિન્યામીન (૧૨)

૧. મોશેના સસરાનું બીજું નામ શું હતું?

૨. યહોવાએ ઈસ્રાએલીઓને છોડાવનાર તરીકે પ્રથમ ન્યાયાધીશ તરીકે કોને ઊભો કર્યો?

૩. સીસરાને કોણે, કેવી રીતે મારી નાંખ્યો?

૪. સામસૂન કોના કુળમાં જન્મ્યો?

૫. ઈસુ ખ્રિસ્તે પુનરુત્થાન પામ્યા પછી પ્રથમ દર્શન કોને આપ્યું?

૬. ઈસુ ખ્રિસ્તે પુનરુત્થાન પછી બીજું દર્શન કોને આપ્યું?

૭. પુનરુત્થાન પછી ત્રીજી વાર કોને દેખાયા?

૮. પુનરુત્થાન પછી કોને ચોથું દર્શન થયું?

૯. પુનરુત્થાન પછી પાંચમું દર્શન પ્રભુએ કોને આપ્યું?

૧૦. પુનરુત્થાન પછી છઠ્ઠી વારનું દર્શન કોને કોને થયું?

૧૧. પુનરુત્થાન પછી પ્રભુનું સાતમું દર્શન કોને, ક્યાં થયું?

૧૨. કોણે કહ્યું કે, હું જાણે અકાળે જન્મેલો હોઉં, તેમ સર્વથી છેલ્લે મને દર્શન થયું?

૧૩. કોણ કહે છે કે, હું સર્વથી નાનો છું, પ્રેરિત પણ ગણાવાને લાયક નથી, કેમ કે મેં દેવની મંડળીની ઘણી સતાવણી કરી છે?

૧૪. સેવકો, આગેવાનોએ કોને રાજી કરવા પ્રયત્ન કરવો, માણસોને કે દેવને? પાઉલ શું કહે છે?

૧૫. પુત્ર, અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, અને શાંતિનો સરદાર - આ કયા પ્રબોધકે કોને માટે કહ્યું છે?

૧૬. પોતપોતાના પુત્રો વિષેની અસાધારણ બાબતો જૂના કરારમાં કયા પિતાએ અને નવા કરારમાં કઈ માએ મનમાં રાખી?

૧૭. જૂના કરારમાં જાદુગરેણ વિષે શું કહ્યું છે?

૧૮. જે પોતાનાં દીકરા-દીકરીઓને અગ્નિમાં ચલાવતો હોય, જોષ કે શુકન જોતો હોય, ધંતરમંતર કરતો હોય, જાદુગર હોય, મોહિની લગાડનાર હોય, મૂઠ મારનાર હોય, ઈલમી કે ભૂવો હોય, તેના વિષે યહોવા શું કહે છે?

૧૯. મહાજ્ઞાની રાજા શલોમોને યહોવાએ આપેલ કયા કયા નિયમોનો ભંગ કર્યો હતો?

૨૦. રાજ્યાસન પર બેસીને રાજાએ લેવીઓ પાસે શું કરાવવાનું યહોવાએ કહ્યું છે?

૨૧. અરણ્યમાં ઈસ્રાએલીઓ પાણી વગર કેટલાં દિવસ ચાલતા રહ્યાં?

૨૨. શલોમોન રાજાએ મંદિર બાંધવા પથ્થર ખોદનાર, ઘડનાર કેટલાં કારીગરો રોક્યા હતા?

૨૩. શલોમોને મંદિરનું અર્પણ કર્યું ત્યારે કેટલા યાજકો રણશિંગડાં વગાડતા હતા?

૨૪. અનાન્યાએ પોતાની સ્ત્રીની સંમતિથી કોને જૂઠું કહી છેતર્યા? કઈ બાબતે?

૨૫. કોણે પોતાના યોદ્ધાઓમાંથી ૩૦૦ યોદ્ધા લઈ ત્રણ ટુકડીઓ કરી તેમના હાથમાં રણશિંગડા અને ખાલી ઘડામાં દીવા આપ્યા હતા?

૨૬. સ્વપ્નમાં જે જવની રોટલી દેખાઈ તે શાની ઉપમાનાં રૂપમાં હતી?

૨૭. કોણે યહોવા દેવને કહ્યું કે, જો તું ઈસ્રાએલને ઉગારવાનો હોય તો ખળીમાં મૂકેલ ઊન પર જ ઝાકળ પડે અને અન્ય જગ્યા કોરી રહે અને બીજી વાર ઊન કોરું રહે અને ખળીની જમીન પર ઝાકળ પડે?

૨૮. યહોવાના દૂતે ગિદિયોનને ક્યાં દર્શન દીધું હતું?

૨૯. નાટાફ, શહલેથ, હેલ્બનાહ, લોબાન - આ શું છે? આનો સંબંધ ને સંદર્ભ શું છે?

૩૦. ધૂપ માટે શું નિયમ કે આજ્ઞા કહી છે?

૩૧. ક્યારે ડરના લીધે ઘણી અન્ય જાતિના લોકો યહૂદી થઈ ગયા હતા?

૩૨. કઈ તારીખ શત્રુઓ પર વેર વાળવા યહૂદીઓને આપવામાં આવી? જે તારીખના આંકડાને આજે પણ ઘણાં અપશુકનિયાળ માને છે?

૩૩. કોનાં રાજ્યના ૧૨૭ પ્રાન્તો હતા? તેમાં ભારત પણ આવી જતું હતું?

૩૪. 'સેલા-હામ્માહલકોથ' કોનું નામ છે?

૩૫. દાવિદના પિતા યિશાઈએ દાવિદ સાથે શાઉલ રાજા પર શું મોકલાવ્યું હતું?

૩૬. સામસૂનને કોણ, ક્યાં પ્રેરણા આપતું હતું?

૩૭. વૃક્ષોએ કયા કયા વૃક્ષોને રાજા થવા કહ્યું? છેલ્લે કોને કહ્યું?

૩૮. ઈસ્રાએલ લોકો કયા સમયે મિસરમાંથી બહાર નીકળ્યા હતાં?

૩૯. ઈસ્રાએલ લોકો કયા દિવસની રાતને જાગરણની રાત તરીકે ઊજવે છે?

૪૦. એદન વાડીની કઈ દિશામાં અગ્નિરૂપ તરવાર મૂકવામાં આવી?

૪૧. યહોવાનું ગૌરવ કયા માર્ગે થઈને મંદિરમાં પ્રવેશ્યું હતું?

૪૨. માગીઓ કઈ દિશાએથી બાળ ઈસુના દર્શને આવેલા? તારો કઈ દિશામાં તેઓએ જોયો હતો?

૪૩. પૂર્વના લોકોમાં સૌથી મોટો પુરુષ મનાતો હતો કે જેને સાત પુત્રો તથા ત્રણ પુત્રીઓ હતાં, તે કોણ?

૪૪. અબ્રાહામથી જુદા પડ્યા પછી લોત કઈ દિશામાં ગયો?

૪૫. કોણ કહે છે કે, મેં યહોવાનો શોધ કર્યો અને તેણે મને ઉત્તર આપ્યો, ને મારા સર્વ ભયમાંથી મને છોડાવ્યો?

૪૬. યહોવાએ કોને કહ્યું કે માણસનું મુખ કોણે બનાવ્યું છે? શું હું તે યહોવા નથી? તો હવે જા, ને હું તારા મુખ સાથે હોઈશ. તારે શું કહેવું તે હું તને શીખવીશ.

૪૭. કયા પ્રબોધકે કોને, બારીમાંથી પૂર્વમાં બાણ મારવા કહ્યું?

૪૮. કયા પ્રબોધકની કબરમાં ઉતાવળે મૃત માણસને નાંખી દેતાં તે સજીવન થઈ ઊભો થઈ ગયો હતો?

૪૯. હુલ્દાહ કોણ હતી?

૫૦. કડવાં પાણી મીઠાં કરવા યહોવાએ મોશેને શું દેખાડ્યું?

૫૧. કોણ હાથ ઊંચા રાખતું ત્યારે ઈસ્રાએલપુત્રોની જીત થતી? નીચા કરતાં ત્યારે હાર થતી?

૫૨. મોશેના હાથ ઊંચા રાખવા શું કરવામાં આવ્યું?

૫૩. શું પ્રભુ પાસે આપણે ખાલી હાથે જવું જોઈએ? પ્રભુ શું કહે છે?

૫૪. અજાયબ ઈશ્વર પોતાના માણસો માટે નાનાં જંતુઓનો પણ અજાયબ રીતે ઉપયોગ કરે છે, કઈ રીતે?

૫૫. આજે આપણી દાન ઉઘરાવવાની પ્રથા છે, તે પ્રમાણે જૂના કરારમાં કોણે કર્યું હતું?

૫૬. પોતાને માટે તૈયાર કરેલ કબર ઈસુ ખ્રિસ્ત માટે કોણે આપી?

૫૭. શલોમોન રાજાનાં નીતિવચનો શા માટે છે?

૫૮. નીતિવચનના શિક્ષણ પ્રમાણે જ્ઞાનથી શો લાભ?

૫૯. મા-બાપ પ્રત્યે કેવી રીતે વર્તવું, અને તેમને આધીન રહેવા બાબતે નીતિવચન શું કહે છે?

૬૦. ચોરીને પીધેલ પાણી, સંતાઈને ખાધેલ રોટલી, માટે નીતિવચન શું કહે છે?

૬૧. કયો ફરોશી આગેવાન રાત્રે ઈસુ પાસે આવે છે?

૬૨. ઈશ્વરનું ભજન કઈ રીતે કરવું જોઈએ? ઈસુ શું શીખવે છે? ભજનાર માટે ઈશ્વરપિતાની શી ઈચ્છા છે?

૬૩. પ્રેરિતો કેવા સેવકો હતા?

૬૪. કયો પ્રબોધક ગુલ્લર વૃક્ષનો સોરનાર હતો, અને ઘેટાં-બકરાં પાછળ ફરતો હતો, જેને પ્રભુએ તેડું આપ્યું?

૬૫. કોના દેખતાં પથ્થરો લઈને કોને તે ફારુનના મહેલના દ્વાર પાસે છોથી ઢાંકી દેવા કહ્યું? તેનું ત્યાં શું કરવાનું હતું?

૬૬. કોણે કોને કહ્યું કે, શું તું દેવને ઠેકાણે છે?

૬૭. કયા પક્ષીના બચ્ચાં નાનાં હોય ત્યારથી લોહી ચૂસે છે?

૬૮. કોણે બકરીનાં ટોળાં પાસે તેઓ પાણી પીવા આવે તે સમયે લાકડીને પટા પાડીને મૂકી, જેથી લાકડી પાસે પાણી પીનાર બકરીનાં બચ્ચાં પટાદાર, છાંટવાળા તથા ટપકાંવાળા જન્મતાં?

૬૯. બકરાં પટાદાર છાંટવાળા તથા ટપકાંવાળા જન્મે માટે યાકોબે કયા કયા ઝાડની ડાળીઓ છોલીને મૂકી હતી?

૭૦. યહોવાનો ભય રાખવાથી શું થાય છે?

૭૧. બેબિલોનનું બીજું નામ શું હતું? જે અબ્રાહામનું વતન હતું?

૭૨. દાવિદ હેબ્રોનથી તેની રાજધાની ક્યાં લઈ ગયો?

૭૩. મોશે મિસરમાંથી નાસી જઈને ક્યાં ગયો? કઈ ટોળીના આગેવાનને ત્યાં આશ્રય પામ્યો?

૭૪. મિદ્યાનીઓ કોના વંશજ છે?

૭૫. કોને સારુ જૂના કરારમાં મંદિરના આંગણામાં ઓરડી બાંધવામાં આવી, જે ગેરકાયદે હતી?

૭૬. નહેમ્યાના સમયગાળામાં નહેમ્યાની ગેરહાજરીમાં મંદિરની દુર્દશાનું કારણ શું હતું?

૭૭. નહેમ્યાએ મંદિરની દુર્દશા જોઈ શું કર્યું, જેથી લોકો મંદિર તરફ વળ્યા? અને તેમની ઉપજનો સર્વ દશાંશ લાવ્યા, જેથી ભંડારો ભરપૂર થયા?

૭૮. ઈસ્રાએલ પ્રજાના બાળકોને યહૂદી ભાષા આવડતી નહોતી, તેઓ આશ્દદી અને જુદી જુદી મિશ્ર ભાષા બોલતાં હતાં, તેનું કારણ શું હતું?

૭૯. કોણે બળદ હાંકવાની નાની લાકડી (પરોણી)થી ૬૦૦ પલિસ્તીઓને મારી નાંખ્યા હતા?

૮૦. બંદીવાસમાંથી પાછા આવ્યા ત્યારે તેમણે કેટલાં દહનાર્પણો ચઢાવ્યાં?

૮૧. શા માટે એઝરાએ ઝભ્ભો અને વસ્ત્રો ફાડ્યાં? માથાનાં અને દાઢીના વાળ ફાંસી નાંખ્યા, સ્તબ્ધ થઈને સાંજ સુધી ઉપવાસ સાથે બેસી રહ્યો?

૮૨. નક્ષત્રોના નામ બાઈબલમાં ક્યાં મળે છે?

૮૩. પાઉલ કયા શહેરનો વતની હતો?

૮૪. કયા શહેરને રૂમી રાજાના નામ પરથી નામ આપવામાં આવેલ છે, જે ગાલીલના સમુદ્રકાંઠે આવેલ છે?

૮૫. બલઆમ પ્રબોધક કે જેની ગધેડીએ તેની સાથે વાત કરી હતી તે ક્યાંનો વતની હતો?

૮૬. કઈ ગુફામાં અબ્રાહામ, સારા, ઈસહાક, રિબકા અને યાકોબને દાટવામાં આવેલ છે?

૮૭. મિસર (ઈજિપ્ત) તેનું બીજું નામ શું છે?

૮૮. યખિલ્યાનો દીકરો કોણ જે રાજા હતો?

૮૯. બાઈબલમાં એક જ વાર નાણું (સિક્કો) બતાવવામાં આવે છે. ક્યાં, ક્યારે?

૯૦. કયા રાજાએ, રાજા શલોમોનને તેની દીકરી પરણાવી ત્યારે શહેર પલ્લામાં આપ્યું? કયું શહેર?

૯૧. એલિયા પ્રબોધક કયા શહેરનો વતની હતો?

૯૨. અરામી રાજા તેના શયનગૃહમાં વાતચીત કરતો, બોલતો, વળી ઈસ્રાએલ પર ચઢાઈ કરવાની યોજના ઘડતો, તે સર્વ ઈસ્રાએલના રાજાને ખબર પડી જતી, કઈ રીતે?

૯૩. ઈશ્વરભક્ત એલિયા પ્રબોધકને પકડવા અરામી રાજાએ મોટું સૈન્ય મોકલ્યું. તે જોઈને એલીશાના ચાકરે એલીશાને શું કહ્યું? એલીશાએ પછી શું કર્યું?

૯૪. એલીશાને પકડવા આવેલ સૈન્યનું શું થયું?

૯૫. ઈસ્રાએલના કયા રાજાએ આશ્શૂરના રાજાને મંદિરમાંથી લઈને સોનું-ચાંદી મોટા પ્રમાણમાં આપ્યું?

૯૬. કોની પાસે જૂના કરારમાં ચાળીસ હજાર ઘેટાં અને અન્ય સંપત્તિ પુષ્કળ હતાં?

૯૭. બાઇબલમાં સૌ પ્રથમ કયા સંપત્તિવાન માણસનો ઉલ્લેખ છે. જેની પાસે સોનું-ચાંદી, ઢોરઢાંક, પુષ્કળ હતાં?

૯૮. સોના-રૂપા કરતાં શું વધારે કિંમતી છે? જૂના કરારમાં આ ક્યાં મળે છે?

૯૯. આજની જેમ કોણે ગરીબો માટે ઉઘરાણું પ્રેરિતોના સમયમાં કર્યું હતું?

૧૦૦. આ કયો પ્રબોધક યહોવાની વાત કહે છે કે - જે કોઈ અભિમાન કરે તે આ વિષે અભિમાન કરે કે, તે સમજીને મને ઓળખે છે કે, હું પૃથ્વી પર દયા, ન્યાય તથા નીતિ કરનાર યહોવા છું; કેમ કે એઓમાં મારો આનંદ છે.

# ધી ચર્ચ ઓફ નોર્થ ઈન્ડિયા
## (ગુજરાત ડાયોસિસ)

### પ્રસ્તાવના

તા. ૨૨-૬-૯૬

**બા**ઇબલ પ્રભુનું લેખિત વચન છે. આ વચન દ્વારા પ્રભુ માનવજાત સાથે વાત કરે છે. તેમની ઈચ્છા પ્રગટ કરે છે. સાથે સાથે હેબ્રી. ૪:૧૨ પ્રમાણે 'દેવનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે. તે જીવ તથા આત્માને તથા સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે.' પ્રભુ ઈસુની ઈચ્છા એ છે કે તેમનાં બાળકો નિત્ય તેમની વાણી તેમનાં વચનો દ્વારા સાંભળે. બાળ શમુએલનો પ્રત્યુત્તર હતો : 'બોલ, હે યહોવા, કેમ કે તારો સેવક સાંભળે છે.' દાવિદ ભક્તનો પ્રત્યુત્તર પણ આવો જ છે. યહોવા દેવ જે બોલે તે હું સાંભળીશ, કેમ કે તે પોતાના લોકો તથા પોતાના ભક્તોની સાથે શાંતિથી વાત કરશે' બાળકો, જુવાનો અને મોટેરાંઓ પ્રભુનાં પવિત્ર વચનોના અભ્યાસ દ્વારા પ્રભુની વાણી સાંભળે અને શમુએલ તથા દાવિદ જેવા અનેક ભક્તોની જેમ પ્રભુની વાણીનો પ્રત્યુત્તર આપે એ દ્રષ્ટિથી 'બાઇબલ ક્વીઝ'ના શીર્ષક હેઠળ શ્રી જશવંતભાઈએ અદ્ભુત પુસ્તક ગુજરાતનાં ખ્રિસ્તી વાચકોના

હાથમાં મૂક્યું છે. ઘણાં વર્ષોથી આવા મૂલ્યવાન પુસ્તકની ખોટ ગુજરાતની મંડળીને હતી જે આ પુસ્તક દ્વારા પૂર્ણ થશે તેવી મારી આશા અને પ્રાર્થના છે. આ પુસ્તક અનેક વાચકોના હૃદયને શાસ્ત્રમાં ઊંડો અભ્યાસ કરવાની પ્રેરણા આપશે.

ધીરજ, વિશ્વાસ અને પ્રાર્થના સાથે પુસ્તક તૈયાર કરવામાં શ્રી જશવંતભાઈએ જે પરિશ્રમ કર્યો છે તે માટે તેમને અને તેમના પરિવારને અભિનંદન પાઠવું છું.

✝ **રાઈટ રેવ. વી. એમ. માલવિયા**
*બિશપ ઓફ ગુજરાત*

## ડૉ. રેવ. આર.એમ.રાઠોડના
## બે બોલ......

તા.૧૪-૭-૯૬

### અભિનંદન

**ઘ**ણાં વર્ષો પહેલાં પ્રશ્નોત્તરાવળી નામની પુસ્તિકા બહાર પાડવામાં આવતી, જેમાં બાઇબલને લગતા પ્રશ્નો અને ઉત્તરો આપવામાં આવતાં.

ગામડાની સન્ડે સ્કૂલમાં આનો બહુ જ ઉપયોગ કરવામાં આવતો.

એ જ રીતે શ્રી જશવંતભાઈ જે. ક્રિસ્ટીએ 'તમારું બાઈબલ ખોલો' એ શીર્ષક નીચે બાળકો, જુવાનો, વડીલોને બાઇબલનો અભ્યાસ કરવા પ્રેરણા આપી. 'ખ્રિસ્તીબંધુ'માં તેમનાં સળંગ લેખો આવતા, જે હવે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી પુસ્તકના રૂપમાં બહાર પાડે છે તે જાણી આનંદ થયો. શ્રી જશવંતભાઈને મારાં હાર્દિક અભિનંદન. આ પુસ્તકથી ઘણાંને આશીર્વાદ મળે એ જ પ્રાર્થના અને શુભેચ્છા સાથે,

ખ્રિસ્તમાં,
ડૉ. રેવ. આર. એમ. રાઠોડ

## બાઇબલ ક્વીઝના પુસ્તક માટે બે બોલ

ખ્રિસ્તીબંધુમાં પ્રસિદ્ધ કરવામાં આવતા બાઈબલ ક્વીઝના લેખકનું બાઈબલ ક્વીઝનું એક અમૂલ્ય પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે તે ખરેખર ખૂબ આનંદની બાબત છે. અને તે બદલ ત્રિએક ઈશ્વરપિતાના ગૌરવી નામને ધન્યવાદ આપું છું.

સન્ડેસ્કૂલ, વી.બી.એસ., યુથ ફેલોશીપ અને પ્રભુમંદિરના લાભથી વંચિત રહેનાર ખ્રિસ્તી સમૂહમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. કદાચ પ્રવૃત્તિઓ વધી છે પણ ઊંડાણ દેખાતું નથી. સાથે સાથે એવાં કુટુંબો પણ અસ્તિત્વમાં આવે છે કે જેઓને પ્રભુનાં વચનોના શિક્ષણનો લાભ પ્રાપ્ત થયો નથી. એ સંજોગોમાં આપણે આવતીકાલની પેઢીને કયા પાયા પર બાંધવા માંગીએ છીએ તે બાબત વિશે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ચૂક્યો છે.

આ બાઈબલ ક્વીઝની પુસ્તિકાનું પ્રકાશન વ્યવહારુ ખ્રિસ્તી જીવન માટે ઉપયોગી એવું એક સાચી દિશાનું કદમ છે. મારી આશા અને પ્રાર્થના છે કે આ પુસ્તક આ પ્રકારની શ્રેણીમાં પહેલું અને છેલ્લું પુસ્તક બની રહેશે નહિ.

મારી સૌને નમ્ર અપીલ છે કે, આ પુસ્તકનો ખૂબ વ્યાપક ઉપયોગ તમામ સ્તરે કરવામાં આવે. સ્થાનિક કક્ષાએ, વિભાગીય ધોરણે અને રાજ્ય કક્ષાએ બાઇબલ જ્ઞાન કસોટી માટે આ પુસ્તકનો ઉપયોગ કરવામાં આવે તો આ પુસ્તક પ્રકાશનનો હેતું સફળ થયો તેમ આપણે માનીશું.

આ પ્રકાશનના રચનાર શ્રી જશવંતભાઈ ક્રિસ્ટી જેઓ મારા મિત્ર અને સહકાર્યકર છે તેમને મારાં અભિનંદન અને આ દિશામાં તેમની આગેકૂચ ચાલુ રહે તેવી મારી શુભેચ્છાઓ અને આશિષ છે. પુસ્તક માટે ઉદાર યોગ્ય દાન આપનાર આપણાં મુરબ્બી દાસ સાહેબનો પણ આભાર આ સમયે ખાસ માનું છું.

**'તારું અન્ન પાણી પર નાખ,**
**કેમ કે ઘણા દિવસો પછી તે તને પાછું મળશે.'**

સભાશિક્ષક ૧૧:૧

બાઈબલ હાઉસ
એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦૦૦૬

આપનો સહૃદયી,
**રેવ. નિકોલસ જી. પરમાર**
ગુજરાત ઓક્ઝિલિયરી સેક્રેટરી
તા.૧૮-૮-૯૬

# વિભાગ : ૨
## જવાબો

## અનુક્રમણિકા


૧. રુબેન

૨. શિમયોન

૩. લેવી

૪. યહૂદા

૫. ઝબુલોન

૬. ઈસ્સાખાર

૭. દાન

૮. ગાદ

૯. આશેર

૧૦. નાફતાલી

૧૧. યોસેફ

૧૨. બિન્યામિન અને બાઈબલ વિષે જાણવા જેવું

# જવાબ - વિભાગ

## રુબેન (૧)

૧. એસાવે પોતાનું જયેષ્ઠપણું લાલ શાકના બદલામાં યાકોબને આપ્યું. ઉત્પ. ૨૫:૨૯-૩૪.

૨. અદોમ. ઉત્પ. ૨૫:૩૦.

૩. યાકોબે. ઉત્પ. ૨૭:૩૬.

૪. યોએલ પ્રબોધકે...... યોએલ ૨:૨૮.

૫. હઝકીએલને.... હઝકીએલ ૫:૧.

૬. પ્રબોધક તે એલી, સ્ત્રી હાન્ના, શમુએલની મા. ૧ શમુએલ ૧:૯-૧૪.

૭. તેનું નામ શિમઈ હતું. ૨ શમુએલ ૧૬:૫-૮, ૨ શમુએલ ૧૯:૧૬-૨૦.

૮. શિફ્રા અને પુઆહ.... નિર્ગમન ૧:૧૫-૧૭.

૯. કૂવાનાં નામો છે.... ઉત્પ. ૨૬:૨૦-૨૨.

૧૦. એસાવ અને યાકોબના બાપ ઈસહાકે જયેષ્ઠ પુત્ર એસાવને કહ્યું. ઉત્પ. ૨૭:૧-૪.

૧૧. ઈસહાકની પત્ની રિબકા અને નાના દીકરા યાકોબે. ઉત્પ. ૨૭:૬-૧૭.

૧૨. બે લવારાં કાપીને રાંધ્યાં. એસાવ જેવા કેશી દેખાવા શરીરે બકરાના વાળવાળાં ચામડાં બાંધ્યા. વળી એસાવના શરીરની વાસ આવે માટે એસાવનાં કપડાં પહેર્યા. ઉત્પ. ૨૭:૧૫-૨૭.

૧૩. બે વાર, પહેલાં જયેષ્ઠપણું લીધું, પછી આશીર્વાદ. ઉત્પત્તિ ૨૭:૩૬.

૧૪. હારાનમાં તેના મામા લાબાનની પાસે. ઉત્પ. ૨૭:૪૩-૪૪.

૧૫. તેના મામાની દીકરી રાહેલને, મામાની દીકરીને જોઈ મળવાનો આનંદ થયો હતો. ઉત્પ. ૨૯:૧૧.

૧૬. લેઆહની આંખો નબળી હતી, રાહેલ સુંદર અને રૂપાળી હતી. ઉત્પ. ૨૯:૧૭.

૧૭. રુબેન... ઉત્પ. ૨૯:૩૨.

૧૮. દિનાહ... ઉત્પ. ૩૦:૨૧.

૧૯. ઈસ્સાખાર... ઉત્પ. ૩૦:૧૮.

૨૦. યોસેફ. ઉત્પ. ૩૦:૨૨-૨૩.

૨૧. રાહેલ. ઉત્પ. ૩૧:૧૯.

૨૨. લાબાન અને યાકોબે તેમના બેઉની વચમાં સાક્ષી તરીકે પથ્થરનો ઢગલો કર્યો. તે ઢગલાને આ ત્રણ નામ આપ્યાં. ઉત્પ. ૩૧:૪૭-૪૯.

૨૩. યાકોબને જતાં રસ્તામાં દૂતો મળ્યા. તે જગ્યાનું નામ તેણે માહનાઈમ પાડ્યું. ઉત્પ. ૩૨:૧-૨.

૨૪. તેના ભાઈ એસાવને રાજી કરવા ભેટ આપવા માટે. ઉત્પ. ૩૨:૧૩-૧૮.

૨૫. એક પુરુષ સાથે મલ્લયુદ્ધમાં યાકોબની જાંઘનો સાંધો મોચાઈ ગયો. ઉત્પ. ૩૨:૨૪-૨૫.

૨૬. મલ્લયુદ્ધ કરનારને યાકોબે કહ્યું, મને આશીર્વાદ દે. અને તેણે યાકોબનું નામ ઈસ્રાએલ પાડ્યું... ઉત્પ. ૩૨:૨૬-૨૯.

૨૭. દેવ સાથે... ઉત્પ. ૩૨:૨૮.

૨૮. 'પનીએલ' જેનો અર્થ થાય છે : દેવને મોઢામોઢ દીઠો છે. ઉત્પ. ૩૨:૩૦.

૨૯. યાકોબે મલ્લયુદ્ધ કર્યું ત્યારે દેવદૂત ત્યાં અડક્યો હતો, તે કારણે યાકોબ લંગડાતો હતો... ઉત્પ. ૩૨:૩૧-૩૨.

૩૦. હા... ઉત્પ. ૩૩:૯-૧૧.

૩૧. હમોરે, હિવ્વી સરદારના દીકરા શખેમે. ઉત્પ. ૩૪:૧-૨.

૩૨. સિમોન અને લેવીએ યાકોબને કહ્યું. ઉત્પ. ૩૪:૩૦-૩૧.

૩૩. અનાહને ગધેડાં ચરાવતાં મળ્યાં હતાં. ઉત્પ. ૩૬:૨૪.

૩૪. મોટાભાઈ રુબેને... ઉત્પ. ૩૭:૨૦-૨૨.

૩૫. રૂા. ૨૦/- માં... ઉત્પ. ૩૭:૨૮.

૩૬. તામારના પેટમાં... ઉત્પ. ૩૮:૨૭-૩૦.

૩૭. મિસરમાં પોટીફારને, જે રાજા ફારુનનો અમલદાર હતો... ઉત્પ. ૩૯:૧.

૩૮. તે સુંદર અને દેખાવડો હતો... ઉત્પ. ૩૯:૬.

૩૯. તેના શેઠની સ્ત્રીની ખોટી ઈચ્છાને તાબે થયો ન હતો, માટે ખોટો આરોપ મૂક્યો હતો... ઉત્પ. ૩૯:૭-૨૦.

૪૦. યહોવાએ... ઉત્પ. ૩૯:૨૧.

૪૧. યોસેફ કહે છે... ઉત્પ. ૪૦:૧૫.

૪૨. રાજાનો પાત્રવાહક અને ભઠિયારો... ઉત્પ. ૪૦:૧-૪.

૪૩. પાત્રવાહકને યોસેફે તેનાં સ્વપ્નનો અર્થ કહેલો તે ખરો પડ્યો, પણ તે યાસેફને વિસરી ગયો હતો, તે અપરાધ યાદ કરતાં, રાજાના સ્વપ્નોના અર્થ માટે રાજાને ભલામણ કરી. ઉત્પ. ૪૧:૯-૧૩.

૪૪. 'સાફ નાથ' 'પાનેઆહ' ઉત્પ. ૪૧:૪૫.

૪૫. ફારૂન રાજા પછીનો હોદ્દો અને આખા મિસર દેશનો ઉપરી. ફારૂને હાથમાંથી પોતાની વીંટી-મુદ્રિકા કાઢીને યોસેફને

પહેરાવી. બીજા દરજ્જાના રથમાં બેસાડ્યો. વળી, સર્વ તેની આગળ ઘૂંટણ ટેકવો, તેવી છડી પોકારાવી...
ઉત્પ. ૪૧:૩૯-૪૫.

૪૬. યાજક પોટીફેરાની પુત્રી આસનાથ સાથે... ઉત્પ. ૪૧:૪૫.

૪૭. મનાશ્શા અને એફ્રાઈમ... ઉત્પ. ૪૧:૫૦-૫૨.

૪૮. એઝરાએ ઊંચા આસનેથી પુસ્તક ઉઘાડીને વાંચ્યું... નહેમ્યા ૮:૩-૬.

૪૯. એઝરા યાજક હતો... એઝરા ૭:૧૨, ૨૧.

૫૦. યબૂસ,... ન્યાયા. ૧૯:૧૦.

૫૧. ગબ્બથા, ફરસબંદીની જગ્યા. ત્યાં પિલાત ઈસુનો ન્યાય કરતા ન્યાયાસન પર બેઠો હતો. ગુલગુથ્થા, જ્યાં ઈસુને વધસ્તંભે જડવા સારુ લઈ ગયા. યોહાન ૧૯:૧૩-૧૭.

૫૨. યાજકો, મુખ્ય યાજક કાયાફાસ તેનો સસરો તે આન્નાસ... યોહાન ૧૮:૧૩.

૫૩. ગાયસને... ૩ યોહાન ૧:૧.

૫૪. ક્રિસ્પસ અને ગાયસને... ૧ કરિંથી ૧:૧૪.

૫૫. કર્નેલ્યસ... પ્રે. કૃત્યો ૧૦.

૫૬. ઈટાલિયનને નામે ઓળખાતી પલટણનો સુબેદાર.
પ્રે.કૃત્યો ૧૦:૧.

૫૭. લાજરસને... યોહાન ૧૧:૪૩-૪૪.

૫૮. પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સેવક, યાકોબનો ભાઈ યહૂદા. યહૂદા ૧:૧.

૫૯. લૂક ૧:૩. પ્રે.કૃ. ૧:૧.

૬૦. અનાન્યા અને સાફિરા... પ્રે.કૃ. ૫:૧-૧૨.

૬૧. યહૂદા ઈસ્કારિયોત... માથ્થી ૨૭:૫.

૬૨. યરદન નદીમાં યોહાન બાપ્તિસ્મીએ કર્યું હતું.
માથ્થી ૩:૧૩-૧૬.

૬૩. અરણ્યમાં... માથ્થી ૪:૧.

૬૪. યોસેફને, માથ્થી ૧:૨૦-૨૧, મરિયમને લૂક ૧:૩૦-૩૧.

૬૫. એલીસાબેતને, તેના પતિ ઝખાર્યાને... લૂક ૧:૧૩.

૬૬. ઝખાર્યા યાજક હતો, મંદિરમાં ધૂપ ચઢાવતો હતો.
લૂક ૧:૮-૧૩.

૬૭. દીકરાનું નામ યોહાન પાડવા દૂતે કહ્યું હતું. લૂક ૧:૮-૧૩.

૬૮. ભરવાડોને... લૂક ૨:૮-૧૪.

૬૯. પૂર્વમાં તારો દેખાયો અને માગી લોકો તેની શોધમાં નીકળ્યા હતા. માથ્થી ૨:૧-૨.

૭૦. તેનું ભજન કરીને, સોનું, બોળ, લોબાનની ભેટ ધરી.
માથ્થી ૨:૧૧.

૭૧. માગીઓ... માથ્થી ૨:૧૧.

૭૨. ગાલીલમાં... માથ્થી ૩:૧૩.

૭૩. માલ્ટામાં... પ્રે.કૃત્યો ૨૮:૧.

૭૪. હર્મેસ (એક દેવ). પ્રે.કૃત્યો ૧૪:૧૨.

૭૫. આકુલાસ અને પ્રિસ્કિલા... પ્રે.કૃત્યો ૧૮:૨-૩.

૭૬. રાજા શલોમોન... ૧ રાજા. ૩:૭.

૭૭. નહેમ્યાને આર્તાહશાસ્તા રાજાએ... નહેમ્યા ૨:૭-૧૦.

૭૮. ગલગથ્થા... યોહાન ૧૯:૧૭.

૭૯. યહૂદા ઈસ્કારીઓતે, ઈસુને વેચી જે નાણાં લીધાં હતાં તે તેણે યાજકોને પાછાં આપ્યાં. તે નાણાંથી ખેતર વેચાતું લીધું હતું. માટે. પ્રે.કૃ. ૧:૧૮-૧૯.

૮૦. પિતરને... માથ્થી ૧૬:૧૯.
૮૧. કર્નેલ્યસને... પ્રે.કૃત્યો ૧૦:૧-૪.
૮૨. પિતરે... પ્રે.કૃત્યો ૧૦:૧૧-૧૨.
૮૩. શાઉલ રાજા... ૧ શમુએલ ૩૧:૪.
૮૪. ઈશ-બોશેથ (શાઉલ રાજાનો દીકરો). ૨ શમુ. ૨:૮-૧૦.
૮૫. યોશીયા રાજા... ૨ કાળવૃ. ૩૫:૨૦-૨૩.
૮૬. ઝખાર્યાએ... ઝખાર્યા ૧.
૮૭. સમરુન અને યરુશાલેમ વિષે... મિખાહ ૧:૧.
૮૮. યહોશુઆને, યહોવાએ, ઝખાર્યાનાં સંદર્શનમાં. ઝખાર્યા ૩:૧-૫.
૮૯. મુગટો... ઝખાર્યા ૬:૧૪.
૯૦. પ્રમુખ યાજક યહોસાદાક... ઝખાર્યા ૬:૧૧.
૯૧. યહોવા શામ્માહ, એટલે યહોવા ત્યાં છે... હઝ, ૪૮:૩૫.
૯૨. અબ્રાહામે... ઉત્પ. ૨૦:૧૭.
૯૩. સામસૂનને પ્રાર્થનાનો હા જવાબ મળ્યો હતો. ન્યાયા. ૧૬:૨૮.
૯૪. શલોમોન રાજાએ... ૧ રાજા. ૮.
૯૫. એલીશા પ્રબોધકે... ૨ રાજા. ૬:૧૮.
૯૬. એલિયાએ... યાકૂબ ૫:૧૭.
૯૭. બપોર પછી ત્રણ વાગ્યાનો... પ્રે.કૃત્યો ૩:૧.
૯૮. સ્તેફને... પ્રે.કૃત્યો ૭:૫૯.
૯૯. પ્રબોધિકા, હાન્ના તે ૮૪ વર્ષની વૃદ્ધા હતી. લૂક ૨૧:૩૬-૩૭.
૧૦૦. સ્ત્રી તે માથે ઓઢે, પુરુષ માથું ઉઘાડું રાખે... ૧ કરિંથી ૧૧:૪-૭.

## શિમઓન (૨)

૧. આદમની ઉંમર ૧૩૦ વર્ષની હતી... ઉત્પ. ૫:૩.
૨. શેથની ઉંમર ૧૦૫ વર્ષની હતી... ઉત્પ. ૫:૬.
૩. દસ માણસો... ઉત્પ. ૧૮-૩૨.
૪. ૯૯ વર્ષ... ઉત્પ. ૧૭:૨૪.
૫. બે પાટીઓ પર... પુનર્નિયમ ૫:૨૨.
૬. ૯૩૦ વર્ષ... ઉત્પ. ૫:૫.
૭. આઠ જણ હતાં... ઉત્પ. ૭:૧૩.
૮. જળપ્રલય થયો ત્યારે નૂહ ૬૦૦ વર્ષનો હતો... ઉત્પ. ૭:૬.
૯. સાત દિવસ પછી વરસાદ શરૂ થયો... ઉત્પ. ૭:૧૦.
૧૦. દસ આજ્ઞાઓ આપી... નિર્ગમન ૨૦, પુનર્નિયમ ૫.
૧૧. ૧૧૦ વર્ષ... ઉત્પ. ૫૦:૨૬.
૧૨. ૧૨૦૦ જણાં... યહોશુઆ ૮:૨૫.
૧૩. સાત દિવસ સુધી... લેવીય ૧૨:૨.
૧૪. ૩૩ દિવસ સુધી... લેવીય ૧૨:૪.
૧૫. બે અઠવાડિયાં... લેવીય ૧૨:૫.
૧૬. મિસરના રાજાનું નામ... ૨ રાજા. ૧૭:૧-૪.
૧૭. ૧૧૦ વર્ષનો... યહોશુઆ ૨૪;૨૯.
૧૮. સાત વર્ષ... ૧ રાજા. ૬:૩૮.
૧૯. ૩૦૦... ન્યાયા. ૧૫:૪.
૨૦. આઠમા દિવસે... લેવી. ૧૨:૩.
૨૧. ૪૦ દિવસો... ઉત્પ. ૫૦:૧-૩.
૨૨. ૭૦ દિવસો... ઉત્પ. ૫૦:૩.

૨૩. ત્રણ માસ... નિર્ગમન ૨:૨.

૨૪. ૭૭૭ વર્ષ... ઉત્પ. ૫:૩૧.

૨૫. મથુશેલાહનું ૯૬૯ વર્ષનું... ઉત્પ. ૫:૨૭.

૨૬. ૧૨ પુત્રો... ઉત્પ. ૩૫:૨૩-૨૬.

૨૭. ૪૦ વર્ષની... યહોશુઆ ૧૪:૭.

૨૮. ૧૩૦ વર્ષ... ઉત્પ. ૪૭:૮-૯.

૨૯. ૬૬ જણાં... ઉત્પ. ૪૬:૨૬.

૩૦. મિસરમાં ચાર. યોસેફ, તેની પત્ની અને તેના બે પુત્રો તેમની સાથે કુલ બધાં ૭૦ જણ થયાં... ઉત્પ. ૪૬:૨૬-૨૭.

૩૧. છ લાખ પાયદળ... નિર્ગમન ૧૨:૩૭.

૩૨. ૧૨૦ વર્ષની... પુનર્નિયમ ૩૪:૭.

૩૩. ૩૦ વર્ષની... ઉત્પ. ૪૧:૪૬.

૩૪. ૬૦૩, ૫૫૦... ગણના ૧:૪૪-૪૬.

૩૫. ૬૦૧, ૭૩૦... ગણના ૨૬:૫૧.

૩૬. વીસ વર્ષથી ઉપરનાંઓની... ગણના ૧:૪૦.

૩૭. ૬૦૦ રથો સાથે... નિર્ગમન ૧૪:૭, ૧૪:૨૮.

૩૮. ૬૦૦ જણાં સંપૂર્ણ નાશ પામ્યાં, કોઈ બચ્યું નહિ... નિર્ગમન ૧૪:૭, ૧૪:૨૮.

૩૯. હનોખ... યહૂદાનો પત્ર ૧:૧૪.

૪૦. ૪૦ વર્ષ... ૧ શમુએલ ૪:૧૮.

૪૧. ચાર વાર... ૧ શમુએલ ૩:૨-૧૦.

૪૨. સાત મહિના... ૧ શમુએલ ૬:૧.

૪૩. સોનાની પાંચ ગાંઠો, સોનાના પાંચ ઉંદરો... ૧ શમુ. ૬:૩-૪.

૪૪. સાત ચમત્કારો... ૧ રાજા અને ૨જો રાજા વાંચો.
૪૫. પા શેકેલ રૂપું... ૧ શમુએલ ૯:૭-૮.
૪૬. ૧૨૦૦૦ને... ગણના ૩૧:૫.
૪૭. ૨૮ પુત્રો, ૬૦ પુત્રીઓ... ૨ કાળવૃ. ૧૧:૨૧.
૪૮. ૧૮ પત્નીઓ, ૬૦ ઉપપત્નીઓ હતી... ૨ કાળ. ૧૧:૨૧.
૪૯. ૨૫ વર્ષ... ૨ કાળ. ૨૯:૧.
૫૦. ૨૧ વર્ષ... યર્મિયા ૫૨:૧.
૫૧. આઠ વર્ષ... ૨ કાળ. ૩૪:૧.
૫૨. ૩૧ વર્ષ... ૨ કાળવૃ. ૩૪:૧.
૫૩. ૧૪ પેઢી... માથ્થી ૧:૧૭.
૫૪. ૨૮ પેઢી... માથ્થી ૧:૧૭.
૫૫. ૧,૨૦,૦૦૦... યૂના ૪:૧૧.
૫૬. ૪૫૦... ૧ રાજા ૧૮:૨૨-૪૦.
૫૭. છ મહિના... ૨ રાજા ૧૫:૮.
૫૮. ૧૦૦૫... ૧ રાજા ૪:૩૨.
૫૯. ૨૨ વર્ષનો... ૨ રાજા ૮:૨૧
૬૦. ૧૨ વર્ષનો... ૨ રાજા ૨૧:૧.
૬૧. એક વર્ષનો... ૨ રાજા. ૮:૨૬.
૬૨. ઈસુ સંઘમાં પાછળ રહી, મંદિરમાં રોકાયા ત્યારે તે ૧૨ વર્ષના હતા... લૂક ૨:૪૨.
૬૩. યાકોબ અને એસાવ. પેરેસ અને ઝેરાહ...
ઉત્પ. ૨૫:૨૪-૨૬ અને ઉત્પ. ૩૮:૨૭-૩૦.
૬૪. ૪૦ વર્ષ... ૧ શમુ. ૪:૧૮.
૬૫. ૨૮ વર્ષ... ૨ રાજા. ૧૦:૩૬.

૬૬. ૧૬ વર્ષનો... ૨ કાળ. ૨૬:૧.

૬૭. મિસરમાંથી નીકળ્યાની ૪૮૦ની સાલમાં રાજા શલોમોને. ૧ રાજા. ૬:૧.

૬૮. ૧૩ વર્ષ... ૧ રાજા ૭:૧.

૬૯. સાત વાર... ૨ રાજા. ૫:૧૦.

૭૦. ૭૦ પુત્રોનાં માથાં ટોપલીમાં મૂકીને લાવ્યા... ૨ રાજા ૧૦:૧-૭.

૭૧. ૪૨ ભાઈઓને, ભરવાડોના કાતરણીના ટાંકા **પાસે**... ૨ રાજા. ૧૦:૧૨-૧૪.

૭૨. ૧૬ વર્ષનો હતો, અમાસ્યાનો દીકરો... ૨ રાજા. ૧૫:૧-૨.

૭૩. યાબેશના દીકરા શાલ્લૂમે... ૨ રાજા. ૧૫:૧૩.

૭૪. ૪૬૦૦ને... યર્મિયા ૫૨:૨૮-૩૦.

૭૫. ૮૮ બાળકો હતાં... ૨ કાળવૃ. ૧૧:૨૧.

૭૬. ત્રણ વર્ષ... યશાયા ૩૮:૮.

૭૭. ૧,૮૫,૦૦૦... યશાયા ૩૭:૩૬.

૭૮. ૧૫ વર્ષ... યશાયા ૩૮:૧-૫.

૭૯. ૭૦૦... ન્યાયા. ૨૦:૧૬.

૮૦. (૬ ૧/૨ શેર) રાજાના તોલ પ્રમાણે બસો શેકેલ... ૨ શમુએલ ૧૪:૨૫-૨૬.

૮૧. ૯ ફૂટ, ૬ હાથ, ૧ વેંત... ૧ શમુએલ ૧૭:૪.

૮૨. ગોલ્યાથના બખ્તરનું વજન પિત્તળનાં ૫૦૦૦ શેકેલ... ૧ શમુ. ૧૭:૫.

૮૩. ૬૦૦ શેકેલ... ૧ શમુ. ૧૭:૭.

૮૪. ૭૧... ન્યાયા. ૮:૩૦-૩૧.

૮૫. પાંચ દીકરીઓ... ગણના ૨૭:૧.

૮૬. સાત ભાઈઓ... ૧ શમુએલ ૧૬:૬-૧૧.

૮૭. પાંચ સુંવાળા પથ્થર... ૧ શમુ. ૧૭:૪૦.

૮૮. છ માપ જવ... રૂથ ૩:૧૫.

૮૯. ૧૪૦ વર્ષ... યોબ ૪૨:૧૬.

૯૦. હાથનાં છ-છ અને પગનાં છ-છ. ૨ શમુ. ૨૧:૨૦.

૯૧. ૫૦ હાથ ઊંચી... એસ્તેર ૫:૧૩-૧૪.

૯૨. ૭૦૦ પત્ની, ૩૦૦ ઉપપત્નીઓ હતી... ૧ રાજા. ૧૧:૩.

૯૩. ૩૦૦૦... ૧ રાજા. ૪:૩૨.

૯૪. ૩૦ માપ મેંદો, ૬૦ માપ લોટ, ૧૦ માતેલા ગોધા, બીડમાં ચરતા ૨૦ ગોધા, ૧૦૦ ઘેટાં, ઉપરાંત, સાબર, હરણ, કાળિયાર અને પક્ષીઓ... ૧ રાજા. ૪:૨૨-૨૩.

૯૫. ૫૦ શેકેલ રૂપું આપીને. ૨ શમુએલ ૨૪:૧૮-૨૪.

૯૬. ત્રણ રાજાઓના સમયમાં... યર્મિયા ૧:૨-૩.

૯૭. ૩૦ દીકરા, ૩૦ દીકરીઓ... ન્યાયા. ૧૨:૮-૯.

૯૮. ચાર રાજાઓના સમયમાં... યશાયા. ૧:૧.

૯૯. ૪૦ દીકરા, ૩૦ દીકરાઓના દીકરા. કુલ ૭૦... ન્યાયા. ૧૨:૧૩-૧૪.

૧૦૦. ૭૦ ગધેડાના વછેરા ઉપર... ન્યાયા. ૧૨:૧૩-૧૪.

## લેવી (૩)

૧. ઈશ્માએલીઓ... ન્યાયા. ૮:૨૪.

૨. ગિદિયોન સુક્કોથના સરદારોને કહ્યું... ન્યાયા. ૮:૪-૭.

૩. ગિદિયોને પોતાના દીકરા યેથેરને ઝેબાહ તથા સાલ્મુનાને મારી

નાખવા કહ્યું... ન્યાયા. ૮:૨૦.

૪. ૭૦... ન્યાયા. ૮:૩૦.

૫. રિબકાને તેના ભાઈઓએ... ઉત્પ. ૨૪:૬૦.

૬. અબ્રાહામના હાગારથી થયેલા દીકરા ઈશ્માઈલ વિષે, ઉત્પ. ૧૬:૧૧-૧૨.

૭. ૪૨ છાવણી કરી, તેની નોંધ... ગણના ૨૩.

૮. યહોવાએ જે પ્રથમજનિતને માર્યા હતા, તેમને દાટતા હતા... ગણના ૩૩:૩-૪.

૯. તે મફીબોશેથ બન્ને પગે લંગડો હતો. ૨ શમુ. ૧૯:૨૪.

૧૦. તિમોથી વિષે... ૨ તિમોથી ૩:૧૫.

૧૧. યાઈરની દીકરી... લૂક ૮:૫૫.

૧૨. મિસરમાં... માથ્થી ૨:૧૩.

૧૩. પહેલો કરિંથી ૧૩ મો અધ્યાય.

૧૪. હિબ્રૂઓના પત્રનો ૧૧મો અધ્યાય.

૧૫. હેરોદ રાજા... પ્રે.કૃ. ૧૨:૨૧-૨૩.

૧૬. સિદોનીઓ હેર્મોનને સીર્યોન કહેતા, અમોરીઓ સનીર કહેતા... પુન. ૩:૯.

૧૭. પાશહૂર યાજકનું નામ યહોવાના કહેવાથી યર્મિયાએ પાડેલું... યર્મિયા ૨૦:૧-૩.

૧૮. રાજા શલોમોનની... ૧ રાજા ૪:૧૧.

૧૯. રાજા શલોમોનનું... ૨ સમુએલ ૧૨:૨૪-૨૫.

૨૦. લોતથી તેની જ નાની દીકરીથી થયેલ દીકરો તે જ આ આમોનપુત્રોનો આદિપિતા... ઉત્પ. ૧૯:૩૭-૩૮.

૨૧. ઝરાનું નામ... ઉત્પ. ૧૬:૧૪.

૨૨. મનાશ્શાના પુત્ર યાઈરે, બાશાનનું પાડેલું નામ... પુન. ૩:૧૪.

૨૩. શાઉલ રાજા અને તેના દીકરાઓની લાશો...
૧ શમુ. ૩૧:૪-૧૨.

૨૪. રાજા નબૂખાદનેસ્સાર, ખુલાસો કરી આપનાર તે દાનિયેલ...
દાનિયેલ ૨:૧-૫, ૧૪:૪૯.

૨૫. કોરેશ... એઝરા ૧:૧.

૨૬. હેશબોન... ગણના ૨૧:૨૬.

૨૭. ૧૬ વર્ષ... ૨ કાળ. ૨૬:૧.

૨૮. અમાસ્યા... તે ૧૫ વર્ષ જીવ્યો. ૨ કાળ. ૨૫:૨૫.

૨૯. ૨૮ વર્ષ... ૨ રાજા ૧૦:૩૬.

૩૦. શાઉલને... ૧ શમુએલ ૧૫:૧.

૩૧. આહાબ રાજાની... ૧ રાજા. ૨૨:૨૦-૩૦.

૩૨. આહાબ રાજાએ... ૧ રાજા. ૨૨:૩૮-૪૦.

૩૩. સીદોનીઓએ. તેઓ ચતુર લાકડાં કાપનારા હતા... ૧ રાજા.
૫:૧-૬.

૩૪. યોશીયા રાજા હતો... યર્મિયા ૧:૨.

૩૫. દાર્યાવેશ રાજા હતો... હાગ્ગાય ૧:૧.

૩૬. ઉઝ્ઝયા રાજાને... ૨ કાળ. ૨૬:૧૯.

૩૭. યહૂદી મોર્દખાય... એસ્તેર ૧૦:૩.

૩૮. બે વર્ષ અને તેથી ઉપરનાં... માથ્થી ૨:૧૬.

૩૯. હેશબોન... ગણના ૨૧:૨૬.

૪૦. રાજા હેરોદ... પ્રે.કૃ. ૧૨:૨.

૪૧. અમોરીઓનો રાજા... ગણના ૨૧:૨૧.

૪૨. યહોઆઝ... ૨ રાજા ૧૩.

૪૩. હાબેલ... ઉત્પ. ૪.

૪૪. અબીબ માસ... નિર્ગમન ૧૩:૪; ૨૩:૧૫.

૪૫. અદોમીઓ... ઉત્પ. ૩૬.

૪૬. કબૂતરના રૂપમાં... યોહાન ૧:૩૨.

૪૭. યોએલ... પ્રબોધક પાસે યોએલ ૧:૧-૪.

૪૮. યોએલ... યોએલ ૩:૨૧.

૪૯. કીકાયોન, એક જાતનો વેલો. યૂના પ્રબોધક સાથે સંકળાયેલ છે... યૂના ૪:૬.

૫૦. મરિયમે ઈસુના પગે અત્તર ચોળીને પગ માથાના વાળના ચોટલાથી લૂછ્યા... યોહાન ૧૨:૩.

૫૧. પાઉલ પ્રેરિત, પ્રિસ્કા તથા આકુલા માટે કહે છે. રૂમી ૧૬:૩-૪.

૫૨. પ્રીતિ શ્રેષ્ઠ છે... ૧ કરિંથી ૧૩:૧૩.

૫૩. પાઉલ પ્રેરિતના મત પ્રમાણે... ૧ કરિંથી ૧૪:૩૪-૩૫.

૫૪. તે પાઉલની સાથે હતો, પણ પાછળથી છોડીને જતો રહ્યો હતો. અને સુવાર્તાના કામને નુકસાન કર્યું હતું... ૨ તિમોથી ૪:૧૪-૧૫.

૫૫. ઓનેસીમસ પાઉલનો ધર્મપુત્ર થયો હતો. બંદીવાસના સમયમાં... ફિલેમોન ૧:૧૦.

૫૬. છસો છાંસઠ તાલંત... ૧ રાજા. ૧૦:૧૪.

૫૭. શલોમોન માટે મિસરમાંથી ખરીદીને લાવતા હતા. રથ છસો શેકેલ, એક ઘોડો એકસો પચાસ શેકેલ, રૂપું આપીને લાવતા... ૧ રાજા. ૧૦:૨૯.

૫૮. શલોમોન રાજાએ હાથીદાંતનું સિંહાસન બનાવ્યું હતું... ૧ રાજા. ૧૦:૧૮.

૫૯. મોઆબી, આમ્મોની, અદોમી, સિદોની તથા હિત્તી જાતિઓમાંથી સ્ત્રીઓ કરી. ૧ રાજા. ૧૧:૧-૨.

૬૦. ના, પરદેશી સ્ત્રીઓએ તેનું મન ફેરવી નાંખ્યું હતું. ૧ રાજા. ૧૧:૩-૪.

૬૧. બે વાર... ૧ રાજા. ૧૧:૯

૬૨. તે હાથીદાંતનું સોનાથી મઢેલું હતું. છ પગથિયાં હતાં, ઉપલો ભાગ પાછળથી ગોળ હતો. બેઠક પાસે બન્ને હાથો હતા અને બંને તરફના હાથ પાસે સિંહો ઊભેલા હતા. આવું સિંહાસન ક્યારેય કોઈ રાજ્યમાં બનાવવામાં આવેલ ન હતું... ૧ રાજા. ૧૦:૧૯-૨૦.

૬૩. અયૂબ... ૩૮:૩૬માં.

૬૪. અનાહને, તેના બાપનાં ગધેડાં ચરાવતાં રાનમાં જડ્યા હતા... ઉત્પ. ૩૬:૨૪.

૬૫. યાકોબે દેવ સાથે યુદ્ધ કર્યું હતું, તે જગ્યાનું નામ પનીએલ પાડ્યું. ઉત્પ. ૩૨:૨૨-૩૦.

૬૬. યાકોબે એસાવને મળ્યા પછી જે જગ્યાએ ઘર બાંધ્યું તે જગ્યાનું નામ તેણે સુક્કોથ પાડ્યું. ઉત્પ. ૩૩:૧૬-૧૭.

૬૭. અરણ્યમાં ઈસ્રાએલપુત્રોને યહોવા દેવે તેડી લીધા હતા... પુન. ૧:૩૧.

૬૮. સભાશિક્ષક... ૬:૨

૬૯. યશાયા... ૬૬:૧૭.

૭૦. યહૂદીઓએ... યોહાન ૯:૨૨.

૭૧. શેખેમમાં, જ્યાં યાકોબે શેખેમના બાપ હમોરના દીકરાઓ પાસેથી જમીનનો ટુકડો વેચાતો લીધો હતો ત્યાં... યહોશુઆ ૨૪:૩૨.

૭૨. શાઉલ રાજાને... ૧ શમુએલ ૮:૧૩.

૭૩. શમુએલ પ્રબોધકે યહોવાનું વચન કહ્યું... ૧ શમુ. ૮:૧૩.

૭૪. શમુએલે ઈસ્રાએલ લોકને પ્રભુનું વચન કહ્યું... ૧ શમુ. ૮:૧૧.

૭૫. સૈનિકોએ કુરેનીના સીમોન પાસે ઊંચકાવ્યો... માથ્થી ૨૭:૩૨.

૭૬. પાઉલ રૂમીઓના પત્રમાં કહે છે... રૂમી ૧૫:૨૦.

૭૭. મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે? ચોથી વાણી. માથ્થી ૨૭:૪૬ અને માર્ક ૧૫:૩૪ (ગીતશાસ્ત્ર ૨૨:૧).

૭૮. ગર્વિષ્ઠ આંખો, જૂઠાબોલી જીભ, નિર્દોષ લોહી વહેવડાવનાર હાથ, દુષ્ટ તરંગ કરનાર હૃદય, નુકસાન કરવા દોડી જનાર જલદ પગ, અસત્ય ઉચ્ચારનાર જૂઠો સાક્ષી અને ભાઈઓમાં કુસંપના બીજ વાવનાર... નીતિ. ૬:૧૬-૧૯.

૭૯. રાજા તે નબૂખાદનેસ્સાર, પ્રબોધક સેવક તે દાનિયેલ... દાનિયેલ ૨:૪૬.

૮૦. મિસરની નદીના છેડા પરથી અને આશ્શૂર દેશમાંથી મધમાખીઓને યહોવા સીટી વગાડીને બોલાવશે... યશાયા ૭:૧૮.

૮૧. વીણા... પ્રક્ટી. ૧૪:૧-૨.

૮૨. સામી વ્યક્તિની જાંઘ નીચે... ઉત્પ. ૨૪:૨, ૪૭:૨૯.

૮૩. તેમનામાં પવિત્ર આત્મા આવ્યો, તેઓ અન્ય ભાષાઓ બોલવા લાગ્યા અને સુવાર્તા પ્રગટ કરવા લાગ્યા... પ્રે.કૃત્યો ૧૯:૨-૬.

૮૪. તે એક જુવાન હતો. પાઉલનું ભાષણ સાંભળતો ત્રીજે માળે બારીમાં બેઠો હતો ત્યાંથી ઝોકું આવતો તે પડી ગયો, મૃત્યુ

પામ્યો, પણ પાઉલે તેને જીવતો કર્યો. પ્રે.કૃત્યો ૨૦:૮-૧૦.

૮૫. સ્કેવા યહૂદી મુખ્ય યાજક હતો. તેના સાત દીકરાઓ ભૂવાનું કામ કરતા હતા. પ્રે.કૃત્યો ૧૯:૧૩-૧૪.

૮૬. પાઉલે. પ્રે.કૃત્યો ૧૮:૫-૬.

૮૭. પાઉલે એથેન્સમાં વેદી જોઈ. પ્રે.કૃત્યો ૧૭:૨૨-૨૩.

૮૮. પાઉલના... પ્રે.કૃત્યો ૧૯:૧૧-૧૨.

૮૯. ફેલીક્સ હાકેમ... પ્રે.કૃત્યો ૨૪:૨૪-૨૬.

૯૦. પ્રબોધક તે યર્મિયા, હબસી ખોજો એબેદ-મેલેખ... યર્મિયા ૨૮:૬-૧૩.

૯૧. ઝખાર્યાને મારી નાંખ્યો હતો... ૨ કાળ. ૨૪:૨૦-૨૧.

૯૨. યહોવાને કોશ આવતો હોય છે ત્યારે બળદો ઠોકર ખાય છે. તેથી ઉઝ્ઝા હાથ લાંબો કરી કોશ પકડે છે. ત્યારે તેને દેવના કોપનો ભોગ બનવું પડે છે. તે મૃત્યુ પામે છે. ત્યારે દાઉદ નાખોનના ખળાની જગ્યાને પરેસે-ઉઝ્ઝા એ નામ આપે છે... ૨ શમુએલ ૬:૬-૮.

૯૩. રાજા દાવિદ, મરનાર મહાન પુરુષ તે આબ્નેર, જેનું દગાથી ખૂન કરવામાં આવેલું. ૨ શમુએલ ૩:૩૭-૩૯.

૯૪. સિયોન પર્વત... યશા. ૧૮:૭.

૯૫. પ્રબોધક તે એલિયા, અને યરદન નદીના બે ભાગ થયા હતા... ૨ રાજા ૨:૭-૮.

૯૬. કોરાહ અને તેની ટોળીમાં લોકોએ જે ધૂપ ચઢાવ્યો હતો તે અઢીસો માણસોનાં અઢીસો ધૂપપાત્રોનાં પતરાં બનાવવા કહ્યું... ગણના ૧૬:૩૪-૩૯.

૯૭. હારુનની લાકડીને... ગણના ૧૭:૧-૮.

૯૮. અદોની-બેઝેક હાથના અને પગના અંગૂઠા કાપી નાંખતો હતો. તેથી મેજ નીચેથી આ ૭૦ રાજાઓ રોટલીના ટુકડા વીણી ખાતા હતા... ન્યાયા. ૧:૫-૭.

૯૯. યહૂદાએ અને શિમયોને... ન્યાયા. ૧:૬-૭.

૧૦૦. એફ્રાઈમીઓ શિબ્બોલેથ નહોતા બોલી શકતા, પણ 'સિબ્બોલેથ' એમ ઉચ્ચારતા યાફતના સૈનિકોએ તેઓના ૪૨ હજારને મારી નાંખ્યા, કેમ કે ઉચ્ચાર પરથી ખબર પડતી કે તેઓ એફ્રાઈમીઓ છે. ન્યાયા. ૧૨:૪-૬.

## યહૂદા (૪)

૧. યરોબઆમ રાજાનો... ૧ રાજા. ૧૩:૧-૪.

૨. રાજા દાવિદના માણસો, હાનૂનને દિલાસો દેવા ગયા, ત્યારે હાનૂને એ પ્રમાણે કર્યું... ૨ શમુએલ ૧૦:૧-૪.

૩. તારનાં અને પવનનાં વાજાં (હાર્પ)... ઉત્પ. ૪:૨૧.

૪. તીડ અને રાની મધ... માથ્થી ૩:૪.

૫. તે ભૂખ્યો-તરસ્યો હોય તો તેને ખવડાવવા-પિવડાવવાથી... રૂમી ૧૨:૨૦.

૬. હઝાએલને અરામનો રાજા, યેહૂને ઈસ્રાએલનો રાજા અને એલીશાને પ્રબોધક તરીકે અભિષિક્ત કરવા કહ્યું... ૧ રાજા. ૧૯:૧૫-૧૬.

૭. સાદુકીઓ, ફરોશીઓ, ... પ્રેરિતોનાં કૃત્યો ૨૩:૮.

૮. પાઉલ તિમોથીના વિષે કહે છે... ૧ કરિંથી ૪:૧૭.

૯. પાઉલ... ૧ કરિંથી ૪:૨૧.

૧૦. ફિલિપ... યોહાન ૧૪:૮.

૧૧. ઈસ્રાએલ દેશ વિષે હતી, હઝકીએલ ૧૮:૨.

૧૨. સદોમનો અને તેની દીકરીઓનો... હઝકીએલ ૧૬:૪૯.

૧૩. રક્ષક-ટુકડીનો સરદાર નબૂઝારઅદાને...
યર્મિયા ૫૨:૧૨-૧૩.

૧૪. યહૂદિયા... યર્મિયા ૩:૬-૮.

૧૫. સમરુન... હઝકીએલ ૧૬:૪૬-૪૮.

૧૬. યરુશાલેમ વિષે, યરુશાલેમ શહેર... માથ્થી ૨૩:૩૭.

૧૭. ઝરુબ્બાબેલના હાથમાં ઓળંબો જોઈને યહોવાની સાત આંખો હરખાશે... ઝખાર્યા ૪:૧૦.

૧૮. ઈસુ ખ્રિસ્ત... હેબ્રીઓને પત્ર ૩:૧.

૧૯. ઈસુ ખ્રિસ્ત... હેબ્રીઓને પત્ર ૫:૫-૧૦.

૨૦. નૂહ... ૨ પિતર ૨:૫.

૨૧. ધૂપદાની... પ્રક્ટીકરણ ૫:૮.

૨૨. હારુને હાથ ઊંચા કરીને આશીર્વાદ આપ્યો. લેવીય ૯:૨૩.

૨૩. મિદ્યાનીઓના રાજાઓ... ગણના ૩૧:૮.

૨૪. યહોશુઆને તિમ્નાથ-સેરાહમાં ગાઆશ ડુંગરની ઉત્તરમાં દાટવામાં આવ્યો હતો. યહોશુઆ ૨૪:૨૯-૩૦.

૨૫. પર્વત પર અબીનાદાબના ઘેર... ૧ શમુ. ૭:૧-૨.

૨૬. શાઉલ રાજાના કહેવાથી દોએગ અદોમીએ માર્યા... ૧ શમુ. ૨૨:૧૫-૧૮.

૨૭. શમુએલ પ્રબોધકને... ૧ શમુ. ૨૫:૧.

૨૮. સ્ત્રીનું નામ અબીગાઈલ અને તેના પતિનું નામ નાબાલ... ૧ શમુ. ૨૫:૩.

૨૯. એક શાણી સ્ત્રીએ દાવિદ સામે બંડ કરનાર શેબાનું માથું કાપીને કોટ પરથી ફેંકીને નગરને બચાવ્યું. ૨ શમુ. ૨૦:૧૬-૨૨.

૩૦. યિમ્લાનો દીકરો મિખાયા... ૧ રાજા. ૨૨:૮.
તમાચો મારનાર સિદકિયા... ૨ કાળ. ૧૮:૭.

૩૧. આદમે. ... ઉત્પ. ૩:૧૨.

૩૨. નૂહના નામનો અર્થ... ઉત્પ. ૫:૨૯.

૩૩. તામારના જોડિયાં બાળકોના જન્મ વખતે એક બાળકને લાલ સૂતર... ઉત્પ. ૩૮:૨૭-૩૦. કિરમજી રંગની દોરી. યહોશુઆ ૨:૧૮.

૩૪. માથ્થી ૨૮:૧૯માં.

૩૫. યશાયા ૬:૩માં (પ્રક્ટી. ૪:૮).

૩૬. પ્રક્ટીકરણ ... ૧૯:૧, ૩,૪,૬ કલમો.

૩૭. ઈસુ ખ્રિસ્ત બોલે છે... યોહાન ૧૧:૨૫માં.

૩૮. પ્રભુ ઈસુના જન્મ સમયે દૂતો ગાય છે... લૂક ૨૮:૧૪.

૩૯. નવા કરારમાં રૂમી ૧૬:૧૬, ૧ કરિંથી ૧૬:૨૦, ૨ કરિંથી. ૧૩:૧૨, ૧ થેસ્સા. ૫:૨૬, ૧ પિતર ૫:૧૪ શરૂઆતની મંડળીમાં આ ઘણું પ્રચલિત હતું.

૪૦. ૧ પિતર ૫:૧૪માં.

૪૧. એલિયા અને એલીશાએ ... ૨ રાજા ૨:૧૧.

૪૨. તે દાણ ઉઘરાવનાર દાણી હતો. માથ્થી ૯:૯.

૪૩. યોહાન બાપ્તિસ્મી... માથ્થી ૩:૧.

૪૪. માથ્થી ૧:૧-૧૭, લૂક ૩:૨૩-૨૮.

૪૫. યાન્નેસ અને યાંબ્રેસ... ૨ તિમોથી ૩:૮.

૪૬. યોનાથાન અને અહીમાઆસ... ૨ શમુએલ ૧૭:૧૭-૨૧.

૪૭. જેનાં આંગણામાં કૂવો હતો તે ઘરની સ્ત્રીએ કૂવા પર ઢાંકણ ઢાંકી તે પર ખાંડેલું અનાજ પાથરી દીધું હતું...

૨ શમુ. ૧૭:૧૮-૧૯.

૪૮. તેનું નામ હોશિયા હતું, મોશેએ યહોશુઆ પાડ્યું... ગણના ૧૩:૧૬.

૪૯. મોશે... પુન. ૩૪:૭.

૫૦. યહોશુઆએ ... યહોશુઆ ૬:૨૬-૨૭.

૫૧. બેથેલી હીએલે યરીખો બાંધ્યું. તેના જયેષ્ઠ પુત્ર અબીરામના ભોગે અને નાના દીકરા સગૂબના ભોગે દરવાજા (ભાગળો) ઊભા કર્યા.... ૧ રાજા. ૧૬:૩૪.

૫૨. જીવનનું વૃક્ષ અને ભલું-ભૂંડું જાણવાનું વૃક્ષ... ઉત્પ. ૨:૯.

૫૩. લોતની સ્ત્રી... ઉત્પ. ૧૯:૨૬.

૫૪. હિઝિક્યા રાજાએ... યશાયા ૩૮:૭-૮.

૫૫. પ્રેરિત પાઉલે... પ્રે.કૃ. ૨૬:૧૩.

૫૬. દાનિયેલને... દાનિયેલ ૬:૧૬.

૫૭. થોમા... યોહાન ૨૦:૨૪.

૫૮. ફિલિપ... યોહાન ૧:૪૩-૪૬.

૫૯. પિતરે દરકાસને સજીવન કરી હતી. પ્રે.કૃ. ૯:૩૬-૪૧.

૬૦. શામસૂને... ન્યાયા. ૧૪:૫-૬.

૬૧. આગાબાસે... પ્રે.કૃત્યો ૧૧:૨૮.

૬૨. પ્રબોધક હોશિયા અને તેની પત્ની ગોમેર... હોશિયા.૧

૬૩. 'અહીએઝેરા'... ૧ કાળ. ૧૨:૨-૩.

૬૪. એદન બાગ યહોવા દેવે બનાવ્યો... ઉત્પ. ૨:૮.

૬૫. ગમાલીએલ... પ્રે.કૃ. ૨૨:૩.

૬૬. એલિયા પ્રબોધક... ૧ રાજા. ૧૯:૯-૧૩.

૬૭. એલિયાને દૂતે બે વાર ખવડાવ્યું... ૧ રાજા. ૧૯:૪-૮.

૬૮. આહાબ રાજા, વાડી યિઝ્રએલી નાબોથની હતી... ૧ રાજા. ૨૧:૧-૬.

૬૯. બકરો (અઝાએલ)... લેવીય ૧૬:૬-૧૦, ૨૦:૨૨.

૭૦. નાહાશના પુત્ર રાજા હાનુને... ૧ કાળ. ૧૯:૧-૪.

૭૧. દાવિદ રાજાએ... ૧ કાળ. ૨૧:૨૪-૨૫..

૭૨. ઓર્નાન યબૂસીની ખળી પાસે... ૧ કાળ. ૨૧:૧૫-૧૬.

૭૩. રાજા દાવિદે કહ્યું... ૧ કાળવૃ. ૨૧:૯-૧૨.

૭૪. મોરિયા પર્વત પર, યબૂસી ઓર્નાનની ખળી, જે દાવિદે ખરીદી હતી, ત્યાં મંદિર બાંધ્યું... ૨ કાળ. ૩:૧.

૭૫. મંદિર આગળ બે સ્તંભો બનાવ્યા. દરેકની ટોચે કળશ હતા, જે પાંચ હાથ ઊંચા હતા. સો દાડમો બનાવ્યાં જે સાંકળોથી લટકાવ્યા હતાં... ૨ કાળ. ૩:૧,૫-૧૬.

૭૬. મંદિર આગળ જે બે સ્તંભો બનાવ્યા હતા, તેના ૨ કાળ. ૩:૧૭.

૭૭. ચીકણી માટીના બીબામાં ઢાળીને. ૨ કાળ. ૪:૧૧-૧૭.

૭૮. તિમોથી... ૨ તિમોથી ૧:૧-૬.

૭૯. યોહાન બાપ્તિસ્મી વિષે... લૂક ૭:૨૭-૨૯.

૮૦. બેથલેહેમ... ૧ શમુ. ૧૭:૧૨, માથ્થી ૨:૧.

૮૧. હારુન યાજક... ગણના ૩૩:૩૮.

૮૨. રાજા હેરોદ, કેમ કે તેણે તેના ભાઈની પત્નીને રાખી હતી. તેની દીકરીએ તેનું માથું માગ્યું હતું. માર્ક ૬:૧૪-૨૮.

૮૩. આપણી આંખ... માર્ક ૯:૪૭.

૮૪. તે બરફ જેવો સફેદ કોઢિયો થઈ ગયો હતો અને પછી પાછો સાજો જેવો હતો તેવો જ થઈ ગયો હતો... નિર્ગ. ૪:૭.

૮૫. વ્યભિચારનું પાપ... માથ્થી ૫:૨૮.

૮૬. યાકોબ અને તેનો પુત્ર તે યોસેફ... ઉત્પ. ૪૫:૨૬-૨૭.
૮૭. મરિયમ અને ઈસુ... લૂક ૨:૨૨-૫૨.
૮૮. મૂર્ખે... ગીતશાસ્ત્ર ૧૪:૧.
૮૯. યશાયા પ્રબોધક... યશાયા ૫૦:૪.
૯૦. ગિદિયોને... ન્યાયા. ૭:૫.
૯૧. બાબેલમાં, તે પહેલાં સર્વની એક જ ભાષા હતી... ઉત્પ. ૧૧:૯.
૯૨. દાવિદ રાજા... ગીતશાસ્ત્ર ૫૨:૨.
૯૩. યાકોબ ૩:૪-૫.
૯૪. પાઉલ, ફિલિપીઓને લખે છે... ફિલિપી ૩:૨.
૯૫. અદોનીસેદેક... યહોશુઆ ૧૦:૧.
૯૬. યહોશુઆના કહેવાથી સૂર્ય ગિબયોન પર સ્થિર રહ્યો અને ચંદ્ર આયાલોનની ખીણ પર સ્થિર રહ્યો. યહોશુઆ ૧૦:૧૨-૧૩.
૯૭. તેણે બળદ હાંકવાની પરોણીથી ૬૦૦ પલિસ્તીઓને મારી નાંખ્યા હતા... ન્યાયા. ૩:૩૧.
૯૮. એન-દોરમાં રહેતી મેલી વિદ્યા જાણનારી સ્ત્રી હતી. શાઉલ રાજા તેની પાસે વેશ બદલીને ભવિષ્ય જાણવા માટે જાય છે. ૧ શમુ. ૨૮:૭-૮.
૯૯. શાઉલ રાજા મેલી વિદ્યા જાણનાર સ્ત્રી પાસે જાય છે. તે સ્ત્રી મૃત શમુએલને (આત્મા) બોલાવે છે. ત્યારે શમુએલ શાઉલને કહે છે... ૧ શમુ. ૨૮:૧૧-૧૯.
૧૦૦. યરોબઆમની સ્ત્રી વેષ બદલીને અહિયા પ્રબોધકની પાસે પોતાના દીકરા અબિયા વિષે જાણવા જાય છે. ૧ રાજા. ૧૪:૧-૧૭.

## ઝબુલોન (૫)

૧. બેલ્શાસ્સાર રાજાને... દાનિયેલ ૫:૧-૫.

૨. દાનિયેલ (બેલ્શાસ્સાર)ને .... દાનિયેલ ૫:૧૩-૧૬.

૩. ના. ... દાનિયેલ ૫:૧૭.

૪. રાજાની, ન કરે તો સિંહોના બિલમાં નંખાય. દાનિયેલ ૬:૭-૯.

૫. દેવે સિંહોનાં મોં બંધ કર્યા હતા... દાનિયેલ ૬:૨૧-૨૨.

૬. નબૂખાદનેસ્સાર રાજાએ... દાનિયેલ ૪:૩૨-૩૩.

૭. યાજકોની વિધવાઓ સાથે... હઝકીએલ ૪૪:૨૨.

૮. હા... ગીતશાસ્ત્ર ૭૮:૬૩.

૯. નાના ના માથે જમણો હાથ, મોટાના માથે ડાબો હાથ મૂકીને નાનાને પ્રથમ ગણ્યો, મોટાને બીજો ગણ્યો... ઉત્પ. ૪૮:૮-૨૦.

૧૦. ફળદ્રુપ ડાળી, ઝરા પાસેની ફળવંત ડાળ... ઉત્પ. ૪૯:૨૨.

૧૧. ફાડી ખાનાર વરુ... ઉત્પ. ૪૯:૨૭.

૧૨. યાજક કડવું શાપકારક પાણી સ્ત્રીને પિવડાવતા. ગણના ૫:૧૨-૩૦.

૧૩. વેદીનું નામ એદ, બાંધનાર રુબેનપુત્રો, ગાદપુત્રો હતા. યહોશુઆ ૨૨:૨૧-૩૪.

૧૪. ભાથામાં જૂની ગુણપાટો, દ્રાક્ષારસની જૂની ફાટેલી થીંગડાવાળી મશકો લઈને, જૂનાં ફાટેલાં ખાસડા પહેરીને, જૂનાં વસ્ત્રો પહેરીને, વળી સુકાઈને ફુગાઈ ગયેલી રોટલીઓ લઈને યહોશુઆને છેતર્યો હતો... યહોશુઆ ૯:૧-૧૬.

૧૫. ઈસ્રાએલી જમાત જ્યાં જ્યાં જાય ત્યાં લાકડા કાપનાર તથા

પાણી ભરનાર ઠરાવ્યા. (ચાકરો બનાવ્યા).
યહોશુઆ ૯:૧૬-૨૭.

૧૬. હિઝિક્યા રાજા... ૨ રાજા. ૨૦:૨૦-૨૧.

૧૭. અંજીરનું એક ચકતું લઈને, ગૂમડાં પર લગાડવા કહ્યું. ૨ રાજા. ૨૦:૭.

૧૮. મનાશ્શાએ અશેરાહની મૂર્તિ બેસાડી. ૨ રાજા. ૨૧:૭.

૧૯. રાજા મનાશ્શાએ... ૨ રાજા. ૨૧:૩-૭.

૨૦. યોશીઆ રાજાએ... ૨ રાજા. ૨૩:૧-૧૪.

૨૧. ગધેડીએ બલઆમ સાથે વાત કરી. ગણના ૨૨:૨૮-૩૦.

૨૨. તકરારનાં પાણી જ્યાં મોશેએ અને હારુને ખડકમાંથી પાણી કાઢ્યું હતું તે જગ્યા... ગણના ૨૦:૧-૩.

૨૩. હોર પર્વત પર... ગણના ૨૦:૨૭-૨૮.

૨૪. મોશેએ હારુનનાં વસ્ત્રો, હારુનના દીકરા એલઆઝરને પહેરાવ્યાં... ગણના ૨૦:૨૩-૨૮.

૨૫. મોશેએ બનાવ્યો. ઈસ્રાએલ લોકની કચકચને લીધે યહોવાએ આગિયા સર્પ મોકલ્યા હતા. જેને તે કરડતા તે મૃત્યુ પામતા. જેઓ આગિયા પિત્તળના સર્પ સામે જોતાં તે બચી જતાં... ગણના ૨૧:૫-૯.

૨૬. હિઝિક્યા... ૨ રાજા. ૧૮:૪.

૨૭. મિસરને... ૨ રાજા. ૧૮:૨૧.

૨૮. તેનાં ઘરનાં ધાબા ઉપર શણની સરાંઠીઓમાં. યહોશુઆ ૨:૬.

૨૯. ચાળીસ હજાર માણસોનું... યહોશુઆ ૪:૧૨-૧૩.

૩૦. પાણી અરાબાહના સમુદ્ર તરફ વહેતું હતું. લેવીઓ કરારકોશ ઊંચકીને યરદનમાં ઊભા રહ્યાં એટલે નદીના બે ભાગ થઈ

ગયા અને રસ્તો થયો. યહોશુઆ ૩:૧૫-૧૭.

૩૧. એલાહની ખીણમાં. ૧ શમુએલ ૨૧:૯.

૩૨. રૂથ તે પુત્રવધૂ. સાસુ તે નાઓમી... રૂથ ૪:૧૩-૧૫.

૩૩. ઓબેદ નામ પાડ્યું તે દાવિદ રાજાના પિતાનો પિતા અને ઈસુ ખ્રિસ્તનો પૂર્વજ... રૂથ ૪:૧૭-૨૨, માથ્થી ૧:૫-૬.

૩૪. ઈતિહાસકાર હતો... ૨ રાજા. ૧૮:૧૮.

૩૫. હમૂટાલ તે યહોઆઝ રાજાની મા હતી... ૨ રાજા. ૨૩:૩૧.

૩૬. ઓબાદ્યા પ્રબોધકે, રાણી ઈઝેબેલથી સંતાડી રાખીને, પ્રબોધકોને બચાવ્યા હતા. તેઓને ગુફામાં સંતાડ્યા હતા.
૧ રાજા. ૧૮:૨-૪.

૩૭. અબીમેલેખે સાલ્મોન પર્વત પર ચઢી કુહાડી લઈ ઝાડની ડાળી કાપી, ખભે મૂકી. તેના સાથીઓને પણ એમ કરવા કહ્યું. ન્યાયા. ૯:૪૮.

૩૮. અબીમેલેખ અને તેના માણસોએ, ભોંયરાંને આગ લગાડીને હજારેક સ્ત્રી-પુરુષોને મારી નાંખ્યા હતા. ન્યાયા. ૯:૪૬-૪૯.

૩૯. એક સ્ત્રીએ ઘંટીનું પડ નાંખી અબીમેલેખને મારી નાંખ્યો હતો. ન્યાયા. ૯:૫૨-૫૩.

૪૦. યાકોબ, તેના દીકરાઓને, મિસરના અધિપતિ (યોસેફ) માટે લઈ જવા કહે છે. ઉત્પ. ૪૩:૧૧-૧૪.

૪૧. ઝરો... ઉત્પ. ૧૬:૧૪.

૪૨. સમનો કૂવો... ઉત્પ. ૨૧:૩૧.

૪૩. યહોવાએ ઈસહાકને બદલે ઘેટો પૂરો પાડ્યો અને અબ્રાહામને તે ઘેટાંનું અર્પણ કર્યું. તે જગ્યાનું નામ અબ્રાહામે પાડ્યું. ઉત્પ. ૨૨:૧૧-૧૪.

૪૪. યહોશાફાટ રાજાની માનું નામ... ૧ રાજા. ૨૨:૪૨.

૪૫. યોશીયા રાજાની માનું નામ... ૨ રાજા. ૨૨:૧.

૪૬. આમોન રાજાની માનું નામ... ૨ રાજા. ૨૧:૧૯.

૪૭. દાવિદ રાજાની પત્નીઓનાં નામ છે... ૨ શમુ. ૩:૨-૫.

૪૮. વેદીનું નામ, વેદી બાંધનાર ગિદિયોન. ન્યાયા. ૬:૨૨-૨૪.

૪૯. યાકોબે દેવદૂત સાથે લડાઈ કરી. તે જગ્યાનું નામ યાકોબે પાડ્યું... ઉત્પ. ૩૨:૨૯.

૫૦. એસાવની સ્ત્રીઓ... ઉત્પ. ૨૬:૩૪.

૫૧. ઈસહાકનાં દાસોએ ખોદેલ કૂવાઓ. ઉત્પ. ૨૬:૧૯-૨૧.

૫૨. અબ્રાહામના દીકરા ઈશ્માએલના દીકરાઓનાં નામ. ઉત્પ. ૨૫:૧૩-૧૫.

૫૩. લોતનો દીકરો... ઉત્પ. ૧૯:૩૮.

૫૪. નબો પર્વતનું શિખર... પુન. ૩૪:૧.

૫૫. કાલેબનું વતન હતું. તેનું બીજું નામ હેબ્રોન હતું. યહોશુઆ ૧૪:૧૪-૧૫.

૫૬. યાકોબને દેવદૂતો સામા મળ્યા હતા, તે જગ્યાનું નામ યાકોબે પાડ્યું તે... ઉત્પ. ૩૨:૧-૨.

૫૭. પાશહૂરનું આ નામ યહોવાએ પાડ્યું, જેનો અર્થ દરેક બાજુએથી ભય એવો થાય છે. યર્મિયા ૨૦:૩.

૫૮. વહાણ હંકારવા માટેની નિશાની... પ્રે.કૃ. ૨૮:૧૧.

૫૯. રાજા-રાણી.... પ્રે.કૃ. ૨૫:૧૩.

૬૦. કચેરી, જ્યાં ઈસુ ખ્રિસ્તને લઈ જઈ, જાંબુડિયા રંગનો ઝભ્ભો પહેરાવ્યો, માથે કાંટાનો તાજ પહેરાવ્યો... માર્ક ૧૫:૧૬-૧૭.

૬૧. સમરુન અને યરુશાલેમનાં નામ... હઝકિએલ ૨૩:૪.

૬૨. બાબેલનો રાજા... યર્મિયા ૫૨:૩૧.

૬૩. તિમોથીની દાદી અને મા... ૨ તિમોથી ૧:૫.

૬૪. પ્રેરિતોના સમયની ફિલિપીની સેવિકાઓ... ફિલિપી ૪:૨.

૬૫. બાઈબલમાં આપણને કોણ એવી વ્યક્તિ મળે છે જે, યરુશાલેમનો કોટ અને મંદિર ફરી બાંધવા, ખરા મન અને ભાવ સાથે કામ કરતો હતો. નહેમ્યાનું પુસ્તક વાંચો.

૬૬. પ્રેરિતોનાં કૃત્યોનું પુસ્તક.

૬૭. પ્રકટીકરણ.

૬૮. નવા કરારમાં પહાડ પરનું ભાષણમાં માથ્થી ૫ થી ૭ અધ્યાયોમાં.

૬૯. મોશે અને હારુનનો પિતા આમ્રામ, તેની ફોઈ યોખેબેદને પરણ્યો હતો. નિર્ગ. ૬:૨૦.

૭૦. હોરેબ પર્વત પાસે પાણી માટે ઈસ્રાએલીઓએ તકરાર કરી હતી. ઈસ્રાએલ લોકોએ તે જગ્યાનું નામ માસ્સાહ તથા મરીબાહ પાડ્યું... નિર્ગમન ૧૭:૧-૭.

૭૧. એઝરા અને નહેમ્યા.

૭૨. યિઝ્રએલ... હોશિયા ૧:૪.

૭૩. પાઉલને, તે જીવતો હતો... પ્રે.કૃત્યો ૧૪:૧૯-૨૦.

૭૪. દંભી પ્રબોધક, યહૂદી જાદુગર... પ્રે.કૃ. ૧૩-૬.

૭૫. અલિમાસ જાદુગર હતો... પ્રે.કૃ. ૧૩:૮.

૭૬. જાદુગર હતો, મહાન માણસ હોવાનો ડોળ કરતો, એમ લોકોને છક કરી દેતો. પ્રે.કૃ. ૮:૯-૧૩.

૭૭. અલિમાસ જાદુગરને, પાઉલે આત્માથી ભરપૂર થઈને આ કહ્યું, કેમ કે તે પાઉલની સામે થયો હતો. પ્રે.કૃ. ૧૩:૭-૧૧.

૭૮. બાશાનનું નામ મનાશ્શાહના પુત્ર યાઈરે પાડેલું. પુન. ૩:૧૪.

૭૯. ત્રણ, બેસર, રામોથ, ગોલાન. પુન. ૪:૪૧-૪૩.

૮૦. જ્યાં સુધી તેમાં વસતાં સર્વનો સંહાર થઈ ગયો ત્યાં સુધી. યહોશુઆ ૮:૨૬.

૮૧. અરારાટ પહાડ... ઉત્પ. ૮:૪.

૮૨. એશિયાની સાત મંડળીઓને... પ્રકટી. ૧:૧૧.

૮૩. થિયોફીલસને... પ્રે.કૃ. ૧:૧.

૮૪. તેણે જીવતા દેવ યહોવાની પ્રાર્થના કરી અને દાર્યાવેશ રાજાની મૂર્તિની પૂજા કરી નહીં, માટે... દાનિયેલ ૬:૭.

૮૫. માર્થા, મરિયમ અને લાજરસનું કુટુંબ... યોહાન ૧૧:૧-૩.

૮૬. બાબેલના રાજા એવીલ મોર્દકાયે બંદીવાન યહૂદિયાના રાજા યહોયાકીનને આ પ્રમાણે કર્યું... યર્મિયા ૫૨:૨૮-૩૪.

૮૭. પહેલવહેલો દુકાળ પડ્યો કનાનમાં... ઉત્પ. ૧૨:૧૦.
પછી છેલ્લે દુકાળની વાત મળે છે. રોમન રાજ્યમાં દુકાળ પડવા વિષે, આગાબાસ આત્માથી પ્રેરાઈને કહે છે તે... પ્રે.કૃ. ૧૧:૨૭-૨૮.

૮૮. આમોસ પ્રબોધક કહે છે... આમોસ ૮:૧૧.

૮૯. બેથેલ વિષે... આમોસ ૭:૧૩.

૯૦. અબ્રાહામે સારાને બહેન કહી... ઉત્પ. ૨૦:૧-૧૦.
ઈસહાકે રિબકાને બહેન કહી... ઉત્પ. ૨૬:૬-૧૧.

૯૧. નૂહના દીકરા શેમનાં વંશમાં... ઉત્પ. ૧૧:૧૦-૨૬.

૯૨. યહોવા દેવે કોને કહ્યું કે તારો વંશ પરદેશમાં ભટકશે, અને ત્યાંના લોકોની ૪૦૦ વરસ સેવા કરશે. ઉત્પ. ૧૫:૧૨-૧૩.

૯૩. ના, તેમને કોઈ સંતાન ન હતાં.... ઉત્પ. ૧૫:૧-૪.

૯૪. અબ્રાહામનો ચાકર એલીઆઝર દમસ્કનો રહેવાસી હતો. ઉત્પ. ૧૫:૨.

૯૫. સ્તેફન... પ્રે.કૃત્યો ૬:૫.

૯૬. અબીમેલેખને... ઉત્પ. ૨૦:૩.

૯૭. નૂહ... ઉત્પ. ૬:૯.

૯૮. યોસફે મિસરમાંથી તેના ભાઈઓ સાથે બાપ યાકોબ માટે મોકલ્યું... ઉત્પ. ૪૫:૨૩.

૯૯. યહોવા મોશેને ફારુનને આ પ્રમાણે કહેવા માટે કહે છે... નિર્ગમન ૪:૨૨.

૧૦૦. દીવો નિરંતર સળગતો રહેવો જોઈએ, અને તેમાં જૈતુનનું ચોખ્ખું તેલ વાપરવાનું હતું... નિર્ગમન ૨૭:૨૦, લેવીય ૬:૧૩.

## ઈસ્સાખાર (૬)

૧. યૂનાએ... યૂના ૨:૧.

૨. કિકાયોનનો વેલો... યૂના ૪:૬.

૩. અમિત્તાય... યૂના ૧:૧.

૪. તાર્શીશ... યૂના ૧:૨-૩.

૫. યૂના વહાણના સૌથી અંદરના ભાગમાં જઈને સૂઈ ગયો. યૂના ૧:૫.

૬. યૂના ત્રણ દિવસ અને ત્રણ રાત માછલીના પેટમાં રહ્યો. યૂના ૧:૧૭.

૭. માણસ તેમજ ઢોર-ઢાંક તથા ઘેટાં-બકરાં, પણ કોઈ ચાખે નહીં, કોઈ કાંઈ ખાય નહીં કે પાણી પીએ નહીં... યૂના ૩:૭.

૮. તું કૃપાળુ તથા કરુણા રાખનાર દેવ છે, તું ક્રોધ કરવામાં ધીમો

ને ઘણો દયાળુ, એવો દેવ છે... યૂના ૪:૨.

૯. નિનવેહ મોટું શહેર હતું. તેનો ઘેરાવો ત્રણ દિવસની મજલ જેટલો હતો... યૂના ૩:૩.

૧૦. અબ્રાહામને તેના દીકરા ઈસહાકનું બલિદાન આપવાનું કહીને... ઉત્પ. ૨૨:૯.

૧૧. ફક્ત તેના ઝભ્ભાની કોર કાપી લીધી, તેનો જીવ લીધો નહીં... ૧ શમુ. ૨૪:૪.

૧૨. તું ઘણી દેશ-જાતિઓનો પૂર્વજ થશે... ઉત્પ. ૧૭:૫.

૧૩. બાવળના લાકડામાંથી... નિર્ગમન ૩૭:૧.

૧૪. બઝાએલે બનાવ્યો હતો, તેની લંબાઈ અઢી હાથ, પહોળાઈ દોઢ હાથ, ઊંચાઈ પણ દોઢ હાથ હતી... નિર્ગમન ૩૭:૧-૨.

૧૫. બહેનની... ઉત્પ. ૨૦:૧-૨.

૧૬. ગેરારના રાજા અબીમેલેખે... ઉત્પ. ૨૦:૨.

૧૭. તે પ્રબોધક છે એમ કહીને... ઉત્પ. ૨૦:૭.

૧૮. અબ્રાહામની બહેન થતી હતી. બાપ એક, પણ મા જુદી. ઉત્પ. ૨૦:૧૨.

૧૯. શેમના વંશમાં... ઉત્પ. ૧૧:૧૦-૨૬.

૨૦. તે સુંદર હતી માટે. (૧) મિસરના રાજા ફારુને. ઉત્પ. ૧૨:૧૧-૧૫, (૨) ગેરારના રાજા અબીમેલેખે. ઉત્પ. ૨૦:૨.

૨૧. અબ્રાહામથી મોટી કોમ ઉત્પન્ન કરવાનો, તેનું નામ મોટું કરવાનો, આશીર્વાદિત થવાનો, જેને અબ્રાહામ આશીર્વાદ દે, તે યહોવાથી આશીર્વાદિત થાય, જેને શાપ દે તે શાપિત થાય એવો આશીર્વાદ મળવાનો હતો... ઉત્પ. ૧૨:૧-૩.

૨૨. ૭૫ વર્ષની... ઉત્પ. ૧૨:૪.
૨૩. અબ્રાહામે લોતને કહ્યું... ઉત્પ. ૧૩:૮.
૨૪. અબ્રાહામે લોતને કહ્યું... ઉત્પ. ૧૩:૯.
૨૫. લોતે પોતાને સારુ આખો યરદન પ્રદેશ પસંદ કર્યો - તે યહોવાની વાડી જેવો, મિસર દેશ જેવો હતો. ઉત્પ. ૧૩:૧૦-૧૧.
૨૬. હું તારો વંશ પૃથ્વીની રજના જેટલો કરીશ; એવો કે જો કોઈ પૃથ્વીની રજ ગણી શકે તો તારો વંશ પણ ગણાય... ઉત્પ. ૧૩:૧૬.
૨૭. મામરેના એલોન વૃક્ષ છે ત્યાં તંબુ માર્યો અને વેદી બાંધી, હેબ્રોનમાં... ઉત્પ. ૧૩:૮.
૨૮. પથુએલ... યોએલ ૧:૧.
૨૯. યોએલ પ્રબોધકે... યોએલ ૨:૧૩.
૩૦. રૂથનું પુસ્તક.
૩૧. બેથલેહેમ-યહૂદિયાથી મોઆબ દેશમાં ગયા, બેથલેહેમ-યહૂદિયામાં દુકાળ પડ્યો હતો... રૂથ ૧:૨.
૩૨. માહલોન અને કિલ્યોન હતાં... રૂથ ૧:૨.
૩૩. ઓર્પાહ અને રુથ બંને મોઆબેણ હતી... રૂથ ૧:૪.
૩૪. એબીમેલેખ અને તેનાં બંને પુત્રો. . રૂથ ૧:૩-૫.
૩૫. રૂથ... રૂથ ૧:૧૫-૧૮.
૩૬. નાઓમી... રૂથ ૧:૨૦.
૩૭. જવની કાપણી... રૂથ ૨:૧-૩.
૩૮. બોઆઝના... રૂથ ૨:૧-૩.
૩૯. રૂથને બોઆઝે કહ્યું... રૂથ ૩:૩.
૪૦. પોંક... રૂથ ૨:૧૮.

૪૧. નાઓમીએ રૂથને કહ્યું... રૂથ ૩:૩.

૪૨. પોતાનું ખાસડું કાઢીને પડોસીને આપવાની... રૂથ ૪:૭-૮, પુન. ૨૫:૫-૯.

૪૩. લેવીઓ ૫૦ વર્ષની ઉંમરે કામથી છૂટા થતા... ગણના ૮:૨૪-૨૫.

૪૪. યાજકની દીકરી વેશ્યાનો ધંધો કરે ત્યારે... લેવીય ૨૧:૯.

૪૫. અબ્રાહામને (ઈબ્રામ)... ઉત્પ. ૧૫:૧૩-૧૪.

૪૬. એક જણે દોડી જઈને ખબર કરી હતી... ઉત્પ. ૧૪:૧૨.

૪૭. ૩૧૮ જણાને લઈને... ઉત્પ. ૧૪:૧૪.

૪૮. શાલેમનો રાજા મલ્ખીસેદેક, રોટલી તથા દ્રાક્ષારસ લાવ્યો હતો. ઉત્પ. ૧૪:૧૮.

૪૯. તે પરાત્પર દેવનો યાજક હતો... ઉત્પ. ૧૪:૧૮.

૫૦. અબ્રાહામે જે સર્વ તે જીતી લાવ્યો હતો તેનો દસમો ભાગ આપ્યો... ઉત્પ. ૧૪:૨૦.

૫૧. ધુમાતી સગડી વેદી પરનાં અર્પણના કકડા વચ્ચેથી અંધારું થતા પસાર થઈ અને અબ્રાહામે તે જોઈ... ઉત્પ. ૧૫:૯-૧૭.

૫૨. સારાની દાસી હાગારને આપી... ઉત્પ. ૧૬:૧-૩.

૫૩. તેને દીકરો થશે, તેનું નામ તું ઈશ્માએલ પાડશે... ઉત્પ. ૧૬:૧૧.

૫૪. માણસો મધ્યે રાની ગધેડા જેવો થશે; તેનો હાથ દરેકને ઊલટો ને હરેકનો હાથ તેને ઊલટો થશે; અને પોતાના સર્વ ભાઈઓની સામે તે વાસો કરશે. ઉત્પ. ૧૬:૧૧-૧૨.

૫૫. અબ્રાહામ ૯૯ વર્ષનો થયો ત્યારે... ઉત્પ. ૧૭.

૫૬. નરબાળક આઠ દિવસનું થાય ત્યારે તેની સુન્નત કરવી. ઉત્પ. ૧૭:૧૨.

૫૭. જ્યારે દેવે તેને સારાથી દીકરો થશે તેમ કહ્યું ત્યારે... ઉત્પ. ૧૭:૧૫-૧૭.

૫૮. ઈસહાક... ઉત્પ. ૧૭:૧૯.

૫૯. હબાક્કુકને... હબાક્કુક ૨:૨.

૬૦. હબાક્કુક... હબાક્કુક ૨:૯.

૬૧. એલ્કોશી... નાહૂમ ૧:૧૮.

૬૨. નાહૂમ.. નાહૂમ ૨:૩-૪.

૬૩. અયૂબમાં અને પ્રકટીકરણમાં... અયૂબ ૩૮:૩૫-૩૬, પ્રકટીકરણ ૧૧:૯.

૬૪. રાજા શલોમોન... ૧ રાજા ૬:૧.

૬૫. ચોથા વર્ષના ઝીવ માસમાં... ૧ રાજા. ૬:૩૭.

૬૬. સાત વર્ષ લાગ્યા હતાં... ૧ રાજા. ૬:૩૮.

૬૭. અબ્રાહામના સમયમાં કનાનમાં... ઉત્પ. ૧૨:૧૦.

૬૮. ઈસહાકના સમયમાં, બીજો દુકાળ પડ્યો... ઉત્પ. ૨૬:૧.

૬૯. યોસેફના સમયમાં મિસરમાં અને આખા દેશમાં... ઉત્પ. ૪૧:૫૨-૫૬.

૭૦. રૂથની (નાઓમીની)... રૂથ ૧:૧.

૭૧. અબીમેલેખ તેની સ્ત્રી નાઓમી, પુત્રો-માહલોન અને કિલ્યોન બેથલેહેમ યહૂદિયાથી મોઆબ ગયાં... રૂથ ૧:૧-૩.

૭૨. દાવિદ રાજાના સમયમાં... ૧ શમુએલ ૨૧:૧.

૭૩. આહાબ રાજાના સમયમાં, એલિયા પ્રબોધકના સમયમાં... ૧ રાજા ૧૭:૧-૬.

૭૪. તિશ્બી એલિયા પ્રબોધકના કહેવાથી... ૧ રાજા. ૧૭:૧-૬.

૭૫. અરામનો રાજા બેન-હદાદ સમરુન પર ચઢી આવ્યો હતો. ૨ રાજા. ૬:૨૪-૨૬.

૭૬. ત્યાંના લોકો દુષ્ટ હતાં, પ્રભુ પાસે તેમનાં કામોનો મોટો બુમાટો પહોંચ્યો હતો..., ઉત્પ. ૧૯:૫-૧૩.

૭૭. લોત અને તેની પત્ની અને બે પુત્રીઓ... ઉત્પ. ૧૯:૧૫.

૭૮. હાથ પકડીને નગર બહાર પહોંચાડ્યા... ઉત્પ. ૧૯:૧૬.

૭૯. લોત કુટુંબ સાથે સોઆર નગરમાં ગયો... ઉત્પ. ૧૯:૨૨-૨૩.

૮૦. ગંધક અને આગ આકાશથી વરસાવીને... ઉત્પ. ૧૯:૨૪.

૮૧. ના, લોતની સ્ત્રીએ પાછળ ફરીને જોયું અને ખારનો થાંભલો થઈ ગઈ... ઉત્પ. ૧૯:૨૬.

૮૨. મોટી પુત્રીથી મોઆબી, નાની પુત્રીથી આમોનપુત્રો થયા... ઉત્પ. ૧૯:૩૭-૩૮.

૮૩. સારાને લીધે અબીમેલેખનાં ઘરનાં સર્વનાં ગર્ભસ્થાનો યહોવાએ બંધ કર્યા હતાં... ઉત્પ. ૨૦:૧૮.

૮૪. ઈસહાક... ઉત્પ. ૨૧:૩.

૮૫. રોટલી તથા એક છાગળ પાણી... ઉત્પ. ૨૧:૧૪.

૮૬. બેર-શેબાના અરણ્યમાં... ઉત્પ. ૨૧:૧૪.

૮૭. દૂતે તેને કહ્યું, ઊઠ, તેની આંખ ઊઘડી, તેણે પાણીનો કૂવો જોયો... ઉત્પ. ૨૧:૧૬-૧૯.

૮૮. ઈશ્માએલ તીરંદાજ (બાણાવળી) થયો... ઉત્પ. ૨૧:૨૦.

૮૯. અબ્રાહામનો કૂવો અબીમેલેખના દાસોએ બળાત્કારે લઈ લીધો હતો... ઉત્પ. ૨૧:૨૫.

૯૦. બેર-શેબા. ... ઉત્પ. ૨૧:૨૭-૩૧.

૯૧. એક એશેલ વૃક્ષ રોપ્યું અને સનાતન દેવને નામે પ્રાર્થના કરી. ... ઉત્પ. ૨૧:૩૩.

૯૨. આબ્નેરને યોઆબે મારી નાખ્યો... ૨ શમુએલ ૩:૨૭.

૯૩. રેખાબ અને બાઅનાહે ઈશબોશેથને માર્યો હતો. ... ૨ શમુ. ૪:૪-૭.

૯૪. ઈશબોશેથ તે શાઉલનો દીકરો હતો. ... ૨ શમુ. ૪:૧.

૯૫. શાઉલ અને યોનાથાનના મૃત્યુની ખબર જાણી ત્યારે મફીબોશેથને સંભાળનાર બાઈ તેને લઈને દોડી, ઉતાવળે નાસતાં તે પડી ગયો અને લંગડો થયો હતો... ૨ શમુ. ૪:૪.

૯૬. આખી રાત ચાલીને ઈશબોશેથનું માથું હેબ્રોનમાં દાવિદ પાસે લાવ્યો... ૨ શમુ. ૪:૬-૮.

૯૭. ન્યાયી માણસ. ... ૨ શમુ. ૪:૧૧.

૯૮. ના, તેઓને મારી નંખાવ્યા. હાથ-પગ કાપીને હેબ્રોનના તળાવની પાળે ઊંચે લટકાવ્યા. ... ૨ શમુ. ૪:૧૨.

૯૯. ઈશબોશેથનું માથું લઈને હેબ્રોનમાં આબ્નેરની કબરમાં દાટ્યું. ૨ શમુ. ૪:૧૨.

૧૦૦. આબ્શાલેમ, તેની માનું નામ માઅખાહ હતું. ૨ શમુ. ૩:૩.

## દાન (૭)

૧. સૌ પ્રથમ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા. ઉત્પ. ૧:૧.

૨. આકાશ અને પૃથ્વી પછી દેવે અજવાળું ઉત્પન્ન કર્યું. ઉત્પ. ૧:૩.

૩. સદોમ અને ગમોરાહનો. ... ઉત્પ. ૧૯.

૪. યેહુ રાજા માટે. ... ૨ રાજા ૯:૧૩.

૫. યહૂદા... ઉત્પ. ૨૯:૩૫.

૬. રુબેન... ઉત્પત્તિ ૪૬:૮.

૭. દેવે કોરી ભૂમિને પૃથ્વી અને એકઠાં થયેલા પાણીને સમુદ્રો કહ્યાં. ... ઉત્પ. ૧:૧૦.

૮. ચોથા દિવસે સૂર્ય, ચંદ્ર અને તારાઓ બનાવ્યા.
ઉત્પત્તિ ૧:૧૫-૧૯.

૯. મોશેની બહેન મરિયમને... ગણના ૧૨:૧૦.

૧૦. યહોશુઆ .... યહોશુઆ ૧:૬.

૧૧. સારા. ... ઉત્પ. ૧૧:૩૦.

૧૨. આબ્શાલોમ. ... ૨ શમુ. ૩:૩.

૧૩. ધૂમરથી માટી ભીંજવીને માટીમાંથી બનાવ્યો. ઉત્પ. ૨:૬-૭.

૧૪. તેનાં નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંકીને. ઉત્પ. ૨:૬-૭.

૧૫. એદન વાડીની નદીને ચાર ફાંટા થયા. તેનાં નામ પીશોન, ગીહોન, હીદેકેલ અને ફ્રાત છે. ઉત્પ. ૨:૧૦-૧૪.

૧૬. યર્મિયાએ સરાયાને કહ્યું, ફ્રાત નદીમાં નાંખવા કહ્યું. ... યર્મિયા ૫૧:૬૧-૬૩.

૧૭. પિતાઓએ ખાટી દ્રાક્ષો ખાધી છે, ને પુત્રોના દાંત ખટાઈ ગયા છે... હઝ. ૧૮:૨.

૧૮. ઈસ્રાએલ ને યર્મિયા ... ૫૦:૧૭.

૧૯. ખેતરનાં હરેક જાનવર, પક્ષીઓને ભૂમિમાંથી ઉત્પન્ન કર્યા. ... ઉત્પ. ૨:૧૯.

૨૦. માણસ આદમે નામ પાડ્યાં... ઉત્પ. ૨:૨૦.

૨૧. ઈશ્માએલ ... ઉત્પ. ૧૬:૧૧.

૨૨. હઝાએલ સામે. ... ૨ રાજા ૮:૧૦-૧૨.

૨૩. આદમ અને હવાએ. ... ઉત્પ. ૩:૭.

૨૪. આદમ અને હવા માટે ... ઉત્પ. ૩:૨૧.

૨૫. તે સુંદર હતો, વળી તેના ખભાની ઉપરનો ભાગ સર્વથી ઊંચો હતો. ... ૧ શમુ. ૯:૨.

૨૬. શાઉલના પિતાનું નામ કીશ હતું. તેઓનાં ગધેડાં ખોવાયાં હતાં. ... ૧ શમુ. ૯:૩.

૨૭. અયૂબે ... અયૂબ ૧:૨૧.

૨૮. યહૂદાના ઘરની દુષ્ટતા અને પાપ માટે. ... હઝ. ૪:૬.

૨૯. સર્પે. ... ઉત્પ. ૩:૪-૬.

૩૦. હારુનની લાકડીને. ... ગણના ૧૭:૮.

૩૧. એલિયાને. ... ૨ રાજા ૨:૧૧-૧૨.

૩૨. ઈસ્રાએલ કોમની દુષ્ટતા માટે. ... હઝ. ૪:૪.

૩૩. ઈસ્રાએલના દેવે બાબેલની દીકરીને કહી છે. ઈર્મિયા ૫૧:૩૩.

૩૪. એફ્રાઈમને. ... હોશિયા ૧૦:૧૧.

૩૫. એલિયાને. ... ૧ રાજા ૧૭:૬.

૩૬. મરિયમ ... ગણના ૧૨:૫-૧૦, ગેહઝી.... ૨ રાજા ૫:૨૬-૨૭. ઉઝ્ઝીયા રાજાને...
૨ કાળ. ૨૬:૧૬-૨૧, (૨ રાજા ૧૫:૧-૫).

૩૭. મરિયમનો. ... ગણના ૧૨:૧૩-૧૫.

૩૮. આદમને હવાને જોઈને. ... ઉત્પ. ૨:૨૩.

૩૯. હાબેલ ઘેટાંપાળક હતો. તેણે ઘેટાંબકરામાંથી પ્રથમ જન્મેલાનું અર્પણ કર્યું. ... ઉત્પ. ૪:૨-૪.

૪૦. કાઈન ખેડૂત હતો. તેણે ભૂમિની ઉપજમાંથી લાવીને અર્પણ કર્યું. ... ઉત્પ. ૪:૨-૪.

૪૧. એફ્રાઈમ ફેરવ્યા વગરની પોળી જેવો છે. ... હોશિયા ૭:૮.

૪૨. મિખાયેલ પ્રમુખ દૂતે શેતાનની સાથે. ... યહૂદાનો પત્ર ૧:૯.

૪૩. મોશે મોઆબમાં મૃત્યુ પામ્યો હતો. ... પુન. ૩૪:૫.

૪૪. સાદોક યાજકને, નાથાન પ્રબોધકને યહોયાદાના દીકરા

બનાયાને. ... ૧ રાજા. ૧:૩૨-૩૪.

૪૫. દાવિદના ખચ્ચર પર બેસાડી, ગીહોન લઈ જઈને, ત્યાં સાદોક યાજક તથા નાથાન પ્રબોધક, ઈસ્રાએલ પર તેનો રાજા તરીકે અભિષેક કરે. ... ૧ રાજા ૧:૩૩-૩૪.

૪૬. કાઈન અને હાબેલમાંથી હાબેલનું અર્પણ માન્ય થયું, કાઈનનું માન્યું થયું નહિ. ... ઉત્પ. ૪:૪-૫.

૪૭. અર્પણ સાથે હાબેલ માન્ય થયો, કાઈન અને તેનું અર્પણ અમાન્ય થયા. ... ઉત્પ. ૪:૪-૫.

૪૮. મોશેએ હોરેબ પર્વત પર બળતું ઝાડવું જોયું હતું. ... નિર્ગ. ૩:૧-૨.

૪૯. યહોવા એ પ્રમાણે મોશે સાથે વાત કરતો હતો. નિર્ગ. ૩૩:૧૧.

૫૦. કાઈને યહોવાને કહ્યું. ... ઉત્પ. ૪:૯-૧૦.

૫૧. યહોવા કાઈનને કહે છે. ... ઉત્પ. ૪:૯-૧૧.

૫૨. મોશેના ભાઈનું નામ હારુન. ... નિર્ગ. ૪:૧૪.

૫૩. મિસરીને મારી નાંખીને, મોશે મિદ્યાન નાસી ગયો હતો. ... નિર્ગ. ૨:૧૧-૧૫.

૫૪. કાઈને તેના ભાઈ હાબેલનું. ... ઉત્પ. ૪:૮.

૫૫. લામેખે એક જુવાનનું. ... ઉત્પ. ૪:૨૩.

૫૬. તે તાંબાના, લોઢાંના હથિયાર ઘડનારાઓને શીખવનાર હતો. ... ઉત્પ. ૪:૨૨.

૫૭. એદનની પૂર્વ ગમ નોદ દેશમાં રહ્યો. ... ઉત્પ. ૪:૧૬.

૫૮. હોરેબ પહાડ પર. ... નિર્ગ. ૩:૧-૫.

૫૯. યહોશુઆને. ... યહોશુઆ ૫:૧૫.

૬૦. યહોશુઆએ. ... યહોશુઆ ૨૪:૧૫.

૬૧. કાઈનને મારી નાંખનારને સાતગણી શિક્ષા થાય. ઉત્પ. ૪:૧૫.

૬૨. યહોવા દેવે કહ્યું કે તે આપણાંમાંના એકના સરખો. ભલું-ભૂંડું જાણનાર થયો છે. ... ઉત્પ. ૩:૨૨.

૬૩. એદન-વાડીની વચમાં. ... ઉત્પ. ૨-૯.

૬૪. ઈઝબેલ અને આહાબે. ... ૧ રાજા ૨૧:૧૩-૧૬.

૬૫. છ દિવસમાં. ... ઉત્પ. ૧:૩૧, ૨:૧-૨.

૬૬. સાતમા દિવસને. ... ઉત્પ. ૨:૨-૩.

૬૭. પીશોનમાંથી સોનું, બદોલાખ, અકીક પાષાણ. ... ઉત્પ. ૨:૧૦-૧૨.

૬૮. હેબ્રોનમાંથી દાવિદે સાત વર્ષ રાજ્ય કર્યું. ... ૧ કાળ. ૨૯:૨૭.

૬૯. યરુશાલેમમાંથી ૩૩ વર્ષ રાજ્ય કર્યું. (હેબ્રોનમાં સાત વર્ષ રાજ્ય કર્યું) એમ કુલ ૪૦ વર્ષ દાવિદે રાજ્ય કર્યું. ... ૧ કાળ. ૨૯:૨૬-૨૭.

૭૦. મફીબોશેથ. ... ૨ શમુ. ૪:૪.

૭૧. દાવિદની વૃદ્ધાવસ્થા સમયે અદોનીયાહ રાજા બની બેઠો હતો. ૧ રાજા. ૧:૫-૯.

૭૨. શલોમોનને. ... ૧ રાજા. ૧:૧૧-૨૧.

૭૩. નાથાન. ... ૧ રાજા ૧:૮.

૭૪. શેથના પુત્રનાં વંશો હનોખને ૩૬૫ વર્ષની ઉંમરે. ઉત્પ. ૫:૬-૨૪.

૭૫. હનોખ વિષે. ... ઉત્પ. ૫:૨૨.

૭૬. હારુન મુખ્ય યાજકના વંશમાં. ... એઝરા ૭:૧-૫.

૭૭. યૂનાએ જોપ્પાથી વહાણ પકડ્યું હતું... યૂના ૧:૩.

૭૮. એલી અને તેના બંને પુત્રો હોફની અને ફીનહાસ. ૧ શમુ. ૪:૧૭.

૭૯. તેણે જાણ્યું કે તેના બંને દીકરા મૃત્યુ પામ્યા છે. દેવનો કોશ શત્રુઓના હાથમાં ગયો છે, ત્યારે ચત્તોપાટ પડીને ગરદન ભાંગી જવાથી. ... ૧ શમુ. ૪:૧૭-૧૮.

૮૦. લામેખ. ... ઉત્પ. ૫:૨૮-૨૯.

૮૧. શેમ, હામ અને યાફેથ. ... ઉત્પ. ૫:૩૨.

૮૨. પશ્ચાતાપ થયો, હ્રદયમાં ખેદિત થયો. ઉત્પ. ૬-૫-૬.

૮૩. નૂહ યહોવાની દ્રષ્ટિમાં કૃપા પામ્યો. ... ઉત્પ. ૬:૮.

૮૪. નૂહ ન્યાયી અને સીધો માણસ હતો. ... ઉત્પ. ૬:૯.

૮૫. દેવે નૂહને વહાણ બનાવવા કહ્યું. ... ઉત્પ. ૬:૧૪.

૮૬. દેવે નૂહને દેવદારના લાકડામાંથી વહાણ બનાવવા કહ્યું. ... ઉત્પ. ૬:૧૪.

૮૭. દેવે નૂહને વહાણનું માપ અને બનાવવાની રીત આપી. ... ઉત્પ. ૬:૧૪-૧૬.

૮૮. જળપ્રલયથી. ... ઉત્પ. ૬:૧૭.

૮૯. યરદન નદીમાં. ... ૨ રાજા ૬:૬.

૯૦. સીનના અરણ્યમાં. ... ગણના ૨૦:૧.

૯૧. મફીબોશેથ. ... ૨ શમુ. ૪:૪.

૯૨. એલીના બે દીકરા હોફની અને ફીનહાસ. ... ૧ શમુ. ૨:૩૪.

૯૩. ઈસહાકના બે દીકરાઓનાં નામ : યાકોબ અને એસાવ. ... ઉત્પ. ૨૫:૨૫-૨૬.

૯૪. હનોખ. ... ઉત્પ. ૫:૨૪.

૯૫. નૂહ, તેની પત્ની, ત્રણ દીકરા અને ત્રણ દીકરાઓની પત્નીઓ - એમ કુલ આઠ જણાં. ... ઉત્પ. ૬:૧૮.

૯૬. દરેક જાનવરમાંથી બબ્બે નરનારી, એમ જ પક્ષીઓ, પેટે

ચાલનારાં, અને સર્વ જાતનો ખોરાક... ઉત્પ. ૬:૧૯-૨૧.

૯૭. શુદ્ધ પશુઓમાંથી સાત-સાત નર નારી, અશુદ્ધમાંથી બબ્બે નર-નારી, આકાશનાં પક્ષીઓમાંથી સાત-સાત નર-નારી. ... ઉત્પ. ૭:૨-૩.

૯૮. ૬00 વર્ષનો ... ઉત્પ. ૭:૬.

૯૯. ૬00મા વર્ષના બીજા મહિનાના ૧૭મા દિવસે: ... ઉત્પ. ૭:૧૧.

૧00. ૪0 દિવસ, ૪0 રાત. ... ઉત્પ. ૭:૧૨.

## ગાદ (૮)

૧. ૩૧ રાજાઓને. ... યહોશુઆ ૧૨.

૨. સાત વર્ષ ... ૧ કાળ. ૨૯:૨૭.

૩. ૪0 વર્ષ ... ૧ કાળ. ૨૯:૨૭.

૪. એક હજારને ... ન્યાયા. ૧૫:૧૫.

૫. દરેક આગેવાન રૂા. ૧૧00/- આપવાના હતા. ન્યાયા. ૧૬:૫.

૬. સાત લટો ... ન્યાયા. ૧૬:૧૯.

૭. વીસ વર્ષ ... ન્યાયા. ૧૬:૩૧.

૮. ૩000 ... ન્યાયા. ૧૬:૨૩-૩0.

૯. પાંચ રાજાઓને. ... ગણના ૩૧:૮.

૧0. છ મહિના ... લૂક ૧:૬.

૧૧. એક વાળી, બે બંગડીઓ ... ઉત્પ. ૨૪:૨૨.

૧૨. સાત વાર. ... યહોશુઆ ૬:૩-૪.

૧૩. સાત ડીકનો પસંદ કરવામાં આવ્યા. પ્રે.કૃ. ૬:૫.

૧૪. પાંચ રોટલી, બે માછલીથી. .. માથ્થી ૧૪:૧૭-૨૦.
૧૫. સાત રોટલી, થોડી માછલીઓ. ... માથ્થી ૧૫:૩૪.
૧૬. ૧૨ ... માથ્થી ૧૦:૨-૩, માર્ક ૩:૧૬-૧૯.
૧૭. પાંચ પરસાળો હતી ... યોહાન ૫:૨.
૧૮. ૪૦ દિવસ પછી ... યૂના ૩:૪.
૧૯. દસ અધેલીઓ ... લૂક ૧૫:૮.
૨૦. સાત સારાં કણસલાં, સાત નબળાં કણસલાં, સાત પુષ્ટ ગાયો, સાત નબળી ગાયો. ... ઉત્પ. ૪૧:૧-૭,
૨૧. બાર ટોપલીઓ ભરીને. ... માથ્થી ૧૪:૨૦.
૨૨. સાત ટોપીલીઓ ભરીને. ... માથ્થી ૧૫:૩૭.
૨૩. ૪૦ દિવસ, ૪૦ રાત ... માથ્થી ૪:૨.
૨૪. બે વર્ષ ... પ્રે.કૃ. ૨૮:૩૦.
૨૫. મોશે અને એલિયા દેખાયા. શિષ્યો પિતર, યોહાન, યાકોબ અને ઈસુ ખ્રિસ્ત પોતે કુલ છ જણ ... માથ્થી ૧૭:૧-૩.
૨૬. ચાર જુવાનો બેલ્ટશાસ્સાર, શાદ્રાખ, મેશાખ અને અબેદ-નગો. ... દાનિયેલ ૧:૭-૧૬.
૨૭. ૧૨ ... ૧ રાજા. ૪:૭.
૨૮. ૪૦ દિવસ, ૪૦ રાત ... ઉત્પ. ૭:૪.
૨૯. પાઉલે ઓગણચાળીસ, ઓગણચાલીસ ફટકા પાંચ વાર ખાધા ... ૨ કરિંથી ૧૧:૨૪.
૩૦. દાવિદ અને તેની સાથેના લોક ... ૨ શમુ. ૧૫:૩૦.
૩૧. ૪૦ વર્ષ રાજ્ય કર્યું. ... ૨ કાળ. ૯:૩૦.
૩૨. ઈસહાકે ૪૦ વર્ષની ઉંમરે રિબકા સાથે લગ્ન કર્યું હતું. ... ઉત્પ. ૨૫:૨૦.

૩૩. ૪૦ દિવસ પછી ... ઉત્પ. ૮:૬-૭.

૩૪. ૪૦ વર્ષ ... હેબ્રી ૩:૧૭.

૩૫. ૪૦ જણાંએ ... પ્રે.કૃત્યો ૨૩:૨૧.

૩૬. ૪૦ દિવસ ... લૂક ૪:૨.

૩૭. ૪૦ વર્ષ સુધી ... આમોસ ૫:૨૫.

૩૮. દસ જણાં ... ઉત્પ. ૧૮:૨૨-૩૩.

૩૯. મંદિર ૪૦ હાથ લાંબું હતું. ... હઝ. ૪૧:૨.

૪૦. યહૂદાના રાજા યોઆશે સાત વર્ષે શરૂ કર્યું અને ૪૦ વર્ષ રાજ્ય કર્યું. ... ૨ કાળ. ૨૪:૧.

૪૧. ૪૦ વર્ષનો ... યહોશુઆ ૧૪:૭.

૪૨. ૪૦ વર્ષની વયે પરણ્યો હતો. ... ઉત્પ. ૨૬:૩૪.

૪૩. મોશે ચાલીસ દિવસ અને ચાલીસ રાત ... પુન. ૯:૯.

૪૪. દર વર્ષને એક દિવસ ગણીને ૪૦ દિવસ સુધી. હઝ. ૪:૬-૭.

૪૫. ૩૯૦ દિવસ સુધી. ... હઝ. ૪:૪-૬.

૪૬. ૧૦૦ વર્ષની વયે પિતા બન્યો. ... ઉત્પ. ૨૧:૬.

૪૭. સાત વર્ષ સુધી. ... હઝ. ૩૯:૯.

૪૮. ૮૫ વર્ષની વયે. ... યહોશુઆ ૧૪:૧૦-૧૩.

૪૯. યાફતાની કુંવારી દીકરીને બે મહિના કુંવારાપણાનો શોક કરવાનો હતો. ... ન્યાયા. ૧૧:૩૪-૩૭.

૫૦. શલોમોન રાજા... ૧ રાજા ૪:૩૩.

૫૧. પાંચ પુસ્તકો - અયૂબ, ગીતશાસ્ત્ર, નીતિવચન, સભાશિક્ષક અને ગીતોનું ગીત.

૫૨. ૧૨ વર્ષની ... લૂક ૮:૪૨.

૫૩. ૪૦ દિવસ સુધી ... ૧ શમુ. ૧૭:૧૬.

૫૪. ૪૦ વર્ષની ... ૨ શમુ. ૨:૧૦.

૫૫. દમસ્કની સારી સારી વસ્તુઓની ૪૦ ઊંટ ભરીને ભેટો લઈને ગયો ... ૨ રાજા ૮:૯.

૫૬. ૪૦ દિવસ, ૪૦ રાત ... માથ્થી ૪:૨.

૫૭. ૪૦,૦૦૦ માણસો ... યહોશુઆ ૪:૧૨-૧૪.

૫૮. ૫૭ હજાર રથના યોદ્ધાઓ, ૪૦ હજાર પાયદળના યોદ્ધાઓ, તેના સેનાપતિનું નામ શોફાક ... ૧ કાળ. ૧૯:૧૭-૧૮.

૫૯. ૪૦ વર્ષ ... ન્યાયા. ૧૩:૧.

૬૦. ૪૦ દિવસ સુધી ... પ્રે.કૃત્યો ૧:૧-૩.

૬૧. જન્મથી લંગડો હતો. તે ૪૦ વર્ષનો હતો, પિતર અને યોહાને તેને સાજો કર્યો. ... પ્રે.કૃત્યો ૩:૧-૯, ૪:૨૨.

૬૨. ૪૦ વર્ષ ... નિર્ગમન ૧૬:૩૫.

૬૩. મિસરમાંથી નીકળ્યા પછી ૪૦મા વર્ષના પાંચમાં માસને પહેલે દિવસે હોર પર્વત પર મૃત્યુ પામ્યો હતો...
ગણના ૩૩:૩૮-૩૯.

૬૪. હારુન મરણ પામ્યો ત્યારે તે ૧૩૩ વર્ષનો હતો... ગણના ૩૩:૩૯.

૬૫. ૪૦ વર્ષ શાંતિ રહી. ... ન્યાયા. ૫:૫-૩૧.

૬૬. ૧૨ વર્ષ ... નહેમ્યા ૫:૧૪.

૬૭. અન્ન, દ્રાક્ષારસ અને રોજના ૪૦ શેકેલ રૂપું. ... નહેમ્યા ૫:૧૪-૧૫.

૬૮. ૪૦ વર્ષ ... ૧ શમુ. ૪:૧૮.

૬૯. ૪૦ વર્ષ ... ન્યાયા. ૩:૭-૧૧.

૭૦. ૪૦ દિવસ, ૪૦ રાત મૂસા પહાડ પર રહ્યો, પ્રભુએ તેને દસ આજ્ઞાઓ આપી. ... નિર્ગમન ૩૪:૨૮.

૭૧. ૧૨ જણાંને મોકલ્યા હતા. ૪૦ દિવસ સુધી જાસૂસી કરી હતી.
... ગણના ૧૩:૧-૨૫.

૭૨. ૪૦ ફટકાનો ... પુનર્નિયમ ૨૫:૧-૩.

૭૩. રૂ. ૩૦ તોળી આપ્યા ... માથ્થી ૧૬:૧૫-૧૬.

૭૪. બે તાલંત રૂપું, બે જોડ વસ્ત્ર ... ૨ રાજા. ૫:૨૨-૨૩.

૭૫. ૧૧૦૦ રૂપિયા ચોર્યા હતા ... ન્યાયા. ૧૭:૧-૩.

૭૬. ૧૨ ટુકડા કર્યા અને ઈસ્રાએલીઓની સર્વ સીમમાં મોકલ્યા.
... ન્યાયા. ૧૯:૨૯.

૭૭. ચાર શિંગ ... ઝખાર્યા ૧:૧૮.

૭૮. ત્રણ ભાઈ, બે બહેન ... ૧ શમુ. ૨:૨૧.

૭૯. આઠ વર્ષ ... લૂક ૨:૨૧.

૮૦. ૪૦૦ વર્ષ ... ઉત્પ. ૧૫:૧૨-૧૩.

૮૧. ૧૪ વર્ષ ... ઉત્પ. ૨૯:૧૬-૩૦.

૮૨. સાત વર્ષ ... ૨ રાજા. ૮:૧.

૮૩. દસ અનર્થો ... નિર્ગમન ૭ થી ૧૧ અધ્યાયો.

૮૪. ત્રણ દિવસ, ત્રણ રાત ... યૂના ૧:૧૭.

૮૫. તેનો લોઢાનો પલંગ નવ હાથ લાંબો, ચાર હાથ પહોળો હતો.
... પુન. ૩:૧૧.

૮૬. ૭૦ વડીલોને ... નિર્ગમન ૨૪:૧.

૮૭. ૧૨ ... નિર્ગમન ૧:૧-૬.

૮૮. પાષાણો (રત્નો) ૧૨ માણેક, પોખરાજ, લાલ, લીલમ, નીલમ, હીરો, શનિ, અકીક, યાકુત, પીરોજ, ગોમેજ, યાસપીસ ... નિર્ગમન ૨૮:૧૭-૨૧.

૮૯. પાણીના ૧૨ ઝરા, ૭૦ ખજૂરીઓ હતી. નિર્ગ. ૧૫:૨૭.

૯૦. બે-બે ને મોકલ્યા. ... માર્ક ૬:૭.

૯૧. બે માણસો ... યહોશુઆ ૨:૧.

૯૨. બે આંધળા ... માથ્થી ૯:૨૭.

૯૩. બે મિત્રો પર ... અયૂબ ૪૨:૭.

૯૪. બબ્બે નર-નારી ... ઉત્પ. ૭:૧-૨.

૯૫. બે શિલા-પાટીઓ ... ઉત્પ. ૩૨

૯૬. તારા પેટમાં બે કુળ છે ... ઉત્પ. ૨૫:૨૨-૨૩.

૯૭. બે કુળ હતાં - મનાશ્શા અને એફ્રાઈમ. યહોશુઆ ૧૪:૪.

૯૮. એક માણસને બે દીકરા હતા ... લૂક ૧૫:૧૧.

૯૯. તમારામાંના બે એકચિત્તના થઈ માંગશો. માથ્થી ૧૮:૧૯.

૧૦૦. શેમેર પાસેથી બે તાલંત રૂપું આપીને ... ૧ રાજા. ૧૬:૨૩-૨૪.

## આશેર (૯)

૧. સૌ પ્રથમ જળપ્રલય વખતે જ પૃથ્વી પર વરસાદ પડ્યો ... ઉત્પ. ૭:૧૨.

૨. અરામના સેનાપતિ નામાનને ... ૨ રાજા ૫:૧.

૩. નામાનને ત્યાં કામ કરતી નાની ઈસ્રાએલી (ગુલામ) છોકરીએ ... ૨ રાજા. ૫:૨-૫.

૪. યોખેબેદ જેના દીકરાનું નામ મોશે હતું. નિર્ગ. ૨:૯, ૬:૨૦.

૫. સર્વના મોં બંધ કર્યાં હતા ... ઉત્પ. ૭:૧૬.

૬. પાણી પર્વત પર પંદર હાથ સુધી ચઢ્યું હતું, સર્વ પર્વતો ઢંકાઈ ગયા હતા. ... ઉત્પ. ૭:૨૦.

૭. વહાણની બહારના, જેનાં નસકોરામાં જીવનનો શ્વાસ હતો તે સર્વ મરી ગયા ... ઉત્પ. ૭:૨૨.

૮. પૃથ્વીના સર્વ જીવો, માણસ તથા પશુઓ, પંખીઓ પેટે ચાલનારાં સર્વ નષ્ટ થયા. ... ઉત્પ. ૭:૨૩.

૯. દોઢસો દિવસ લગી પૃથ્વી પર પાણીનું જોર ચાલ્યું. ઉત્પ. ૭:૨૪.

૧૦. વહાણ અરારાટ પહાડ પર થંભ્યું. ... ઉત્પ. ૮:૪.

૧૧. દસમા મહિનાના પહેલા દહાડે ... ઉત્પ. ૮:૫.

૧૨. ચાળીસ દિવસ પછી નૂહે બારી ખોલીને સૌ પ્રથમ કાગડાને બહાર મોકલ્યો ... ઉત્પ. ૮:૬-૭.

૧૩. પછી કબૂતરને બહાર મોકલ્યું, પણ તેને પગ મૂકવાની જગા મળી નહીં, તેથી તે પાછું ફર્યું ... ઉત્પ. ૮:૮-૯.

૧૪. છસો ને પહેલાં વર્ષના પહેલા મહિનાને પહેલે દહાડે પાણી સુકાઈ ગયાં અને પૃથ્વીની સપાટી સૂકી થઈ. ઉત્પ. ૮:૧૩.

૧૫. નૂહે વેદી બાંધી અને યહોવાને શુદ્ધ પશુઓને વેદી પર હોમ કર્યો. ... ઉત્પ. ૮:૨૦.

૧૬. માણસને લીધે હું ફરીથી પૃથ્વીને શાપ દઈશ નહીં. ઉત્પ. ૮:૨૧.

૧૭. બે વાર ... એસ્તેર ૧:૧, ૮:૯.

૧૮. હારુનના બે પુત્રો, નાદાબ અને અબીહુ. લેવીય ૧૦:૧-૨.

૧૯. મેઘધનુષ્યનું ચિહ્ન ... ઉત્પ. ૯:૧૧-૧૭.

૨૦. મરીબાહ ... ગણના ૨૦:૧૩.

૨૧. દાવિદે ... ૧ શમુએલ ૨૧:૧૨-૧૩.

૨૨. યહોશુઆ મારફતે એબાલ પર્વત પર ... યહોશુઆ ૮:૩૦-૩૫.

૨૩. યહોશુઆએ એબાલ પર્વત પર લખી ... યહોશુઆ ૮:૩૨.

૨૪. મોશેએ ઈસ્રાએલપુત્રોને આજ્ઞા આપી હતી તે પ્રમાણે અખંડિત

પથ્થરની કે જેના પર કદી માણસોએ લોઢાનો પ્રહાર કર્યો ન હતો. ... યહોશુઆ ૮:૩૦-૩૧.

૨૫. યરુબ્બઆલ ... ન્યાયા. ૬:૩૦-૩૨.

૨૬. રાજા આહાબે હાથીદાંતનું ઘર બાંધ્યું હતું ... ૧ રાજા. ૨૨:૨૯.

૨૭. શૂનામ્મી અબીશાગે ... ૧ રાજા. ૧:૨-૩.

૨૮. દૂતે યરુશાલેમનો નાશ કરવા પોતાનો હાથ લંબાવ્યો ત્યારે તે અન્યાયને લીધે ... ૨ શમુ. ૨૪:૧૬.

૨૯. યહોવાનો દૂત અરાવ્નાહ યબૂસીની ખળી પાસે ઊભો હતો. ૨ શમુ ૨૪:૧૬.

૩૦. રાજા દાવિદને ગાદ પ્રબોધકે અરાવ્નાહ યબૂસીની ખળીમાં વેદી બાંધવાનું કહ્યું. ... ૨ શમુ. ૨૪:૧૮.

૩૧. ૫૦ શેકેલ રૂપું આપીને ખરીદ કર્યો. ... ૨ શમુ. ૨૪:૨૪.

૩૨. આઠ દિવસની ઉંમરે ... લેવીય ૧૨:૩.

૩૩. સોરાહમાં ... ન્યાયા. ૧૩:૨.

૩૪. તને પુત્ર થશે. દ્રાક્ષારસ કે મધ પીવાનું નથી. અશુદ્ધ વસ્તુ ખાવાની નહીં. ... ન્યાયા. ૧૩:૩-૪.

૩૫. તેના માથા પર અસ્ત્રો ફરશે નહીં, તે ગર્ભાધાનથી દેવને સારુ નાઝારી થશે, પલિસ્તીઓના હાથમાંથી, ઈસ્રાએલ પ્રજાને છોડાવશે ... ન્યાયા. ૧૩:૫-૭.

૩૬. ૩૦ દીકરા અને ૩૦ દીકરીઓ ... ન્યાયા. ૧૨:૯.

૩૭. હિલ્લેલ પિરઆથોનીના દીકરા આબ્દોને ... ન્યાયા. ૧૨:૧૩-૧૪.

૩૮. આબ્દોનના દીકરા અને દીકરાના દીકરાઓ ... ન્યાયા. ૧૨:૧૪.

૩૯. સામસૂને ... ન્યાયા. ૧૪:૫-૬.

૪૦. સિંહની લાશમાં મધમાખીઓએ મધ મૂક્યું હોય છે.
ન્યાયા. ૧૪:૮.

૪૧. ખાનારમાંથી ખોરાક નીકળ્યો અને બળવાનમાંથી મીઠાશ નીકળી ... ન્યાયા. ૧૪:૧૪.

૪૨. દ્રાક્ષારસ તથા દારૂથી દૂર રહેવાનું વ્રત, મૂએલા પ્રાણી પાસે ન જવાનું વ્રત, માથાનાં વાળ મૂંડાવવા નહીં, તે.
ગણના ૬:૨-૬, ન્યાયા. ૧૪:૮-૯, ન્યાયા. ૧૫:૧૯.

૪૩. અમારામાંનો દરેક જણ રૂા. ૧૧૦૦/- આપશે.
ન્યાયા. ૧૪:૮-૯.

૪૪. પલિસ્તીઓએ તેની આંખો ફોડી નાંખી હતી, તે બંદીખાનામાં દળતો હતો. ... ન્યાયા. ૧૬:૨૧.

૪૫. રામાથ-લેહી ... ન્યાયા. ૧૫:૧૬-૧૭.

૪૬. ઘરના આધારરૂપ બે થાંભલા વચ્ચે ઊભા રહી, યહોવા દેવને પ્રાર્થના કરી, ડાબા અને જમણા હાથથી બળ કરી, વાંકો વળ્યો અને થાંભલા સાથે ઘર તૂટી પડ્યું. ન્યાયા. ૧૬:૨૫-૩૦.

૪૭. જળપ્રલય પછી દેવે નૂહને તથા તેના દીકરાઓને કહ્યું. ઉત્પ. ૯:૧-૩.

૪૮. માંસ રક્ત સાથે ન ખાવું, કેમ કે રક્તમાં જીવ છે. ઉત્પ. ૯:૪.

૪૯. નૂહના દીકરા શેમ, હામ અને યાફેથથી ... ઉત્પ. ૧૦.

૫૦. શિનઆર દેશના મેદાનમાં ઈંટો પકવીને ડામરથી. ઉત્પ. ૧૧:૧-૪.

૫૧. યહોવાએ તેઓની ભાષા બદલી નાંખી, અને તેઓને આખી પૃથ્વી પર વિખેરી નાંખ્યા. ... ઉત્પ. ૧૧:૫-૮.

૫૨. એ બુરજ અને એ નગરનું નામ બાબેલ, એટલે ગૂંચવણ પડ્યું. ... ઉત્પ. ૧૧:૮-૯.

૫૩. તેરાહ ... ઉત્પ. ૧૧:૨૬-૨૭.

૫૪. હારાન ... ઉત્પ. ૧૧:૨૭.

૫૫. યાકોબે ... ઉત્પ. ૨૮:૧૨.

૫૬. દેવના દૂતો ચઢતા-ઊતરતા હતા. ઉપર યહોવા દેવ ઊભા હતા. ... ઉત્પ. ૨૮:૧૨-૧૩.

૫૭. દેવનું ઘર, આકાશનું દ્વાર ... ઉત્પ. ૨૮:૧૭.

૫૮. બેથેલ પાડ્યું તે પહેલાં તેનું નામ લૂઝ હતું. ઉત્પ. ૨૮:૧૯.

૫૯. માથા નીચે પથ્થર મૂકી સૂઈ ગયો હતો, પથ્થરનું ઓશીકું કર્યું હતું. ... ઉત્પ. ૨૮:૧૧.

૬૦. જાગી ઊઠ્યા પછી તેણે તે પથ્થરનો સ્તંભ ઊભો કર્યો. ઉત્પ. ૨૮:૧૮.

૬૧. શાંતિએ બાપને ઘેર પાછો આવીશ, તો યહોવા મારો દેવ થશે ને આ પથ્થર જે સ્તંભ તરીકે ઊભો કરેલ છે તે દેવનું ઘર થશે, જે પ્રભુ મને આપશે તેનો દશાંશ હું આપીશ.
ઉત્પ. ૨૮:૧૨-૨૨.

૬૨. યાકોબે ... ઉત્પ. ૨૮:૨૨.

૬૩. દેખાવમાં સુંદર સ્ત્રી હતી ... ઉત્પ. ૧૨:૧૧.

૬૪. બહેનની ... ઉત્પ. ૧૨:૧૨-૧૩.

૬૫. યહોવા દેવે ... ઉત્પ. ૧૭:૧૫.

૬૬. અબ્રાહામ ... ઉત્પ. ૧૧:૨૬.

૬૭. અબ્રામનું અબ્રાહામ યહોવા દેવે કર્યું. ... ઉત્પ. ૧૭:૧-૫.

૬૮. સફાન્યા ... સફાન્યા ૧:૧.

૬૯. યહૂદિયાનો સૂબો (ગવર્નર) ... સફાન્યા ૧:૧.

૭૦. યોઆશ ... ૨ રાજા ૧૩:૧૪-૨૦.

૭૧. યહોવાએ હાગ્ગાયને, ઝરુબ્બાબેલને કહેવા કહ્યું.
હાગ્ગાય ૨:૨૦-૨૧.

૭૨. શઆલ્તીએલના દીકરા ઝરુબ્બાબેલને ... હાગ્ગાય ૨:૨૩.

૭૩. યહોશુઆ ... હાગ્ગાય ૧:૧.

૭૪. હાગ્ગાય પ્રબોધકની મારફતે ... હાગ્ગાય ૧:૧.

૭૫. યહોવા ... હાગ્ગાય ૧:૭-૮.

૭૬. ઉઝ્ઝિયા ... આમોસ ૧:૧

૭૭. હામાને ... એસ્તેર ૭:૯-૧૦.

૭૮. ૫૦ હાથ ઊંચી ... એસ્તેર ૫:૧૪.

૭૯. ભરવાડ ... ઉત્પ. ૪૬:૩૧-૩૨.

૮૦. યાકોબને કહ્યું હતું ... ઉત્પ. ૪૬:૩-૪.

૮૧. યહોવાને મોશેને કહ્યું ... પુન. ૩૨:૪૮-૫૨.

૮૨. વેશ્યાની, કે કૂતરાની ... પુન. ૨૩:૧૮.

૮૩. ઊન તથા શણમિશ્રિત ... પુન. ૨૨:૧૧.

૮૪. પુરુષે સ્ત્રીનાં કપડાં અને સ્ત્રીએ પુરુષનાં કપડાં ન પહેરવાં ...
પુન. ૨૨:૫.

૮૫. એલીશાએ એલિયા પાસે તેના આત્માનો બમણો હિસ્સો માંગ્યો
... ૨ રાજા ૨:૯.

૮૬. તેના પુત્ર ગિદિયોનને ... ન્યાયા. ૮:૩૨.

૮૭. હોશિયા પ્રબોધકની ... હોશિયા ૧:૧.

૮૮. ગિદિયોનને અબીએઝેરીઓના ઓફાહમાં દાટવામાં આવ્યો
... ન્યાયા. ૮:૩૨.

૮૯. જૂઠા પ્રબોધકો ... ૧ રાજા. ૨૨, ૧ કાળ. ૧૮.

૯૦. યહોવા તેના લોકને કહે છે ... હઝકીએલ ૩૬:૨૩-૨૫.

૯૧. પ્રબોધક હતો, તેનું નામ મિખાયા હતું. ... ૧ રાજા. ૨૨:૭-૮, ૨ કાળવૃ. ૧૮:૭

૯૨. હોશિયા પ્રબોધક ... હોશિયા ૩:૨.

૯૩. મનુષ્યપુત્ર ... હઝકીએલ ૨:૧.

૯૪. યાકોબે ... ઉત્પ. ૩૨:૨૪-૩૨.

૯૫. નિનવેહ વિષે ... નાહૂમ ૧:૧.

૯૬. ઘેટાં-બકરાંનો ચારનાર ગોવાળ હતો ... આમોસ ૧:૧.

૯૭. અદોમ વિષે ... ઓબાદ્યા ૧:૧.

૯૮. ફક્ત લેવીઓને જ ... ગણના ૧:૫૨-૫૩.

૯૯. નિનવેહ જઈને તેની વિરુદ્ધ પોકાર કરવાનું ... યૂના ૧:૨.

૧૦૦. યૂના ... યૂના ૧:૯.

## નાફતાલી (૧૦)

૧. શૂનામ્મીને, જેના દીકરાને જીવતો કર્યો હતો, તે સ્ત્રીને. ... ૨ રાજા. ૮:૧.

૨. દાવિદે યોઆબના કુટુંબને ... ૨ શમુ. ૩:૨૯.

૩. યાકોબે યોસેફને કહ્યું હતું ... ઉત્પ. ૪૭:૨૮-૩૦.

૪. હારુનના બે પુત્રો નદાબ અને અબીહુ ... લેવીય ૧૦:૧-૨.

૫. ઉઝ્ઝાહે હાથ લંબાવ્યો અને દેવનો કોપ સળગી ઊઠ્યો, તે માર્યો ગયો ... ૨ શમુ. ૬:૬-૮.

૬. યહોયાદા યાજકે ... ૨ રાજા. ૧૨:૯.

૭. આસા રાજા, તેની માનું નામ માઅખા ... ૨ કાળ. ૧૫:૧૬.

૮. તેનું નામ માત્તાન્યા હતું. બાબેલના રાજાએ નામ બદલ્યું. ... ૨ રાજા. ૨૪:૧૭.

૯. મોરિયા દેશમાં ... ઉત્પ. ૨૨:૨.

૧૦. હા. ... ઉત્પ. ૨૨:૩.

૧૧. બે જુવાનો, લાકડાં, અગ્નિ અને છરો. ઉત્પ. ૨૨:૩-૬.

૧૨. ઈસહાકે, અબ્રાહામને કહ્યું ... ઉત્પ. ૨૨:૭.

૧૩. અબ્રાહામે કહ્યું, મારા દીકરા, દેવ પોતાને સારુ ઘેટો મેળવશે. ઉત્પ. ૨૨:૮.

૧૪. અબ્રાહામે વેદી પર ઈસહાકને બાંધીને સુવાડ્યો અને છરો લઈ મારવા જાય છે. ત્યાં દૂતે આકાશમાંથી બૂમ પાડીને કહ્યું, તારા છોકરા પર હાથ ન નાંખ. ... ઉત્પ. ૨૨:૯-૧૧.

૧૫. અબ્રાહામે નજર કરીને જોયું તો પાછળ ઘેટો ઝાડીમાં ભરાયેલો હતો ... ઉત્પ. ૨૨:૧૩.

૧૬. યહોવા-યિરેહ પાડ્યું ... ઉત્પ. ૨૨:૧૪.

૧૭. કિર્યાથ-આર્બા (હેબ્રોન)માં મૃત્યુ પામી. તેના વર્ષો ૧૨૭ હતાં. ... ઉત્પ. ૨૩:૧-૨.

૧૮. એફ્રોન પાસેથી માખ્પેલાહની ગુફા સારાને દાટવા લીધી... ઉત્પ. ૨૩:૧૭-૧૮.

૧૯. ગુફા, ખેતર ચારેગમના ઝાડ, તે સમયના ચલણ પ્રમાણે ૪૦૦ શેકેલ રૂપું આપીને અબ્રાહામે ખરીદ કર્યું.
ઉત્પ. ૨૩:૧૭-૧૯.

૨૦. અબ્રાહામે તેના ઘરના જૂના ચાકરને મોકલ્યો.
ઉત્પ. ૨૪:૧-૪.

૨૧. ચાકર દસ ઊંટો લઈને નીકળ્યો હતો. ... ઉત્પ. ૨૪:૧૦.

૨૨. અરામ-નાહરાઈમના નાહોર શહેરમાં ગયો. ઉત્પ. ૨૪:૧૦.

૨૩. સાંજે સ્ત્રીઓ પાણી ભરવા જાય છે તે કૂવાને ઠેકાણે તે થોભ્યો ... ઉત્પ. ૨૪:૧૧.

૨૪. પોતાનું કાર્ય સફળ કરવા માટે અબ્રાહામના દેવ યહોવાને

વિનંતી કરી ... ઉત્પ. ૨૪:૧૨.

૨૫. જે કન્યાને હું કહું, કે કૃપા કરીને તારી ગાગર ઉતાર કે હું પીઉં અને તે કહે કે પીઓ અને તારાં ઊંટોને પણ હું પાઈશ, તે જ ઈસહાકને માટે ઠરાવેલી કન્યા હોય. ઉત્પ. ૨૪:૧૪.

૨૬. હા, અબ્રાહામના ભાઈ નાહોરની અને મિલ્કાની દીકરી રિબકા આવી અને તેણે તેજ પ્રમાણે ફરી પાણી પાયું. ઉત્પ. ૨૪:૧૭-૧૯.

૨૭. તે તરુણી સુંદર કાંતિની કુમારિકા હતી. ઉત્પ. ૨૪:૧૬.

૨૮. અડધા તોલા સોનાની એક વાળી, દસ તોલા સોનાની બે બંગડી આપી ... ઉત્પ. ૨૪:૨૨.

